Date of Publication - Posted on 10th of Every Month

समानो मन्त्रः । (ઋગ્વેદ) • समानी प्रपा । (અથર્વવેદ)

# પરબ

(ગુજરાતી માસિક)

સંપાદક : કિરીટ દૂધાત

વર્ષ : ૨૦ નવેમ્બર : ૨૦૨૫ અંક : ૫ ₹ 20



ગુજરાતી સાહિત્ય પરિષદ
મેઘાણી જ્ઞાનપીઠ । ક.લા. સ્વાધ્યાયમંદિર


A JADEBLUE Enterprise
GOOD LOOKS
EVERY DAY
Greenfibre
FORMALS | CASUALS | PARTY WEAR
Ahmedabad • Alibag •Anand • Ankleshwar • Bharuch • Bhavnagar • Bhuj • Bardoli • Gandhidham • Gandhinagar • Godhra
Himmatnagar • Hyderabad • Indore • Jamanagar • Junagadh • Kadi • Kalol • Mehsana • Modasa • Nadiad • Palanpur • Patan
Porbandar • Rajkot • Surat • Surendranagar • Visnagar • Vadodra greenfibre.com | jadeblue.com

**समानो मन्त्रः** (ऋग्वेद) **समानी प्रपा** (अथर्ववेद)

# પરબ

સ્થાપનાવર્ષ : ૧૯૬૦

વર્ષ : ૨૦ નવેમ્બર : ૨૦૨૫ અંક : ૫

સંપાદક
**કિરીટ દૂધાત**

**પ્રકાશન મંત્રી**
ભીખેશ ભટ્ટ

**પરામર્શનસમિતિ**

**હર્ષદ ત્રિવેદી** પ્રમુખ

**યોગેશ જોષી**
**રાજન્ ભટ્ટ** ઉપપ્રમુખ

**સમીર ભટ્ટ** મહામંત્રી

## ગુજરાતી સાહિત્ય પરિષદ

**મેઘાણી જ્ઞાનપીઠ • ક. લા. સ્વાધ્યાયમંદિર**

ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશનવિભાગ), ગોવર્ધનભવન,
ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, આશ્રમ માર્ગ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન : ૨૬૫૮૭૯૪૭

## ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને ‘પરબ’ના લવાજમ અંગેઃ

- ♦ ‘પરબ’ દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.
- ♦ ‘પરબ’ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.
- ♦ ‘પરબ’નું વાર્ષિક લવાજમ ₹ ૧૫૦ છે.
- ♦ વિદ્યાર્થીઓ માટે ‘પરબ’નું વાર્ષિક લવાજમ ₹ ૭૫ છે. સાથે પ્રમાણપત્ર બીડવું.
- ♦ ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં ‘પરબ’ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.
- ♦ પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક ₹ ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક ₹ ૩૦૦ છે. સભ્ય થવા ઇચ્છનારે પરિષદના નિયત ફૉર્મમાં અરજી કરવાની રહેશે.
- ♦ પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક ₹ ૩,૦૦૦ છે તથા સંસ્થાની આજીવન સભ્ય ફી ₹ ૫,૦૦૦ છે. આ બંને પ્રકારના આજીવન સભ્યપદની મુદત, સભ્ય થયાની તારીખથી દસ વર્ષ સુધીની રહેશે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)
- ♦ ‘પરબ’ લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી ‘ગુજરાતી સાહિત્ય પરિષદ’ના નામે જ મોકલવી.

**લેખકોને :**

- ♦ ‘પરબ’માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.
- ♦ લેખકોએ પોતાનું લખાણ ફૂલ્સકૅપ અથવા A૪ સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવું તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.
- ♦ **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી. પોસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**
- ♦ **પત્રવ્યવહારનું સરનામું :** તંત્રી, ‘પરબ’, ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, ‘ટાઇમ્સ’ પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ-૩૮૦૦૦૯.

Parishad Email: **gspamd123@gmail.com** E-mail: parabgsp@gmail.com
Web-site: www.gujaratisahityaparishad.org **ફોન અને ફેક્સઃ ૨૬૫૮૭૯૪૭**
www.gujaratisahityaparishad.com

નોંધઃ ‘પરબ’માં પ્રગટ થતી સામગ્રીની જવાબદારી જે તે સામગ્રીના લેખકની રહેશે.

પરબ ISSN: 0250-9747 છૂટક કિં. ₹ ૨૦/-

# અનુક્રમ


◈ **પ્રમુખીય : મથામણ** – ૨૩ - હર્ષદ ત્રિવેદી, ૬

◈ **કવિતા :**

● **ચાર ગઝલ** - સંજુ વાળા, ૮ ● **ગઝલ** – આર. બી. રાઠોડ, ૧૦ ● **તું રહે** – રાકેશ ગઢવી, ૧૦ ● **રફેદફે** – નિકુંજ ભટ્ટ, ૧૧ ● **આવ્યા** - લાલજી શિયાળ, ૧૧ ● **અકળ સાન...** - દાન વાઘેલા, ૧૨ ● **એક શંખ** - શૈલજા પટેલ, ૧૨ ● **ચાર ગઝલ** - શોભિત દેસાઈ, ૧૨

◈ **અનૂદિત કવિતા :**

● **ઊંઘ** - નીતા ધોળકિયા, અનુવાદ : નિખિલ ખારોડ, ૧૪

◈ **ટૂંકી વાર્તા :**

● **સવાર** – ગિરીશ ભટ્ટ, ૧૬, ● **મરના હૈ ક્યા ?** – નરેન્દ્રસિંહ રાણા, ૨૩
● **બુરખેપોશ સ્ત્રી** – હિરેન દેસાઈ, ૩૧

◈ **લઘુકથા : ઘર** – પરીક્ષિત જોશી, ૩૪

◈ **નિબંધ : આગિયા...ઊડતું અજવાળું...** – કામિની સંઘવી, ૩૫

◈ **સંસ્મરણ :**

● **મારા મઝાના બે ઈન્ટરવ્યૂ** – રમેશ ર. દવે, ૩૯
● **અમારા એ દાદા વિપુલ વડના ઝુંડ સરખા....** – આરાધના ભટ્ટ, ૪૭

◈ **અવલોકન :**

● **સમ્મુખ સર્જકની...** – ડૉ. રાઘવ એચ. ભરવાડ, ૫૧

◈ **અભ્યાસ :**

● **દેરિદા અને વિઘટનશીલ ફિલસૂફી-૯**
**(સાહિત્યવિશેષ : ગાયત્રી સ્પિવાક)** – સુમન શાહ, ૫૯

◈ **સમીક્ષા :**

● **શબ્દમૂળની શોધ** – ઊર્મિ ઘનશ્યામ દેસાઈ, ૬૫

◈ **રસદર્શન :**

● **વીજળીના ચમકારે–૧૦** – દર્શના ધોળકિયા, ૭૮

◈ **અંજલિ : ● સંતેશિવરા લિઙ્ગણ્ણયા ભૈરપ્પાન** – મીનલ દવે, ૭૯

◈ **ચર્ચાપત્ર : ●** કુમારપાળ દેસાઈ, પ્રફુલ્લ રાવલ, ૮૩

◈ **સંપાદકીય :**

● Werckmeister Harmonies **: સપનાનું પોએટિક રસાયણ** – કિરીટ દૂધાત – ૮૫
● **સાભાર સ્વીકાર** – ૮૮
● **પરિષદવૃત્ત** – ઈતુભાઈ કુરકુટિયા, ૯૦
● **સાહિત્યવૃત્ત** – સંકલન : ઈતુભાઈ કુરકુટિયા, ૯૧
● **આ અંકના લેખકો** – ૯૯

◈ **આવરણ ચિત્ર : M.F.Husain - Folk Princely Jaisalmer** - Serigraph On Paper - 34 x 26 inches-2004

◈ **આવરણ–સંકલ્પના :** આગમ શાહ

# મથામણ – ૨૩

હર્ષદ ત્રિવેદી

‘સમ્પાદકનું કામ તો પીરસણિયાનું ગણાય. જુદા જુદા મિત્રો જુદી જુદી વાનગી બનાવીને લાવે, સમ્પાદક તેનું ભાણું ભરે અને જિજ્ઞાસુઓ સુધી પહોંચાડે. આથી વિશેષ તેની કશી ભૂમિકા ન હોય. અલબત્ત, તે આવેલી વાનગીઓમાં કવચિત્ રહી ગયેલા રેસા–ડીંટડા વ.ની કાંટ છાંટ કરવી પડે, અને ઘણીવાર પોતાના તરફથી પણ કોઈ વાનગી ઉમેરવી પડે, એ જુદી વાત. પણ એટલું તો કોઈ પણ સમ્પાદકે કરવું જ પડે; એમ કરવામાં જ તેનું સમ્પાદકત્વ સિદ્ધ થાય.’ એક લેખક તરીકે જેમણે પોતાના નામની આગળ કે પાછળ કોઈ લટકણિયાં નથી રાખ્યાં તે વિજયશીલચંદ્રસૂરિના આ શબ્દો છે. પ્રાકૃતભાષા અને જૈનસાહિત્ય–વિષયક સમ્પાદન, સંશોધન, માહિતી વગેરેની અનિયતકાલિક પત્રિકા ‘અનુસંધાન’ના ૧૦૦મા અંકના સમ્પાદક તરીકે એમણે આ લખ્યું છે.

હજી તો આંખ સામે તરવરે છે ‘અનુસંધાન’નો પ્રથમ અંક પ્રગટેલો તે ઘટના. હરિવલ્લભ ભાયાણી એના પ્રથમ સંપાદક. ભાયાણીસાહેબના અવસાન પછી પણ આ વિદ્યાયાત્રા ચાલુ રહે એ માટે વિજયશીલચંદ્રસૂરિ મહારાજસાહેબે આ કાર્ય પોતાની જવાબદારી સમજીને સંભાળ્યું. હમણાં એનો ૧૦૦મો અંક અને તે પણ દળદાર એવા બે ભાગમાં પ્રકટ થયો છે એનો સ્વાભાવિક આનંદ છે. આ શતાંક લગી પહોંચતાં બત્રીશ વર્ષ લાગ્યાં છે. ‘સ્વાધ્યાય’ પ્રકારનાં સામયિકો હવે રહ્યાં નથી. ગુજરાતી કે અન્ય ભાષા–સાહિત્યક્ષેત્રે અત્યારે કેવાં સંશોધનો અને અભ્યાસગ્રંથો પ્રકટ થાય છે એની પૂર્ણ માહિતી પ્રાપ્ત થતી નથી એવા સંજોગોમાં આ અનિયતકાલિક આશીર્વાદસ્વરૂપ છે. વર્તમાનમાં રચાતાં અને વિવેચાતાં સાહિત્ય વિશે આપણાં સામયિકો ઠીકઠીક પૃષ્ઠો ફાળવે છે તે સારી વાત છે, પરંતુ પ્રશ્ન છે તે સંસ્કૃતથી માંડીને પ્રાકૃત, અપભ્રંશ અને જૂની ગુજરાતીના ઇલાકામાં આવતી કૃતિઓ, સંપાદનો, ભાષાવિજ્ઞાન વગેરેની સમીક્ષાઓ, ચર્ચાઓ કે ટૂંકી માહિતી પણ પ્રાપ્ત થાય એવાં સંસાધનો અલ્પ છે.

પ્રથમ નજરે ‘અનુસંધાન’ જૈન સાહિત્યનું જ સામયિક લાગે પરંતુ, એવું નથી. મધ્યકાલીન સાહિત્ય અને અન્ય લલિતકળાઓને પણ એમાં યથોચિત સ્થાન મળે છે. જેમકે ‘અનુસંધાન’ના પ્રથમ ભાગમાં ‘કચ્છી ભાષા : વણનોંધાયેલી પ્રાકૃત’, ‘સંત મૂળદાસજીકૃત ‘શ્રીમદ્ ભગવદ્ગીતા’ ચોપાઈબંધમાં ગુજરાતી અનુવાદ’, ‘મધ્યકાલીન ગુજરાતી પદ્યવાર્તા–સાહિત્યમાં વિશિષ્ટ પ્રદાન’, ‘કાલિદાસના મલ્લિનાથ નામે ટીકાકારની વિશેષતાઓ’, ‘અભ્યાસ તથા સંશોધનમાં ઉપયોગી બનતી ટેકનોલોજી વિશે’, ‘હરિવલ્લભ ભાયાણીનું ભાષાવિજ્ઞાનમાં પ્રદાન’, ‘નાકરકૃત ‘રામાયણ’ની ઋષ્યશૃંગકથા’ જેવા વ્યાપક

વિષયો અને જૈનડાયસ્પોરા સહિત કેટલીક જૈનકૃતિઓ અંગેના અભ્યાસલેખો સમાવવામાં આવ્યા છે તે આ સામયિકનું ખુલ્લાપણું સૂચવે છે. બીજો ભાગ તો ચાર રંગમાં છપાવ્યો છે. એમાં મૂળની સમૃદ્ધિનો ખ્યાલ આવે એ માટે અનેક પ્રકારનાં ચિત્રો અને હસ્તપ્રતોનાં પૃષ્ઠો છાપ્યાં છે. કુલ મળીને સવા પાંચસો પાનાંનું વાંચન છે! સામયિકની ભાષા ગુજરાતી છે, પરંતુ હિન્દીભાષીઓ પણ વાંચી-સમજી શકે તે હેતુથી દેવનાગરીમાં છાપવામાં આવે છે. દેવનાગરીમાં ગુજરાતી વાંચવાનો પણ એક જુદો રોમાંચ!

શીલચન્દ્રવિજયજીએ નમ્રતાથી ભલે લખ્યું કે આ પિરસણિયાનું કામ છે, પણ છેક એવું નથી. પાનેપાને તમે એક સક્ષ્ણ સમ્પાદકની હાજરી અનુભવી શકો. મોટાભાગનું જૈનસાહિત્ય જૈન ગ્રંથાલયો, જ્ઞાનભંડારો કે પાઠશાળાઓમાં આશાતના ન લાગે એવા હેતુથી પણ સારીપેઠે સચવાયું છે. વળી આગળ વધતા સમયના પ્રવાહમાં એનું સૂચીકરણ, વિષય પ્રમાણે વર્ગીકરણ વગેરે થયું છે. હવે એકસરખાં કથાનકવાળી કૃતિઓ પણ અલગ અલગ જગ્યાએ હોય તો પણ એની ભાળ મેળવી શકાય છે. લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, ભો. જે. વિદ્યાભવન, શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધનાકેન્દ્ર, વિવિધ કબીર આશ્રમો જેવી અનેક અન્ય સંસ્થાઓમાં આને લીધે, આ વિષયમાં રસ લેનારાઓને ઘણી સંદર્ભ સામગ્રી મળી રહે છે. મુનિશ્રી પુણ્યવિજયજી હોય નહીં ને આ શાસ્ત્રીય સૂચીકરણની દિશા ઊઘડે નહીં!

આપણે ત્યાં, ઘણી બધી દેહાણજગ્યાઓમાં, મંદિરોમાં જૂના ભજનિકોની હસ્તપ્રતો કે મૌખિક પરંપરામાં ભજનો, સાખીઓ, ધોળ-મંગળ, બારમાસાઓ, આરતી વગેરે પ્રકારની રચનાઓ હશે જ. સ્વાભાવિક છે કે હોય જ. શ્રી નરોત્તમ પલાણ, નિરંજન રાજ્યગુરુ, બળવંત જાની, નાથાલાલ ગોહિલ, મનોજ રાવલ, દલપત પઢિયાર અને રવજી રોકડ વગેરે વિદ્વાનોએ સૂચિ, સંપાદન અને દસ્તાવેજીકરણનું ઘણું કાર્ય કર્યું છે પરંતુ હજી મોટો ભાગ બાકી હશે એવો અંદેશો જાય છે. લાંબા સમયે કાગળો વાંચી શકાય એવા નહીં રહે. મૌખિક પરંપરાને કંઠમાં જાળવી રાખનારાઓની સંખ્યા ઓછી થતી જશે એવી પરિધિમાં જેનાથી જેટલું બચાવી શકાતું હોય તે બચાવી લેવું એ જ એક ઉપાય છે. એ બધી રચનાઓના પાઠભેદ અને પ્રામાણિક આધારો પ્રાપ્ત કરવાની વાત તો ઘણે દૂર દેખાય છે.

વ્યક્તિગત ધોરણે, પોતાની નિસબતથી તો વિદ્વાનો કાર્ય કરતા જ હોય છે, પરંતુ હવે તાબડતોબ, સામુહિક રીતે, યુનિવર્સિટીઓ કે સંસ્થાગત ધોરણે જુદા જુદા અને લાંબાગાળાના પ્રકલ્પો કરવાનો સમય પાકી ગયો છે. સાહિત્યના અધ્યાપકો, સંશોધકો, વિવેચકો, આસ્વાદકો વર્તમાન સાહિત્યનો આયનો તો જુએ જ, પણ સાથોસાથ આ ધૂળધોયાનું કામ પણ ઉપાડી લેવું રહ્યું. આ માટે સાહિત્યની જીવતીજાગતી નવી પેઢીને પણ આ કહેવાતાં જૂનાં સાહિત્યની ગલીઓમાં હરતીફરતી કરવી પડશે. સમાજના લાંબું જોનારા અગ્રણીઓ અને શ્રેષ્ઠીઓએ આ માટે ઇસ્કોતરો ઉઘાડો મૂકવો પડશે. આવો આપણે સહુ સાથે મળીને મથામણ કરીએ.

■

---

**સર્જકોને વિનંતી** : હાલ 'પરબ' માટે પૂરતી સામગ્રી ઉપલબ્ધ હોવાથી તા. ૩૦-૧૧-૨૦૨૫ સુધી રચનાઓ ન મોકલવા વિનંતી છે.

## ચાર ગઝલ | સંજુ વાળા

### (૧) જાયકો

ક્યારેક કડવો ઝેર કદી તીખો જાયકો !
પ્રત્યેક તારા મૂડનો ખટમીઠ્ઠો જાયકો !

કરવી હો તારે ખાતરી તો તુંય આવી ચડ
આ સૌમાં મારાં સ્વપ્નનો છે નોખો જાયકો !

પકવાન હો કે ઘેંસ, બધા સ્વાદ છે સમાન
બેઠો ગરીબની જીભે જુગજૂનો જાયકો !

સહેજે ઉવેખશો તો ધમાધમ મચી જશે
લોકોનાં દિલ-દિમાગે જે જકડાયો જાયકો !

વાતાવરણ છે સ્થિર ને થંભી ગયો સમય
કોણે ઉછાળ્યો આભમાં ઝળહળતો જાયકો !

એકેક પગલું લાગે છે અણદીઠ ભોમ પર
માણ્યો મેં બંધ આંખે મહામૂલો જાયકો ?

મૃત્યુની શય્યા પરથી અચાનક ઊઠી ગયો
મુરશિદ તેં કેવા મંત્ર ભણી ફૂંક્યો જાયકો !

◈

### (૨) ગૂંચો

કશું સાબિત નથી કરવું, નથી ઉકેલવી ગૂંચો !
જગતની ઉત્પત્તિનું સાંપડ્યું કારણ બધી ગૂંચો !

અવાચક રહી ગયા એ જેને – જેને આભડી ગૂંચો !
અને ઊગરી ગયા એ સૌ કે જેણે પરહરી ગૂંચો !

કહે પાણી કે આદિમ હું અને વાયુ કહે છું હું
તરત આકાશવાણી થઈ કે અવધારણ નરી ગૂંચો !

કર્યો કેવો ગજબ દાવો કે આ આકાશ છત્રી છે !
હવે એ પણ કહોઃ ક્યાં ગઈ જે એની ઊઘડી ગૂંચો ?

પવનનું રૂપ શું ? ને શું હશે આકાર પાણીનો ?
કહો હે પંડિતો ! આ કેમ લાગી અટપટી ગૂંચો ?

મેં થાકી – હારીને અંતે પરાજયને જ સ્વીકાર્યો
જો તારા નામની સાથે સતત જંગે ચડી ગૂંચો !

મને તો ગૂંચના કારણમાં લાગી'તી સફેદાઈ
પરંતુ સામે આવી લાલ, પીળી, વાદળી ગૂંચો !

◈

## (૩) મરજી !

જીવતાં રાખ કે તું માર એ તારી મરજી !
વણગણ્યે તાપ અને ટાઢ સ્વીકારી મરજી !

કંઈ જ આપ્યું નહીં ને ખૂબ વધારી મરજી !
માગી-માગીને મરી અંતે ભિખારી મરજી !

હમણાં દરરોજ સવારે જે ઊડી આવે છે
પૂછ્યું એ પંખીને કારણ, કહ્યું: મારી મરજી !

બેઉની આંખો મળી ત્યારે ઝર્યા'તા તણખા
કિન્તુ એ સાચું કે એણે જ વધારી મરજી !

તેં ભલે કોઈ જણસ કીમતી ગણી સાચવી હો
આમ તો છે બહુ લાચાર બિચારી મરજી !

નિતનવી ઝંખનાનાં ઝાડ ઉગાડ્યાં જ કરે
સહેજે વાળી વળે નહીં નવરી, નઠારી મરજી !

એને અપનાવવાની લ્હાયમાં છે આખું જગત
ક્યાંક જો રસ્તે મળે કાચી-કુંવારી મરજી !

◈

## (૪) ભાળી

સ્વર્ગની કામનામાં મૃત્યુ ભણી મતિ ભાળી
કોઈએ ચીંધી, કોઈએ સ્વની સદ્ગતિ ભાળી

ખૂબ ભટક્યા, ભમ્યા પછીય તે અવનતિ ભાળી
ઊંડું ને ઊંચું તાક્યું, ના કશે સુરતિ ભાળી

ઝૂમતાં ઝાડ, પાન, વેલીની લયરમણામાં
ભાળી ક્યારેક પણ અનોખી અલંકૃતિ ભાળી

જેની ઝળહળમાં રાસ રમ્યાં'તાં પુરુષ ને પ્રકૃતિ
ના ફરીથી એ હાથ ભાળ્યો, નથી ધૃતિ ભાળી

ઊંઘમાં માત્ર ઝીણો ઝીણો ઝિલાયો'તો રવ
જાગી જોયું તો રમ્ય રાતની ઝંકૃતિ ભાળી

ફક્ત જ્યાં ઘાસફૂસની જ હતી શક્યતા ત્યાં
બાગ ફૂલ્યો ને સાથે ફોરતી ફલ:શ્રુતિ ભાળી

પૂરી દીધો'તો કાળસંદૂકે કંઈ યુગો પહેલાં
બહાર આવ્યો તો નષ્ટપ્રાય સૌ સંસ્કૃતિ ભાળી

◈

## ગઝલ | આર. બી. રાઠોડ

દુઃખનો સહજ સ્વીકાર થવા દો પછી જુઓ,
થોડો સમય પસાર થવા દો પછી જુઓ.

છે ભીંતમાં તિરાડ, તો સૌ કોઈ ઝાંખશે,
ખુલ્લાં બધાંય દ્વાર થવા દો પછી જુઓ.

એકાંતમાં જે આંસુ વહ્યાં, એ જ દૃશ્યને,
વરસાદ ધોધમાર થવા દો પછી જુઓ.

એને ખબર નથી કે હૃદય પણ ઘવાય છે,
એ પીઠ પર પ્રહાર થવા દો પછી જુઓ.

ફૂલોથી સજ્જ ડાળ ફળોથી અજાણ છે,
થોડો ઘણોય ભાર થવા દો પછી જુઓ.

ભીતર પડ્યું હશે તો કદાચિત પ્રગટ થશે,
ક્યારેક અંધકાર થવા દો પછી જુઓ.

આ દીવડાનું કામ પતે તો શું થાય છે!
થોભો અને સવાર થવા દો પછી જુઓ.

◈

## તું રહે | રાકેશ ગઢવી

તારો રહે લગાવ અને તું રહે
શ્વાસોની આવજાવ અને તું રહે

તારી દરેક વાતમાં આશ્ચર્ય ને
તારા એ હાવભાવ અને તું રહે

હું જે કહું એ વાત હો મંજૂર તને
કોઈ ન અણબનાવ અને તું રહે

તારું જ ધ્યાન હોય મને રાત-દિન
પાછો રહે અભાવ અને તું રહે

હા, આમ તારી કોઈ જરૂરત નથી
લાગ્યા કરે તણાવ અને તું રહે

◈

## રફેદફે | નિકુંજ ભટ્ટ

પળમાં મળીશું આપણે પળમાં રફેદફે;
અડધા જડીશું ત્યાં થશું અડધાં રફેદફે!

તેથી તો જીવવું ઘણું કપરું બની ગયું;
ઘટકો ટકી ગયા અને ઘટના રફેદફે!

પંખી ન પાછું આવે તો વૃક્ષો દુભાય છે!
દવ માત્રથી થતા નથી વગડા રફેદફે.

છૂટાં છવાયાં તરશે તો તારી જશે તને;
તરણાંને એકઠાં કરી કર મા રફેદફે.

ટોળાની બીક છોડી નવું ગાણું ગાઈ લે!
ટોળું તો આવી થઈ જશે હમણાં રફેદફે.

પાછાં જવા એ ખુદની જ પગછાપ શોધે છે!
જેણે કદી કર્યા હતા નકશા રફેદફે.

સમરથના દોષ અવગણી શકતાં નથી અમે;
દરિયો કરે છે કેટલાં ઝરણાં રફેદફે.

બસ એ બનાવ બાદ ગણતરી કરી નથી!
વેઢા ઘટ્યા ને થઈ ગઈ ગણના રફેદફે.

એ ક્ષણ કે મારી આંખથી વાતો વહી જતી;
યારો મળીને વાતને કરતાં રફેદફે.

પૂછે મને જો કોઈ કે શું છે વફા-જફા?
તારા વિશે કહી કરું ચર્ચા રફેદફે.

જેને ગણું છું મસ્તી એ મસ્તી રહે નહીં;
સામે તું આવી જાય તો રટણાં રફેદફે.

◈

## આવ્યા | લાલજી શિયાળ

કીધું એ સરનામે આવ્યા
ખાલી ઉંબર સામે આવ્યા

એકલતાનો જાસો આવ્યો
ત્યારે પત્રો કામે આવ્યા

જ્યાં હું બેહદ પીડાયો ત્યાં
કોના ઝખમો હામે આવ્યા

વીત્યાં વર્ષો સમજાયું નૈ
આંસુ કોના નામે આવ્યાં

જેને ભૂલવા સુરા લીધી
ત્યાં એ પરથમ જામે આવ્યાં

ધૂળિયા રસ્તા, શેરી, પાદર
જીવવા પાછા ગામે આવ્યા

ભાગી, ભટકી, થાકી અંતે
લે તારા વિસામે આવ્યા

તારા સુધી પહોંચી ગ્યાં એ?
જેઓ તારા ધામે આવ્યા

ભાવ અભાવો છૂટી ગ્યા છે
એવા એક મુકામે આવ્યા

હણવા પડશે પોતાનાને?
કેવા આ સંગ્રામે આવ્યા

જે આવે ના ચાંદી સોને
તે તાંદુલના દામે આવ્યા

◈

## અકળ સાન... | દાન વાઘેલા

(પૃથ્વી : સૉનેટ)

ત્રિભંગ લળતી હવા રજકણો ભરી ઊડતી,
અમાપ ડમરી ભરી ભમરડી સમું ઘૂમતી!
ચડી ગગનમાં અને અવશ થૈ પડી હાંફતી –
જમીન ઉપરે ઠરી, કરકરા કરા વેરતી!
અફાટ અકળામણે ફરકતી ઊડી વાવટી,
જરાક ગરમી હટી, તરત લૂ ઘટી સામટી!

વને ઉપવને નવા સ્વર અને મળી ગોઠડી,
સજીવ મલક્યા અને હરખની પળો સાંપડી!
ખટાક કરતા ખૂલે મનસૂબા ખરા માંહ્યલા-
ઉમંગ ઉધમાતથી, ખળભળ્યા મહા મામલા!

સમસ્ત જગ ચિત્તમાં મમતની ઉછાળે દડી,
રજેરજ સજીધજી ચમકતી સુવાણે ચડી –
સુરમ્ય રવમાં ભળી, મહક ભૂમિની ભીતરી –
અમૂલ્ય જળ બુંદમાં અકળ સાન કૈં ઊભરી!

◈

## એક શંખ | શૈલજા પટેલ

મમ્મીએ દત્તક લીધેલો,
સમુદ્રની દેન,
ઘરમાં જગ્યા બદલ્યા કરે,
પાષાણ યુગનો આત્મા.

ક્યારેક ધૂળને શ્વાસમાં ભરતો,
ક્યારેક બાળકને આકર્ષતો,
ક્યારેક દરવાજે મહેમાનને આવકારતો,
ક્યારેક ફોટો પડાવતો.

જો કોઈ પૂછે,
શું બનીશ આવતા ભવે?
હસીને કહીશ “નિઃપ્રાણ શંખ !”,
મમ્મી જેવું કોઈ આવશે
લઈ જવા ઘેર.

◈

## ચાર ગઝલ | શોભિત દેસાઈ

૧

લીલી! કરેણ! ચંપો!
ગલગોટા! રાતે જંપો

અંધારે ખીલવાનું?
સૂરજજી શાને કંપો?!

કાતિલ સુગંધ ક્યારેક
પ્રગટાવે પણ અજંપો

દુનિયાને રંગ આપી
ફરકાવે શ્વેત સંપો

ઠંડકભરેલી ખુશબૂ
ટાળેય ધરતીકંપો

રોપી કલમ મટાડે
અમરાઈના કુસંપો

## ૨

ચુસ્ત પરહેજના હિસાબ આવે
આંખની નહેરથી શરાબ આવે

સાગરે ઊનો આફતાબ ઊતરે
આભમાં શીત માહતાબ આવે

આપનું નામ લઈ કરે જે શરૂ
અંતે તો એ જ કામિયાબ આવે

રંગ નીરખું, સુગંધને ચૂમું...
હોઠના એવા કૈં ગુલાબ આવે

આખેઆખી ધરી દઉં હું તને
મંદિરે લઈ તું ફૂલછાબ આવે

'આપનો હાથ ઝાલી બેઠો છું'
આજ પણ ફક્ત એ જ ખ્વાબ આવે

રાજકુંવરી જે ગુમ છે વર્ષોથી
લઈને નમણો કોઈ નવાબ આવે

કંઈક પૂછું તને ઇશારાથી
ને ઢળી પાંપણે જવાબ આવે

માલિકીહક છે આજ પણ અકબંધ
મારી સામે જ એ શબાબ આવે

પ્રેમને જોતો હોય નફરતથી
એની બાકીની વય ખરાબ આવે

ફૈઝ અહમદ ફૈઝના સ્મરણ સાથે...

◈

## ૩

ગર્ક 'ને ગાફેલ મારી બાદ આવે પણ ખરો
મોં લઈ ઢાંકેલ મારી બાદ આવે પણ ખરો

તું તો છે ત્રિકાળજ્ઞાની, ઓળખી લેજે તરત
લઈ કોઈ ગજવેલ મારી બાદ આવે પણ ખરો

કોઈ બીજાને નહીં, ખુદને જ કરતો હો સવાલ
ભોમિયો ભટકેલ મારી બાદ આવી પણ ચઢે

સત્યને પહોંચાડવાની હોય આ નોખી રસમ
છાકટો છટકેલ મારી બાદ આવી પણ ચઢે

હર ક્ષણે આકાશગંગા લે હિલોળા જામમાં
એટલો પીધેલ મારી બાદ આવી પણ ચઢે

તારી પાસે આવ્યો'તો હું ધૂળિયો ચહેરો લઈ
એનો એ રખડેલ મારી બાદ આવે પણ ખરો

હોઉં ગુસ્સામાં અને બસ.. નીરખી એ રૂપને
શિશ ઝુકાવેલ મારી બાદ આવી પણ ચઢે

મેં વળી દાવો કર્યો ક્યારે કે હું છું આખરી
વ્યોમમાં વંઠેલ મારી બાદ આવી પણ ચઢે

◈

## ૪

એ હસે છે તો એમ લાગે છે
દિલગીરી મારી દૂર ભાગે છે

પુષ્પને ટહુકાથી પરાગે છે
એવા બુલબુલ હજીય બાગે છે

એ નયન આહ ! આછા સોનેરી..
કોઈ સનસેટ પૉઇન્ટ લાગે છે

મૌનથી સાવ અસ્તવ્યસ્ત કરી
તું મને ધારદાર તાગે છે ?

શહેરને થપકી દઈને પીઠ ઉપર
રાત ધબકારભેર જાગે છે

◈

## મૂળ અંગ્રેજી કવિતા : નીતા ધોળકિયા | ઊંઘ

અનુવાદ : નિખિલ ખારોડ

હું ઝંખું કે હું આંખ મીંચી શકું.
હું ઝંખું કે હું થોડું ઊંઘી શકું.
હું ઝંખું કે હું થોડી શાતા પામી શકું.

મારી ઝંખના આમ તો નજીવી છે.
પણ મારે માટે તે મોટી અને ઊંચી છે.
મારી પહોંચની તે બહાર છે.
હું ઝંખું કે ઊંઘ બાબતે હું સમૃદ્ધ બની શકું.

તેમ ક્યારે બનશે?
તેમ થવાનું કોઈ લક્ષણ તો જણાતું નથી.
પણ સમયે તે પુરવાર કર્યું છે કે
એકાદ વખત તો તેમ થશે જ.
હું ઝંખું કે તે ક્ષણ ઝડપી શકું.
હું ઝંખું કે તે ક્ષણને હું હંમેશને માટે સંઘરી શકું.

ખરી ઊંઘ શક્ય નથી.
ખરી શાંતિ પરગજુ નથી.
ખરો આરામ અશક્ય છે.

આ બધાં લક્ષણો
હું નકારી શકું તેમ નથી.
થાક અને તણાવ
અસ્વસ્થ મન અને ઉદાસી.
શરીર નબળાઈ અનુભવે ત્યારે
યાતના બની ભટકું.

આ હલનચલનની તકલીફો અને દુખતા સ્નાયુઓ
આ આઘાત પછીનો તણાવ કે મગજના આંચકા,

તેને કોઈક રીતે દાબી શકાય
પણ તેનાથી મુક્ત થવું સંભવ નથી.
તેને મેં સંપૂર્ણ રીતે સ્વીકારી લીધા છે.
તેના આધિપત્યને કોઈ સમજતું નથી.
સહુ કોઈ માત્ર ટિપ્પણી કરે છે કે અભિપ્રાય આપે છે,
કહે છે કે મારી પીડાને તે સમજી શકે છે.
પણ ખરેખર મને લાગે છે કે
મારી યાતનાને કોઈ સમજી શકતું નથી.
જોકે મારે તેની અવગણના કરવી જોઈએ,
જે કહેવું સહેલું પણ કરવું કઠિન છે,
પણ મારા મહત્તમ પ્રયત્નો કરી રહી છું.

હું ઇચ્છું છું કે સહુ મુનસફી ઓછી કરે,
મને અવકાશ અને શાતા આપે.
મારો માર્ગ હજી મોકળો નથી
પણ એક દિવસ જરૂર સીધો અને સરળ બનશે.
હું બળપૂર્વક દોડી શકીશ.
હું જાણું છું કે તે હજી દૂર અને પહોંચની બહાર છે.
અત્યારે તો માત્ર ઊંઘથી જ મને પરિતૃપ્તિ મળશે.
હું ઝંખું કે ઊંઘ બાબતે હું સમૃદ્ધ બની શકું.

(આ કૃતિ જેમની છે તે, નીતા ધોળકિયા, સાયકોજેનિક નૉનએપિલેપ્ટિક સીઝર નામની વ્યાધિથી પીડિત છે. પરિણામે અનિદ્રા તેમના જીવનમાં અડ્ડો જમાવીને બેઠી છે. દવાઓ પણ તેમાં મર્યાદિત અસર કરે છે. આ કૃતિ તેમની મથામણની ઉક્તિ છે.)

■

હું મારી પ્રજાનો પ્રેમ જાણું છું અને તેમના તરફ નજર કરી તેઓને છોડવા વિચાર કરું છું ત્યારે રડું છું. જ્યારે રાજ્યખટપટ તરફ જોઉં છું ત્યારે સ્વાર્થી મન 'લાઠીશુભેચ્છક'ની પદવી છોડી દઈ 'દેશશુભેચ્છક' થવા ઉશ્કેરે છે. લાઠીના રાજા તરીકે પરાક્રમ કરવું એ અરુચિથી છે, દેશહિત માટે માથું દેવું એ ઉત્સાહથી છે. આ રાજ્યમાં રહી કામ કરવું એ કંટાળો આપે છે. દેશમાં રહી દેશનું કામ કરવું એ આનંદ આપે છે; લાઠીની હાલત વિચારતાં પણ દયા આવે છે, અને દેશની હાલત વિચારતાં પણ દયા આવે છે. હું લાઠીનો થાઉં કે દેશનો થાઉં ? લાઠીનો થાઉં તોપણ દેશનો થાઉં છું.

**તા. ૧૩/૧૨/૧૮૯૨ના મ. ન. દ્વિવેદીને લખેલા પત્રમાંથી**
**આ અંકનાં અવતરણો કલાપી પત્રસંપુટમાંથી છે. સં. રમેશ શુકલ.**

# સવાર

ગિરીશ ભટ્ટ

હૉસ્પિટલનો એક આઈસીયુ વૉર્ડ; એક લંબચોરસ કમરામાં પાંચ બેડ, બે બેડ વચ્ચે અર્ધપારદર્શક પરદા, બહાર એક ખૂણામાં ડૉક્ટર, નર્સ ને વૉર્ડબૉયઝ. આઠમો ફ્લૉર એટલે આકાશ નજીક ને જમીન દૂર દૂર.

નિયમિત ચાલતી લિફ્ટ બન્ને વચ્ચેનો સેતુ. ખાસ કોલાહલ ના મળે. હૉસ્પિટલ એટલે ખાસ વાસ ખરી અને ખાસ ભાષામાં વાતચીત.

આઈ.સી.યુ.ની પહેલી બેડમાં પાંત્રીસ વર્ષની, જરા સાંવરી, સુદૃઢ, મધ્યમ ઊંચાઈની રંભા હતી. ગઈ સાંજે જ અહીં દાખલ થયેલી. કોર્ટનો લેખિત હુકમ હતો. મગજની તપાસ કરીને જણાવવી. તેણે હત્યા કરી હતી. ઓહ! હત્યા –

ને એટલે જ તેની સાથે લેડી કૉન્સ્ટેબલ નંદા હતી, જેન્ટ કૉન્સ્ટેબલ રામસિંહ હતો. તે બન્નેએ સજાગ રહેવાનું હતું કે રંભા નાસી ના જાય. એ લોકો સાંજે આવ્યાં ત્યારે અહીં મોટી ચકચાર મચી ગઈ હતી, રંભા ને જોવા, લોકો એકઠા થયા હતા. હત્યારી હતી ને?

ડૉક્ટર દવેએ પ્રથમ સૂચના આપી હતી : ‘દરદીને બંધનથી મુક્ત કરો. અહીં તે પેશન્ટ છે. હું મારી રીતે તપાસ કરીશ.’

રંભા ખુશ થઈ હતી. તે બંધનમુક્ત થઈ હતી, કેટલા સમય પછી?

બીજી સ્ત્રી — રોમા, બીજી બેડમાં હતી. તે રંભા પછી બે કલાકે દાખલ થઈ હતી. વૉર્ડબૉય નારાયણ તેને અહીં લાવ્યો હતો. ડૉક્ટરે તેને, એ પહેલાં તપાસી હતી : બીપી છે, થાક પણ જણાય છે. બે દિવસ રહો અહીં. બધું નૉર્મલ થઈ જશે. શું કરો છો? જર્નાલિસ્ટ છો? ધેન યૂ નીડ મેન્ટલ રેસ્ટ. કયું અખબાર?

ડૉક્ટર હસ્યા હતા : તમે સ્વસ્થ હશો તો આખો સમાજ સ્વસ્થ રહેશે. કોઈ હેલ્થ... હિસ્ટ્રી?

સહાયકે કેસપેપર તૈયાર કર્યાં ને રોમાને અહીં મોકલી હતી.

નારયણે સિસ્ટરને સૂચના આપી હતી : ‘પેશન્ટ મોટું માથું હતું – જાળવવું.’

નર્સને તો પહેલી નજરે તે, પેશન્ટ જ ના જણાઈ. ‘આ તો જાણે ફરવા આવી હતી! અથવા કોઈ પેશન્ટ સાથે આવી હોય! ફાઈલ જોવી પડી તેને, હા, રોગો લખ્યાં હતાં, સારવાર પણ.

રોમા ત્રીસેકની લાગી. ગોરી ત્વચા ને નમણાશ હતી, સુંદર હતી.

રંભાની પાસેની બેડમાં ગોઠવાઈ હતી. બન્ને પેશન્ટ હૉસ્પિટલના ખાસ ગણવેશમાં હતાં, હારબંધ સૂતાં હતાં. આઈ.સી.યુ. વૉર્ડમાં સાવ શાંતિ હતી. વચ્ચેના પરદા સોંસરવું ખાસ કાંઈ દેખાય તેમ નહોતું. બધું કલ્પવાનું હતું. રોમા વિચારતી હતી કે તે અહીં સુધી આવી તો ખરી, રાજાબાબુની ઇચ્છા હતી કે તે કોઈ સ્કૂપ શોધે આ હત્યારી રંભાના પ્રકરણમાં. અગાઉ પણ તેણે એક સ્કૂપ શોધ્યું હતું જે ખાસ્સું ચર્ચાયું હતું, રોમાને યશ મળ્યો હતો.

એ પછી તે રાજાબાબુની માનીતી બની ગઈ હતી. ચેમ્બરમાં રજા લીધા વિના ગમે ત્યારે જઈ શકતી હતી.

રાજાબાબુ એ અખબારના સર્વેસર્વા હતા.

એ વૉર્ડનું ત્રીજું પાત્ર, લેડી કૉન્સ્ટેબલ નંદા હતી, ખાખી ગણવેશમાં હતી, પટ્ટાનું બકલ ચમકતું હતું. તે આ ડ્યૂટીથી ખુશ હતી, સાવ નવાં દૃશ્યો જોઈ રહી હતી. શું હતું સબજેલમાં? એ જૂની ભીંતો, રફ ફરસ, જાળીવાળી બેરેકો, જેમાં રાતે તે મહિલા કેદીઓને નામ લઈ લઈને પૂરી દેતી હતી.

ના, એકેય નાસી જવી ના જોઈએ! બધી જ અપરાધી હતી.

રજિસ્ટરમાં દરેકની વિગતો ફોટા – હસ્તાક્ષર - ડાબા અંગૂઠાના નિશાન સાથે નોંધાયેલ હતી.

તે રાતે કામ કરતી હતી ને દિવસે અભ્યાસ કરતી હતી. તેને આજે ઘણું સારું લાગતું હતું.

એમ લાગતું હતું કે તે જાણે કારાવાસથી મુક્ત થઈ હતી. રોમા તો ઘેનની અસર નીચે જંપી ગઈ હતી પણ તે કશા ઘેન વિના શાંતિ અનુભવતી હતી. રોમા પ્રતિ તેને રસ જાગ્યો હતો કે એ સ્ત્રીમાં કશુંક જરૂર હતું જે તેને ખેંચતું હતું.

ને રોમાએ પરદો ખસેડીને તેને સંકેતથી બોલાવી હતી, ને તે ગઈ હતી. જરા જોયું રંભા ભણી. તે કાંઈ નાસી જાય તેમ ન હતી. વાતચીત સાવ ધીમેથી કરવાની હતી. એક ખૂણામાં ડૉક્ટર ને નર્સ ઝોકાં ખાતાં હતાં. રોમાએ તેની પીઠ થાબડીને કહ્યું : 'તું સ્માર્ટ છે, શું આ કેદી હતી? તારે તેની રખવાળી કરવાની છે?'

તે આ જાણતી હતી અને તોપણ જાણે કશું ના જાણતી હોય એમ પૂછતી હતી. આ જ તેની વિશિષ્ટતા હતી.

જવાબમાં નંદાએ તેના પૉકેટમાં છાપાનું પાનું આપ્યું હતું, જેમાં આ કિસ્સો છપાયેલો હતો. તેનાથી એ પણ ક્યાં અજાણ્યું હતું?

તે આખું પાનું રસપૂર્વક વાંચી ગઈ હતી. જાણે પ્રથમ વાર જાણી રહી ના હોય!

તે બોલી પણ ખરી, સાવ ધીમેથી : 'શું કરે એ સ્ત્રી? પુરુષનો જ દોષ ગણાય. તેની સાથે આવી રમત કરાય? કોઈપણ સ્ત્રી આમ જ કરે. તે કાંઈ સંત નહોતી. જોકે

બચશે નહીં. આ અહીં – મગજની તપાસ માટે તેને લાવ્યા, પણ કશું વળવાનું નથી. તેને સજા મળવાની જ.'

ને રોમાએ કહ્યું : 'મને તું ગમી. તને હું જરૂર મળીશ. તને પ્રમોશન પણ મળી શકશે. યૂ આર સ્માર્ટ.'

ને ત્યાં નર્સ દોડી આવી હતી, 'ઓહ, તમે તો પેશન્ટને ખલેલ કરો છો? આવું ના ચાલે. પ્લીઝ, નંદાબેન.'

ત્યાં જ રોમાનો કશો લવારો સંભળાયો હતો. તે ઘેનમાં જ બોલી રહી હતી : 'મારે તો એ રાં...ને મારવી હતી. હું તને નહીં છોડું. ઓહ! મેં શું કર્યું?'

બધું ટેપમાં લખાતું હતું.

બીજા સાધનથી મગજનું મૅપિંગ થતું હતું.

નંદા તેની ખુરશીમાં પુનઃ બેસી ગઈ હતી, ને રોમા પથારીમાં સૂતી હતી.

નર્સને સૂચના યાદ આવી હતી, રોમા વિશેની; એથી તેણે રોમાને કશું કહ્યું ન હતું, ને સ્વસ્થાને બેસી ગઈ હતી પૂર્વવત. રોમા મોટું માથું હતી, હશે વગદાર પદ પર! તેણે અનુમાન કર્યું.

નંદા ફરી રંભા વિશે વિચારતી હતી. કેવી સૂતી હતી બેડ પર? મૃત્યુથી દૂર! ઘેનમાં હતી એ પણ સુખ હતું. તેણે જ હત્યા કરી હતી, તેના, ખુદના પતિની. અપરાધો, પળ-બેપળના આવેશને કારણે થતા હોય છે.

કેવું થયું હતું? ખુદ રંભાએ તેની પાસે બેસીને આખી વાત... ત્રુટક ત્રુટક શબ્દોમાં કહી હતી : બહેન...બારણું લૉક હતું. નવાઈ તો લાગી, બીજી ચાવી હતી પાસે, થયું કે સૂતો હશે ધણી! પણતે તો બીજી સાથે હતો પથારીમાં. માથું ફરી ગયું! હાથમાં ધાર કાઢવા આપેલી છરી આવી ગઈ ને શું દોડી હતી? મારે તો એ સ્ત્રીને સજા કરવી હતી પણ તે છટકી ગઈ! શું જોસ હતું મારામાં?

બીજી પળે ભાનમાં આવી ત્યારે મારો વર ચીસ પાડતો હતો, લોહીમાં લથબથ...!

ને હું ઢગલો થઈ ગઈ હતી.

અને તે સાચે જ નંદાના પગ પાસે ઢળી પડી હતી, પસ્તાતી હતી : ઓહ, તેણે શું કર્યું?

ને વળી આવેગ આવ્યો હતો; એને બોલાવી તો મારા પુરુષે જ ને? એ પહેલાં પણ બોલાવી જ હશે ને? માતાએ પરચો બતાવ્યો. મને ઘરે મોકલી! મા હાજરાહજૂર છે.

વળી પસ્તાવો : અરે રે, તેણે શું કર્યું?

તે અવઢવ વચ્ચે ઝોલાં ખાતી હતી.

નંદા તેનો ખ્યાલ રાખતી હતી પણ બાકીના સમયે તો બીજી મહિલાઓ તેને ખાસ્સી પજવતી હતી.

તેને થતું હતું કે રંભાને સજા થશે જ. પુરાવા તેની વિરુદ્ધમાં જતા હતા.

કોણ બચાવે? એક નવીસવી છોકરી તેની વકીલ બની હતી, માત્ર રસ ખાતર. તેને ફી મળવાની ન હતી. તેણે જ દલીલ કરી હતી, મગજની તપાસ કરાવવાની - ન્યાયાધીશે એ સ્વીકારી હતી ને તે અહીં આવી હતી.

નંદા માનતી હતી કે એનો કશો અર્થ જ ન હતો. કોઈ પણ હત્યા આંશિક ગાંડપણમાં થાય. અલબત્ત તેને આ સ્ત્રી માટે પૂરી સહાનુભૂતિ હતી.

તે જાગતી બેઠી હતી. રામસિંહનો હળવો ખોંખારો સંભળાયો હતો. નંદા માટે આ સંકેત હતો — સાવધાન રહેવાનો.

નંદા ટટ્ટાર થઈ ગઈ હતી, ના, જાગતાં જ રહેવું જોઈએ. આ સ્ત્રી નાસી જાય કે નહીં.

રોમા જાગતી પડી હતી. તેને રંભા વિશે હજી વિશેષ જાણવું હતું. પેલી સ્ત્રી વિશે પણ જાણવું હતું જે તેના પતિ સાથે હતી, એક બેડમાં. હજી સ્કૂપ સુધી પહોંચવામાં ઘણું બાકી હતું.

આ ખેપ નિષ્ફળ ના જવી જોઈએ. તે આશાવાદી હતી. રાજાબાબુનું પીઠબળ હતું. શું કહ્યું હતું, વિદાય વખતે?

નીચે કૉરિડૉરમાં બન્ને ઊભાં હતાં. નારાયણ થોડો દૂર હતો. રાજાબાબુએ ડૉક્ટરને મળી લીધું હતું ને તેને દાખલ થવાનો નિર્ણય લેવાઈ ગયો હતો.

રાજાબાબુ બોલ્યા હતા : સફળતા મળશે. હારી ના જતી. બેબી, તું રાજાબાબુની છે. મળીશ સવારે.

દરમિયાન રંભા ઊંઘમાં કશુંક લવી હતી જે રોમાને સમજમાં આવ્યું ન હતું.

તેને થયું કે હજી કેટલું આ સ્ત્રીમાં ભર્યું હતું જે સપાટી પર આવ્યું ન હતું? મનુષ્ય-મનનો તાગ મેળવવો અસંભવ હતો.

ને ડૉક્ટર્સ મથી રહ્યા હતા.

તેને તો સ્કૂપ મેળવવું હતું, કોઈ પણ રીતે.

નર્સ તરત દોડી આવી હતી.

રંભા ફરી બોલી હતી : 'કેટલાં સમયથી રમત રમાતી હશે, રામ જાણે!'

રોમાને છેલ્લું વાક્ય સ્પષ્ટ, સંભળાયું હતું ને સમજાયું પણ હતું. પતિની હત્યા હજી સપાટી પર આવતી ન હતી. બસ, પર સ્ત્રી સાથેના સંબંધો હોઠો પર આવી જતા હતા.

ને અચાનક ચોંકી હતી. તે પણ અન્ય સ્ત્રી જ હતી ને અનુની નજરમાં! અનુશ્રી-તેના રાજાબાબુની પત્ની! તેના દેહમાં એક કંપન ફરી વળ્યું હતું.

તેના મનમાં તેને આખો ઇતિહાસ, ચલચિત્રની માફક ફરી વળ્યો હતો : કૉલેજ જર્નાલિઝમની તે એક છાત્રા હતી. વાર્ષિક ઉત્સવમાં રાજાબાબુ મુખ્ય મહેમાન.

એક રીત તેણે અપનાવી હતી. આગળ વધવું હોય તો બોલકા થવું, કોણીઓ કાઢીને આગળ આવવું, યેન કેન પ્રગટ થવું. માર્ગમાં ગાડીઓ એક બીજીને ક્રોસ કરીને આગળ વધે

છે ને? પરિવાર હતો – મા, મોટા ભાઈ, ભાભી, ભત્રીજો. વાચાળ, ગોરી, ઊંચી ને થોડી નમણી પણ ખરી. ટૂંકમાં મોહક, પુરુષને ગમી જાય તેવી. તેણે જોયું હતું કે જર્નાલિઝમના છાત્રોમાં તો છવાઈ ગઈ હતી. કેટલાક ગુરુજનો પણ તેનામાં વિશેષ રસ લેતા હતા.

ભાન થયું એક સખીને અને તેણે આ બોઘીને ટોકી હતી : 'શું આ બધાં તારી આવડત પર ખુશ છે? અરે, એ બધાંને તું ગમે છે! તારું શરીર ગમે છે. ચેતી જજે. પછી ક્યાંયની નહીં રહે.'

ના, તેને તો એવું ના લાગ્યું. પ્રશંસાઓથી સતત ઘેરાયેલી હતી. રોજ રાતે તે આ બધું યાદ કરતી હતી ને ખુશ થતી હતી. ને ફંટાઈ હતી : પેલી તો ઈર્ષાથી બળતી હતી. આ તો સાવ સહજ હતું. તે હતી જ કેવી?

રાજાબાબુએ જ તેને ખેંચી હતી : 'ક્યાં પહોંચી છું જર્નાલિઝમમાં?' 'છેલ્લા વર્ષમાં છું.' 'આવ એક વાર મારા અખબારની ઑફિસમાં. તને બધી સમજ પાડીશ કે અખબાર શી ચીજ છે? આ મારું કાર્ડ..!'

એ રાતે તે ક્યાં સૂઈ શકી હતી? એવા મોટા માણસે તેને આમંત્રણ આપ્યું? તેનામાં કશું હશે ત્યારે ને?

તે ગઈ હતી ત્યાં અગાઉથી ફોન કરીને. મનમાં હરખ હતો, ડર હતો. પ્રથમ મુલાકાત સરસ હતી : 'આવ...બેબી...તું આવી ખરી.'

ચા-બિસ્કિટ, સાથે નવી જ વાતો, ને બેબીનું સંબોધન. અરે, રાજાબાબુ તો અહીંના રાજા જ હતા! કેટલાં કામો આટોપતા હતા, કેટલા ફોન આવતા હતા? હસતા ને હસતા. વચ્ચે વાતો, માહિતીઓ ને જ્ઞાન.

રોમા પ્રભાવિત થઈ હતી ને છેલ્લે કહ્યું હતું : 'આવતી રહેજે. અરે, તારો પ્રિન્સિપાલ પણ મળવા આવે છે. પરીક્ષા ક્યારે છે? જો તને અહીં જોબ મળી જશે. હું રત્નને ઓળખી જ લઉં. ત્રીસ વર્ષથી આ ક્ષેત્રમાં છું. તને કેટલા થયાં, બેબી? બસ, આવી જા.'

રોમાના પગ ધરતી પણ છબતા ન હતા. રાજાબાબુએ તેને એ પહેલા જૉબ પર લીધી હતી, 'બેબી - આ તારું ટેબલ. તને ધનંજય કામ શીખવશે. અરે, મારી પાસે ચાલી આવજે.' પહેલો પગાર મળ્યો ત્યારે કેટલી ખુશ થઈ હતી?

માતાને ખુશી થઈ હતી : 'વાહ દીકરી..!' મોટા ભાઈ ચોંક્યા હતા : 'તને કોણે જૉબ આપી? તેં અરજી તો કરી નહોતી? ને ઇન્ટરવ્યૂ વિના?'

બીજી વાર મોટા ભાઈએ પૃચ્છા કરી હતી : 'શું તું રાજાબાબુના અખબારમાં જૉબ કરે છે? તેમનું નામ સારું નથી. સાચવજે તું.'

ક્યાં ગમ્યું હતું રોમાને? તે તો એ પુરુષથી... ?

હા, તે રાજાબાબુની આભામાં હતી. રોજ રોજ નવા કાર્યક્રમો ઘડાતા હતા : 'ચાલ, નેતાને મળી આવીએ. પેલો રંગભૂમિનો કલાકાર છે ને – તેનો ઇન્ટરવ્યૂ? સભા છે નટરાજ હૉલમાં? તને શીખવા મળશે. પછી તારે જાતે જ ઇન્ટરવ્યૂ લેવાના. રાજાબાબુ સાથે નહીં હોય. કરીશ ને બેબી?'

'આટલાં વર્ષે મને તારા જેવી નિપુણ શિષ્યા મળી. કેટલો ખુશ છું, બેબી? એમ થાય છે કે તને..!'

રોમા ખેંચાતી જતી હતી.

ભાભીએ ટકોર કરી હતી : 'બેનબા, પરણી લો. સમય છે હજી, પછી... કોઈ ભાવ નહીં પૂછે.' માની ચિરવિદાય ઓચિંતી જ હતી.

ઘરે આવેલા રાજાબાબુએ સાંત્વના આપતાં આપતાં તેની પીઠ થાબડી હતી, ક્યાંય સુધી.

પછી થોડા સમયમાં રોમાએ ઘર છોડ્યું હતું, રડતી રડતી રાજાબાબુને વળગી પડી હતી.

બસ...પછી પતન થવામાં શું બાકી રહે? ભાભીનું વિદાય વેળાનું છેલ્લું વાક્ય હતુંઃ 'પવિત્ર રહેજે. એ જ સ્ત્રીની મૂડી છે. ગમે ત્યારે આ ઘરના દરવાજા તારા માટે ખુલ્લા હશે. હું તને સ્વીકારીશ.'

તેને કશુંય ના લાગ્યું : 'પવિત્ર... ?'

ને તે અત્યારે અજાણી બેડ પર સૂતી હતી. રાજાબાબુ ક્યાં અજાણ્યા રહ્યા હતા? એક અલગ ઘર રાખ્યું હતું. એક બાઈ સાથે રહેતી હતી, જે ઘરને અને તેને સંભાળતી હતી.

તેણે પણ રોમાને શિખામણ આપી હતી : 'બહેન, તમે સારો છોકરો જોઈને પરણી જાવ. તમારો બધો અજંપો શમી જાશે.'

રોમાને થયું કે આ ક્યાંથી જાણી ગઈ તેના મનની હાલતને. ક્યાં ક્યારેય કશું બોલી હતી, તેના વિશે? રંભાની વાતે તેને વિચારતી કરી હતી : અનુશ્રી ને રંભા એક તરફ ને તે અને પેલી ભાગી ગયેલી સ્ત્રી – બીજી તરફ હતાં. અરે, બન્ને બચી ગયાં હતાં; પેલી રંભાની છરીથી અને તે?

ત્યાં પેલી સ્ત્રીનો બબડાટ શરૂ થયો હતો. 'તું જ છું ને એ સ્ત્રી? તને મેલીશ નૈ.' ને તેને ભાસ થયો કે જાણે રંભા છરી સાથે તેના તરફ ધસી રહી હતી!

તે ડરી ગઈ હતી : ઓહ! શું થઈ રહ્યું હતું?

બીજી પળે થયું હતું કે રાજાબાબુની પત્ની તેના પર ધસી રહી હતી, છરી સાથે.

તેણે માંડ ચીસને રોકી હતી. આંખો ખોલીને જોયું તો તેની આસપાસ અંધકાર હતો, પરદાની પાર થોડો અજવાશ હતો. રામસિંહનો ખોંખારો કાને પડ્યો હતો.

રાજાબાબુ યાદ આવ્યા હતા, કામ કરતી મંજરી યાદ આવી હતી. તે બન્નેની સાથે સૂતી હતી. અત્યારે એકલી હતી. કદાચ, એટલે જ તેને વિચિત્ર અનુભૂતિઓ થતી હતી. પરણી હોત તો એ પુરુષ સાથે..!

સહુ – ભાઈ, ભાભી, મા ને મંજરી કહેતાં હતાં કે પરણી જા. પરણી હોત તો એ પુરુષ સાથે ફરતી હોત ને, હાથમાં હાથ નાખીને? રાજાબાબુ સાથે ડરીને જતી હતી, અધિકારપૂર્વક નહીં. શું કહેવાય એને? તેને બે-ત્રણ શબ્દો યાદ આવ્યા હતા. ક્યાં એકેય ગમ્યો હતો? બીજી સ્ત્રી, સૌતન, લફરું..!

ઓહ! તે ક્યાં પહોંચી હતી?

રાજાબાબુ તેને બેબીનું સંબોધન કરતા હતા એટલે રિસૉર્ટના નોકરે તેને, બેબીજી કહેવાનું શરૂ કર્યું હતું. 'બેબીજી, એ જ કમરો છે તમારા માટે. તમને પસંદ છે ને? ગઈ વખતે એ જ...હતો.'

ને તે શું માનતી હતી કે તે એ અનુશ્રીને પરાસ્ત કરી રહી હતી? ખરેખર તો રાજાબાબુની રમતનો તે શિકાર બનતી હતી.

ભાભીએ શું કહ્યું હતું? પરણી લો, બેનબા. રંભાના ત્રુટક ત્રુટક ઉદ્ગારોએ તેના મન પર અસર કરી હતી. તે કોની પત્ની હતી? હા, એ પુરુષની સ્ત્રી જરૂર હતી. અરે, એ તો બીજી પણ આવી શકે. રોમાને સ્થાને સોમા! અરે, ત્રીજી...પણ..!

તે સ્કૂપ લખવા ઇચ્છતી હતી – આ પાસેની સ્ત્રીનું. શો ફાયદો? કેટલી દુઃખી હતી બિચારી? આવેગમાં પતિની હત્યા કરી બેઠી! હજી ઝનૂન ક્યાં ઓસર્યું હતું – એ સ્ત્રીને સજા કરવાનું?

ને ઝબકારો થયો હતો : શું કોઈ તેનું સ્કૂપ તો નહીં લખતું હોય ને? તે ને રાજાબાબુ..? રિસૉર્ટ પર તો દર રવિએ મળતાં હતાં.

પેલા નોકરને તો રૂમ નંબર પણ યાદ હતો : મેડમ્, માલિકે તમને આ રૂમ જ ફાળવવા કહ્યું છે. અરે, પેલી છોકરી પણ ઘણી માહિતી આપી શકે. તે રૂમ વ્યવસ્થિત કરીને હસતી હસતી જતી હતી. ખ્યાલ જ હોય ને કે આ પતિ-પત્ની તો નથી!

કોઈ શા માટે ના કરે? તે કરી જ હતી ને? બાકીનું કામ રાજાબાબુ કરતા હતા.

મોટા ભાઈ, ભાભી જાણે. મંજરી ને નેબર્સ જાણે. અરે, આખી દુનિયા જાણે.

અચાનક, ભાન થયું કે તેના શરીરમાંથી કશુંક વહી રહ્યું હતું. સમજ પડી કે તે સલામત હતી, આ વખતે.

આવું બનતું ને તરત રાજાબાબુને ફોન થતો : 'રાજા, આઈ'મ ઓકે! નથિંગ ટુ વરી.'

ના, હવે તે એવો ફોન ક્યારેય નહીં કરે. તેણે નિર્ણય લઈ લીધો હતો. આભાર રંભાનો કે તે અહીં આવી. તે તેની ગુરુ, પ્રેરણાસ્રોત.

હવે તે એ પુરુષ સાથે સંબંધ નહીં રાખે.

તે એ જૉબ પણ છોડી દેશે.

સવાર થતાં આ હૉસ્પિટલ પણ.

રોમા જાગી ગઈ હતી. તેણે નિર્ણય લઈ લીધો હતો કે તે...મુક્ત થઈ જશે, તેણે જ બનાવેલ કારાવાસથી.

તે સવાર થવાની રાહ જોતી પથારીમાં પડી હતી; ગોઠવતી હતી કે મોટા ભાઈ-ભાભીને સચ્ચાઈ, કયા શબ્દોથી કહેવી.

સવાર થઈ હતી. તેણે નર્સને કહ્યું : ક્યારે ડૉક્ટર આવશે? મને છૂટી કરો, અત્યારે જ.

■

# મરના હૈ ક્યા ?

નરેન્દ્રસિંહ રાણા

"સાહેબ, આમાં કોઈ હિડન ચાર્જીસ નથી." વિવેક પૉલિસી માટેનું ફૉર્મ ક્લાયન્ટ સામે સરકાવતાં બોલ્યો.

(માત્ર તમારા પાંચ ટકા પૈસા કંપની ખાઈ જવાની)

"હા, પણ મારે સહી કરતાં અગાઉ વાંચવું તો પડશે ને!" સામેથી જવાબ મળ્યો.

"અરે સાહેબ, દસ વર્ષથી આ ધંધો કરું છું. વિશ્વાસ રાખો." વિવેક બોલ્યો.

(વિશ્વાસ રાખો અને ચેક આપો એટલે મારું કમિશન છૂટે)

ક્લાયન્ટ બે ઘડી સામે પડેલા કાગળોને જોઈ રહ્યો.

"વિવેકભાઈ, મને બહુ વધારે ડાયાબિટીસ રહે છે. આટલા ઓછા પ્રીમિયમમાં મેળ પડશે ?" ગ્રાહક માથું ખંજવાળતાં બોલ્યો.

"સાહેબ, એવું બધું દેખાડવાનું થતું નથી. કોઈ દેખાડતું પણ નથી. બાકી તમને આટલા નીચા પ્રીમિયમ પર પૉલિસી કોઈ નહીં આપે. આ હું તમને ગૅરંટી આપું."

(મેં તો ક્યારેય નથી દેખાડ્યું અને પ્રીમિયમનો પહેલો હપતો તો મારા ખિસ્સામાં જવાનો.)

અડધી કલાક પછી વિવેક લોકલ પકડવા દાદર સ્ટેશને હતો. કાળા, ધોળા અને લીસા માથાઓના દરિયા વચ્ચે એ સ્મિત આપતો ઊભો રહ્યો. અઠવાડિયામાં આ ચોથો બકરો એણે શોધેલો.

"આવા હજુ બે ચાર મળી જાય એટલે આ મહિને સુમો પહેલવાનના વજન જેવું કમિશન આવવાનું." – એ મનમાં બોલ્યો.

સ્ટેશન પર આવતી જતી ટ્રેનના 'હમમ' અવાજે જાણે એના વિચારને સમર્થન આપ્યું. એણે આજુબાજુ નજર કરી. અસંખ્ય લોકો એ પ્લૅટફૉર્મ પર ઊભા હતા. સામાન્ય રીતે વિવેક મોબાઇલ મચડતો. એકાદ ભવિષ્યના ક્લાયન્ટને ફોન કરી લેતો. આજે એનું મન નહોતું. આજે ખબર નહિ કેમ પણ એ આસપાસના લોકોને નીરખી રહ્યો. દોડતા-ભાગતા, ઊભા રહેતા, વાતો કરતા, મોબાઇલ જોતા – અસંખ્ય લોકોની ભીડ. જાણે ચહેરાઓનો સમુદ્ર. એ પણ આ ભીડનો ભાગ હતો. એ પણ આમાંથી એક હતો. વિવેકને આ વિચાર ગમ્યો નહિ.

કંઈક હતું જે એને ખૂંચતું હતું. રાત્રે દારૂ પીવાનું પણ હવે અગાઉની જેમ મન નહોતું થતું.

'આ બધા પણ મારી જેમ ક્યાંક ને ક્યાંક બકરાઓ શોધતા હશે અથવા ક્યાંક ખુદ પણ બનતા હશે.' આ વિચાર આવતાં એ હસી પડ્યો.

'આ બધા આખરે તો છેલ્લે મરી જવાના જ ને! મરીને સૌ નરકમાં જશે. જીવતા રહેવા હજારો પાપ કર્યાં હશે સૌએ. માણસ નામે શેતાનો.' એને મનમાં ઊગેલો આ વિચાર વિચિત્ર લાગ્યો. મન ડહોળાઈ ગયું. સવારથી જ તે કોઈ અગમ્ય કારણોસર એને આવા જ વિચારો આવી રહ્યા હતા.

આજે સાત સપ્ટેમ્બર હતી. વિવેક શર્માનો જન્મદિવસ હતો આજે.

લાઉડસ્પીકરમાં ટ્રેન આવવાની જાહેરાત થઈ. એનું ધ્યાન તૂટ્યું. સામે એક દસેક વર્ષનો છોકરો એની તરફ પીઠ કરીને ઊભેલો. એણે લાલ રંગનું સ્વેટર પહેરેલું. ટ્રેન પ્લૅટફૉર્મ પર આવી કે તરત છોકરો ટ્રેન તરફ દોડ્યો.

વિવેક આ દૃશ્ય જોઈને દોડ્યો. એણે છોકરાને હાથ પકડીને ખેંચી લીધો. છોકરો એને વળગી પડ્યો.

"અરે...મરના હૈ ક્યા?" વિવેક એની પાસે ઉભડક પગે બેસી ગયો. છોકરો હસી રહ્યો હતો.

"પાગલ હૈ? તું ટ્રેન કી ઔર ક્યું દૌડા?" વિવેકે એને પૂછ્યું. જવાબમાં છોકરો કોઈ તોફાન કરતાં પકડાઈ ગયો હોય એમ હસ્યો.

વિવેકને કંઈ સમજાયું નહિ. એણે આજુબાજુ નજર કરી પણ લોકોનું ધ્યાન એની કે છોકરા તરફ નહોતું. બાજુમાંથી પસાર થયેલી એક બે વ્યકિતઓએ તો એની સામે વિચિત્ર નજરે પણ જોયું.

"અરે...યે બચ્ચા કિસકા હૈ?" વિવેકે બૂમ પાડી. જવાબમાં ફરી વિચિત્ર નજરો એના પર ખોડાઈ અને પાછી રસ્તે પડી.

વિવેક બે ઘડી છોકરાને જોઈ રહ્યો. પહેરેલા લાલ રંગના સ્વેટરની બાંયથી છોકરાએ નાક લૂછ્યું ત્યારે વિવેકનું ધ્યાન એનાં કપડાં પર ગયું. લાલ સ્વેટર, અંદરથી ડોકાતું સફેદ શર્ટ અને વાદળી જીન્સનું પૅન્ટ. આ કપડાં એણે અગાઉ ક્યાંક જોયેલાં.

"બેટા, કૌન હો..." એનો પ્રશ્ન અધૂરો રહ્યો. એની નજર સ્વેટર પર સેફ્ટી પિનથી ચોંટાડેલા આઇકાર્ડ પર ગઈ. ત્યાં લખેલું હતું...વિવેક શર્મા. સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ.

"વ્હોટ ધ ફ..? આ કેવી રીતે શક્ય છે?" એની આંખો પહોળી થઈ ગઈ.

"બેડ અંકલ, આવું ન બોલાય." છોકરો બોલ્યો. વિવેક આભો બનીને ખુદના મગજ પર શંકા કરતો પ્લૅટફૉર્મની ભોંય પર બેસી પડ્યો.

*

વિવેકે એને દૂધ ભરેલો ગ્લાસ આપ્યો. એ નાક ચડાવીને આંખો ઝીણી કરીને ગ્લાસને જોતો રહ્યો. જાણે કોઈ ગંદી ચીજ સામે આવી ગઈ ન હોય!

"ઓહ યસ, તને ચૉકલેટ વગર દૂધ ભાવતું નથી." વિવેક બોલ્યો અને ફ્રીઝમાં ચૉકલેટ સીરપ શોધવા લાગ્યો. મળ્યું નહીં. હતું જ નહિ. છેલ્લે એણે ચૉકલેટ સીરપવાળું દૂધ ક્યારે પીધેલું એ યાદ કરવા મથ્યો. યાદ ન આવ્યું.

એ ફરી છોકરા સામે આવીને બેઠો.

"સીરપ નથી. એમ જ પી લે."

"ચૉકલેટ વગરનું દૂધ હું નથી પીતો. મમ્મી મને..."

"ખબર છે. મમ્મી મને...સૉરી...તને ચૉકલેટ વગરનું દૂધ નથી આપતી...પણ અત્યારે સીરપ નથી."

"તો હું નહિ પીવું." છોકરાએ અદબવાળી અને મોં ફુલાવ્યું.

"એમ થોડું ચાલે. તું આવું કરે ત્યારે મમ્મી તને વહાલ કરતી ને ?"

"હા, તમને કેમ ખબર ?" છોકરો ઉત્સાહમાં બોલ્યો.

"મારી પણ કરતી એટલે." વિવેક જાણે દૂર કશું જોતો હોય એમ બોલ્યો.

"તમારી મમ્મી ક્યાં છે ?" છોકરાએ દૂધનો ગ્લાસ નજીક લીધો.

"એ તો..." વિવેક થોથવાયો પછી કંઈક યાદ આવ્યું અને એણે છોકરાને પૂછ્યું,"તારી મમ્મી ક્યાં છે ?"

"ઘરે."

"ઘર ક્યાં તારું ? મલાડ જ ને ! ત્યાંથી તું સ્ટેશને કેવી રીતે આવ્યો ?"

"મને નથી ખબર. હું તો સૂઈ ગયેલો. ઊઠ્યો ત્યારે સ્ટેશને હતો." છોકરો હવે દૂધ પી રહ્યો હતો. વિવેક એના ચહેરાને નીરખી રહ્યો. નાનું નાક, મોટી આંખો અને પહોળું કપાળ. એના પર કાંસકો મારેલા વાળ. એનાથી નજીક રહેલા ફ્રીઝના બારણા પર પડતું પોતાના પ્રતિબિંબ તરફ જોવાઈ ગયું. મોટું નાક, થાકેલી આંખો અને આછા વિખરાયેલા વાળથી ઢંકાયેલું કપાળ. એણે નિસાસો નાખ્યો.

દૂધ પીને છોકરાએ પૂછ્યું,"તમારું નામ શું ?"

"મારું નામ વિવેક."

"મારું પણ નામ વિવેક છે." છોકરાની આંખોમાં ચમક આવી. છોકરા સામે વિવેક સ્મિતભરી નજરે જોઈ રહ્યો.

"તારે ઘરે નથી જવું ? મમ્મી પાસે ?"

"જવું છે ને પણ મારે આ મોટા ઘરમાં રમવું છે. મારે ત્યાં તો એક જ ઓરડો છે. એમાં પણ..."

"...અમે ત્રણ માંડ સમાઈએ. બાથરૂમ પણ એક જ છે. ઓસરી તો સાવ નાની છે." વિવેકે છોકરાની અધૂરી વાત પૂરી કરી.

"તમે મારા ઘરે ક્યારે આવ્યા ?" છોકરાએ તાળી પાડી.

"ઘણી વખત."

"તો મેં કેમ જોયા નહિ ?"

"તું સૂઈ જાય ત્યારે આવું એટલે."

"એમ ? તો હું ઘરે જઈને સૂઈશ જ નહિ. મમ્મી કહે કે જે સૂવે એ જલદી મોટા થાય. ન સૂવે એ નાના જ રહે. તમે બહુ સૂતા હશો ને ? મમ્મી કહે કે મોટા થઈએ એટલે માત્ર સૂવાનું હોય. હોમવર્ક પણ ન હોય. તમારે હોમવર્ક નથી કરવાનું આવતું ને ?"

"ના. તારે કંઈ ખાવું છે ? હું બહાર જાઉં છું તો તારા માટે લઈ આવું. તને ઢોસા ભાવે ને ? હું લઈ આવીશ."

"પણ હું આવડા મોટા ઘરમાં એકલો શું કરીશ ? મારે પણ આવવું છે."

"હું જ્યાં જાઉં છું ત્યાં છોકરાઓએ ન અવાય."

"તો મને ટીવી ચાલુ કરી દો. હું એ જોઈશ."

"ભલે. હું બે કલાકમાં આવતો રહીશ." વિવેક ઊભો થયો.

*

વિવેક ઊઠ્યો ત્યારે માથું ભારે હતું. ઊઠીને રસોડામાં આવ્યો ત્યારે છોકરો ટેબલ પાસે બેઠેલો. વિવેક એની સામે માથું પકડીને બેસી ગયો.

"તમારા મોઢામાંથી વાસ આવે છે. ડૉકટર ઇન્જેક્શન મારે ત્યારે રૂ ઘસે એવી." છોકરો બોલ્યો.

વિવેક કંઈ બોલ્યો નહીં. એ ચૂપચાપ છોકરાને જોઈ રહ્યો. પછી ફ્રીઝ ખોલ્યું અને નાસ્તો શોધ્યો. દૂધ આપ્યું. છોકરાએ ફરી જીદ કરી કે ચૉકલેટવાળું જોઈએ. વિવેકે ધ્યાન ન આપ્યું.

એ જ્યારે નહાઈને બહાર આવ્યો ત્યારે છોકરો બાલ્કનીમાં ઊભો હતો. વિવેક પાસે ગયો.

"ત્યાં..કબૂતર હીંચકા ખાય છે." છોકરાએ, તૂટેલા અને લટકી રહેલા પાઇપ પર બેઠેલા કબૂતર તરફ આંગળી ચીંધી. તૂટેલો પાઇપ હવામાં લટકી રહ્યો હતો. તેના પર બેઠેલું કબૂતર પાઇપ સાથે હવામાં ઝૂલી રહ્યું હતું.

"એમાં શું જોવાનું ?" વિવેકને સમજાયું નહિ. એને આખી વાત જ વિચિત્ર લાગી. પાઇપ તૂટી જશે તો ? એણે કબૂતર ઉડાડવા અવાજ કર્યો.

"રહેવા દો. એને મજા આવે છે. તમારે ત્યાં બહુ કબૂતર આવે ?" છોકરાએ પૂછ્યું.

"આવતા હશે. મને ખબર નથી."

"કેમ, તમે રોજ જોતા નથી ?"

"મને જોવાનો ટાઇમ ન હોય."

છોકરો વિવેક સામે જોઈ રહ્યો. વિવેકને લાગ્યું કે એની નજરમાં પ્રશ્ન હતો કે – તમે માણસ છો ?

વિવેક મૂંઝાયો, થોથવાયો અને તૈયાર થવા ચાલ્યો ગયો. એ ડ્રોઇંગ રૂમમાં આવ્યો ત્યારે એને બે ત્રણ પોટેન્શિયલ ક્લાયન્ટને ફોન કરવાનું યાદ આવ્યું. એ સ્ટોર કરેલા નંબર શોધીને વારાફરતી કૉલ કરવા લાગ્યો. છોકરો એની સામે બેસીને એની બધી ક્રિયાઓ જોવા લાગ્યો.

"હા મિસ્ટર શાહ, તમે ધારો છો એવું આમાં કંઈ નથી. કંપની બધું જ ગ્રાહકને સ્પષ્ટ જણાવે છે. કંઈ જ છુપાવતી નથી." વિવેક હસીને ફોનમાં બોલ્યો.

(સિવાય કે પાંચ ટકા પ્રૉફિટ જે કંપની ખાઈ જવાની)

"મિસ્ટર શાહ, તમે કોઈ પણ એજન્ટને ફોન કરીને પૂછી જુઓ. બધા તમને આ જ કહેશે. હું તમને મારી બ્રાંચનો નંબર આપું. તમે વાત કરી લો." વિવેકે નંબર લખાવ્યો.

છોકરો આ બધું રસપૂર્વક જોઈ રહ્યો હતો. વિવેકે તરત બ્રાન્ચમાં ફોન કર્યો.

"કામત, બ્રાન્ચના બધા એજન્ટને કહી દે કે આજનું કમિશન પાંચ ટકા છે. કોઈનો પણ ફોન આવે તો પાંચને બદલે ત્રણ ટકા કહેવાનું છે." વિવેક બોલ્યો.

"બેડ અંકલ, તમે પેલા ભાઈને ખોટું બોલ્યા ને!" છોકરો બોલ્યો.

"હેં...ના ના. એ તો ધંધામાં આવું બધું બોલવું પડે. છોકરાઓને આ વાતમાં ખબર ન પડે." વિવેક બોલ્યો પણ ખબર નહિ કેમ એનો અવાજ થોથવાઈ રહ્યો હતો.

"મને બધી ખબર પડે હો! મમ્મી કહેતી હતી કે હું તો બહુ હોશિયાર. હું ક્યારેય ખોટું ન બોલું. મમ્મી કહે કે કાયમ સાચું બોલવાવાળા એન્જલ હોય." છોકરો એકશ્વાસે બોલી ગયો.

વિવેક એની સામે ફાટી આંખે જોઈ રહ્યો. શબ્દો બેત્રણ ક્ષણ માટે જીભનો સાથ છોડી ગયા.

"તું મોટો થઈશ ત્યારે તને ખબર પડશે કે કોઈ એન્જલ ન હોય. બધા ડેવિલ જ હોય."

"તો મારે મોટા જ નથી થવું. હું આવડો જ રહીશ." છોકરો અદબ વાળીને બોલ્યો.

વિવેક હસી પડ્યો.

"એવો ઑપ્શન નથી મળતો ને! બધાએ મોટા તો થવું જ પડે. પૈસા પણ કમાવા પડે."

"હું નહિ કમાઉં."

"તો કરીશ શું? પૈસા વગર કંઈ જ ન થાય? એના માટે ખોટું પણ બોલવું પડે. ડેવિલ પણ બનવું પડે."

છોકરો ચૂપ થઈ ગયો. માથું ખંજવાળતો રહ્યો.

"તો...તો...હું...ડેવિલ નહિ બનું. હું તો એન્જલ જ રહીશ. મમ્મીએ કીધું છે કે ડેવિલ નહિ બનવાનું. એન્જલ જ રહેવાનું. ભલે પૈસા ન મળે. ભલે ખાવાનું ન મળે. ભલે ચૉકલેટ સીરપ ન મળે. હું ચૉકલેટ વગરનું દૂધ પી લઈશ."

વિવેક અવાચક બની ગયો. એની આંખોમાં આઘાત હતો.

બાલ્કનીમાં કબૂતર આવીને બેઠું. છોકરાના ચહેરા પર ચમક આવી. એ દોડીને બાલ્કનીમાં પહોંચી ગયો. કબૂતર ઊડીને તૂટેલા પાઇપ પર બેસીને હીંચકા ખાવા લાગ્યું. છોકરો તાળી પાડવા લાગ્યો. વિવેક પથ્થરની જેમ બેઠો રહ્યો.

*

"કોઈએ પણ એજન્ટને મળતા કમિશન કે હિડન ચાર્જીસ વિશે આજ દિવસ સુધી ક્યારેય ક્લાયન્ટને વાત નથી કરી. તમારા જેવા સિનિયર એજન્ટ આવું કેમ કરી શકે એ મને સમજાતું નથી. તમારા કારણે કૉર્પોરેટ વીમો એજન્સીના હાથમાંથી ગયો. આટલી મોટી ભૂલ તમે કેમ કરી?" બૉસ બોલી રહ્યા હતા. વિવેક નીચી નજરે સાંભળી રહ્યો હતો. એને બૉસને કહેવું હતું કે આજે ઘણા દિવસે એને સારું લાગ્યું હતું. એનાથી હસી પડાયું.

"વ્હોટ નૉનસેન્સ...તમને હસવું આવે છે? આર યૂ મેડ?"

"સૉરી...સૉરી...એ તો...મેં કબૂતર જોયેલું એટલે..." વિવેક જાણે ફ્લૅટની બાલ્કનીમાં પહોંચી ગયો.

"વ્હોટ? કબૂતર? આર યૂ સિરિયસ? યૂ નો વ્હોટ...ગેટ આઉટ...યૂ આર ફાયર્ડ." બોસ બરાડ્યો.

વિવેક હતપ્રત થઈ ગયો. એ ઊભો થઈને ઑફિસની બહાર નીકળ્યો. બધાની નજર એના પર ચોંટેલી હતી. એ નજરોમાં રહેલા ભાવ વિવેક વાંચી શકતો હતો. કોઈ નજરમાં તિરસ્કાર હતો તો કોઈમાં દયાભાવ હતો. કોઈની નજરોમાં વળી ક્યાંક ખુશી પણ ડોકાતી હતી.

વિવેક વિચારવા લાગ્યો કે એણે આવું કેમ કર્યું? એણે એ દિવસ યાદ કરી જોયો. એ સામાન્ય ફોનકૉલ જ હતો. દરેક ક્લાયન્ટની જેમ એ કૉર્પોરટ ક્લાયન્ટને ફોન પર પૉલિસીના ફાયદા જણાવી રહ્યો હતો.

થયું એવું કે છોકરો સામે આવીને બેસી ગયો. એ ભોળી નજરે એમની વાતો સાંભળી રહ્યો હતો. એની આંખોમાં એવું કશું હતું જે એને ક્લાયન્ટ સામે જુઠ્ઠું બોલતાં રોકી રહ્યું હતું. અરે કંપનીના મૅનેજરે તો કોઈ ચાર્જીસ વિશે પૂછ્યું પણ નહોતું. એ સામેથી પોપટની જેમ બોલી ગયો હતો. એણે ફોન કાપ્યો ત્યારે છોકરાની નજરમાં આનંદ હતો.

'સાલા...તે શું કર્યું આ? કેટલી મહેનતથી એજન્સીમાં તારી એક શાખ બનાવેલી. પેલા છોકરા માટે તે સાવ ગુમાવી દીધી. સ્ટૂપિડ તેમાં!' જાતને થપ્પડ મારતો હોય એમ એ મનમાં બોલ્યો.

એ ઘરે પહોંચ્યો ત્યારે છોકરો બાલ્કનીમાં ઊભો રહીને કબૂતર જોઈ રહ્યો હતો. વિવેક પણ ત્યાં ઊભો રહ્યો.

"આ સફેદ કબૂતર તમારું પાળીતું છે? રોજ હીંચકા ખાવા આવે છે." છોકરો બોલ્યો.

"ના રે ના, ખબર નહિ ક્યાંથી આવે છે."

"એને પાઇપ પર હીંચકા ખાવાની મજા આવે છે. એને કાલથી આપણે દાણા નાખીશું."

વિવેક ક્યાંય સુધી કબૂતરને જોઈ રહ્યો. ઑફિસની ઘટનાઓનો ઉચાટ બાષ્પીભવન થઈ ગયો. છોકરો અને એ બન્ને હસતા હતા. તૂટેલો પાઇપ હવે વધારે નીચે નમી રહ્યો હતો. જાણે જમીન પર પડવા ઉતાવળો થયો ન હોય!

*

વિવેક તૂટેલા અરીસામાં ચહેરો જોઈ રહ્યો. વધેલી દાઢી અને આછા થઈ ગયેલા વાળ. જાણે કોઈ ભિખારી! એણે શેવિંગ માટે બ્લેડ શોધી. ન મળી. ચાલીની એ ઓરડીમાં બહારથી આવતા અવાજો તરી રહ્યા હતા.

લાલ થઈ ગયેલી આંખોમાં ઉજાગરો ભરેલો હતો. એ બાથરૂમ તરફ ગયો ત્યારે છોકરો ઊંઘી રહ્યો હતો. એણે દાંત ભીંસ્યા.

'સાલો, મારી દુનિયા સળગાવીને સૂતો છે!'

આજે ફરી નોકરી શોધવા જવાનું હતું. એણે પેપર્સવાળી ફાઇલ શોધી. છાપાનું કટિંગ શોધ્યું. કૉલસેન્ટરની જાહેરાત શોધી. બધું વ્યવસ્થિત ગોઠવીને એ નાહવા ગયો. એ તૈયાર થઈને બહાર આવ્યો ત્યારે છોકરો જમીન પર બેઠેલો.

"મારે ચૉકલેટવાળું દૂધ પીવું છે." એ બોલ્યો.

"ચૉકલેટ સીરપ નથી ઘરમાં." વિવેકે જવાબ આપ્યો.

"તો હું દૂધ નહિ પીવું." છોકરો ગુસ્સે થયો.

"તે કહેલુંને કે ડેવિલ ક્યારેય ન બનવું. એન્જલ જ બની રહેવું. ભલેને ચૉકલેટ વગરનું દૂધ પીવું પડે. તો હવે એ સમય આવી ગયો છે." વિવેક દાંત ભીંસીને બોલ્યો.

છોકરો હસી પડ્યો.

વિવેકને હાથમાં રહેલી ફાઇલ છોકરાને મારવાનું મન થયું. પણ ખબર નહિ એનો જીવ ન ચાલ્યો. છેલ્લા છ મહિનાથી એ ફ્લૅટ છોડીને આ ઘરમાં આવી ગયો હતો. નોકરી છૂટી એને નવ મહિના થયા હતા.

આજે ફરી સાત સપ્ટેમ્બરની તારીખ હતી. વિવેકને કશું યાદ આવ્યું. એ છોકરા પાસે આવ્યો અને બોલ્યો, "ચાલ, આજે મારી સાથે આવવું છે તારે?"

છોકરો રાજી થયો. બન્ને એક કલાક પછી દાદર સ્ટેશને હતા.

માનવમહેરામણ ઊભરાઈ રહ્યો હતો. કાળા, ધોળા અને ચમકતા માથાથી પ્લૅટફૉર્મ ભરાઈ ગયું હતું. અવાજોનો કોલાહલ કાળાં વાદળોની જેમ ઘેરાઈ રહ્યો હતો.

આ બધા વચ્ચે વિવેક સ્થિર ઊભો હતો. જાણે ખારા સમુદ્ર વચ્ચે દીવાદાંડી. એની લાલ આંખો દૂર મંડાયેલી હતી. છેલ્લા એક વર્ષમાં બનેલી ઘટનાઓ વિશે એ વિચારવા લાગ્યો. એ ક્યાં હતો અને ક્યાં આવી ગયો હતો? આવું કેમ થયું? એણે કેમ આ રસ્તો લીધો?

જવાબ ન મળ્યા એને. એ છોકરા પાસે બેસી ગયો.

"મને એક વાત કહે. હું બેડ અંકલ કે ગુડ અંકલ?" એણે છોકરાને પૂછ્યું.

"તમે ગુડ અંકલ. એકદમ એન્જલ જેવા."

"પણ...પણ...મારી પાસે હવે કંઈ નથી. મેં આ ગુડ અંકલ બનવા..." વિવેક ગળગળો થઈ ગયો. એની આંખના ખૂણા ઊભરાઈ ગયા.

"તમારી પાસે છે ને! ચૉકલેટ સીરપવાળું દૂધ છે. તમે હવે કબૂતરોને ઓળખો છો. રાત્રે સરસ ઊંઘી જાવ છો."

"ભાડમાં ગયા કબૂતર. આપણી ઓરડીમાં કબૂતર નથી આવતાં. એ ફ્લૅટમાં આવતાં. મારે કબૂતરો કે ચૉકલેટ સીરપ નથી જોઈતું. મારે ફરી ડેવિલ બનવું છે." એ રડતાં રડતાં બોલ્યો.

છોકરો એની નજીક આવ્યો. એણે વિવેકના ગાલ પરનાં આંસુ લૂછ્યાં.

"એન્જલ બનવું બધાના બસમાં નથી. મમ્મી કહેતી કે..."

છોકરો વાક્ય પૂરું કરે એ પહેલાં તો વિવેકે છોકરાને ઊંચક્યો. એ દોડીને પ્લૅટફૉર્મના કિનારે ગયો અને છોકરાનો પાટા પર ઘા કર્યો. ટ્રેન આવી ત્યાં સુધી છોકરો પાટા પર જ હસતો હસતો પડ્યો રહ્યો.

ટ્રેન છોકરા પર ચાલી ગઈ.

વિવેક પ્લૅટફૉર્મ પર ઊભો રહીને આખું દૃશ્ય જોઈ રહ્યો. એની આંખો ભરાઈ ગઈ હતી. ગળામાં ડૂમો બાઝી ગયો. એનો શ્વાસ ધમણની જેમ ચાલતો હતો. આસપાસના લોકોએ એકાદ ક્ષણ માટે એને નોંધ્યો અને આગળ વધી ગયા. વિવેક ક્યાંય સુધી છોકરાના મોત પર રડતો રહ્યો.

એ પ્લૅટફૉર્મ છોડીને ચાલતો થયો અને છેક છેડે પહોંચ્યો ત્યાં એને પાછળથી અવાજ સંભળાયો.

"અરે યે બચ્ચા કિસકા હૈ?"

વિવેકે પાછળ ફરીને જોયું. એક ભાઈ ઘૂંટણિયે પડીને બોલી રહ્યો હતો. એના હાથ હવામાં હતા. હાથ વચ્ચે કોઈ આકાર નહોતો. વિવેક એની પાસે ગયો અને ધીરેથી બોલ્યો, "મરના હૈ ક્યા?"

આટલું બોલીને એ ભીડનો એક ભાગ બની ગયો.

■

# બુરખેપોશ સ્ત્રી

હિરેન દેસાઈ

એ સ્ત્રી મને ફરી પેલી વિચિત્ર જગ્યાએ લઈ ગઈ, જ્યાં અગાઉ ઘણી વખત હું એની સાથે જઈ ચૂક્યો છું. જ્યાં એણે મને થોડી વાતો કહી છે, સંભળાવી છે કે પછી સમજાવી છે... કયું ક્રિયાપદ વાપરવું એ સૂઝતું નથી. ભાષા સાથે હવે બહુ સંઘર્ષ થયા કરે છે. એ સંઘર્ષને કારણે જ કદાચ એ મને સંકેતો કે ઇશારાઓથી બધું સૂચવવાનો પ્રયત્ન કરતી હશે. મેં એની પાસેથી ઘણી વાતો આ રીતે જાણી છે. એ અમુક પ્રકારનો અભિનય કરે એટલે હું એને જોયા કરું; પછી અનોખી ભાષા રચવાનો પ્રયત્ન કરું.

આજે એ જ અણીદાર પથ્થર ઉપર બેસાડીને પોતે થોડે દૂર જઈને ઊભી રહી. એ દુરાગ્રહ નથી કરતી, પણ પથ્થર તરફ આંગળી ચીંધે એટલે જાણે હું બાળક બનીને ચૂપચાપ એની વાત માનવા તૈયાર થઈ જાઉં. બાળક જોકે એવું કશું જ ન કરે, જેવું હું કરું છું. બાળક ઘણા અવનવા પ્રશ્નો કરે, ફરી ફરી કરે, સંતોષકારક જવાબો મળી જાય તોપણ કરે. બાળકો હવે જોકે ગભરાય છે પ્રશ્નો પૂછવાથી!

એ સ્ત્રી કાળા રંગનું વસ્ત્ર પહેરે છે. ખાલી ભાવહીન આંખો જ જોઈ શકાય એની. એ સિવાય મનુષ્ય જેવો આકાર દૃશ્યમાન થાય એટલે બુરખેપોશ કહી શકો એને. એનો બુરખો એકદમ કાળો નથી, ક્યાંક ક્યાંક સફેદ રંગની સૂક્ષ્મ ભાતવાળો છે. એ જોવા માટે પણ વળી બાળકની આંખો જોઈએ. એક દિવસ અભિનયથી એણે મને આની પાછળની કથા કહેવાનું શરૂ કરેલું...

બુરખેપોશ સ્ત્રી મૂળ જે પ્રદેશમાંથી આવે છે ત્યાંના ગણ્યાંગાંઠ્યા લોકો પાસે એવી આંખો હતી, જેવી મારી પાસે છે. લોકોનું કુતૂહલ દિવસે ને દિવસે વધતું જતું હતું. એક દિવસ બધા ભેગા થયા અને એવું નક્કી કર્યું કે આ સ્ત્રીને આપણે પ્રાણીસંગ્રહાયલનાં પ્રાણીઓની જેમ એક પાંજરામાં કેદ કરીને રાખીએ.

થોડા દિવસોમાં આસપાસના પ્રદેશોમાં એ લોકોએ એવી ખબર ફેલાવી દીધી કે જેમની પાસે બાળક જેવી આંખો હોય એ લોકો અમારા પ્રદેશમાં આવીને એક બુરખેપોશ સ્ત્રીનું અને ખાસ તો એના બુરખાનું સૌંદર્ય માણી શકે છે. શરૂઆતમાં ઘણા એ વાત ઉપર હસી પડ્યા, પણ અમુકને એમાં રસ પડ્યો. સ્ત્રી એક શબ્દ પણ ઉચ્ચાર્યા વિના કે પ્રતિકાર કર્યા વિના ચૂપચાપ પાંજરામાં બેસી રહેતી. મોટા ભાગના પુરુષો એના ચહેરાને જોવા તલપાપડ થતા. કેટલાકના મનમાં એવો પ્રશ્ન ઊપજ્યો કે કોઈ સ્ત્રીને વળી પાંજરામાં રાખવાનો શો અર્થ? બાજુના પ્રદેશમાંથી આવેલા એક પુરુષને જોકે બુરખા ઉપર સફેદ

રંગનું કશુંક દેખાયું. એણે બીજા સાથીઓને વાત કરી, પણ કોઈને એમાં કાળા રંગ સિવાય બીજું કશું જ કળાયું નહીં. આખરે એ થાકીને બેસી ગયો. એવામાં એક રડતું બાળક સ્ત્રીને જોઈને શાંત થઈ ગયું. બાળક આંખો પહોળી કરીને સ્ત્રીના બુરખા સામે એકીટશે જોતું હતું. હેરતથી પેલા પુરુષનો ચહેરો ચમકવા લાગ્યો. બીજા એક રડતા બાળકને તેડીને પુરુષ સ્ત્રીની નજીક ગયો. એ બાળકે પણ એવું જ વર્તન આચર્યું. પુરુષ ખુશ થઈ ગયો અને જોરજોરથી બધાને કહેવા લાગ્યો કે, 'આ લોકો સાચા છે. સ્ત્રીના બુરખામાં ખરેખર સફેદ રંગની કોઈ ભાત પાડેલી છે, પણ બાળકની આંખો જેવી નિર્દોષ આંખો વગર એ નીરખવાનું કે માણવાનું શક્ય નથી.'

એ પુરુષની વાત સાંભળીને બીજા પ્રદેશમાંથી આવેલા પુરુષો પોતાના પ્રદેશમાં પાછા ફર્યા. થોડા દિવસો એમ જ વીતી ગયા. સ્ત્રી પાંજરામાં પુરાઈને બેઠી રહી. એક રાત્રે ભયંકર ગાજવીજ સાથે વરસાદ પડ્યો. સ્ત્રી ઠૂંઠવાતી રહી. બીજા દિવસે સવારે સૂરજનાં કિરણો એની ઉપર પડ્યાં ત્યારે એ પાંજરામાં નહોતી. બહાર હતી. પણ... આસપાસ એણે નજર ફેરવી તો દૂર દૂર સુધી...

બસ, ત્યાંથી બધું અધૂરું. તૂટ્યુંફૂટ્યું. ત્રણેક વખત એણે આવું કર્યું. કોણ જાણે, અભિનય કરતાં કરતાં થાકી જતી હોય કે પછી આગળનો અભિનય કરવાનું શક્ય જ ન હોય એમ એ ઝાડના થડને ટેકો દઈને બેસી જતી અને જમીનને તાકવા લાગતી.

"શું જોયું પછી? દૂર દૂર સુધી..." અટકી પડેલા સમયને ધક્કો મારતાં મેં આજે પૂછી લીધું.

એ કશું જ બોલી નહીં. એણે મોઢું ઊંચું કરીને માત્ર મારી તરફ જોયું. પથ્થર સામે આંગળી ચીંધીને આંખ ઉપર મૂકી. મરઘાની ડોક મચડી કસાઈ ચપ્પુ ફેરવે એમ એણે આંખોની ફરતે આંગળી ફેરવીને આંખો બીડી દીધી. એનાથી તે શું કહેવા મથતી હતી એ સ્પષ્ટ થયું નહીં. એટલો સમય પાંજરામાં પુરાઈને રહેવામાં બુરખેપોશ સ્ત્રીનું મન કેવી રીતે માન્યું હશે? પાંજરામાં ભલે જીવવું પડે, પણ માથે ખુલ્લું આકાશ તો દેખાય. એના માટે મુક્તિની ક્ષિતિજો શું આટલી જ વિસ્તરી હશે? આ સઘળાં રહસ્યો ઉઘાડવા માટેની ધીરજેય ચિત્ત હવે ખોઈ બેસેલું.

સ્ત્રી ઊભી થઈને ચાલતી થઈ. હું પથ્થર પરથી નીચે ઊતર્યો. એની પાછળ પાછળ ચાલવા લાગ્યો. આ જગ્યા મારા ઘરથી બહુ દૂર નથી, છતાં અહીં આવીને શરૂઆતમાં કોઈ અગોચર વિશ્વમાં લપેટાઈ ગયા હોવાની ભીંસ અને પાછળથી ખરેખરી નિરાંત વીંટળાઈ વળતી. એવું લાગે જાણે અહીં અમારા બંને સિવાય બીજું કોઈ જ ફરકતું નહીં હોય! સૌની લાલસાથી બચીને પોતાનામાં જ જીવ્યા કરતું વિશ્વ! ચોમેર ઘટાટોપ વનરાજી. થથરાવી દેતા અવાજો કાઢીને ક્યારેક ક્યારેક પ્રાણીઓ પોતાની હયાતીનો પુરાવો આપતાં રહે. ચાલવાથી સુકાયેલાં પાંદડાંઓ પગમાં ભરાય અને પછી સ્વજનના મૃત્યુ પહેલાંના મૌનને અનાયાસે સાંભળી લીધું હોય એમ કાન ચીરી નાંખતી ચીસો પાડ્યા કરે. અમે જાણે પરગ્રહવાસી હોઈએ એવી રીતે વૃક્ષોની લચી પડેલી ડાળીઓ મંજરી ખંખેરીને આશ્ચર્ય છતું કરે.

"જીવનભર પાંજરામાં ભરાઈ રહેવાથી કોઈ સુખ મળે ખરું?"

સ્ત્રી થોભી ગઈ. બે ડગલાં ભરીને હું એની વધારે નજીક પહોંચી ગયો. એને માત્ર મારો અવાજ સંભળાતો હશે, મારી ભાષા સમજાતી હોય એવું મને લાગતું નથી. એણે જવાબ આપ્યો નહીં. હંમેશની જેમ. મેં પણ વધારે કશું પૂછ્યું નહીં. એણે અચાનક મારા માથા ઉપર હાથ મૂકીને ચહેરા પરથી બુરખો હટાવી દીધો. એનો ચહેરો મને પરિચિત જણાયો. જ્ઞાનતંતુઓએ કસ કાઢતી કોશિશો કરી. સ્મરણો થોડાં ઘાટાં બન્યાં. થોડા સમય પહેલાં ન્યૂઝચૅનલમાં યુદ્ધના સમાચાર સાંભળતી વખતે મેં એવો ચહેરો જોયેલો. આગવર્ષામાં કાટમાળ બની ગયેલાં ઘરો, ચૂંથાઈ ગયેલાં શરીરો, કકળતા માનવદેહો, હાથમાં વાસણ સાથે ભૂખ ભાંગવા ભીખ માંગતા થાકેલા ચહેરાઓ, નમણે હાથ રાખીને બેઠેલા વૃદ્ધો અને... અને એ બધાની વચ્ચે કાખમાં બાળક તેડીને ભાગતી લોહીથી લથપથ સ્ત્રી. બાળકની દશા જોઈને એની ચીસો ગળામાં જ પિલાઈ ગયેલી. જાણે એ પોતાનો અવાજ ખોઈ બેઠી; પોતાની ભાષા ખોઈ બેઠી અને ખોઈ બેઠી આંખોની ભભક. એ રાત્રે અને ત્યાર પછીની કેટલીય રાત્રે મને ઊંઘમાં દેખાતો રહ્યો, બંને આંખો ફૂટેલો સાવ માસૂમ ચહેરો!

કંપારી છૂટી ગઈ. સ્ત્રીએ ચહેરો ઢાંકવામાં વધારે સમય લીધો નહીં. ચાલવા માંડી ફટાફટ. હું ઊભો રહ્યો ક્યાંય સુધી એ વગડાની ચેતનાને ગ્રહવા. અહીંથી હવે અમારા બંનેના રસ્તાઓ જુદા થઈ જતા હતા. એ એના પ્રદેશમાં જતી રહેતી હોય કે પછી... હું ઘરે એકલો ચાલ્યો જતો. કેવળ જઈ શકાતું, પણ મરજી મુજબ અહીં આવી ન શકતું. આ બુરખેપોશ સ્ત્રી જ્યારે મારી ઊંઘની તિરાડને બૂરવા ઘરે આવતી ત્યારે જ હું પાછો આ જગ્યાની જીવંતતાને શ્વસી શકતો. એની અધૂરી કથા પૂરી થાય એવી કોઈ ભાષા રચી શકીશ કે કેમ? એમ વધુ એક મૂંઝવણનો પ્રહાર વેઠીને હું ઘર તરફ રવાના થયો.

■

મારી જન્મથી આજ સુધીની અથઇતિ સ્થિતિ લખવા બેસતાં ઘણું લાંબું થાય તેવું છે; પરંતુ જે જે પ્રસંગો વીત્યા છે તેણે મને કાંઈક દિલગીરી અને રાજ્ય તેમ જ દુનિયા તરફ બેદરકાર કર્યો છે. મેં પાપ નથી કર્યું છતાં હું સુખી નથી. અર્થાત્ વ્યવહાર ઉપર મને કંટાળો આવે છે અને દિલ જંગલમાં જવા ઉશ્કેરે છે. થોડી વારે વિચાર કરું છું કે 'રાજા પ્રજાની માફક સ્વતંત્ર છે?' જો હોઈ શકે તો ટૂંકી આયુષવિદ્યામાં પ્રવૃત્ત થઈ ગાળી નાખવી અને તેથી આત્માને કાંઈક ઉન્નતિ આપવી. આમ કરવામાં કાંઈક સ્વાર્થબુદ્ધિ નજરે પડે છે અને ક્ષણ 'જનક વિદેહી' થવા યત્ન કરું છું, જેથી દુનિયામાં રહી દુનિયાથી દૂર રહું. ઉડુગણ સૂર્ય ન બની શકે, તેમ મારાથી તેમ થતું નથી અને હું પોતાને હસું છું. અમુક વિષયનો સંસ્કાર જન્મથી જ મળેલો હોય છે એમ મને લાગે છે; નહિ તો રાજ્યના વૈભવ ઉપર મને શા માટે આવો પ્રબળ ધિક્કાર હોવો જોઈએ? આવી અરૂચિને લીધે જ સુખની ઇચ્છાથી મારી પ્રજા જેણે મારું ભરણપોષણ કર્યું તેને છોડી જતું રહેવું તે ધર્મ નહિ અને સ્વાર્થબુદ્ધિ જ. રાજા થવું તો પણ તેમાં બરાબર કેમ પ્રવૃત્ત થવાય?

**– તા. ૧૭/૧૨/૧૮૯૨ના મણિલાલ નભુભાઈ દ્વિવેદીને લખેલા પત્રમાંથી.**

# ઘર

પરીક્ષિત જોશી

સેંધો એની કાચી ઝૂંપડીમાં ખુશ હતો. આખો દિવસ કાળી મજૂરી કરીને રાતે પાછો આવે ત્યારે હંગામી આડાશની દીવાલ ઊભી કરીને તૈયાર કરેલા પોતાના ઘરમાં આવતાં જ એ મીઠી નીંદરમાં પોઢી જતો.

પરિવાર તો દેશમાં હતો. અહીં તો સાથી કામદારો, મજૂરો જ એના મિત્રો અને એનું કુટુંબ. સાથે રહેતા અને દિવસભરની મહેનત-મજૂરીથી થાક્યાપાક્યા, સુખદુઃખની વાતો કરતાં કરતાં સૂઈ જતા.

આમ તો એ કાચી ઝૂંપડીઓ ઊભી કરેલી એ જગ્યા સરકારી હતી. પણ ઠેકેદારે એમને ત્યાં હંગામી વ્યવસ્થા કરી આપી હતી. કામ ચાલતું હતું એ સાઇટ પણ નજીકમાં જ હતી. સરવાળે ઘણી બચત થશે એવું મનમાં ગણિત માંડતા સેંધો લોકોના ઘર ચણી-ચણી, પોતાના “ઘરના ઘર” માટે એક એક રૂપિયો જોડી રહ્યો હતો.

એક સવારે અચાનક સરકારી દબાણ હટાવવાની ગાડીઓનું લાવ લશ્કર આવી ચઢ્યું અને કાચા તો કાચા પણ સેંધાના ઘર સમાન ઝૂંપડાંને તોડી પાડ્યું. સેંધો તો જાણે પોતાની જીભ જ ગળી ગયો હતો. ઠેકેદારે વગર પરવાનગીએ ઊભું કરેલું હશે, પણ વગર વાંકે સેંધા જેવા કંઈકેટલાય મજૂરો ઘરવિહોણા થઈ ગયા.

એ દિવસે જ ઠેકેદારને એક નવું કામ મળ્યું હતું. જૂના ઢાંચાને તોડવા માટે અલગ માણસો હતા પરંતુ આજે સેંધાએ સામેથી એ કામ માગ્યું. ઠેકેદારને જરાક જેટલું આશ્ચર્ય થયું, પરંતુ એણે સોંપ્યું. સેંધાએ હથોડો ઉપાડ્યો અને દીવાલ પર ઝીંકવા માંડ્યો. અવિરત ઝીંકતો જ રહ્યો. ઠેકેદાર એનું આ રૌદ્ર સ્વરૂપ જોઈને ગભરાઈ ગયો.

આખરે સેંધો અટક્યો, જેવો એણે હાથમાંથી હથોડો છોડ્યો ત્યાં તો કડડભૂસ કરતું ઘર જમીનદોસ્ત થઈ ગયું.

■

## નિબંધ

# આગિયા...ઊડતું અજવાળું...

કામિની સંઘવી

સુદ નોમનો ચંદ્ર ઊગી તો ગયો હશે જ, પણ વરસાદી વાદળ અને રહ્યાસહ્યા સૂરજના અજવાળા હેઠળ એની તો શી વિસાત? અમે સુરતથી ચાર વાગે ડાંગ આગિયાઓના પ્રકાશે ઝગમગતી રાત જોવા નીકળ્યાં ત્યારે એક નજર તો કાળાં વાદળોથી છવાયેલા આકાશ પર હતી અને એક નજર પહેલી ચાની કીટલી આવે એના ઉપર. આખરે ચાનું વ્યસન પણ જેમ જંગલની જંગલી હવાનો નશો ચડે તેવો જ નશીલો પદાર્થ છે. એ તો જે બંધાણી હોય એને સમજાય, બાકી ખાખરાની ખિસકોલી સાકરનો સ્વાદ શું જાણે !

ડાંગ એટલી બધી વાર ગયાં છીએ કે ગણતરી પણ શું કરીએ ! એટલે ખબર જ છે કે અમુક જગ્યાએ પહોંચ્યા સુધી ચા નસીબ નથી થવાની પણ આજે વાદળો જાણે નશો કરીને આવ્યાં હોય તેમ આમતેમ ગર્જના કરતાં દોડતાં હતાં, પણ વરસતાં ન હતાં. ન વરસે તે અમારા લાભમાં હતું. વરસતા વરસાદમાં તો આગિયાઓ ક્યાંય પોતાની ટૉર્ચ લઈને સંતાઈ જાય. જેઠ સુદ અગિયારસ આવું આવું કરતી હોય અને દેખાડા કરતાં વાદળને જોઈને યક્ષ જેટલી જ નિરાશા થાય.

ડીઝલ ભરવા માટે પેટ્રોલપંપ પર ઊભાં રહ્યાં અને બાજુમાં ચાની કીટલી જોઈ. બહુ આશા ન હતી, પણ ધાર્યા કરતાં સરસ ચા મળી તેથી કે કેમ પણ વાદળે છાંટા પાડવાના ચાલુ કર્યા.

હળવે હળવે પડતા છાંટા અને તારે વી શેઈપની પૂંછડી લટકાવી બેઠેલો, ભીંજાતો કાળોકોશી. અસલ જમાદારની જેમ બેઠો હતો. બાકી હડિયો બુલબુલ અને વનલેલા આમ-તેમ વડના ઝાડની ઘનઘોર ઘટા હેઠે લપાતાં છુપાતાં વરસાદથી બચવા નિરર્થક પ્રયાસ કરતાં હતાં.

‘દો બુંદ ગીર ભી ગઈ તો ક્યા હોગા...’ મારો હાથ ખેંચી સાથીદાર મને ટપરીના છાપરા હેઠળથી ખુલ્લાં આકાશ નીચે લઈ ગયા. હમ, તુમ અને ચા સાથે વરસાદી વાદળના કેફમાં અમે ચાની ચૂસ્કી લેવા ધારી હતી, પરંતુ ચામાં વરસાદનાં અમીછાંટણાં થયાં ન થયાં અને વરસાદ બંધ. આજે આગિયા જોવાનો યોગ લખાયો છે.

ચોમાસની શરૂઆત ડાંગમાં થઈ હતી. પણ સુરતમાં રિસાયેલ પ્રેમિકાની જેમ વાદળ આવજા કરતાં હતાં. અમારી બસમાં માહોલ અલગ હતો. યુવાનો–યુવતીઓ મસ્તીએ ચડ્યા હતાં. એટલે નવાં–જૂનાં વરસાદી ગીતોની રમઝટ ચાલતી હતી. સોશિયલ મીડિયાના જમાનામાં લોકોએ સસ્તું કરી નાંખ્યું છે તે ગીત મોઢે આવ્યું,

'ઘનઘોર ઝરે ચહુ ઓર, મારું મન મોર બની થનગનાટ કરે...' તોય ગાઈ નાંખ્યું. અને જંગલમાં જઈએ છીએ તેવો માહોલ બની ગયો.

મન તો રસ્તે દેખાતા વીજળીના તારે કે ઝાડ પર હતું એટલે આંખો ખાંખાંખોળા કરતી હતી. એમાં વરસાદમાં તાર પર નહાતી કપાસી દેખાઈ ગઈ. એનો કાળો કાંઠલો, લાલ આંખ અને કાતિલ નજર જે વાર કરે તે તો જુઓ તો જ જાણાય. કપાસી શિકારી પક્ષી હોવા છતાં મને એનું ગજબ આકર્ષણ રહે. સહેલાઈથી નજરે પડે એટલે કે કેમ. પણ એને આકાશમાં હુવરિંગ કરતી જોવી તે એક લહાવો છે. નાનાં હતાં ત્યારે બધાંને સમડી કહી દેતાં. ગોળ ગોળ ચકરાવા લઈને પળભરમાં શિકાર પર તરાપ મારે તે જોઈએ તો આભા બની જઈએ, બન્યાં છીએ. આજે કપાસી જોઈને કોણ જાણે કેમ કાજિયા અને કલકલિયાની લડાઈની યાદ તાજી થઈ.

એક વાર જામનગર જતાં રોડ સાઇડ ઢાબે ફ્રેશ થવા ઊભાં હતાં અને બાજુમાં વહેતા નાનકડા વોકળામાં કાજિયા અને કલકલિયાની માછલી માટેની લડાઈ જોઈ હતી. કાજિયો આરામથી વોકળાકિનારે પથ્થર પર બેઠો, માછલી ઉપર આવે એની રાહ જોતો હતો. ઉપર વીજળીના તારે કલકલિયાભાઈ પણ રાહ જોઈને બેઠા હતા. જેની કાજિયાને ખબર ન હતી. માછલી જરાક શ્વાસ લેવા ઉપર આવી ન આવી અને કાજિયાએ તરાપ મારી ન મારી ત્યાં રૉકેટ ઝડપે ઉપરથી કલકલિયો આવ્યો. માછલી મોંમાં ઝડપીને આવ્યો હતો તેવો જ તાર પર ચડી ગયો. આમ તે શિકાર મોંમાથી કોઈ ખૂંચવી જાય તો કાજિયાની આબરૂ શું? આમેય રૂડા રૂપાળા કલકલિયા પાસે કાળા કાજિયાનું કોઈ મૂલ્ય નથી. જોયા કોઈ ફોટોગ્રાફરને જે શોખથી કાજિયાના ફોટા પાડતા હોય? અભ્યાસ માટે કે 'ચેકલિસ્ટ' માટે ફોટા પાડે તે અલગ વાત. પણ પાંખ સૂકવીને ઝાડના ઠૂંઠા પર કે નદીકિનારે ભેખડ પર પાંખ સૂકવતા કાજિયાની કેટલી તસવીર જોવા મળે ?

આની જાણે કાજિયાને ખબર હોય તેમ તે દિવસે એ વટે ચડ્યો. બન્ને વચ્ચે ખાસી લડાઈ થઈ. પણ દર વખતે માછલી સ્ટફડ ઝૂંટવી લઈ જવામાં કલકલિયો ફાવ્યો. અંતે પાણીમાં થયેલી ઝપાઝપીના કારણે કાજિયાએ વોકળાકિનારે રહેલા પથ્થર પર પોતાની પાંખ સૂકવવા લાંબી કરી દીધી. જાણે શરણાગતિ સ્વીકારી લીધી હોય ! કે પછી કજિયાનું મોં કાળું એવું માનીને બેસી ગયો હોય ! એવી દુર્લભ ઘટના પછી નથી જોવા મળી. એ કાજિયો અને એ કલકલિયો, શું કહેવું !

ડાંગમાં વાદળાં વધારે હશે તેવું માની લીધું હતું, પણ કુદરત પોતાના મનની માલિક, તે આકાશ એકદમ સ્વચ્છ. ચાંદો અને સૂરજ બન્ને ક્ષિતેજે. હવે ઑફિશિયલ ચા–નાસ્તા માટે રોકાણ થયું. સ્ટફ પરાઠાં અને ચા–કૉફીને પૂર્ણા નદીકિનારે ઊભા રહીને ન્યાય આપ્યો. હજુ સારા વરસાદ વિના નદી પણ ખાબોચિયા જેવી વહેતી હતી એટલે કે કેમ પણ નજર તો રોડની સામે દેખાતા જંગલ પર હતી. સંધ્યાકાળ થવામાં હતો. રખેને ઘરે જતાં દૂધરાજ પર એક નજર પડી જાય કે પછી શામા પોતાના સુરીલા સૂર છેડે, એટલે ડાંગ આવ્યાની અનુભૂતિ. પણ આ બે વી.વી.આઈ.પી.ઓ તો દેખાયા નહીં, પણ કેનેરી ફ્લાય કેચર એટલે કે ઊડતો માખીમાર ઝાડ પર રાતવાસો માટે ઊડતું દેખાયું. એના પીળા રાખોડી રંગ નમતો પ્રકાશ એને વધારે મોહક બનાવતો હતો. થોડાં દર્શન આપી એ

અંતર્ધાન થયું અને અમે ઊપડ્યા જંગલને ઝળહળતું કરતા આગિયાને જોવા માટે. આગિયા સંધ્યાકાળથી રાત તરફ વધતા સમયે જ વધુ ઊડે. એટલે અમે મોડા ન પડીએ તેથી ફટાફટ નિશ્ચિત જગ્યાએ પહોંચી ગયા.

નદીકિનારેના કોતર પર ધીમે ધીમે ઢાળ ઊતરતા ખેતર પર અમે હળવે હળવે ચાલ્યાં ત્યાં તો આગળ વધી રહેલા સાથીદારના ખભ્ભે ઝબક ઝબક પ્રકાશ પથરાયો. એનો હાથ પકડી ઊભા રાખ્યા. બેધ્યાનપણે પીઠ પર હાથ મુકાઈ ગયો હતો? હળવેથી એ આગિયાને પકડી આકાશ તરફ હથેળી ખુલ્લી કરી કે પ્રકાશનો લિસોટો કરતો ઊડી ગયો. સામે ખીણ તરફ રહેલાં ઝાડ પર જાણે દિવાળીમાં તોરણ લગાવ્યાં હોય તેમ ઝાડ ઝળહળ ઝળહળ થતું હતું. અમે બધાં નિઃશબ્દ એ અલૌકિક દશ્ય જોઈ રહ્યાં. જંગલે આજે વરસાદને વધાવવા દીવા પ્રગટાવ્યા હોય તેમ દીસતું હતું.

'ભારતમાં તેમાંય ગુજરાતમાં બે પ્રકારના આગિયા જોવા મળે છે. આમ તેની બે હજાર પેટાજાતિ છે. આગિયાને ભેજ બહુ ગમે છે, એટલે એ પહેલા વરસાદ પછી જે જગ્યાએ વધુ ભેજ હોય ત્યાં વસવાટ કરે છે. માદાને આકર્ષવા માટે નર જુદી જાતનો પ્રકાશ પાથરે. માદા એની 'પૅટર્ન' પરથી એને ઓળખે અને મેટિંગ માટે તૈયાર થાય. આગિયા અલગ અલગ પૅટર્ન બનાવતા ઝાડ પર આમથી તેમ ફર્યા કરે. તેથી અનેક ભૌમિતિક આકારો રચાયા કરે. અમારા યુવાન ગાઇડના શબ્દોએ અમારા આગિયા વિશેના લિમિટેડ જ્ઞાનમાં વધારો કર્યો. ઉપર હિરલા મઢેલું આકાશ અને નીચે મજનૂ જુગ્નુઓએ પ્રગટાવેલા હજારો દીવા.. કોને જોઉં અને કોને નહીં..ગણ્યા ગણાય નહીં, વીણ્યા વિણાય નહીં તોય મારી છાબડીમાં માય નહીં.

ખેતરમાંના એક પથ્થર પર અમે બેઠક જમાવી. આગિયાઓની મહેફિલમાં તો બેસવું પડે, આખરે રસના ચટકા નહીં, અમે જામના માણસ ! બીજાને ડિસ્ટર્બ ન થાય તેમ મેં સાથીદારને હળવેથી કાનમાં કહ્યું,

'લખોટા તળાવ, રોઝી સ્ટારલિંગ !' એની આંખમાં એ સાંજ ડોકાઈ! જામનગરના લખોટા તળાવ કિનારે એક શિશિર સાંજે અમે બન્ને આમ જ બેઠાં હતાં. આથમતી સાંજ અને આકાશમાં ઊડતાં વૈયા. વૈયા એટલે કે રોઝી સ્ટારલિંગ્સ જે એક સાથે હજારોની સંખ્યામાં ઊડીને અનેક પૅટર્ન રચે. જાણ કોઈ જાદુગરનો પટારો. જેમાંથી એક પછી એક આશ્ચર્ય સર્જતી ચીજ નીકળે એમ વૈયાં અજબગજબ તાળમેળ સાથે આમેતમ વિવિધ આકારો સર્જે. કોણ સેનાપતિ અને કોણ સૈનિક તે તેઓ જ જાણે! એ અલૌકિક દશ્ય નજર સામે આવી ગયું. કોણ વધુ ચડે તેવી સરખામણી બાજુ પર મૂકી અમે પ્રકૃતિને એની તમામ ઈશ્વરીય શક્તિનાં સાક્ષી બની રહ્યાં. વંદન કરી રહ્યાં.

આગિયા પણ વૈયાની જેમ અલગ અલગ પૅટર્ન બનાવ્યા કરે. ઘડીક ઝાડની ટોચે તો ઘડીક મધ્યમાં તો વળી પાછા ઝટપટ કરતાં ખીણમાં ખાબકે.

ભીની ભીની ધરતી, ભેજથી લથબથ હવા, તારામઢ્યું આકાશ અને પ્રિયાને પોતાના ઈશ્વરી દેન દીવાઓથી રિઝવતા આગિયા...સંમોહિત થવા માટે શું બાકી રહે... બહાર અને અંદરના ભેજથી અમે છલોછલ!

'હવે આપણે ડિનર માટે જઈએ !' ગાઇડ કમ આયોજકે અમને સમાધિમાંથી જગાડ્યા. અનેક વાર બન્યું છે તેમ આ સમયે પણ આ રંગભીનું પટાગંણ છોડવાનું મન થતું ન હતું,

'આપણને પાછાં સુરત પહોંચતાં મોડું થશે.' એવા આયોજકના શબ્દો સાંભળી અંતે ઊભું થવું પડ્યું. રસ્તે પાછાં જતાં ખુલ્લી જીપો સામે મળી. જેમાં અનેક લોકો સવાર હતા. ગાઈડે માહિતી પૂરી પાડી,

'હવે ડાંગમાં ફાયરફ્લાઇઝ એ હોટ ટૂરિઝમ બની ગયું છે. આ લોકો નિયમોને નેવે મૂકી ખુલ્લી જીપમાં ફેરવે છે. સંખ્યા વધારે હોય તો જીપના છાપરે પણ બેસાડે. ફોટોગ્રાફી કરે. લેસર ટૅક્નિકથી રેકૉર્ડિંગ કરે...અને ફાયર ફ્લાઇઝને ડિસ્ટર્બ કરે...' આગિયા હવે ફાયરફ્લાઇઝ છે !

કાગડા બધે કાળા...એમ મન મનાવી અમે જમવા ઊપડ્યા. વળતી સફરે બધાં ઝોલે ચડ્યાં હતાં, પણ અમે બન્ને બારીમાંથી દેખાતાં જંગલને શ્વાસમાં ભરી રહ્યાં હતાં. યે રાતે, યે મૌસમ, યે નદી કા કિનારા...યે ચંચલ હવા.... !

■

શંકાશીલ વ્હાલી છોકરી,

તારું પત્ર મને કાલે મળ્યું. તેમાં તબિયતના કાંઈ સમાચાર નથી.

તું મારા હૃદય માટે કહે છે. મારું હૃદય સહેલાઈથી શંકામાં પડતું નથી, એ તો હું તને હૃદયની હજારો વાતોથી સાબિત કરી આપીશ. હું જ્યાં વિશ્વાસ રાખું છું ત્યાં પૂર્ણ - મારાથી બની શકે તેટલો રાખું છું. શંકામાં, અવિશ્વાસમાં રહેવું એ તો સ્ત્રીના હૃદયનું કાર્ય લાગે છે. પરંતુ તને જે લાગે છે, તેમાં કાંઈ જુદી જ વાત છે. ત્રણ વર્ષ પહેલાં તું મને જોતી હતી અને તું મને અત્યારે જુએ છે તેમાં કેટલો મ્હોટો ફેરફાર છે ? એ ત્રણ વર્ષ મેં મૃત્યુમાં – દર્દમાં – અગ્નિમાં ગાળ્યાં છે. એ દર્દ – મારા હૃદયને સાંસારિક વાતો ઉપરથી ઉખેડી નાંખ્યું છે. બાલક જેવી રમતિયાળ મજા એ અરસામાં મેં ખોઈ નાખી છે અને તેથી જ વારંવાર, હું વૃદ્ધ થઈ ગયો છું એમ તને કહેતો આવ્યો છું. એ દર્દની છાયા હજી પૂર્ણ ખસી નથી. મારા હૃદયના આનંદો હવે ઊછળતા નથી, પણ શાંત છે; પણ તે સ્નેહો બહુ ટકાવ છે. મારામાં તને જે શિથિલતા દેખાય છે તેથી કાંઈ પણ ડરવા જેવું નથી. આપણે હજી વધારે પાસે આવી શકીશું. પણ તેમ કરવા માટે તારે બહુ મહેનત કરવી પડશે. પ્રથમ તો તારું હૃદય પૂર્ણ ખુલ્લું છોડ. ત્યારે જ મારામાં તને રસ મળી શકશે. ઉતાવળ છે તેથી આજે આટલું જ.

**તારો જ સુરસિંહ.**

**– શોભના(મોંઘી)ને લખેલા પત્રમાંથી**

# મારા મઝાના બે ઈન્ટરવ્યૂ

રમેશ ર. દવે

લોકભારતી ગ્રામવિદ્યાપીઠમાંથી સ્નાતક અને ગૂજરાત વિદ્યાપીઠમાંતી હિન્દી શિક્ષા વિશારદ થયો એ વેળાની વાત છે – આ સમયમાં શિક્ષક થવું – એ કંઈ અઘરું નહોતું. ગુજરાતમાં ઠેરઠેર નઈ તાલીમની શાળા-સંસ્થાઓ શરૂ થતી હતી. એ સંસ્થાના સ્થાપક – સંચાલક એવા કોઈ વડીલને, કોઈના દ્વારા - આપણી જેવા યુવાનની, પૂરા અભ્યાસ પછીની બેકારીની જાણ થાય કે પછી આપણે ખુદ નાનો એવો કાગળ લખીને હાથ લંબાવીએ એટલે વળતી કશી લાંબીટૂંકી પળોજણ – પ્રક્રિયા વિના એમનો સ્નેહભર્યો આવકાર – આદેશ મળી જતો ને અમારા જેવા યુવાનો તેમાં હોશભેર જોડાતા.

મારી પોતાની વાત કરું તો – હિન્દી શિક્ષા વિશારદનો અભ્યાસ પૂરો થવામાં હતો અને મેં સાવરકુંડલાના કેળવણી મંડળના પ્રમુખ આદરણીય શ્રી લલ્લુભાઈ શેઠને, મને ત્યાંના મહિલા-અધ્યાપનમંદિરમાં શિક્ષક તરીકે કામ આપવા માટે, લોકભારતીનાં ત્રણેય વર્ષનાં ગુણપત્રકોની નકલો સાથે વિનંતીપત્ર લખેલો. જોકે એ મઝાના પ્રસંગની જરા વિગતે કરેલી વાત, મારી એ સમયની પ્રેમકથાની સાંભરણ રૂપે લખી છે – એટલે અહીં તો, લલ્લુભાઈએ મારા એ પત્ર સંબંધે મારાં બા સાથે કરેલી વાત જ નોંધું છું – ‘અનુબહેન, આપણે રમેશને જૂનથી અધ્યાપનમંદિરમાં હિન્દીના શિક્ષક તરીકે કામ આપીશું. આમેય એણે, એ જ્યારે લોકભારતીમાં ભણતો હતો ત્યારે શિક્ષણ-નિવાસના બે મહિના આપણા અધ્યાપનમંદિરમાં ભણાવ્યું જ હતું ને !’

આમ કુંડલાના અધ્યાપનમંદિરમાં મારા મિત્ર મનસુખ ચાંગેલા સાથે, એક વર્ષ કામ કર્યું. એ વેળા મારાથી ઉંમરમાં ખાસ્સી મોટી, કહું તો મારાં બાની ઉંમરની અનટ્રેઈન્ડ-બિનતાલીમી-શિક્ષિકાઓને મઝાથી ભણાવ્યું અને એમને પરીક્ષાના ભયથી મુક્ત કર્યાં. આ વર્ષ દરમ્યાન કેળવણીમંડળે એવું વિચાર્યું ને નક્કી કર્યું કે આ મહિલા અધ્યાપનમંદિર છે એટલે તેમાં માત્ર શિક્ષિકાઓ જ કામ કરશે – શિક્ષકો કહેતાં પુરુષોને નિમણૂક નહીં અપાય. એમના આવા ઠરાવ અનુસાર મારે ત્યાંથી મુક્ત થઈને નવી નોકરીની શોધમાં નીકળવાનું થયું. એ દરમ્યાન લલ્લુભાઈએ જ સૂચવ્યું કે આપણા છેલભાઈ શુકલ ગઢડા-ગ્રામોદ્યોગમંદિરમાં ‘જીવનશાળા’ નામની લોકશાળા જેવી જ સ્કૂલ શરૂ કરે છે – તું એમને કામ માટે પત્ર તો લખ !

મેં ખચકાતાં ખચકાતાં પત્ર તો લખ્યો, પણ મનોમન મૂંઝાતો હતો ત્યાં ચોથે દિવસે એમનો ઉત્તર-પત્ર મળી ગયો - ‘જીવનશાળામાં કામ કરવાની તારી ઇચ્છા હોય તો

એકાદ-બે દિવસ તું અહીં આવ અને અમે જીનવશાળામાં શું શું નવું કરવા માગીએ છીએ – એની રૂપરેખા તું સમજ...' પત્રના અંતે એમણે કરેલાં વખાણ અને આગોતરું સોંપેલું કામ – આટલાં વર્ષો પછી પણ બેઠેબેઠું યાદ છે - 'રમેશ, એક તો તારા અક્ષર બહુ સરસ છે અને તને કાગળ લખતાં પણ બરાબર આવડે છે. એટલે જો તું અહીંની જીવનશાળામાં જોડાય તો, તારે વિદ્યાર્થીઓને સારા અક્ષરે અને તારા જેવી ભાષામાં લખતાં શીખવવાનું ! એ માટે આપણે આઠમા અને નવમા બેય ધોરણના વિદ્યાર્થીઓનો, લેખન-તાલીમ માટેનો એક વર્ગ દર અઠવાડિયે રાખીશું.'

એમના સૂચન મુજબ વળતે દિવસે જ ગઢડા ગયો. પહેલાં છેલભાઈ સાથે નિરાંતે વાતો કરી અને પછી જીવનશાળામાં લટાર મારી. પહેલી નજરે જ જીવનશાળા નામ સાર્થક થતું હતું – એ અનુભવે મનોમન અહીં જ કામ કરવું છે – એવો સંકલ્પ થયો ! શાળામાં સવારે આઠથી દસના બે કલાક વર્ગશિક્ષણ અને સાડાદસથી સાડાબાર, દરમ્યાન ગ્રામોદ્યોગમંદિરમાંના લુહારી-સુથારી-કુંભારીનાં કામ. આ ઉપરાંત સાબુની ફૅક્ટરી, છાપખાનું અને અંબરચરખા પર કાંતણ અને વણાટ-જેવા વિભાગોમાં વિદ્યાર્થીઓએ પસંદગી મુજબ સવેતન ઉદ્યોગકાર્ય કરવાનું. ભોજન પછી બપોરે બેથી ચાર વાગ્યા સુધી શિક્ષણકાર્ય અને સાડાચારથી સાડાછ ફરી પેલું ઉદ્યોગકાર્ય. સાડાસાતથી સાડાનવ દરમ્યાન ભોજન-પ્રાર્થના-રાત્રિપ્રવૃત્તિ અને દસ વાગ્યે શયન !

મઝાની વાત તો એ હતી કે ઉદ્યોગકાર્યના ચાર કલાકનું મહેનતાણું એ જ શાળાનું લવાજમ ! વિદ્યાર્થીએ ઘરેથી એક પૈસોય મગાવવાનો નહીં. આ ઉપરાંત પ્રવાસ જેવી અભ્યાસપૂરક પ્રવૃત્તિઓનો ખર્ચ પણ પેલા વેતનમાંથી જ મળી જતો. છેલભાઈના નાના ભાઈ અને અમારાથી વહેલા સ્નાતક થયેલા ધનસુખભાઈ શુકલની આગેવાનીમાં, મોટા સુરકાના સુરસંગ ચૌહાણ અને માલપરાના કાનજીભાભા સાથે એ વર્ષ મઝાથી વીત્યું હતું. વર્ગોમાં ભણાવવું અને વિદ્યાર્થીઓ આગ્રહ કરીને લઈ જાય – એ ઉદ્યોગમાં એમની જેમ જ તાલીમ લેવી, સાંજની રમતો દરમ્યાન, ગઢડાની મઝાની પહોળી રેતાળ નદી ઘેલોમાં વિદ્યાર્થીઓની સાથે હૂતુતુ અને ઈત્તિકિત્તી જેવી રમતો પણ રમેલા. હા, આ વર્ષ દરમ્યાન જ કાનાભાઈ કુંભારે શીખવ્યું હતું – એમ ગોળ ફરતા ચાકડા પર માટીનો નાનો પિંડો મૂકીને, પંખીઓ માટેનાં પરબ-કૂંડાં ઉતારવાનું પણ શીખ્યો હતો.

આ શાળામાં કામ કરવાની બહુ મઝા પડતી હતી, પણ શાળાના વિદ્યાર્થીઓ પાસે જ નહીં, શિક્ષકો પાસે પણ બિનજરૂરી – શિસ્તનો કડક અમલ કરાવવાને વહીવટીય કુનેહ ગણાવતા અમારા આચાર્યશ્રી ધનસુખબાઈ સામે, અમે ત્રણ શિક્ષકોએ, બેંતાલીશ લિખિત દૃષ્ટાંતો ટાંકીને વિરોધ ફરિયાદ કરી હતી. એના તત્કાળ પરિણામ રૂપે છેલભાઈએ અમને ત્રણેય શિક્ષકોને, આવતા જૂન મહિનાથી તમે, બીજે કશેક કામ-નોકરી શોધી લેજો – એવી સૂચના આપી દીધી હતી અને લેખિત સૂચનારૂપ પત્રમાં તો, અમે શનિ-રવિ એમ.એ.ના અભ્યાસ-વર્ગો માટે ભાવનગર જઈએ છીએ. એથી શિક્ષણકાર્યમાં પૂરતું ધ્યાન આપી શકતા નથી – એવું કારણ દર્શાવીને અમને મુક્ત કરવામાં આવશે – એવી સ્પષ્ટતા કરી હતી.

આમ અમારું ભવિષ્ય ટૂંકાવાયું હોવા છતાં વિદ્યાર્થીઓ સાથે એવો મઝાનો સંબંધ રચાયો હતો કે ઉત્તરાયણની ઉજવણી માટે, વિદ્યાર્થીઓને જાતે પતંગ કેમ બનાવવી અને

એ સમયે પચ્ચીસ પૈસામાં મળતી, પાલખી નામની, સિલાઈ મશીન માટેની પાતળી દોરીની કોકડીને, સોડાબૉટલના કાચના ખાંડીને તૈયાર કરેલા ભૂકામાં સરેશ-ગુંદર ભેળવીને માંજો કેમ પાવો – એ બધું શીખવીને મઝાના ભરપૂર પવનમાં પતંગના પેચની મઝા કરાવી હતી. તો વળી, હોળી-ધુળેટીએ, ઘેલો નદીને કાંઠે મ્હોરેલા – ફૂલેલા કેસૂડા – ખાખરાનાં કેસરી કેસૂડાં વીણીને પાણી ભરેલી ડોલમાં પલાળીને સૌની સાથે રંગોત્સવ પણ રમ્યા હતા.

સંસ્થાના સંચાલકશ્રીએ કરેલા નિર્ણય મુજબ શાળામાં વૅકેશન પડતાંની સાથે જ અમારા બિસ્તરા-પોટલાં સાથે 'આવજો' કહીને જીવનશાળામાંથી મુક્ત થઈ વિદાય લઈ લીધી હતી. પછીના સમયમાં હવે ક્યાં કામ કરીશું – એવી ચિંતા સાથે વૅકેશન પૂરું થયું ને મારું નસીબ જોર કરતું હશે – એટલે શનિ-રવિના દિવસોમાં મારી જેમ એમ.એ.ના અભ્યાસ માટે ભાવનગર આવતા એ, વાત્સલ્યધામ લોકશાળા – માલપરા-ના આચાર્ય આશારામભાઈ રામાનુજ પાસે કોઈએ મારી બેકારીની વધામણી ખાધી હશે તે એમણે ભાવનગરની શામળદાસ કૉલેજની સામેના મસમોટા લીંબડાની નીચે હતી. એ ચાની કીટલીએ ઊભા ઊભા, ચાની ચૂસકી લેતાં લેતાં મને પૂછ્યું હતું – 'રમેશ, તારે અમારે ત્યાં કામ કરવું છે ? ગૃહપતિની જગ્યા ખાલી છે અને અમે તારા જેવા ઉત્સાહીને શોધીએ છીએ... જોકે એક વાત અત્યારે જ કહી દઉં – તું ગૃહપતિનું કામ તો કરીશ જ, પણ વધારામાં તારે થોડા-ઝાઝા વર્ગો પણ લેવા પડશે... બોલ તને ફાવશે ?'

કોઈ વડીલ સામેથી આવી મઝાની દરખાસ્ત કરે પછી કામ ગમે તે હોય ને ગમે તેટલું હોય ! – આપણી ના તો હોય જ નહીં ને ? અલબત્ત, એમ.એ.ના વર્ગો માટે શનિ-રવિ ભાવનગર આવવાની મારી મુશ્કેલી મેં જણાવી તો એમણે હસતાં હસતાં કહ્યું, - હું અહીં તારી સામે ઊભો છું – હવે એમ.એ. કરવા જો હું આવી શકું તો તું શું કામ નહીં ?

અને એક બીજી વાત પણ યાદ આવી છે તે કહી દઉં... તને કદાચ યાદ નહીં હોય, કારણ કે તું ત્યારે સાવ નાનો હતો ! પણ તારાં બા, અહીં માટલિયાભાઈએ શરૂ કરેલી, બુનિયાદી તાલીમની પ્રાથમિક શાળામાં અમને ભણાવતાં હતાં. એ દિવસોમાં તું તો પતરાની પાટીવાળી ઓશરીમાં તારે ઘરે ઊભો ઊભો અમને બધાને નિશાળે જતાં-આવતાં જોયા કરતો હતો ! એટલે મારે આજે તો એટલું જ કહેવું છે કે તારાં બાની જેમ, તારેય માલપરા ગામ પાસે લેણું છે ! બોલ, તને ગૃહપતિની નિમણૂકનો પત્ર લખાવું ? આવી રૂડી વાતે તો મૂરખ હોય એ જ ના પાડે ને ? આપણે તો ઊછળતાં-કૂદતાં-દોડતાં માલપરાની લોકશાળામાં ગૃહપતિ થઈ ગયા !

ગૃહપતિ તરીકે છાત્રાલયનાં બધાં કામ કરતાં કરતાં મારે હિન્દી અને અંગ્રેજી-વ્યાકરણના વર્ગો પણ લેવા-એવું વડીલોએ નક્કી કરેલું. એટલે સવારે વિદ્યાર્થીઓને જગાડવા-ઉઠાડવાથી માંડીને રાત્રે સ્વાધ્યાય અને રાત્રિપ્રવૃત્તિ પછી છાત્રાલયની લાઇટ બંધ કરવા સુધી વિદ્યાર્થીઓની વચ્ચે રહેવા ઉપરાંત એમને ભણાવવાનો લહાવો પણ મળેલો. અલબત્ત, મને અંગ્રેજી જરાય આવડતું નથી – એવી મારી નિખાલસ કબૂલાત પછીય મને એ કામમાંથી મુક્ત કરાયો નહોતો. પણ એ સમયે અંગ્રેજી-વ્યાકરણના પાઠ્યપુસ્તક રૂપે ખૂબ પોંખાયેલી 'પાઠમાળા'ના ત્રણ ભાગ, ધોરણ ૮-૯-૧૦માં ખાસ્સા મદદરૂપ થતા.

સવારે કસરત, ભરપેટ નાસ્તો, બે વર્ગો, ઉદ્યોગકાર્ય, સ્નાન-ભોજન, બપોરી વિશ્રાંતિ, ચાર વર્ગો, રમતગમત, સાંજનો સ્વૈરવિહાર, રાતનું વાળુ, પ્રાર્થના-હાજરી-સ્વાધ્યાય, રાત્રિપ્રવૃત્તિ – એવી ભરચક પ્રવૃત્તિવાળું એ વર્ષ બહુ મઝાનું રહ્યું. ગામના બે ખેડૂત-પરિવારો મને સવાર-સાંજ જમાડવાની જવાબદારી લેવા હોંશભેર તૈયાર હતા. પણ મેં ગૃહપતિ રૂપે વિદ્યાર્થીઓની સાથે, છાત્રાલયના ભોજનાલયમાં જ જમીશ – એવો આગ્રહ રાખેલો એટલે શાળા-છાત્રાલયનો ભોજનમંત્રી થયેલ વિદ્યાર્થી બધાને જમાડે અને હું નાનકડા ટેબલ પર બેસી, દીવાલે ખભા ટેકવીને બેસું. વિદ્યાર્થીઓ જમી લે પછી રસોઇયા બહેન, ભોજનમંત્રી અને હું સાથે બેસીને નિરાંતે જમીએ.

સાંજના ભોજન પછી બધા તો નહીં, પણ શોખથી આવતા વિદ્યાર્થીઓ સાથે ઠીક ઠીક લાંબું ચાલતા. એ વખતે જિજ્ઞાસુ વિદ્યાર્થીઓ પાઠમાળા પણ સાથે રાખે અને સિક્વન્સ ઑફ ટેન્સિઝ, ડાઈરેક્ટ-ઇનડાઈરેક્ટ અને ઍક્ટિવ-પૅસિવ વિશેના સામસામા સવાલ-જવાબ થાય. એક વાર, અનુકૂળતા હશે એટલે આશારામભાઈ પણ અમારા આ સાયંકાલીન વિહારમાં આવેલા. પેલા અંગ્રેજી-વ્યાકરણ અંગેના, સવાલ-જવાબ રૂપે સહજતયા થતા હોમવર્કથી એ રાજી રાજી થયેલા !

શાળા અને છાત્રાલયમાં ઓતપ્રોત થઈને માલપરામાં રહેવાની મઝા પડતી હતી, પણ મારે, એમ.એ.નું ચોથું સેમેસ્ટર ચાલતું હતું અને આગલાં ત્રણ સેમેસ્ટરમાં ગુણાંક માંડ-માંડ પંચાવન ટકાએ પહોંચેલો એટલે, ચોથા સેમેસ્ટરની પરીક્ષાની તૈયારી બરાબર થઈ શકે એ માટે આશારામભાઈ અને મૅનેજિંગ ટ્રસ્ટી – પ્રમુખ લાલજીભાઈને ગૃહપતિ તરીકે મુક્ત કરવા વિનંતી કરેલી અને ખાસ્સા આગ્રહ પછી તે સ્વીકારાઈ એટલે જરૂર હતી તે પણ એ ગમતાં કામને ભારે હૈયે 'આવજો' કહેલું !

એ સમયગાળામાં એક બાજુ હું પરીક્ષાની તૈયારી કરું અને બીજી બાજુ મારાં લગ્ન કરાવવાની તજવીજ ચાલે. પણ પરીક્ષા હેમખેમ આપી. ચોપન ટકાએ એમ.એ. પાસ થયો પણ એ જ વર્ષે યુનિવર્સિટીએ નવો નિયમ જાહેર કર્યો કે કૉલેજમાં લેક્ચરર થવા માટે એમ.એ.માં પંચાવન ટકા હોવા જોઈએ !

બસ, પાછો ખભે થેલો અને એમાં જરૂરી એવાં બધાં પ્રમાણપત્રો – સાથે નવી નોકરીની શોધ શરૂ થઈ ગઈ. પણ સદ્ભાગ્યે એ જ દિવસોમાં સાવ અણધાર્યો સુખદ અકસ્માત થયો – મારા બનેવી ભરતભાઈ ભટ્ટનાં બહેન મંજુબહેનના લગ્ન નિમિત્તે ભાવનગર ગયેલો અને ત્યાં રસ્તામાં જ હરિભાઈ ગોરડિયા મળી ગયા. એમણે મારી સાવરકુંડલા અને ગઢડાની ઉત્સાહભરી કામગીરી વિશે કશેકથી જાણ્યું હશે એટલે કશી આવીતેવી ભૂમિકા વગર સીધું જ પૂછ્યું :

'અત્યારે ક્યાં છો ?'

'બસ, તમારી સામે !'

'એ તો હું જોઉં જ છું પણ...'

'ના, નોકરી નથી, ફાંફાં મારું છું શોધવા....'

'તો સાંભળ, હું અહીં નગરપાલિકાની પ્રાથમિક શાળાઓનો એ.ઓ. છું અને મારા આસિસ્ટંટ સ્કૂલ–સુપરવાઇઝરની ખાલી જગ્યા માટે તારા જેવા કોઈને શોધું છું. તું એમ કર, અહીંથી સીધો નગરપાલિકાની ઑફિસે પહોંચી જા અને એના પહેલા માળે નગરપ્રાથમિક શિક્ષણ સમિતિની ઑફિસમાં જઈને હેડક્લાર્ક દિલીપભાઈને, મારું નામ લઈને કહેજે કે તને એ પેલી જગ્યા માટેની અરજીનું ફૉર્મ આપે અને તું એ ફૉર્મ આજે જ ભરીને ત્યાં જ આપી આવજે.

હું તો એમની વાત પૂરી થઈ ત્યાં સુધી સાવ અવાક્ એમની સામે જ જોઈ રહ્યો. આમ તો હું એમને ઓળખું, એ લોકભારતીમાં મારાં બાની સાથે પણ અધ્યાપનમાં નહીં, લોકસેવા મહાવિદ્યાલયમાં ભણતા હતા અને અભ્યાસ પૂરો થયા પછી લોકભારતીમાં કાર્યકર પણ થયેલા. મને એ પણ યાદ હતું કે તેઓ આંબલા લોકશાળામાં ભણતા હતા ત્યારે મનુભાઈ પંચોળીના પહેલા ખોળાના દીકરા ગણાતા.

એમણે કહ્યા મુજબ, નગર શિક્ષણ સમિતિની ઑફિસમાં જઈને ત્યાં બેઠા બેઠા જ ફૉર્મ ભરીને આપી દીધું અને એના સાતમા દિવસે તો ઇન્ટરવ્યૂ માટેનો પત્ર પણ આવી ગયો.

નક્કી દિવસે, સમય સાચવીને પહોંચી ગયો ને નોંધ કરાવીને જોઉં તો – લગભગ ચાળીશેક જેટલા ઉમેદવાર હતા. એમાં પાછો કુંડલાવાળો મારો સિનિયર મિત્ર કનુ અંધારિયા પણ ખરો ! એણે મને બોલાવ્યો ને પૂછ્યું - 'ભાવનગર આવવું છે ? અત્યારે ક્યાં છો ?'

'ક્યાંય નહીં... બેકાર છું !'

'પણ સાલુ... આટલા બધા છીએ એટલે કોણ...'

'એ તો એમ જ હોય ! બસ, આપણો પ્રયત્ન... ને...'

'....ને નસીબ હોય તો જ... એમ જ કહેવું છે ને ?'

એનો વારો વહેલો આવ્યો પણ મારી અરજી તો કદાચ છેલ્લી હશે – એટલે મારે તો નિરાંતે રાહ જોવાની હતી ને ! આવી ધરપત સાથે બેઠો બેઠો તે સાચ્ચે જ છેક છેલ્લે જ બોલાવાયો.

અંદર જઈ, હાથ જોડી – માથું નમાવીને વંદન કરીને ચીંધેલી ખુરશી પર બેઠો. સામે જોઉં તો ત્રણ વડીલો રાહ જોતા હતા – એ.ઓ. હરિભાઈ, શિક્ષણાધિકારી છેલભાઈ ઓઝા પણ ત્રીજા વડીલનો પરિચય નહોતો. વણ વળતું જ હરિભાઈએ કહ્યું, 'આ છેલાભાઈસાહેબ અને જમણી બાજુ વચ્ચે બેઠા છે એ ન.પ્રા. શિ. સમિતિના ચૅરમૅન મુરબ્બી રમણીકભાઈ પટેલ છે.'

હજુ હરિભાઈ એમની વાતનું પૂર્ણવિરામ મૂકે ન મૂકે ત્યાં એ વડીલે જ કહ્યું : 'મારું નામ ભલે છેલ્લું લેવાયું હોય પણ પ્રશ્ન તો તમને સૌ પહેલાં હું જ પૂછીશ !'

મેં સ્વીકારમાં માથું નમાવ્યું અને એમણે પૂછ્યું –

'યંગમૅન, ધારી લો કે અમે તમને સ્કૂલ સુપરવાઇઝર તરીકે પસંદ કરી લીધા છે અને તમને નિમણૂક મળી ગઈ છે. ફરજ પર હાજર થવાના પહેલા જ દિવસે તમે જે શાળામાં જાવ છો અને આચાર્યની રૂમમાં જતાં, અંદર કંઈક આવું દશ્ય નજરે પડે છે – શાળામાં નાની રિસેસ છે અને આચાર્યશ્રી એમની ખુરશી સ્હેજ ત્રાંસ કરીને, પગ સામેના ટેબલ પર લંબાવીને આરામ કરે છે ! ના, માત્ર આરામ નહીં – નાક એમનું નસકોરાં પણ બજાવે છે... ના, લાંબી વાત નથી કરવી... હવે હું પૂછું છું કે આ દશ્ય – આ સ્થિતિમાં તમે, સ્કૂલ સુપરવાઇઝર તરીકે શું કરશો ?'

'ઉત્તર આપતાં પહેલાં મેં ફરી હાથ જોડી – માથું નમાવીને એમને તહેદિલથી વિનંતી કરી કે આપ મારા વડીલ છો તો એમ ન થઈ શકે કે તમે મને તમે તમે કહેવાને બદલે...'

'હા... હા... તમે કહ્યું એમ કરવું કે નહીં – એ વિશે, તમે પહેલાં મારા પ્રશ્નનો જવાબ આપો પછી નક્કી કરશું !'

મેં મલાકાત મોંએ જવાબ આપ્યો - 'આચાર્યશ્રીની રૂમમાં જતી વેળા, આ દશ્ય જોઈશ તો, સૌ પહેલાં એકાદ-બે શિક્ષકોને મળીશ અને એમની મદદથી શાળામાં વાગતો ઘંટ શોધી-ઉતારીને, એમની સાથે પેલી રૂમમાં જઈશ. ઘંટ સાથે આમ ચાલતા મને જોઈને કોઈ વિદ્યાર્થી-બાળકો મારી પાછળ આવતાં હશે તો પેલા શિક્ષકો એમને વારતા-રોકતા હશે તો એમને કહીશ કે એ તો વિદ્યાર્થીઓ છે ને ? એમને મારી સાથે આવવા દો !'

અમે રૂમમાં પહોંચીશું સાવ મૂંગામંતર અને સાંભળીશું પેલા આચાર્યસાહેબનાં નસકોરાં મઝાથી. પછી સાથે લીધેલા ઝાલર-ઘંટ ગુરુજીના કાન પાસે ઝુલાવીને પેલાં બાળકોમાંથી કોઈ એકને એ ઘંટ પર ડંકા વગાડવા કહીશ, પણ એ તો કદાચ શરમાશે તો પછી હું જ જાતે-પોતે એ કાનને ગમી જાય એવો રણકાર કરીને ઘંટ વગાડતી ઝાલર પર ડંકા પાડીશ... બસ, સ્કૂલસુપરવાઇઝર તરીકે હું આટલું કરીશ – એ પૂરતું ગણાશે ને ?'

રમણીકભાઈ એક પળ મારી સામે જોઈ રહ્યા ને પછી ઊભા થયા અને મારે ખભે હાથ મૂકીને, જમણો હાથ મારી સામે લંબાવ્યો. હું આશ્ચર્યવત્ ઊભો થયો અને વંદન માટે ઝૂક્યો. એમણે મારા બેય ખભે હાથ મૂકી – દબાવીને મને ખુરશી પર બેસાડ્યો અને પોતે પણ બેઠા પછી છેલભાઈને કહ્યું –

'છેલભાઈ, હવે તમારે કે હરિભાઈએ કંઈ પૂછવું હોય તો પૂછો... મારે હવે કંઈ પૂછવું નથી.'

છેલભાઈએ કહ્યું – પ્રશ્ન તો કંઈ પૂછવા નથી પણ ન.પ્રા.શિ. સમિતિ સંચાલિત શાળાઓ સિદસર ગામથી માંડીને છેક બંદરરોડ પર પથરાયેલી કુલ બાસઠ શાળાઓ છે અને એમાં સુપરવિઝન માટે મહિનામાં બધી શાળાઓમાં જવું-આવવું પડશે – સાઇકલ પર આ બધું ફાવશે તો ખરું ને ? હા, નવી સાઇકલ લેવી હશે તો લોન પણ મળશે ને દર મહિને નક્કી થયેલું સાઇકલ-એલાઉન્સ પણ મળશે એમ આઈ રાઇટ ?'

'અરે સાઇકલ શું કામ ? એમને ફાવે તો સ્કૂટર લે, આપણે એ માટેય લોન આપશું અને તેનું એલાઉન્સ પણ મળશે. બરાબરને હરિભાઈ ?'

'ના, રમણીકભાઈ, આપણે ત્યાં સ્કૂટર-લોન અને એલાઉન્સની જોગવાઈ નથી.'

'કંઈ વાંધો નહીં, એક વાર એમને હાજર થઈ કામે ચડવા તો દો, એકાદ મહિનામાં, એમનું પર્ફોર્મન્સ જોઈને પછીની બેઠકમાં આપણે એ માટે જરૂરી ઠરાવ પણ કરીશું... પણ ભાઈ, તું સાવ મૂંગો કેમ બેઠો છે ?'

છેલભાઈ કહે-હાલ આપણે કરી એ વાતો કંઈ આમ ઇન્ટરવ્યૂમાં થોડી થાય ? – એ ખ્યાલે કદાચ એ...

'ના, ભાઈ.... રમેશ ને ? તને અનુકૂળ હોય એટલો વહેલો તું હાજર થઈ જા... હરિભાઈ, કાલે એને નિમણૂકપત્ર તો મળી જશે ને ? બસ, હાજર થયા પછીનું બધું તો વહેલામાં વહેલું ગોઠવાઈ જશે.

ઊભો થયો અને મક્કમ પગલે એમની પાસે જઈને વંદન કર્યાં અને એમણે કરવા પણ દીધાં.

*

અહીં નિરાંતે જેના વિશે લખ્યું છે એ ઇન્ટરવ્યૂ જેવા જ એક બીજા ઇન્ટરવ્યૂની વાત પણ કરવી છે – કૉલેજમાં બહુ મઝાથી ભણાવતો હતો ત્યારે જ અગિયારમું ધોરણ એટલે કે મૅટ્રિક પાસ કરીને કૉલેજમાં દાખલ થઈને, પ્રિલિમિનરી, ફર્સ્ટ, સેકન્ડ અને થર્ડ યર્સ-ચાર વર્ષ ભણીને ગ્રૅજ્યુએટ થવાતું હતું, પરંતુ કશાક વિશેષ સંયોગ-સમજ મુજબ, આ પરિપાટી-વ્યવસ્થા આમ બદલાઈ – આઠમા ધોરણથી દસમા ધોરણનાં ત્રણ વર્ષો એટલે હાયર-સેકન્ડરી – એવા બે ભાગમાં માધ્યમિક શિક્ષણ વહેંચાયું અને કૉલેજમાંથી પ્રિલિમિનરીનું એક વર્ષ બાદ થયું.

આ ફેરફારને કારણે બધી જ કૉલેજોમાંના સૌથી જુનિયર લેક્ચરર હોય તે વધારાના અર્થાત્ 'સરપ્લસ' ગણાયા અને એમને, જે જે સ્કૂલમાં બારમું ધોરણ ઉમેરાયું હોય એ સ્કૂલમાં જરૂરી શિક્ષક તરીકે ટ્રાન્સફર કરવામાં આવ્યા. અલબત્ત, એ રીતે કૉલેજમાંથી માધ્યમિક શાળામાં જોડાતી વખતે પણ ઇન્ટરવ્યૂ તો લેવાતા જ હતા !

હું વળિયા કૉલેજમાંથી સરપ્લસ થયો એટલે મને શહેરની સનાતન ધર્મ હાઈસ્કૂલના હાયર-સેકન્ડરી વિભાગમાં મૂકવામાં આવેલો અને એ માટે થયેલા ઇન્ટરવ્યૂમાં મારે શાળાના ટ્રસ્ટી-પ્રમુખ ઘનશ્યામભાઈ ઠક્કર, એ સમયના શિક્ષણાધિકારી જોશીસાહેબ અને શાળાના આચાર્ય ગોવિંદભાઈ અજવાળિયા સંમુખ બેસવાનું થયેલું. મારી વ્યક્તિગત શૈક્ષણિક કારકિર્દીની નોંધ તો એમની પાસે હતી જ છતાં જોશીસાહેબે ગોવિંદભાઈ અજવાળિયાને આ કૉલેજ-પ્રોફેસરથી નચિંત કરવા મને પ્રશ્ન પૂછ્યો –

'રમેશભાઈ, તમે ગઈકાલ સુધી કૉલેજના અધ્યાપક હતા અને હવે અહીં હાયર સેકન્ડરી વિભાગમાં શિક્ષક થવાના છો – એટલે પૂછું છું, આ શાળામાં નવી વ્યવસ્થા મુજબ સેકન્ડરી અને હાયર સેકન્ડરી એવા બે વિભાગો તો થયા જ છે, પણ શાળાના સ્ટાફમાં એ વિભાગોમાં કામ કરતા શિક્ષકો વચ્ચે એવો ભેદ નથી થવા દેવો કે આ તો

સેકન્ડરીમાં ભણાવે છે અને હું તો હાયર સેકન્ડરીમાં ભણાવું છું ! અમારી આ કાળજીને ધ્યાનમાં લઈને, તમારે આમ તો અગિયાર અને બારમા ધોરણમાં જ ભણાવવાનું હોય છતાં તમે જરૂર હોય ત્યારે ક્યારેક, આઠમા-નવમા અને દસમાના જે તે વિષય આઈ મીન ગુજરાતી અને હિન્દીના શિક્ષક રજા પર હોય તો તમને એ વર્ગ લેવા જવાનું કહેવામાં આવે તો... તમે જશો ને ?'

હું એક પળ જાણે ગમ્મત થતી હોય – તેમ હસતા મોંએ સૌ સામે જોતો રહ્યો પછી મેં મલકાતાં મલકાતાં જવાબ આપ્યો – તમે કહી એ વાત સાવ સાચી છે – મને આવડતું હોય એ કામ હું કૉલેજમાં કરું તો અહીં સ્કૂલમાં કેમ ન કરું ? પણ આ ઉપરાંત, ગોવિંદભાઈ, તમને જરૂરી લાગે તો, તમે મને શાળાના સમયપત્રકની એક કૉપી આપી રાખજો. અને હું-શાળાના કોઈ પટાવાળાભાઈ રજા પર હશે તો એની જગ્યાએ બેસીને પેલા સમયપત્રક મુજબ, શાળાના વર્ગો શરૂ થાય ને પૂરા થાય એના ઘંટ વગાડતો રહીશ, બરાબર ને !'

હાજર હતા એ સૌ હસી પડ્યા, પછી નિરાંત જીવે જોશીસાહેબે કહ્યું : 'રમેશભાઈ, મને ખબર છે, તમે મૂળે, નાનાભાઈ ભટ્ટની નિશાળો કહેતાં, સણોસરાની પ્રાથમિક શાળા, આંબલાની ગ્રામ દક્ષિણામૂર્તિ-લોકશાળા અને લોકભારતી ગ્રામવિદ્યાપીઠમાં ભણ્યા છો, મારો દીકરો હેમંત પણ તમારી સાથે જ ભણતો હતો... એણે કરેલી વાતો પરથી મને એટલું તો યાદ છે કે તમે નિશાળના જ નહીં, ખેતીવાડી અને ગૌશાળાનાં કામ પણ હોંશથી શીખ્યા છો... અજવાળિયાભાઈ, આપણી સમક્ષ ભલે આમણે બેલ મારવાની જ વાત કરી છે પણ હું એમના વતી એમાં એક ઉમેરણ કરું છું અને મને ખાતરી છે કે આ રમેશભાઈ એ વાત પણ જરૂર પડ્યે – ઊભી થતાં તરત સ્વીકારશે – બોલો, રમેશભાઈ, જો શાળાના સફાઈ-કર્મચારી રજા પર હશે ત્યારે તમે, તમારા વર્ગો લીધા પછી, શાળાના મેદાન અને પાણી-રૂમની સફાઈ પણ કરશો જ ને ?'

'હેમંતના પપ્પાએ કંઈ મને પૂછવાનું હોય આવાં કામ માટે ? પણ જોશીસાહેબ, આ પ્રિન્સિપાલસાહેબ અને હું પહેલી વાર જ મળીએ છીએ છતાં કહું છું – અજવાળિયાસાહેબ, બે-ચાર દિવસમાં તો તમે, મારે માટે, કહેવાના નહીં પણ સાવ સાચા સાહેબ થવાના છો – એટલે કશું માઠું-ખરાબ ન લગાડશો... હા, હું આ તમારી નહીં, હવે તો આપણી આ શાળાનાં પેશાબઘર અને સંડાસ પણ ચકચકિત થઈ જાય, નવાં ખરીદ્યાં હતાં એવાં-એવી એની સફાઈ ઍસિડથી કાલે જ કરું તો કરવા દેશો ને ?'

'બસ... બસ, રમેશભાઈ તમારો ઇન્ટરવ્યૂ પૂરો થઈ ગયો છે...' જોશીસાહેબે મલકાતા મોંએ કહ્યું અને પછી ઉમેર્યું - 'ટ્રસ્ટનો પત્ર મળે કે તરત તમે શાળામાં હાજર થઈ જશો, બરાબર ને ? તો મારી-અમારી સૌની તમને શુભેચ્છા !'

■

# અમારા એ દાદા વિપુલ વડના ઝુંડ સરખા....

આરાધના ભટ્ટ

મારા એ વડનાના થાય, મારાં નાની સાવિત્રીબહેન બાપાલાલ અધ્વર્યુના પિતા–ગિરજાશંકર દેવશંકર ભટ્ટ. એમનો કાર્યકાળ સ્વાતંત્ર્યની ચળવળ પહેલાં શરૂ થયો અને સ્વાતંત્ર્યોત્તર સમય સુધી એ કાર્યરત રહ્યા. એક એવા દ્રષ્ટા જે પોતાના સમયથી ઘણા આગળ અને જેમની કર્મશીલતાનાં ફળ આજે પણ એમની કર્મભૂમિ ડાકોરમાં જ નહીં, પણ ત્યાંની માટીની સોડમ લઈને દુનિયામાં પથરાયેલા અનેક ભોગવી રહ્યા છે. ક્યારેક આ લોકોને મળવાનું થાય અને ગદ્ગદિત થઈને એ લોકો એમનું સ્મરણ કરે ત્યારે સમજાય કે એક કર્મનિષ્ઠ જીવન કેટલાય લોકોના જીવનને દિશા આપી શકે છે. રવીન્દ્રનાથ કહે છે અને અખાએ પણ કંઈક એવું જ કહ્યું, જેવું કવિ ઉમાશંકરે કહ્યું કે ડુંગર પર વાદળ વરસે અને પછી એ પાણી ક્યાં ક્યાં ઝમે. એમ એ જળનાં થોડાં બિંદુ એમના પછીની પેઢીઓ સુધી, અમારા સુધી પહોંચ્યાં હોય તો એ સદ્ભાગ્ય ગણાય. એમના વિશે અહીં આલેખેલી વાતો એ પરિવારના વડીલોએ વિવિધ અવસરે સંભારેલા પ્રસંગોનું સંકલન છે.

એમનાં સંતાનોના એ 'બાપુ', પૌત્રો–પૌત્રીઓના અને પછીની પેઢીઓના એ 'દાદા' અને ગામલોકોના એ 'માસ્તરસાહેબ'. એમનો જન્મ ડાકોરમાં અને આજીવન ત્યાં જ વસવાટ. ગામના એ પ્રથમ સ્નાતક અને સૌથી વધુ ભણેલી વ્યક્તિ તરીકે એમનો આદર થતો અને એમની કર્મશીલતાથી પરિચિત લોકો ભગવાન માનીને એમને પગે પડતા. એમના પિતા દેવશંકરનો વ્યવસાય સાવ સામાન્ય – પતરાળાં વેચવાનો, અને એમનાં માતા મંછાબાનો કંઠ અત્યંત મધુર, એ કંઠ અને સંગીત પ્રત્યેની અપ્રતિમ પ્રીતિ દાદાને વારસામાં મળેલાં અને એ વારસો પછીની પેઢીઓ સુધી લંબાયો.

પોતે અનેક અગવડો અને સંઘર્ષો કરીને અભ્યાસ કર્યો તેથી ગામમાં હાઈસ્કૂલ હોય તો ગામનાં બાળકો ભણી શકે એ દાદાનું સ્વપ્ન. એ સ્વપ્ન સાકાર કરવા એમણે આજીવન અથાગ પ્રયત્નો કર્યા અને એ પ્રયત્નોના ફળ સ્વરૂપ ડાકોરમાં 'સંસ્થાન હાઈસ્કૂલ'ની સ્થાપના એ કરી શક્યા. પણ એની પાછળ એમનો પરિશ્રમ કેવો? એમના મહોલ્લાના નાકે આવેલા એક મકાનમાં બે–ચાર જણ સાથે ભેગા મળીને એમણે શાળા શરૂ કરી. સમય સાથે વાવેલું એ બીજ ઊગી નીકળ્યું અને વધારે વિદ્યાર્થીઓને સમાવવા મોટા મકાનની જરૂરત ઊભી થઈ. મકાન માટે નાણાં એકત્ર કેમ કરવાં? એને માટે એમણે હરિકીર્તન કરવાં શરૂ કર્યાં. બસ, પછી તો 'હજો હાથ કરતાલ ને ચિત્ત ચાનક', કવિ રાજેન્દ્ર શુક્લ કહે છે એમ એમના શબ્દો સુખડની જેમ ઊતરતા રહ્યા. હાર્મોનિયમ અને તબલાં પર સાથ આપવા એમના ૨–૩ મિત્રો હતા, જેમને લઈને એ ગામેગામ ફરવા માંડ્યા.

સૂર-શબ્દનું વરદાન એમને હતું. એટલે રામાયણ-મહાભારત-ભાગવતની કથાઓ પર આધારિત હરિકીર્તન એ જાતે લખતા ગયા અને પ્રસંગોને ઉચિત રાગો પસંદ કરીને એમાં એ ઢાળતા ગયા; એટલું જ નહીં, ગામેગામના આ પ્રવાસો એમણે ગાંઠના ખર્ચે કર્યા! જે ફાળો મળે એમાંથી પોતાને માટે કશું પણ રાખ્યા વિના એ શાળાને સમર્પિત કરતા.

એક વખત કવિ કાલિદાસકૃત ‘રઘુવંશ’માંથી દિલીપ રાજા વિશેનું એમનું હરિકીર્તન મુંબઈના મોટા શ્રેષ્ઠી ‘સર પીટી’ના નામે ઓળખાતા શેઠ પુરુષોત્તમદાસ ઠાકોરદાસે સાંભળ્યું અને ગદ્ગદિત થઈ એમણે દાદાને કહ્યું ‘હું તમને શું આપું?’ દાદાએ પોતાની અપરિગ્રહની ભાવના વ્યક્ત કરી, પણ સર પીટીએ એમનો આગ્રહ ચાલુ રાખ્યો. ડાકોરમાં સર પીટીની એક ધર્મશાળા ‘ઠાકોર ભુવન’ હતી, એ મકાન દાદાએ સ્કૂલ ચલાવવા માટે ભાડે માંગ્યું, પણ શરત એ હતી કે પોતે એનું પૂરું ભાડું ચૂકવશે. થોડી રકઝક પછી સર પીટીએ એમને શાળા માટે એ મકાન ઓછા ભાડે આપ્યું અને એમની શાળા ત્યાં ફૂલી-ફાલી. પછી તો ટીપે ટીપે સરોવર ભરાતું ચાલ્યું અને અનેક વ્યક્તિઓએ સ્વેચ્છાએ શાળાને આર્થિક સહાય કરી.

આમ એમણે એક એવી સ્કૂલ રચી જે આદર્શ શાળા ગણાવા લાગી. એ સમયે અભિનવ પ્રયોગાત્મક લાગે એવા અભ્યાસક્રમ એમણે રચ્યા. એમાં વિજ્ઞાનની લૅબોરેટરી, સુથારીકામ, કાંતણ, સિવણકામ, નામું લખવાની તાલીમ, સંગીતશાળા, ચિત્રકામ, ગિજુભાઈ બધેકા અને નાનાભાઈ ભટ્ટના પગલે મૉન્ટેસોરી પદ્ધતિનું બાલમંદિર વગેરે અનેક પ્રકારની સવલતો ઊભી કરી. સંગીતનો ક્લાસ હાર્મોનિયમ, દિલરુબા, તાનપુરા, તબલાં જેવાં અનેક વાદ્યોથી સુસજ્જ હતો. શાળામાં વાદ્યવૃંદો અને ગાયકવૃંદો ચાલતાં. વિદ્યાર્થીઓને અને શિક્ષકોને શાળાનું વાતાવરણ એટલું બધું પોષક અને પ્રેરક લાગતું કે શાળાનો સમય પૂરો થયા બાદ કોઈને ઘેર જવાનું મન નહોતું થતું. શાળાના શિક્ષકો પણ એટલા જ સમર્પિત. મોડી સાંજ સુધી શાળા પરિસર પ્રવૃત્તિઓથી ધમધમતો રહેતો. શ્રેષ્ઠ મલ્ટિપર્પઝ સ્કૂલ માટે પછી તો સરકારની ગ્રાન્ટ પણ એમને મળી. દાદા પોતે હાડોહાડ શિક્ષક અને એ જમાનો ટ્યૂશનનો નહોતો. ડાકોરની આસપાસનાં ગ્રામ્ય વિદ્યાર્થીઓ પણ શાળામાં આવવા લાગ્યા. ગામડાંના વિદ્યાર્થીઓને શાળામાં અંગ્રેજી વિષયમાં તકલીફ પડતી, એ જોઈને વિદ્યાર્થીઓને સવારે પોતાને ઘેર બોલાવી દાદા અંગ્રેજી શીખવતા.

દાદાને ત્યાં સંસ્કૃતના પ્રકાંડ પંડિતો, અને વિદ્વાનો આવતા અને એમની સાથે શાસ્ત્રાર્થ કરતા. તત્કાલીન પુરીના શંકરાચાર્ય સ્વામી ભારતીકૃષ્ણ તીર્થ સાથે એમણે શાસ્ત્રાર્થ કરેલો. દર રવિવારે ડાકોરના મંદિરના પ્રાંગણમાં દાદા ગીતા પ્રવચન કરતા. દક્ષિણ ભારતના વિદ્વાનોની એમને ત્યાં અવરજવર રહેતી. ગાંધીજી અને કસ્તૂરબા પણ એમનાં મહેમાન બનેલાં, ઘરના હીંચકે બેસીને કસ્તૂરબાએ શેરીની દીકરીઓને ગરબા કરાવેલા અને ગરબા ગાનાર દાદાનાં જ્યેષ્ઠ દીકરી એટલે કે મારાં કોકિલ કંઠી નાની. ડાકોર એક યાત્રાધામ, એટલે ત્યાં અનેક શ્રદ્ધાળુ સાક્ષરોની પણ અવરજવર રહેતી. કવિ ન્હાનાલાલ દાદાના પરમ મિત્ર થઈ ગયેલા. એ અનેક વખત ત્યાં આવતા અને દાદાને ત્યાં રોકાતા. સ્કૂલના સંગીતશિક્ષક જેઠાકાકા હાર્મોનિયમ લઈને આવે અને મારાં નાનીએ ‘ન્હાના ન્હાના રાસ

’ અને ગીત-ગરબા ગાઈને કવિને ભાવવિભોર કર્યાના અનેક પ્રસંગોનું વર્ણન મેં સાંભળ્યું છે. નાનીની વૃદ્ધાવસ્થા સુધી એમના કંઠે ‘વિરાટનો હિંડોળો’, ‘ઝીણા ઝરમર

વરસે મેહ, ભીંજે મારી ચૂંદલડી', 'સ્નેહીનાં સોણલાં આવે સાહેલડી', 'ચંદ્રીએ અમૃત મોકલ્યાં રે બ્હેન', 'મારાં નયણાંની આળસ રે ન નીરખ્યા હરિને જરી' વગેરે ગીત-ગરબા અને કવિ ન્હાનાલાલ સાથેનાં સંભારણાં સાંભળતાં મને મોટા થવાનું મળ્યું.

એક પ્રસંગ મારાં નાનીએ વર્ણવેલો, એ યાદ છે. એક વખત દાદા સવારમાં કોઈ પુસ્તકનું અધ્યયન કરવામાં મશગૂલ હતા. એ વખતે એમનાં પત્ની મણિબા, જે લગભગ નિરક્ષર હતાં, શાક સુધારવાનું કામ એમની નજીક બેસીને કરતાં હતાં અને સાથે ગામની ચોવટ કહેવાય એવી કોઈક સામાજિક બાબત વર્ણવી રહ્યાં હતાં. વાતના અંતે મણિબાએ પૂછ્યું, 'કેમ ખરું કે નહીં' ? દાદા પુસ્તકમાં ધ્યાનસ્થ અને નિરુત્તર! 'હું અત્યાર સુધી તમને જે કહેતી હતી એમાંનું તમે કંઈ જ સાંભળ્યું નહીં' ? જવાબમાં દાદાની પ્રમાણિકતા, 'ના'! એક પ્રસંગ મમ્મી પાસે સાંભળેલો કે એક વખત મણિબાએ ભગવાનને ધરાવવા થાળ તૈયાર કરેલો. ફળિયાનું કોઈ બાળક રમતું રમતું આવ્યું અને થાળમાંથી કશુંક ઉપાડીને બાળકે મોંમાં મૂક્યું. પ્રસાદ અભડાયો, બોટ્યો થયો, મણિબા અકળાયાં, પણ દાદાએ કહ્યું, 'કશો વાંધો નથી, ભગવાને જ તો ખાધું છે.'

મણિબા અને દાદાનું દામ્પત્ય પ્રસન્નતાથી ભરપૂર. દાદા જ્યાં જ્યાં પ્રવચનો કરવા જાય ત્યાં મણિબાને સાથે લઈ જાય. એમણે પ્રવચનમાં કરેલી વાતો બાને ન સમજાય તો ઘેર આવીને એમને સમજાવે. દાદા સાથે જવાનું હોય ત્યારે બા સરસ તૈયાર પણ થાય, દાદાનું ખૂબ ગૌરવ કરે, દાદાની બધી જ સગવડો સાચવે. ખંભાત, કુશલગઢ, ભમરિયા જેવાં રજવાડાં એમને આમંત્રણ આપતાં. ખંભાતમાં એમનું પ્રવચન હતું. ત્યાંની પરંપરા એવી કે પ્રવચન પૂરું થતાં કેટલાક શ્લોકોનું સમૂહગાન સર્વ શ્રોતાઓ સાથે મળીને કરે. શ્લોકોની પુસ્તિકાઓ સૌને વહેંચવામાં આવી. મણિબાએ પુસ્તિકા લીધી તો ખરી, પણ બાજુએ મૂકી દીધી. એમને ખૂબ શરમ આવી, પોતે વાંચી શકતાં નહોતાં. ઘેર આવીને દાદા પર ખૂબ ગુસ્સે થયાં, 'તમે બધાને ભણાવો છો, મને કેમ નથી ભણાવતા?' બસ, એ પછી એમની દીકરીઓએ બાને ભણાવવાનું બીડું ઝડપ્યું અને ધીમે ધીમે મણિબા અખબાર વાંચતાં અને એમાં રસ લેતાં થયાં. મણિબા એમની ખૂબ કાળજી કરે પણ દાદા ઘેર હોય ત્યારે પોતાનું બધું જ કામ જાતે કરી લેવાની એમની નેમ જાળવે, પોતાનાં કપડાં પણ પોતે જ ધુવે.

મણિબાના પ્રસંગથી સ્ત્રીશિક્ષણ માટે દાદા વધુ સજાગ અને સક્રિય બન્યા. પોતાની દીકરીઓને ભણાવી અને એમની દીકરીઓને અભ્યાસ કરતી જોઈને બીજી કન્યાઓ પણ શાળાએ આવતી શરૂ થઈ. દાદા પોતાના સમયથી એટલા આગળ અને પ્રગતિવાદી કે એમની એક દીકરી સાથે લગ્ન પછી દુર્વ્યવહાર થયો. એ દીકરીનાં સાસરિયાંની ધમકીઓથી દાદાએ પોતાની દીકરીને રક્ષણ આપ્યું, ગામમાં ખૂબ આલોચના થઈ છતાં લગ્નમાંથી મુક્ત કરીને વડોદરા મોકલીને એમણે બી.એ. સુધી અભ્યાસ કરાવ્યો અને પછી આફ્રિકા મોકલ્યાં, જ્યાં એમણે શિક્ષક તરીકે વર્ષો સુધી કામ કર્યું. પુત્ર અને પુત્રીઓ હિન્દી સાહિત્યમાં રસ કેળવે એ હેતુથી હિન્દીની કોવિદ સુધીની પરીક્ષાઓ અપાવીને રાષ્ટ્રભાષામાં રચાતા એ સમયના રાષ્ટ્રપ્રેમના સાહિત્યનો એમને પરિચય કરાવ્યો.

દાદા વિદ્વાન ખરા, પણ એમનામાં અરસિકતા, અલિપ્તતા, અવ્યવહારુતા તલભાર નહીં. આખા પરિવાર પ્રત્યે અને ખાસ તો સંતાનો અને પૌત્રો-પૌત્રીઓ પ્રત્યે એમને અપાર સ્નેહ અને વાત્સલ્યભાવ. ખેતરમાંથી તલ આવે એનું તેલ ઘાણીમાં કેવી રીતે પીલાય, એનો ખોળ કેવો હોય એ બતાવે અને એને ગોળ સાથે ખવાય એની મજા પણ માણે.

ચણાની મોસમ હોય તો લીલા ચણાના પોપટાની મિજબાની એ બાળકો સાથે બાળક થઈને કરે. દશેરાની ભગવાનની સવારી નીકળે અને મુનિ મહારાજની વાડીએ જાય, ત્યાં આયુધોનું પૂજન થાય – આ બધું જોવા રસપૂર્વક એ બાળકોને લઈ જાય. દિવાળીનું મેર-મૈરૈયું હોય, શેરડીના સાંઠાના ચાર ફાડા કરીને ઉપર કોપરાની કાચલીમાં ગોળનો ગોળો મૂકીને એમાં દીવેટ કરી ઘીનો દીવો લઈને ભગવાનને ચડાવવા ઉત્સાહથી થનગનતાં ઘરનાં બાળકોને તેડીને દાદા લઈ જાય. કોઈક નાનું હોય એને વળી પોતાના ખભે બેસાડીને બધું બતાવે. એમને પ્રવચનો માટે બહારગામ જવાનું થાય તો કોઈક બાળકને સાથે પણ લઈ જાય. ઘરનાં બધાં જ બાળકોને, એમની પુત્રીઓનાં જે સંતાનો મોસાળમાં રહીને મોટાં થતાં એ બધાંને, વિકસવાની અને અભિવ્યક્તિની પૂરી તકો આપવાની એમની નીતિ, બાળકો સાથે મોજથી બાળગીતો ગાય અને ગવરાવે, મજા કરાવે.

૧૯૪૨ની 'હિંદ છોડો'ની ચળવળ આવી, અને દેશદાઝનું જે પૂર આવ્યું એમાંથી ડાકોર પણ બાકાત ન હતું. ગામમાં લશ્કર બેસાડ્યું, ગોળીબાર થયા. અંગ્રેજોએ દાદાને 'રાવબહાદુર'નો ઇલકાબ આપવાનો પ્રસ્તાવ એમની સમક્ષ મૂક્યો. એમણે એનો સવિનય અસ્વીકાર કર્યો. દાદાએ અસ્પૃશ્યતાનિવારણની ઝુંબેશમાં પૂજ્ય રવિશંકર મહારાજના નેજા હેઠળ ડાકોરના મંદિરમાં હરિજન-પ્રવેશનું આયોજન કર્યું. મહિનાઓનું આયોજન અને ગામલોકોની સમજાવટ દાદાએ કરી અને પછી પૂ. રવિશંકર મહારાજ એમના ઘેર આવ્યા. ગામલોકોના ભારે વિરોધ વચ્ચે હરિજનોના એક સમૂહ સાથે મંદિરમાં મહારાજે દાદા સાથે પ્રવેશ કર્યો અને પછી સૌએ સાથે આરતી ઉતારી. વિરોધ પ્રદર્શન કરનાર કેટલીક મહિલાઓ પણ હતી અને એ લોકો મંદિરનાં પગથિયાં પર સુઈ જઈને પ્રવેશ રોકવા પ્રયત્ન કરતાં હતાં. એ બધાંને દાદાએ કુનેહથી સમજાવ્યાં, ભગવદ્ગીતાના શ્લોક 'ચતુર્વર્ણ મયા સૃષ્ટમ્'નો સાચો અર્થ સમજાવ્યો.

એમના અંતિમ દિવસોમાં એમને આંતરડાંની બીમારી લાગુ થઈ હતી, ખૂબ અશક્ત થઈ ગયા હતા. એમને બદ્રીનાથ-કેદારનાથનાં દર્શને જવાની પ્રબળ ઇચ્છા હતી અને ત્યાં એમને લઈ જવાયા. આયુર્વેદિક દવાઓ ચાલતી હતી. એમને સંગીતનો ભારે લગાવ અને જીવનના અંતિમ ચરણમાં ઘરમાં સતત ભજન-કીર્તનનું સંગીતમય વાતાવરણ રહ્યું, ઘરનાં સંતાનો ગાય-વગાડે એનાથી એ ખૂબ પ્રસન્ન થઈને આશિષ વરસાવતા. એમને ક્યાંય જવાની ઇચ્છા નહોતી, દેહ ડાકોરમાં છૂટે એવી એમની ઇચ્છા છતાં સારવાર અર્થે એમનાં સંતાનો એમને અમદાવાદ લઈ ગયાં. વી.એસ હૉસ્પિટલ પહોંચતાં પહેલાં જ અમદાવાદના રેલવે પ્લૅટફૉર્મ ઉપર એમણે અંતિમ શ્વાસ લીધો. એમની અંતિમયાત્રા ડાકોરમાં નીકળી, નનામી આખા ગામમાં ફેરવવામાં આવી જેથી એમનાં અંતિમ દર્શન સૌ કોઈ કરી શકે. ગામલોકોએ, વ્યાપારીઓએ એ દિવસે સ્વયંભૂ બંધ પાળ્યો. દુકાનોનાં પાટિયાં પાડીને લોકો એમનાં અંતિમ દર્શને ઊમટ્યા. મૃત્યુ પછી જમણવાર ન કરવાની દાદાની દૃઢ માન્યતાનો આદર કરીને મણિબા ગામવાસીઓના દબાણ અને ટીકાઓ સામે અડગ રહ્યાં. એમનો પાર્થિવ દેહ વિલીન થયો એનાથી એક યુગ અસ્ત થયો, પણ એમના આજીવન કર્મોના પ્રતીક સમી ડાકોરની સંસ્થાન હાઈસ્કૂલ આજે પણ એમની સ્મૃતિનું ચિહ્ન બનીને ઊભી છે.

***"અમારા એ દાદા, વિપુલ વડના ઝુંડ સરખા,***
***વિશાળી છાયાએ સકલ અમ સંતાપ હરતા"*** (સ્મરણ : પૂજાલાલ દલવાડી)

# સમ્મુખ સર્જકની...
## (શરીફા વીજળીવાળાએ લીધેલ સર્જકો, વિદ્વાનો, મુરબ્બીઓની મુલાકાત વિશે)

ડૉ. રાઘવ એચ. ભરવાડ

*"સજ્જન કેરા સંગથી ટળે બધા પરિતાપ;*
*સીલ લાખ પર દાબતાં ઉત્તમ ઊઠે છાપ."*

અર્થાત્ સજ્જનના સંગથી આપણાં બધાં દુઃખોનો અંત આવે છે. જેમ લાખને ગરમ કરીને તેના ઉપર મહોર મારવાથી તેની સુંદર છાપ ઊઠે છે, તેમ સજ્જનનો સંગ થતાં આપણું વ્યક્તિત્વ સોળે કળાએ ખીલી ઊઠે છે. કંઈક એવો જ અનુભવ ભાવનગર જિલ્લાના અમરગઢ ગામે હાજરાબહેન તથા કાસમભાઈને ત્યાં જન્મેલ શરીફા વીજળીવાળાએ લીધેલ દરેક મુલાકાતોમાંથી પસાર થતાં મને થયો છે. એમણે લીધેલ જુદા જુદા સર્જકો, વિદ્વાનો, મુરબ્બીઓની મુલાકતોને ત્રણ ભાગમાં વહેંચી શકાય : ૧. 'વ્યથાની કથા' પુસ્તકમાં સંગ્રહિત પંચાવન મુલાકાતો, ૨. 'સમ્મુખ'માં અનુવાદ રૂપે મળતી બે મુલાકાતો અને ૩. એ જ પુસ્તકમાં પ્રાપ્ત થતી દસ તથા એ સિવાયની જુદાં જુદાં સામયિકોમાં પ્રગટ થયેલ આઠ મુલાકાતો. એ રીતે જોવા જઈએ તો શરીફા વીજળીવાળાએ ૭૩ જેટલી મુલાકાતો લીધી છે અને ૨ અનુવાદ રૂપે એમ કુલ ૭૫ મુલાકાતો આપણને સાંપડે છે. એમાં સૌથી પહેલાં ૧૯૮૩ માં હેરલ્ડ ફ્લેંડરે લીધેલી નોબેલ પારિતોષિક વિજેતા ઈઝાક બાશેવિસ સિંગરની મુલાકાતને 'કંકાવટી'ના સપ્ટે., ૧૯૯૧ ના અંકમાં અનુવાદ રૂપે આપે છે. અર્થાત્ એમણે મુલાકાત લેતાં પહેલાં એમની પહેલાં લેવાયેલ મુલાકાતનો મહાવરો કર્યો છે.

એવો જ એક બીજો અનુવાદ ડૉ. આલોક ભલ્લા દ્વારા લેવામાં આવેલ ઇંતિઝાર હુસૈનની મુલાકાતનો મળે છે. આ મુલાકાતમાં સૌથી વધુ ૮૧ જેટલા પ્રશ્નો પૂછવામાં આવ્યા છે. જોકે એમાં વિભાજનને લગતા પ્રશ્નો પણ જોવા મળે છે. છતાં સફળ સર્જક કેટલો મહત્ત્વાકાંક્ષી હોય છે એનો પરિચય આ મુલાકાતમાં મળી રહે છે. ટૂંકમાં આ બે મુલાકાતોમાંથી પસાર થઈ, એનો અનુવાદ કરી શરીફા વીજળીવાળા આ ક્ષેત્રમાં શ્રીગણેશ કરે છે.

મુલાકાતોના બીજા વિભાગની વાત કરીએ તો 'વ્યથાની કથા'માં સમાવિષ્ટ ૫૫ મુલાકાતો છે. જેમાં સ્ત્રીઓ સાથેની માત્ર સાડાચાર જ મુલાકાતો છે! જ્યારે પુરુષોની મુલાકાતોની સંખ્યા અડધી સદીને આંબી જાય છે. આ મુલાકાતોને શરીફા વીજળીવાળાએ સાત વિભાગમાં વહેંચી છે. પ્રસ્તુત પુસ્તક વિશે એક વાક્યમાં કહીએ તો, ભાગલાને કારણે જેણે જેણે વેઠ્યું છે એમના જ મુખે રજૂ થયેલી આપવીતી એટલે 'વ્યથાની કથા'. એમાં તેમણે ફિક્શન અને ઓરલ ટ્રેડિશનની તુલના કરી છે; એટલું જ નહીં, ધાર્મિક,

ઐતિહાસિક, આર્થિક, રાજકીય એમ દરેક પરિપ્રેક્ષ્યથી તપાસ કરી છે. આ મુલાકાતોમાંથી એકાદ-બે મુદ્દા પર નજર ફેરવીએ.

નારાયણ દેસાઈ ગાંધીજીને 'સાબરમતીના જાદુગર' તરીકે ઓળખાવે છે. તો વિભાજનથી આ હદે મારકાપ થશે એ તો ઝીણા કે નહેરુએ પણ કલ્પના કરી નહોતી એમ તેમનું માનવું છે. તેમના મતે પાકિસ્તાનમાં નિરાશ્રિતોની હાલત જોઈ ઝીણા રડ્યા હતા; એટલું જ નહીં, મરતાં પહેલાં ડૉ. ઇલાહી બક્ષને કહ્યું પણ હતું કે મોટામાં મોટી ભૂલ તે 'ડિવિઝન ઑફ ઇન્ડિયા'. તો નહેરુ પણ સ્વીકારે છે કે વિભાજનથી આવી કત્લેઆમ થશે એ ખબર હોત તો 'ટ્રાન્સફર ઑફ પોપ્યુલેશન' થવા ન દીધું હોત. એવી જ રીતે मंझुर एहतेशाम પણ સ્વીકારે છે કે મહાત્મા ગાંધી પછી સૌથી વધારે જો કોઈ દુઃખી હોય તો એ ઝીણા હતા. સાથોસાથ એમણે મુસ્લિમ કોમ/મુસ્લિમ લોકોની મર્યાદાઓ પણ ઉઘાડી પાડી છે. नसीम अन्सारी તો ત્યાં સુધી કહે છે કે હિન્દુઓથી વધુ શુદ્ધ હૃદયવાળી કોમ બીજી કોઈ નથી. એની સામે હિંમતસિંહ ચાવલા સ્વીકારે છે, કે "મેં એક બાત બતાતા હૂં હમ લોગોંને કુછ કમ જુલમ નહીં કિયે મુસલમાનોં પર... વહાં ક્યા હુઆ સબ સુની સુનાઈ બાતેં હૈ લેકિન યહાં જો હુઆ વહ તો આંખો દેખી હૈ. હમ ભી ઇન્સાન નહીં રહે થે." વિભાજનમાં કેટલી કરુણતા રહેલી છે એ કુંભજીભાઈ સોઢાના શબ્દોમાં જુઓ, "હિંદુ સાલા ગધા એમ કહે ત્યારે આપણે પણ એમાં સૂર પુરાવવો પડે. હોટલવાળો ગ્લાસ ફેંકી દે. 'સાલા કાફર તેં અમારું પાણી અભડાવ્યું' એમ કહે. સિંધમાં હોટલો પર લખેલ છે, 'હિંદુ અને કૂતરાને આવવાની મનાઈ છે.'" ડૉ. પ્રીતમ વરીયાની તો કહે છે કે એમણે વિભાજનવેળાએ મુહમદ નામ ન રાખ્યું હોત તો કદાચ જીવતા ન રહ્યા હોત! એની સામે છેડે સિંધમાં રહેનાર એક પણ હિન્દુ એમ નથી કહેતું કે મુસલમાન દુશ્મન છે. બંને કોમ મિત્રભાવે જ રહેતા હતા. સોઢા રાજપૂતો બેટી/દીકરીનાં લગ્ન માટે જ ભારત આવે છે, ને એ જ એમનું ભારત આવવાનું મુખ્ય કારણ હતું.

મુલાકાતોના ત્રીજા અને મુખ્ય વિભાગમાં આપણને કુલ ૧૮ મુલાકાતો મળે છે. આગળ કહ્યું એમ શરીફા વીજળીવાળાએ પહેલાં અન્ય ભાષામાં થયેલ સર્જકની મુલાકાતમાંથી પસાર થઈ પછી જ આપણા સર્જકો સાથે ગોષ્ઠી માંડી છે. જોકે એનાં મૂળ તો વિદ્યાર્થીકાળમાં રોપાઈ ગયાં હતાં. 'સમ્મુખ' પુસ્તકની પ્રસ્તાવનામાં એમણે કહ્યું જ છે કે સર્જકોને પત્રો લખવા એ એમનો શોખ હતો ને એમાંય એમના ગુરુ શિરીષ પંચાલે એમને 'Paris Interviews Seris' વાંચવાની ભલામણ કરી. શરીફા વીજળીવાળા એના ચાર ભાગમાંથી પસાર થાય છે ને મનોમન નક્કી કરે છે કે આપણા સર્જકો, વિદ્વાનો માને તો એમના અંતરમનની વાતો વાચકો સુધી લઈ જવી. અને કહેવાય છે ને કે તમે કંઈક ખરા હૃદયથી ચાહો તો અવશ્ય એની પ્રાપ્તિ થાય. તેઓ પોતાની ઇચ્છા મુજબ આપણા સર્જકો, વિદ્વાનોને રાજી કરી એમના અંતરંગને આપણી સામે ઉઘાડી આપે છે. ને એનું પરિણામ એટલે 'સમ્મુખ'. પુસ્તક રૂપે આ મુલાકાતો સાંપડે છે એ પહેલાં 'નવનીત સમર્પણ', 'શબ્દસૃષ્ટિ', 'પ્રત્યક્ષ', 'કંકાવટી' તથા 'ફાર્બસ' આદિ સામયિકોમાં એ પ્રગટ થાય છે. જેમાં 'ફાર્બસ'ના ઑક્ટો.-ડિસે., ૧૯૯૭ માં હિમાંશી શેલતની લીધેલી સૌથી પહેલી મુલાકાત પ્રગટ થાય છે. તો છેલ્લી 'નવનીત સમર્પણ'ના માર્ચ, ૨૦૧૩ ના અંકમાં ધીરુભાઈ ઠાકરની મુલાકાત પ્રાપ્ત થાય છે. પણ પ્રસ્તાવનામાં એમણે કહ્યું છે એ

મુજબ તેઓ ત્યાં જ અટક્યાં નથી અને ઑક્ટો., ૨૦૧૮ થી ડિસે., ૨૦૨૨ સુધીમાં ભગવતીકુમાર શર્મા, મધુસૂદન પારેખ, શિરીષ પંચાલ, અરુણા જાડેજા, વર્ષા અડાલજા, વીનેશ અંતાણી, મધુ રાય અને પન્ના નાયક આદિની મુલાકાતો પણ લીધી છે.

શરીફા વીજળીવાળાએ લીધેલ આ દરેક મુલાકાતોથી વાચકોને કેવું તો જ્ઞાન સાંપડ્યું છે એનું મૂલ્ય આંકવું અઘરું છે. એમાં જે-તે સર્જક, વિદ્વાને લખવાની શરૂઆત કેવી રીતે કરી, તેમનું પ્રથમ સર્જન ક્યાં અને ક્યારે પ્રગટ થયું, સર્જન સમયે તેમની માનસિક સ્થિતિ કેવી રહેતી, ક્યારેક સર્જનવેળાએ પસંદગીનું સ્થળ કે સમય હોય વગેરે બાબતો આ મુલાકાતો દ્વારા જાણી શકાય છે. વળી, દરેક મુલાકાતની શરૂઆતે શરીફા વીજળીવાળા જે-તે સર્જકનો ટૂંકો પરિચય આપે છે ને એ પરિચયમાં પણ ઘણું અનોખું જ્ઞાન પીરસવામાં આવ્યું છે. જેમ કે, રઘુવીર ચૌધરી ગુજરાતી સાહિત્ય પરિષદ ઉપરાંત અન્ય ઘણી સંસ્થાઓના ટ્રસ્ટી છે, અને એમનો સૌથી મોટો ગુણ એ છે કે તેઓ પરિસંવાદોમાં આરંભથી અંત સુધી ટટ્ટાર બેસે એટલું જ નહીં શબ્દેશબ્દ સાંભળે અને નવીનોમાં શક્યતા દેખાય તો સંકોરે પણ ખરા. તો વર્ષા દાસ ગુજરાતી, હિન્દી, મરાઠી, બંગાળી, અંગ્રેજી, ઊડિયા એમ અનેક ભાષા પર પ્રભુત્વ ધરાવે છે, લવકુમાર ખાચર તો માત્ર અવાજ પરથી પક્ષીને ઓળખી બતાવે, હિમાલયની પહાડીઓ પર કેટલી ઊંચાઈએ કયાં વૃક્ષો હશે તેની સરળ સમજૂતી આપી શકે એવા, કે ભારતના ત્રણ સાવ જુદી ફિતરત ધરાવતા વડાપ્રધાનો - મોરારજી દેસાઈ, ચૌધરી ચરણસિંગ તથા ઇંદિરા ગાંધીના એકમાત્ર સેક્રેટરી તરીકે કુનેહપૂર્વક ફરજ બજાવનાર હસમુખ શાહ, 'કીમિયાગર', 'વક્રદર્શી' જેવા ઉપનામે લખનાર મધુસૂદન પારેખ ૬૫ વર્ષ સુધી 'બુદ્ધિપ્રકાશ'નું તંત્રીપદ શોભાવે છે એટલું જ નહીં એમના પિતા હીરાલાલ પણ 'બુદ્ધિપ્રકાશ'ના તંત્રી હતા. શિરીષ પંચાલે આત્મકથા લખવાનો પ્રયત્ન કર્યો હતો (આઠ-દસ પ્રકરણ સુધી), પણ અમુક કારણોસર પૂર્ણ ન કરી શક્યા, વીનેશ અંતાણીએ તો લેખન સિવાય રેડિયો પર વીસ વર્ષ કામ કર્યું છે, ઉપરાંત 'ઇન્ડિયા ટુડે' ગુજરાતી આવૃત્તિના સંપાદક પણ રહી ચૂક્યા છે. વર્ષા અડાલજા ગુણવંતરાય આચાર્યનાં દીકરી ને ઇલા આરબ મહેતાનાં બહેન છે.

રઘુવીર ચૌધરી કવિતાથી પોતાની સર્જનપ્રક્રિયા આરંભે છે. જે આર. બી. એલ. ડી. હાઈસ્કૂલ, માણસાની પત્રિકામાં પ્રગટ થયેલી અને એનું શીર્ષક હતું 'ગતિ'. તેઓ બહોળા પ્રમાણમાં સર્જન કરી શક્યા એની પાછળ ઓછા આહાર અને ઓછી નિદ્રાને ગણાવે છે. અને સ્વીકારે છે કે તેઓએ દરરોજ લખ્યું નથી, પણ જ્યારે લખ્યું છે ત્યારે ભાન ભૂલીને લખ્યું છે. આ સર્જકે કેટલું તો વાંચ્યું છે એનો ખ્યાલ એમણે આપેલા જવાબો પરથી આવે છે. તેમના જવાબોમાં ગુજરાતી સર્જકો, ભારતીય સર્જકો, અને પાશ્ચાત્ય/વૈશ્વિક સર્જકોના અનેક સંદર્ભ આવે છે. એમણે જે જે સર્જકોનો ઉલ્લેખ કર્યો છે એનાં નામ તો જુઓઃ રાજેન્દ્ર શાહ, ઉમાશંકર જોશી, સુરેશ જોષી, ઈશ્વર પેટલીકર, ગોવર્ધનરામ, દર્શક, પન્નાલાલ પટેલ, હરિવલ્લભ ભાયાણી, રવીન્દ્રનાથ, પ્રેમચંદ, જ્યાં પોલ સાર્ત્ર, એલિયટ, કામૂ, સી. પી. સ્નો, નિત્શે, ડી. એચ. લૉરેન્સ, બ્રેખ્ત... વળી, એમની નવલકથાઓ પર વિવેચનો તો અનેક થયાં છે, પણ અન્ય સર્જક દ્વારા આપવામાં આવેલ મૌખિક પ્રતિભાવો પણ જાણવા જેવા છે, "ઈશ્વર પેટલીકર 'અમૃતા' વાંચીને અભિનંદન આપવા ઘરે આવેલા કહે : 'તમે તો વાર્તા વિના નવલકથા લખી.' બીજી બાજુ પન્નાલાલ પચાસ પૃષ્ઠ વાંચ્યા

પછી અટકી ગયેલા. કહે : 'ભાઈ, મનમાં બઉ ઊંડા ઊતરો છો. કુણ વાંચશે?"

હિમાંશી શેલત સાથેની ગોષ્ઠિમાં પણ તેઓની સર્જનપ્રક્રિયા વિશે વિગતે માહિતી મળે છે. તેઓ પહેલાં પાત્ર શોધે છે ને પછી પાત્રને આધારે વાર્તા લખે છે : "મને પહેલાં પાત્રો મળે છે. આમાં ભાગ્યે જ અપવાદ હશે. પાત્રો દ્વારા જ કથાબીજ મળે. ઉદાહરણ આપું તો 'ઠેકાણું'નું મુખ્ય પાત્ર સુરતની એક સાંકડી ગલીમાં જોયું. [...] 'પાછળ રહી ગયેલું એક ઘર'નો છોકરો એક બંગલાની પાછળ બેઠો બેઠો દાતણ કરતો મળી આવેલો. મને રસ પડે એવાં પાત્રો મળતાંવેંત વાર્તા વણાતી જાય." તો ગુજરાતી વાચક તરીકે આપણને ગર્વ થાય એવી વાત પણ એમણે કરી છે. તેમના જણાવ્યા અનુસાર ગુજરાતી વાર્તા, વિશ્વસાહિત્યની અને ભારતીય ભાષાઓની ટૂંકી વાર્તાથી જરાય ઊતરતી નથી. ને જે-તે સર્જકોની વિશેષતા તથા ગુજરાતી વાર્તાનો વિકાસ સરળતાથી અને ટૂંકમાં જાણવો હોય તો એમણે આપેલ જવાબ વાંચવા જેવો છે. એવી જ રીતે અન્ય ગુજરાતી સર્જકો એમને શા માટે ગમે છે એનો ખુલાસો પણ એમણે કર્યો છે, જેમાં જે-તે વાર્તાકારની લાક્ષણિકતાઓ સુપેરે પ્રગટ થઈ છે.

શિરીષ પંચાલ સુરેશ જોષીના વિદ્યાર્થી અને સાહિત્યજગતમાં સુરેશ જોષીનું નામ બહુ મોટું છે એ કહેવાની જરૂર નથી. આધુનિકયુગના આ પુરસ્કર્તાનો અનેક સર્જકો પર પ્રભાવ પડ્યો છે. અનેક સર્જકો-વિવેચકો એમના રસ્તે ચાલે છે. પણ શિરીષ પંચાલ એમના વિદ્યાર્થી હોવા છતાં જુદો રસ્તો અપનાવે છે. એનું કારણ આપતાં તેઓ જણાવે છે, કે 'હું સંવાદ-સેતુબંધમાં માનતો હતો. અમુક પ્રકારના લેખનથી સંવાદ ન થઈ શકે એમ માનીને મેં જુદો માર્ગ અપનાવ્યો.' આવી પોતાની આગવી સમજ ધરાવનાર શિરીષ પંચાલ પશ્ચિમની જેમ શા માટે આપણે ત્યાં કોઈ આંદોલન વિકસી ના શક્યું એના કારણો પણ આપે છે, 'પશ્ચિમમાં આધુનિકતાની જે વિકાસયાત્રા ચાલી તેમાં સો-સવાસો વર્ષનો દીર્ઘ પટ હતો. આપણે એ પટ '૬૦ થી '૭૦ ના ગાળામાં સમાવવા ગયા.' આનાં પરથી કહી શકાય કે આપણે પરદેશનું જોઈ માત્ર કુદાકુદ જ કરીએ છીએ. તો સુરેશ જોષીએ 'વિદ્યા વિનાશના માર્ગે' જેવું પુસ્તક શા માટે લખ્યું છે એનો સરસ જવાબ તેઓ આપે છે, પરંતુ આ શિરીષ પંચાલ શિક્ષકો કરતાં રાજેશ પંડ્યા, શરીફા વીજળીવાળા, મીનલ દવે, સમીર ભટ્ટ, કિશોર વ્યાસ, હસિત મહેતા જેવા ઉત્તમ વિદ્યાર્થીઓ મેળવ્યાનો સંતોષ વ્યક્ત કરે છે. જોકે એમાં મીનલ દવે ઓછું લખે છે એવી ફરિયાદ પણ કરે છે. ને આપણે જાણીએ છીએ કે શિક્ષકને વિદ્યાર્થીમાં રહેલું વિત્ત ખબર જ હોય છે અને એ પ્રમાણે એની પાસેથી ન મળે તો અવશ્ય શિક્ષકને દુઃખ થાય જ, એ આ ફરિયાદમાં જોઈ શકાય છે. આ સિવાય પણ શિક્ષણક્ષેત્રે થયેલો રાજકારણનો પગપેસારો ને એના લીધે શિક્ષણની કેવી ઘોર ખોદી છે એની વિગતો, તેઓ શા માટે પુરસ્કારો સ્વીકારતા નથી એની સ્પષ્ટતા, સાહિત્યસંપાદનો વિષયક ચિંતાઓ, ગુજરાતી ભાષાના શાળાકીય પુસ્તકોમાં રહેલ નબળાઈ દૂર કરવાનો સ-રસ રસ્તો કે સોશિયલ મીડિયાના ઓછા ઉપયોગથી કેટકેટલા લાભો થાય છે એ જાણવું હોય તો શિરીષ પંચાલની આ મુલાકાત અવશ્ય વાંચવી જોઈએ.

તો વર્ષાબહેન અડાલજાએ કેટલી સહજતાથી સર્જન કર્યું છે એના અવનવા કિસ્સાઓ એમની સાથેની મુલાકાતમાંથી જાણવા મળે છે. વળી, મોટા સર્જકને પોતાના સામર્થ્ય પર વિશ્વાસ હોય છે એમ શું ન લખી શકાય એ પણ તેઓ બરાબર જાણતા હોય છે એની

પ્રતીતિ પણ થાય છે. એટલે જ વર્ષા અડાલજા કવિતા કે બાળવાર્તા લખવાનો પ્રયત્ન કરતાં નથી, કારણ કે તેઓ માને છે, કે 'જે ન આવડે તેના પર હાથ અજમાવવો જોઈએ નહીં' વર્ષાબહેનની જેમ વીનેશ અંતાણીને પણ કવિતા લખતાં ફાવી નથી. એનો સ્વીકાર કરતાં તેઓ કહે છે, કે 'શરૂઆતમાં કવિતાના નામે થોડાં બાલીશ ગતકડાં કર્યાં હતાં, પરંતુ મને તરત સમજાયું કે કવિતા મારા હાથની વાત નથી.' ને એ કવિતાને બદલે વાર્તા તથા નવલકથામાં પોતાનો હાથ અજમાવે છે. આપણે ત્યાં ઘણા નવયુવાનોએ આમાંથી શીખવા જેવું છે. ઉપરાંત વર્ષા અડાલજા પોતાની કૃતિ લખતી વેળાએ એના સમય, સ્થળ તથા પાત્રોને બરાબર ન્યાય આપવા માટે જે-તે સ્થળની મુલાકાત લે છે. તેઓ 'ક્રૉસરોડ' માટે અમૃતસર, જલિયાંવાલા બાગ, કૉલકાતા આદિ સ્થળોએ જઈને રહે છે. તો નવલકથાના પાત્રોની ઉંમર, એનો સમયગાળો આદિ માટે પણ એમણે કેટકેટલી મથામણ કરવી પડે છે એનો આલેખ પણ મળી રહે છે ને આ વાંચ્યા પછી જો નવલકથા વાંચીએ તો એની એક અલગ જ અનુભૂતિ થાય.

ધીરુબહેન પટેલ તો રમૂજપ્રેરક ભાષામાં પોતાના જન્મની વાત કરે છે, 'જન્મ વડોદરામાં થઈ ગયો, કારણ કે મારાં માતુશ્રી પ્રવાસમાં હતાં અને મેં દુનિયા જોવાની થોડી ઉતાવળ કરી નાખી.' તો તેઓ માત્ર પાંચ-છ વર્ષની ઉંમરે લખવાની શરૂઆત કરે છે એ થોડું અજુગતું લાગે છે. આપણને પ્રશ્ન થાય કે શું ખરેખર આટલી નાની ઉંમરે બાળક લખી શકે? ડાયરી એટલે શું એની સમજ હોય ખરી? હા, પછી પંદર વર્ષે 'સંજોગ' નામની ટૂંકી વાર્તા લખી એ સ્વીકાર્ય છે પણ ડાયરીવાળું તો કંઈક વધારે લાગે છે.

પ્રફુલ્લ દવેએ ૧૯૫૧ થી '૫૬ સુધી મૂળ નામે અને ૧૯૬૪ થી અત્યાર સુધી ઈવા ડેવના નામે અર્થાત્ બે નામે લખ્યું છે. પરંતુ વિવેચકોએ 'આગંતુક' કે 'તરંગિણીનું સ્વપ્ન' સિવાય અન્ય કૃતિઓ વિશે વિવેચન કર્યું નથી એનો તેઓ વસવસો વ્યક્ત કરે છે; એટલું જ નહીં, સુરેશ જોષી સાથે થયેલી એમની વાતચીતનું તારણ કાઢતાં તેઓ કહે છે કે સુરેશ જોષીને એમની વાર્તાઓ 'બધું છતું કરતી' લાગે છે એટલે એના વિશે કંઈ લખ્યું નથી.

આપણે સૌ મોહનલાલ મહેતા 'સોપાન'ને ઓળખીએ, પરંતુ એમનાં દીકરી વર્ષા દાસ પણ સારાં લેખિકા છે એ બહુ ઓછાને ખ્યાલ હશે. પણ કહેવાય છે ને કે મોરનાં ઈંડાં ચીતરવાં ન પડે એમ વર્ષા દાસ પાસેથી લગભગ ૫૦ જેટલાં પુસ્તકો મળે છે એટલું જ નહીં, મોટે ભાગે સર્જન નાની ઉંમરે શરૂ કર્યું હોય એવું આપણે ઘણું સાંભળ્યું છે, પણ અનુવાદકાર્ય સ્કૂલમાં હોય ત્યારે જ કોઈ કરે એવું લગભગ સાંભળવામાં આવ્યું નથી. એ રીતે વર્ષા દાસ બધાથી અળગાં પડે છે, ને એ જ એમની વિશેષતા છે. એવી જ રીતે અત્યારનો ભાવક શા માટે સાહિત્યથી દૂર થયો છે? કેમ ઓછું વાંચે છે? એવા પ્રશ્નોના સચોટ જવાબ મંજુ ઝવેરી આપે છે.

ગાંધીજીના આદર્શો પર ચાલનાર, પિતાની જેમ જ ગાંધીજીને અનુસરનાર કહો કે પોતાનું જીવન સમર્પિત કરી દેનાર નારાયણ દેસાઈ માત્ર પાંચ ધોરણ ભણ્યા હતા પણ ગાંધીજીની સાથે રહી ઘણું શીખ્યા ને ઘડાયા હતા. તો સાચો અધ્યાપક નિસબતથી કામ કરે તો કશું જ અશક્ય નથી એનું ઉદાહરણ એટલે ધીરુભાઈ ઠાકર. તેઓ મોડાસા કૉલેજમાં જોડાય છે ત્યારે માંડ ૧૫૦ વિદ્યાર્થી હતા, પણ તેમના નિવૃત્તિના સમયે ૩૦૦૦ વિદ્યાર્થી હોય છે. એટલે જ ઉમાશંકર જોશી મોડાસાને ઉત્તર ગુજરાતનું ઑક્સફર્ડ કહેતા.

એવી જ રીતે લેખિણીમાં કેટલી શક્તિ રહેલી છે એનું ઉદાહરણ લવકુમાર ખાચર આપે છે, 'IMFમાં લખતો ત્યારે સરકારની ટીકા કરેલી. ઇંદિરા ગાંધીએ મારો લેખ વાંચ્યો. ને પરિણામે નંદાદેવીને વર્લ્ડ હેરિટેજ તરીકેનો દરજ્જો મળ્યો. કચ્છમાં એ જ રીતે Marine National Park (દરિયાઈ રાષ્ટ્રીય ઉદ્યાન) સ્થપાયો.'

વળી, આ મુલાકાતોમાં જે-તે સર્જકના જુદા જુદા મતો પણ દૃષ્ટિગોચર થાય છે. રઘુવીર ચૌધરી કે અન્ય સર્જકો બે-ત્રણ વાર લખ્યા પછી કૃતિ પ્રગટ કરે છે, જ્યારે ધીરુબહેન પટેલ માટે તો 'First draft is final draft' હતો અને 'First draft is final draft' પણ કેવી રીતે લખાય છે એ તો જુઓ, "કંઈક જોઈને દુઃખ થાય, પ્રશ્નો જાગે એવું બધું બને. ક્યારેક થાય કે આ તો લખવું જ પડશે – જાણે ભૂત ભરાય એવી રીતે 'વિનાશને પંથે' ત્રણ દિવસમાં અને 'વાંસનો અંકુર' એક અઠવાડિયામાં લખેલી." રઘુવીર ચૌધરી સર્જન માટે અનુભવને મહત્ત્વ આપે છે જ્યારે ધીરુબહેન નિરીક્ષણ અને કલ્પનાને મહત્ત્વના ગણે છે. એવું જ કંઈક વીનેશ અંતાણી અને મધુ રાયના વિચારોમાં પણ જોવા મળે છે. વીનેશ અંતાણી સર્જકકર્મને મહત્ત્વ આપે છે, જ્યારે મધુ રાય પ્રેરણાને. મધુ રાયને મતે તો વાર્તાની પ્રથમ લીટી લખાયા બાદ વાર્તા આપોઆપ-દ્વારિકાનાથને આશીર્વાદે લખાઈ જાય છે. જોકે શરીફા વીજળીવાળાની જેમ મનેય આ જવાબ પચતો નથી. બે-પાંચ વાર્તાઓમાં કદાચ આ બની શકે, પણ સમગ્ર સર્જનમાં શું આ શક્ય છે ? કારણ કે સર્જકે એક એક લીટી લખવા માટે મહેનત કરવી પડતી હોય છે. ક્યારેક તો એકાદ શબ્દ શોધવામાં તેની પદુડી નીકળી જતી હોય છે. પણ મધુ રાય પર દ્વારિકાનાથના ચાર હાથ હશે એમ માની લઈએ બીજું શું! તો હિમાંશી શેલતને ગુજરાતી વાર્તા પ્રત્યે જે સંતોષ છે એવો ધીરુબહેન પટેલને નવલકથા ક્ષેત્રે સંતોષ નથી. તેમના મતે ગુજરાતી ભાષામાં દુનિયાભરમાં પંકાય એવી નવલકથા લગભગ છે જ નહીં. એની સામે શિરીષ પંચાલના મતે વાર્તા, નવલકથા અને કવિતાક્ષેત્રે ગુજરાતી સાહિત્યે ઠીક ઠીક ગજું કાઢ્યું છે, પણ નાટકમાં કશું નોંધપાત્ર સિદ્ધ કરી શક્યા નથી.

શરીફા વીજળીવાળા સ્પષ્ટ વાત કરવા માટે જાણીતાં છે. ને એનો અનુભવ આ મુલાકાતો દ્વારા પણ થાય છે. સામે રહેલ સર્જક ભલેને ગમે તેવો પંકાયેલો કેમ ન હોય પણ શરીફા વીજળીવાળાને મર્યાદા જણાય ત્યાં કોઈ પણ ખચકાટ વિના કહી દે છે. બે-ત્રણ ઉદાહરણ જુઓ. તેઓ રઘુવીર ચૌધરીને પ્રશ્ન કરે છે, 'તમારી અંદર એક કડક ધોરણવાળો વિવેચક સતત હાજર છે જ. વાર્તાસ્વરૂપ વિશેની તમારી સમજ અને સજ્જતા માટે મને અતિ આદર છે. તમારા જેવી વ્યક્તિ ગુજરાત સાહિત્ય અકાદમી માટે આવું શંભુમેળા જેવું વાર્તાસંપાદન કઈ રીતે કરી શકે ? રઘુવીર ચૌધરીની સજ્જતા, સૂઝ, તારણો, પુનર્મૂલ્યાંકનોનો લાભ આ સંપાદનને કેમ ન મળ્યો ?' તો ભગવતીકુમાર શર્માને, 'કેટલાંય સાવ નબળાં પુસ્તકો પણ તમારી સુંદર પ્રસ્તાવના પામ્યાં છે' એમ કહેતાં અચકાતાં નથી. ઉપરાંત શરીફા વીજળીવાળા વર્ષા અડાલજાને પણ કહે છે કે તેમના દરેક વાર્તાસંગ્રહની પ્રસ્તાવના લગભગ એકસરખી છે; એટલું જ નહીં, એમાં શાસ્ત્રીય સમજનો પણ અભાવ છે એવુંય કહે છે. વળી, અમુક વાર્તાઓ ઉત્તમ નથી એમ પણ બેબાક રીતે કહે છે. પરંતુ આ ક્યારે શક્ય બને ? શરીફા વીજળીવાળા જે-તે સર્જકની મુલાકાત લેવા જતાં રહેતાં નથી. વર્ષાબહેનની મુલાકાતે જતાં પહેલાં એમના અગિયાર વાર્તાસંગ્રહો અને એમાં

રહેલ ૨૧૪ વાર્તાઓ ઉપરાંત એમની નવલકથાઓમાંથી પસાર થઈ, પછી જ મુલાકાત લે છે. વીનેશ અંતાણીની મુલાકાત લેતાં પહેલાં એમના સમગ્ર સર્જનમાંથી પસાર થાય છે. બાકી તો સાદો પ્રશ્ન પૂછે કે તમારી નવલકથા પર થોડી વાત કરો, જે-તે વાર્તા પર થોડો પ્રકાશ પાડો, આપના નિબંધો વિશે તમારું શું કહેવું છે? વગેરે. પણ શરીફા વીજળીવાળા સર્જકના સમગ્ર સર્જનમાંથી પસાર થયાં છે ને એટલે જ, 'તમારી વાર્તામાં બક્ષી કશે નથી દેખાતા પણ તમારી આરંભની નવલકથાઓમાં – ખાસ કરીને 'નગરવાસી' અને 'એકાંતદ્વીપ' પર બક્ષીશૈલીનો સીધો પ્રભાવ હતો એવું અમને વાંચનારાઓને લાગે. તમને એવું લાગેલું?' એવો પ્રશ્ન થઈ શકે. વળી, સર્જનની સાથોસાથ અન્ય ક્ષેત્રમાં રહેલા એમના પ્રદાનની પણ પ્રશ્નકર્તાને જાણ હોવી જરૂરી છે. એવી જાણ હોય તો જ આ પ્રશ્ન થઈ શકેને, 'તમે આરંભે આટલાં રેડિયોનાટક લખ્યાં. પછીથી જાતને વાર્તા-નવલકથા પૂરતી કેમ મર્યાદિત કરી દીધી? આજે એ રેડિયોનાટકો સચવાયાં છે ખરાં? રેડિયોનાટક ઉપરાંત 'અંધેરી નગરી' કે 'રજનીગંધા' જેવાં નાટકોનું દિગ્દર્શન કરનાર વીનેશ અંતાણીએ રંગભૂમિ સાથે સાવ છેડો ફાડી જ નાખ્યો એવું કેમ?' આ બધા પ્રશ્નો કંઈ એમ જ ન સૂઝે. મધુ રાયને વાંચ્યા હોય તો જ ખબર પડે ને એ એમના નાટક, નવલકથા કે હરિયા જૂથની વાર્તાઓમાં અનાયાસ સર્જકતા છે ને 'ચહેરા'માં કે 'કાલસર્પ'ની ઘણી વાર્તાઓમાં આયાસ છે.

આ મુલાકાતો દરમિયાન શરીફા વીજળીવાળાને અમુક વાર મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે. 'વ્યથાની કથા'માં તો મુલાકાતીને કેટલી આજીજી કરવી પડે ત્યારે એ કંઈક બોલે. અને બોલે તો કૅમેરા સામે ન બોલે, કંઈ લખવા પણ ન દે. એવા અનેક અનુભવો વચ્ચે પણ તેઓ નાસીપાસ થતાં નથી. કંઈક એવું જ મધુ રાય સાથેની મુલાકાતમાં પણ થાય છે. સતત ત્રણ ત્રણ મહિનાના પ્રયત્નને અંતે મધુ રાય સાથે એમની મુલાકાત થાય છે, કહો કે પ્રશ્નોત્તરી પૂર્ણ થાય છે. તો ધીરુબહેન પટેલને પણ ઘણા સમય પહેલાં પ્રશ્નો મોકલી આપ્યા હતા, પણ જવાબો ઘણા મોડા મળે છે. પરિણામ એ આવ્યું કે પ્રશ્નો પૂછવામાં આવ્યા ત્યારે ધીરુબહેન પટેલને અકાદમીનો ઍવૉર્ડ મળ્યો ન હતો, પણ તેઓ જવાબ એટલા મોડા આપે છે કે એ દરમિયાન એમને 'આગંતુક' માટે ઍવૉર્ડ મળી ગયો હતો!

આવું તો ઘણું ઘણું આ મુલાકાતોમાંથી મળે છે, જે કદાચ જે-તે સર્જક આત્મકથા લખે તો જાણવા મળત. બાકી તો આવાં કેટલાંય રહસ્યો એમની સાથે એવાં ને એવાં અકબંધ પડ્યાં રહેત. માટે શરીફા વીજળીવાળાનો જેટલો આભાર માનીએ એટલો ઓછો છે. પરંતુ આ મુલાકાતોમાં એકાદ-બે ઠેકાણે તેઓ આત્મપ્રશંસા કરે છે એ કઠે છે. શિરીષ પંચાલને તેઓ પ્રશ્ન કરે છે, 'તમે મારી જેમ જ પુષ્કળ લોકપ્રિય સાહિત્ય વાંચ્યું છે. તમને લાગે છે કે ગુજરાતી સાહિત્યમાં કોઈએ લોકપ્રિય સાહિત્ય વિશે ગંભીરતાથી અભ્યાસ કરવો જોઈએ?' હવે અહીં પ્રશ્ન થાય કે શા માટે તેઓ પોતે જ કહે છે કે એમણે પુષ્કળ લોકપ્રિય સાહિત્ય વાંચ્યું છે? બહેન એ કહેવાની જરૂર નથી, જગજાહેર છે. એવી જ રીતે મધુ રાયને તેઓ મુલાકાતની શરૂઆતે જ કહે છે, કે 'મધુભાઈ, તમે ભાષાની ગમી જાય એવી લીલા માટે જાણીતા છો, નવલકથા-વાર્તા કે નાટકમાં અને છાપાંની કૉલમમાં પણ... એટલે કશું પણ પૂછતાં પહેલાં એટલું કહું કે તમે શક્ય એટલા ટૂંકા અને શક્ય

એટલા નક્કર (વાયવી નહીં) જવાબો આપો એવી મારી નમ્ર વિનંતી છે.' પરિણામે બે-ચાર જવાબોને બાદ કરતાં બાકીના બધા જ પ્રશ્નોના જવાબ મધુ રાય બહુ જ ટૂંકમાં આપે છે. કેટલાક પ્રશ્નો ચાર-પાંચ લીટીના હોય પણ એના જવાબ માત્ર એક જ લીટીમાં પૂર્ણ થઈ જાય એવુંય બન્યું છે. એટલે એમ કહી શકાય કે શરીફા વીજળીવાળાએ જો ઉપર્યુક્ત વિનંતી ન કરી હોત તો મધુ રાય પાસેથી ઘણું બીજું પણ જાણવા મળ્યું હોત.

ટૂંકમાં સર્જકને સાચા અર્થમાં ઓળખવા માટે આપણે એની સાથે ગોઠડી માંડવી પડે. ને શરીફા વીજળીવાળાએ અનેક મુશ્કેલીઓનો સામનો કરીને પણ સર્જક સાથે એવો સંવાદ સાધ્યો છે. પરિણામે આપણને જે-તે સર્જકનો સંપૂર્ણ પરિચય સાંપડે છે. આપણે આશા રાખીએ કે તેઓ 'પ્રવૃત્તિમય સંન્યાસ' ધારણ કરી આવી અઢળક મુલાકાતો કરતાં રહે ને આપણને સૌને નવું નવું જ્ઞાન પીરસતાં રહે.

■

લાઠી તા. ૨-૨-'૯૭

પ્રિય ભાઈ કાન્ત,

આપનું પત્ર મળ્યું. હું શું લખું? આપની આવી લાગણી માટે હું શું લખું?

મારે માટે આપ હજુ વિશેષ જાણશો અને કદાચ તે જાણીને આપને ખેદ થશે કે પ્રભુ જાણે શું થશે. હું બહુ ખામીઓથી ભરેલો માણસ છું. આ વિવેક ખાતર કહેતો નથી પણ મને જે લાગ્યું છે તે જ કહું છું. હું બહુ નબળો માણસ છું એમ મને બહુ લાંબા કાળથી લાગે છે. પણ હશે, હું કાંઈ આપને કહું તે કરતાં આપ જ જાણી લેશો એ વધારે સારી રીતે જણાશે.

ડૅન્ટી અને બર્ન્સનાં પુસ્તકો જે આપે મારા લિસ્ટમાં લખેલાં તે સિવાયનાં બીજાં બધાં પુસ્તકો અને આ છેલ્લું જેને માટે આપ લખો છો તે પણ કૃપા કરી મોટા ટાઇપનાં મારે માટે મગાવશો. ડેન્ટી અને બર્ન્સ મેં મગાવેલ છે એ બધાં પુસ્તકો હું ધીમે ધીમે વાંચીશ.

વાળુકડ ભાવનગર થઈને ૬-૬-'૯૮

તમારું પોસ્ટ કાર્ડ મળ્યું. બંધુ, તમારી કેટલીએક માન્યતાઓ સ્પષ્ટ સમજવાની મને બહુ ઇચ્છા થાય છે. મળવાનો પ્રસંગ પરન્તુ બની શકતો નથી. હું પોતે હજુ બહુ અંધારમાં છું અને કદાચ આખી જિંદગી એવા જ અંધકારમાં રહીશ એમ લાગે છે. તમે 'બધી કવિતા અને ફિલસૂફી ઈશ્વરી સત્ય સાથે સરખાવતાં નિર્માલ્ય છે' એમ કહો છો તે જ હું માનું છું કવિતા અને ફિલસૂફીને શંકાઓ માત્ર હું માનું છું પરન્તુ એથી ઊંચે હોય એવું ઈશ્વરી સત્ય ક્યાં દેખાયું છે?

**કવિ કાન્તને લખેલો પત્ર.**

# દેરિદા અને વિઘટનશીલ ફિલસૂફી-9
## (સાહિત્યવિશેષ : ગાયત્રી સ્પિવાક)

સુમન શાહ

દેરિદાનાં ઘનિષ્ઠ અધ્યયનકાર, અનુવાદક અને સદ્ સમીક્ષક ગાયત્રી ચક્રવર્તી સ્પિવાક સુખ્યાત ભારતીય વિદુષી છે, (1942 - ). મૂળે ફ્રૅન્ચમાં લખાયેલા દેરિદાના De la grammatologieનો સ્પિવાકે 1967માં અંગ્રેજીમાં અનુવાદ શરૂ કર્યો ત્યારે એમની ઉમ્મર ઉત્તર 'વીસીનાં વરસોની હતી. ત્યારથી માંડીને કહો કે આજ સુધી તેમનો દેરિદાની વિઘટનશીલ ફિલસૂફી સાથેનો વિદ્યાકીય અનુબન્ધ સતત વિકસ્યા કર્યો છે. એ અનુવાદ તે, Johns Hopkins University Press દ્વારા 1976માં પ્રકાશિત, Of Grammatology.

એ વર્ષોમાં સ્પિવાક અમેરિકાની University of Lowaમાં 1965થી આસિસ્ટન્ટ પ્રૉફેસર હતાં. સ્વાભાવિક છે કે યુવા-વયે જ્ઞાનભૂખી વ્યક્તિ બૌદ્ધિક ઉત્તેજના માટે કશોક ખોરાક શોધે. એવી શોધને પરિણામે 1967માં સ્પિવાકને એક કૅટલોગમાંથી દેરિદાના એ મૂળ પુસ્તકની માહિતી મળી જાય છે અને નકલ મેળવવા તેઓ ઑર્ડર મોકલે છે. સ્પિવાકે પોતે કહ્યું છે કે પોતાને દેરિદાના નામની ય ખબર ન્હૉતી, તે સમયે પોતાને ફ્રૅન્ચ ખાસ આવડતું ન્હૉતું, એમ પણ થતું હતું કે શું જોઈને ઑર્ડર મોકલેલો...પુસ્તક એમને અટપટું લાગે છે તેમ છતાં ફિલસૂફીની એ અતિ સંકુલ સૃષ્ટિના અનુવાદનું પડકાર રૂપ કાર્ય શરૂ કરી દે છે.

ફિલસૂફીના વિષયક્ષેત્રમાં આ પુસ્તક સીમાચિહ્નરૂપ ગણાય છે અને તેનું વિશ્વભરમાં સ્વાગત થયું છે. પુસ્તકમાં દેરિદા અનેક ચિન્તકો વિશે વાત કરે છે અને સાથોસાથ, પોતાના વિચારોને વિકસાવે છે. મુખ્યત્વે એમણે રૂસો, સૉસ્યૂર અને લૅવિ-સ્ટ્રૌસનાં મન્તવ્યો તેમજ વિચારોની સમીક્ષા કરી છે. આપણે જેની ચર્ચા કરી તે લેખન, વાણી, પશ્ચિમની અધિભૌતિકવિદ્યા વગેરે વિશેના દેરિદાનાં મન્તવ્યો અને વિચારપક્ષને સમજવા માટે એ પુસ્તક મહત્ત્વનું ગણાય છે.

દેરિદાનું દર્શન, સમજો, ફિલસૂફી ભાષાવિજ્ઞાન અને સાહિત્ય ઉપરાન્ત નૃવંશવિજ્ઞાન વગેરે વિદ્યાશાખાઓ તેમજ વિવિધ સિદ્ધાન્તોની સંકુલતાઓ સાથે વિકસેલું છે, અને તેથી, સ્વરૂપે અતિ ગાઢ છે. દેરિદાનો વિઘટનશીલ અભિગમ અને એમણે રચી કાઢેલી différance જેવી નવી વિભાવનાઓ તેમજ પ્રયોજેલી નવ્ય તર્કપદ્ધતિઓ -neologisms- કોઈપણ વાચકને હંફાવે એવાં છે, અને અનુવાદના પ્રસંગમાં તો દેખીતું છે કે એ કઠિનાઇ અનેકગણી વધી જાય.

સ્વાભાવિક છે કે દેરિદાનું ફ્રૅન્ચમાં ગદ્ય સ્તરીય હોય કેમકે એમાં અર્થ પર અર્થની અનિવાર્ય સૂક્ષ્મતાઓ હોય. એ ગદ્ય સંસ્કૃત કાવ્યશાસ્ત્ર અનુસાર કહીએ તો 'નારિકેલપાક રીતિ' અનુસારનું લાગે. મહા પ્રયાસે નારિયેળ છોલો તોડો એ પછી જ ગર્ભ અને મીઠા રસપાનની તક જનમે. એમના કેટલાક વિચારો અનુવાદમાં સીધેસીધા ન ઊતરે એવા હશે અને એટલે ધારણા કરી શકીએ કે સ્પિવાક માટે શબ્દોના પર્યાય શોધવાનું કામ કેટલું અઘરું થઈ ગયું હશે. અનેક વિભાવનાઓને પૂરેપૂરી અર્થવિશેષતા સાથે અંગ્રેજીમાં સમજવાનું કેટલું દુષ્કર નીવડ્યું હશે.

તેમ છતાં સ્પિવાકે જણાવ્યું છે કે અનુવાદ માત્રભાષાવિષયક મામલો નથી હોતો, ખાસ્સો ફિલસૂફીવિષયક હોય છે. કહે છે કે ગ્રન્થના અનુવાદ માટે પોતે less colonized subjectivity સાથે જોડાયાં હતાં, તાત્પર્ય, પોતે ફ્રૅન્ચમાં ખાં ન્હૉતાં પરન્તુ તેથી જ ભાષિક અને સાંસ્કૃતિક મોટાઈથી ઘડાયેલાં વિભાવના-માળખાંઓથી મુક્ત રહી શકાયેલું. કેમકે વ્યક્તિ પાસે ભાષાને વિશેનું પ્રભુત્વ ભલે હોય પણ ભાષા ઐતિહાસિક અને વિચારધારાવિષયક ભારના પોટલા વિનાની ક્યારેય હોતી નથી. એ પોટલું ઉપાડીને અનુવાદ કરવાનું કામ દેખીતું છે કે કપરું થઈ પડે. સ્પિવાકને એ પ્રકારે મદદ મળી ગયેલી.

આ અનુવાદ-પુસ્તક માટે એમણે સુન્દર આમુખ લખ્યો છે, જે દેરિદાસૃષ્ટિનું મૂલ્યવાન પ્રવેશદ્વાર પુરવાર થયો છે. એ ઔપચારિક લખાણ નથી પણ એક સ્વરૂપનો ઉપકારક બૌદ્ધિક હસ્તક્ષેપ છે. પુસ્તકથી સ્પિવાકની યશગાથાનો શુભારમ્ભ થયેલો અને એ અનુવાદથી દેરિદા અંગ્રેજીભાષી વિદ્વાનોમાં અને ફિલસૂફીના પરભાષી અધ્યેતાઓમાં પહેલી વાર ખ્યાત થયા હતા.

સ્પિવાકે 2005માં દેરિદાની 75મી વર્ષગાંઠ નિમિત્તે Touched by Deconstruction લેખ લખેલો. એમાં એમણે પોતાનું એ અનુવાદકાર્ય કેવું તો પડકાર રૂપ હતું વગેરે પ્રારમ્ભિક અનુભવોની વાતો કરી છેઃ

એમને પ્રશ્ન થયેલો કે લેખનું શીર્ષક શું રાખવું. કહે છે, સૌથી પ્હેલું મનમાં આવ્યું - touched by deconstruction. ઉમેરે છે, અને એ શીર્ષકને મારે સાર્થક કરવું જોઈશે. જાતને પૂછે છે - આ પૂર્ણતઃ કઠિન ગ્રન્થને મેં પૂરો વાંચ્યો છે ખરો? જોકે હું બરાબર સમજું છું કે ત્યારે લખાયેલા શબ્દો મને બરાબર લાગેલા. સ્પિવાક લખે છેઃ અને એવું બધું બન્યા જ કરેલું. થોડાક મહિનામાં મને અનુવાદ કરવા માટેનો કૉન્ટ્રાક્ટ મળી ગયેલો, અને હું મચી પડેલી. મેં આમુખ લખ્યો અને ડીકન્સ્ટ્રક્શન જેવો પદાર્થ હમ્મેશ માટે મને સ્પર્શી ગયો. જોકે ગૅરન્ટી આપી શકેલી નહીં કે હું બધી જ બાબતે સાચી હોઈશ. છતાં સ્પિવાક આત્મગૌરવથી લખે છે, no one has taught me deconstruction. ઉમેરે છે કે દેરિદા ફિલસૂફીના પાયા હચમચાવે છે એ ખરું છે, પણ એટલું જ નથી. એ તપાસ થવી જોઈએ કે એ હકીકતને પાયાની ગણી લેવાઇ તે કયા અને કેવા સ્થિતિસંજોગોને કારણે.

દેરિદાસૃષ્ટિ સાથેના પોતાના લાક્ષણિક અનુબન્ધ સંદર્ભે સરસ વાત કરે છેઃ દેરિદા વિઘટનકાર્યને necessité périlleuse ગણે છે, એટલે કે જોખમી આવશ્યકતા. દેરિદાએ કહ્યું છે કે વિઘટનશીલ ફિલસૂફી સાથે પાનું પાડીએ ત્યારે એ વસ્તુ આપોઆપ

એક જોખમ બની જાય છે કેમકે વિઘટનકાર ભાષાની પાયાની વિભાવનાઓ સંરચનાઓ અને નિશ્ચિતતાઓ વિશે ઊંડા પ્રશ્નો કરીને વિશ્લેષણો કરતો હોય છે, અને તેથી વૈચારિક નુક્સાનો થવાનો સંભવ રહે છે. તેમ છતાં દેરિદાનો આગ્રહ રહ્યો છે કે એ જોખમ ઉઠાવવું એક જરૂરિયાત છે. આમ 'જોખમી આવશ્યકતા' શબ્દો વિઘટનની અકાટ્ય છતાં પડકાર રૂપ પ્રકૃતિ સૂચવે છે. લેખમાં સ્પિવાક કહે છે કે પોતે એ જોખમી અને બૌદ્ધિક પડકાર રૂપ કાર્યમાં ઉતાવળથી ઝંપલાવશે નહીં; ગ્રન્થની સઘળી સંકુલતાને પોતાના શબ્દોમાં સારવી લેશે. એટલે કે, તેઓ મર્યાદામાં રહેશે.

લેખમાં સ્પિવાકે એમને દેરિદા તરફથી મળેલા ત્રણ પ્રતિભાવોની નોંધ લીધી છે. લખે છે :

1- પોતે દેરિદાને વિઘટનના વિનિયોગ બાબતે 13 મુદ્દાનું લિસ્ટ મોકલેલું. ઉત્તરમાં દેરિદાએ મશ્કરીમાં પણ બરાબર કહેલું કે - તમારે એ પ્રકાશિત કરવું જોઈએ.

2- એમણે કરેલી કાર્લ માર્ક્સ વિશેની મારી ટીકાટપ્પણી મેં વાંચી ન્હૉતી એ મેં એમને બીકના માર્યા જણાવેલું નહીં. તો એમણે કહેલું, ગાયત્રી! મારે શું કહેવું તમને? હું પ્રકાશિત કરું છું ને તમે વાંચતાં નથી!

3- મેં એમને જણાવેલું કે વિઘટનક્ષેત્રે હું forme tachee છું, (ભાવાર્થ- મને વિઘટનની પાક્કી જાણકારી નથી). તો એમણે ધીમેથી કહેલું lache-નો એક બીજો અર્થ પણ થાય છે. (ભાવાર્થ- તમે જાણકાર છો જ.)

લેખમાં સ્પિવાકે વિઘટનની ઉપયોગીતા વિશે કહ્યું છેઃ ભાષા, સાહિત્ય કે સંસ્કૃતિવિષયક અધ્યયનોમાં વિઘટનને એક સમીક્ષાત્મક ઑજાર રૂપે પ્રયોજી શકાય. કૃતિઓ વિશેની આપણી ધારણાઓ કે અર્થઘટનની આપણી રીત વિશે નિરન્તર પ્રશ્નો કરીએ એ બહુ જરૂરી છે. ગર્ભિત અભિગ્રહો અને કૃતિને ઘાટ આપનારી સત્તાકીય ગતિવિધિઓને -power dynamicsને- વિઘટન ખોલી આપશે અને તેથી કૃતિના જુદા જ અર્થઘટનની શક્યતા જનમશે.

વિઘટન અને અનુસંસ્થાનવાદ -postcolonialism- સંદર્ભે કહ્યું છે કે વિઘટનશીલ યુક્તિઓ -strategies- પ્રયોજીને આપણે સંસ્થાનપરક કથાનકો અને ઇતિહાસનું વિશ્લેષણ કરીને તેની સમીક્ષા કરી શકીએ. તેઓ જણાવે છે કે વિશ્વ વિશેની આપણી સમજને વિઘટન નવા માળખામાં મૂકીને તે વિશે પુનર્વિચાર કરવા માટેનું સામર્થ્ય બક્ષે છે. એથી અર્થ અને અર્થઘટનની નવી સંભાવનાઓ ખૂલે છે.

સ્પિવાકે એમના The Politics of Translation લેખમાં અનુવાદકાર્ય વિશે સરસ વાતો કરી છે. તેઓ અનુવાદકર્મને જ વિઘટન કહે છે કેમકે કોઈપણ અનુવાદ બે ભાષાઓની સાંસ્કૃતિક ઉચ્ચાવચતાઓને પડકારતો હોય છે. એમણે દર્શાવ્યું છે કે અનુવાદ અર્થોના સ્થાનબદલની યન્ત્રવત્ પ્રવૃત્તિ નથી, એટલા માટે કે મૂળ કૃતિનું નીતિ તેમજ રાજકારણ સાથે ધ્યાનપાત્ર સાયુજ્ય હોય છે, અને એ સાયુજ્યને વીસરી શકાય નહીં.

તેઓ અનુવાદકના નૈતિક દાયિત્વની વાત કરતાં કહે છે કે અનુવાદકે ભારે ભારે સંરચનાઓ લાદવાને બદલે ભાષાનાં વાગ્મિતા-તત્ત્વોને લક્ષમાં લેવાં જોઈશે, નહિતર, મૂળ કૃતિનાં અલંકરણો તેમજ સાંસ્કૃતિક અનુરણનો નંદવાઈ જશે. મૂળ કૃતિ અન્તર્ગત

અર્થચ્છાયાઓ તેમજ મૌન વિશે અનુવાદકે સંવેદનશીલ રહેવું જોઈશે, એને પરિણામે, અનુવાદકર્મથી મૂળ કૃતિનું રક્ષણ અને રૂપાન્તરણ બન્ને થશે.

સ્પિવાકે અનુવાદોમાં જોવા મળતી યુરપકેન્દ્રી પૂર્વધારણાઓની સમીક્ષા કરીને દર્શાવ્યું છે કે પશ્ચિમના નારીવાદી વિચારવિમર્શોમાં ન-યુરોપીય સ્ત્રીઓના અવાજને મોટે ભાગે છાયાવૃત કરી દેવાય છે. તેથી સ્પિવાક આગ્રહ રાખે છે કે અનુવાદક મૂળ કૃતિને વળગી રહે, તરજૂમો ન કરે. એમણે ઉમેર્યું છે કે મૂળ કૃતિ વિશેની વફાદારી અને અનુવાદપરક સાનુકૂળતા, બન્ને વચ્ચે પ્રવર્તતી તંગ અવસ્થામાં અનુવાદક કામ સરળતાથી કરી શકવો જોઈએ.

દેરિદાનાં વિઘટનશીલ મન્તવ્યોને સ્પિવાકે વિકસાવ્યાં છે, દઢ કર્યાં છેઃ

દેરિદાએ દર્શાવ્યું છે કે વિષય અને વિષયી વચ્ચે (અથવા પ્રમાતા અને પ્રમેય વચ્ચે) ભેદ કરતાં પહેલાં વિભાવનીકરણ માટે જગ્યા નથી મળતી, એટલે કે, એમ કરી શકાતું નથી. સ્પિવાકે આ સૂઝને અનુ-સંસ્થાનવિષયક સિદ્ધાન્ત લગી વિકસાવીને કહ્યું છે કે પાયાની કહી શકાય એવી કોટિઓની, દાખલા તરીકે, વિષયીની કાર્યકર્તાની કે રજૂઆતકારની પરીક્ષા-સમીક્ષા થવી જોઈએ. આ ભૂમિકાએ એમને પ્રશ્ન થાય છે કે પેલો છેવાડાનો જણ, subaltern, બોલી શકે છે ખરો. વાણીને અને કાર્યકર્તાને વિશેષાધિકાર આપનારી સંરચનાઓનું આયોજન જ એવી રીતે થયું હોય છે કે પેલો બોલી શકે જ નહીં, બહારનો બહાર જ રહે.

દેરિદા વિવિધ કૃતિઓમાં અર્થના નિર્ણયની અશક્યતા પર ભાર મૂકે છે. આ મન્તવ્યને સ્પિવાક મહત્ત્વનું લેખે છે. તેઓ જણાવે છે કે કૃતિના સઘન વાચનને પરિણામે સમજાશે કે અર્થો શી રીતે અનિર્ણયનીય રહી ગયા છે. ઉમેરે છે કે સમીક્ષાત્મક વાચનથી જાણી શકાય કે, એમ કયા કારણોથી થાય છે. મુખ્ય કારણ દર્શાવતાં કહે છે કે કૃતિમાં રહેલા વિરોધો અર્થને અસ્થિર કરે છે એટલું જ નહીં પણ એથી અર્થઘટન માટેનાં માળખાં આકસ્મિક -contingent- થઈ જાય છે, એટલે કે, અમુક સંજોગો અને સંદર્ભો હોય તો જ કાર્યકર થઈ શકે એવાં સગવડિયાં કે કાકતાલીય થઈ જાય છે. સ્પિવાક આ અનિર્ણયનીયતાને વિધાયક અને સંયોજક ગણે છે કેમકે એ વિરોધી દ્વૈતોને ઢીલાં કરી નાખે છે અને વર્ચસ્વી કથાનકો વિશે સમજણના અવનવા વિકલ્પો સૂચવે છે.

દેરિદા કોઈપણ ethico-political agenda વિશે -નીતિપરક અને રાજકારણીય હેતુતા વિશે- હમેશા કંઈ ને કંઈ કહેતા હોય છે. એમ કે ફિલસૂફી તેમજ સાહિત્યની કૃતિઓમાં વિચારધારાવિષયક કે રાજકારણીય હેતુઓનાં પ્રેરણ -motivations-પડ્યાં હોય છે, છતાં, ઘણી વાર કૃતિઓ એ અંગે નિષ્પક્ષ દીસતી હોય છે. જોકે ઉમેરે છે કે અર્થ કદી નિર્દોષ હોતો નથી કેમકે ભાષામાં તો ઇતિહાસ-સંલગ્ન અને સંરચનાગત અભિગ્રહો પહેલેથી રસાઈ ગયા હોય છે. દાખલા તરીકે, હું આ સ્થાને 'અસ્પૃશ્યતાનિવારણ' શબ્દ પ્રયોજું તો એ દેખાશે નિર્દોષ પણ સૌ જાણે છે કે એનો એક દુઃખદ ઈતિહાસ છે. એ હેતુતા અને એ પ્રેરણોને પડકારવાં જોઈશે. સ્પિવાક એને છતાં કરવા પર ભાર મૂકે છે કેમકે તો જ બાદ કરાયેલા નીતિવિષયક સંકેતાર્થોને અને સંલગ્ન પદાર્થોને પ્રકાશિત કરી શકાય.

દેરિદાનું મન્તવ્ય દઢ કરતાં સ્પિવાક દર્શાવે છે કે કૃતિઓ માત્રભાષિક સંઘટનાઓ નથી, તે રાજકારણીય ઑજારો પણ છે. કૃતિ ભલે ફિલસૂફીવિષયક ઈતિહાસવિષયક કે

સાહિત્યવિષયક હોય, બહુધા એમાં એવી વિચારધારાવિષયક જુક્તિઓ છુપાયેલી હોય છે જે અમુક જ અર્થ ઘડી આપે ને અમુકનો બહિષ્કાર કરે. વાચન અને વિશ્લેષણથી એ સઘળી હેતુતા છતી થવી જોઈએ. એથી અર્થઘટનકારની નૈતિક જવાબદારી પર પણ પ્રકાશ પડશે. સ્પિવાક કૃતિનાં વાચન વિશ્લેષણ કે અર્થઘટનને કૃતિની ભાષા પૂરતાં સીમિત નથી ગણતાં પણ રાજકારણીય પરિણામો સંદર્ભે એ દરેકને મૂલ્યવાન નૈતિક કર્મ ગણે છે.

દેરિદા અનુસાર, નિશ્ચિત અર્થ અને વિરોધી દ્વૈતો વિશે પ્રશ્નો અને તેમને વિસ્થાપિત કરનારી સમીક્ષારીતિ તે વિઘટન. સ્પિવાક અનુસાર, વિઘટન માત્રફિલસૂફી પીરસનારી પદ્ધતિ નથી પરન્તુ વ્યવહારમાં સતત ચાલુ રહેનારા કાર્યની રીતિ છે. સ્પિવાક વિઘટનને નીતિ કે રાજકીય સંવેદનશીલતાપરક પડકાર અને દાયિત્વ ગણે છે. એમના દૃષ્ટિદોર પ્રમાણે, સત્તા-સંરચનાઓ હાંસિયાકરણ સામાજિક વાસ્તવિકતાઓ અને ન્યાયસંગતતાને સાંકળી લેનારો વિચારપરામર્શ તે વિઘટન.

સ્પિવાકનો વિઘટનને વિશેનો અભિગમ ભાષાનાં નૈતિક પરિમાણને સવિશેષે લક્ષમાં લે છે. વર્ચસ્વી વિચારપરામર્શોની સમીક્ષામાં એમણે દર્શાવ્યું છે કે મોટેભાગે એમાં હાંસિયામાં ધકેલાયેલા અવાજોને કાં તો ઝાંખા કે બાદ કરી દેવાયા હોય છે. એમણે દર્શાવ્યું છે કે પશ્ચિમની ફિલસૂફીવિષયક પરમ્પરાઓએ અને સાહિત્યવિષયક સિદ્ધાન્તોએ -canonsએ- એવી સત્તાશીલ સંરચનાઓને દૃઢ કરી કે એથી subaltern perspectives દબાઈ ગયા -એટલે કે મોટેરી અને નિયન્તૃ સામાજિક સંરચનાની બહાર હતા તે અવાજો દબાઈ ગયા. સ્પિવાક એવી કશીક વાચન-જુક્તિનો આગ્રહ રાખે છે કે જે વડે એ બહિષ્કારોને પ્રકાશમાં લાવી શકાય, છતા કરી શકાય.

દેરિદા અનુસાર, ભાષા અન્તર્ગત અર્થની તફાવત અને વિલમ્બન સ્વરૂપની પ્રકૃતિ પર ભાર મૂકનારી વિભાવના તે différance. સ્પિવાક એને વિઘટનની greatest gift તરીકે ઘટાવે છે. કેમકે અર્થની અસ્થિર પ્રકૃતિને એ પ્રકાશિત કરે છે. એને કારણે નિશ્ચિત ખયાલોથી મુક્ત થવાય છે.

દેરિદા અનુસાર, વિરોધી દ્વૈત વિવિધ પદ્ધતિઓમાં તેમજ textsમાં અર્થના સંઘટન માટે પ્રયોજાય છે. દ્વૈતનાં બન્ને પદ વચ્ચે ઉચ્ચાવચતા પ્રવર્તતી હોય છે. કેન્દ્રમાં રહેલા પદને હાંસિયામાં અને હાંસિયામાં રહેલા પદને કેન્દ્રમાં મૂકી શકાય છે. પરન્તુ દેરિદા જણાવે છે કે એવા સ્થાનબદલથી કશો ફર્ક નહીં પડે, સંરચના એ-ની-એ જ રહેશે. સ્પિવાકે દેરિદાના આ મન્તવ્યને વિકસાવ્યું છે. સાચું છે કે સ્થાનબદલથી -reversalથી- સંરચના અકબંધ રહે છે, મેલ કરવત મોચીના મોચીવાળો ઘાટ! સ્પિવાક સ્થાનબદલ ઉપરાન્ત બન્ને પદ વિશે પ્રશ્ન કરીને તેમના સ્થાનભંગનો -displacementનો- આગ્રહ રાખે છે, જેથી એ સંરચનાને જ પડકારી શકાય. દાખલા તરીકે, પુરુષ/સ્ત્રી વિરોધી દ્વૈતમાં પુરુષપદને સ્ત્રીપદના સ્થાને ખસેડવાથી એટલે કે સ્ત્રીપદને વિશેષ મહત્તા આપવાથી ફર્ક નથી પડવાનો. એ કાજે સ્પિવાક સૂચવે છે કે પ્રશ્નો કરવા જોઈશેઃ સ્ત્રી એટલે શું? સ્ત્રીની વ્યાખ્યા કોણ કરે છે? નિશ્ચિત ઓળખ સ્ત્રી છે કે સત્તાઓએ અવારનવાર ઘડી કાઢેલી વિભાવના નિશ્ચિત છે? સ્પિવાક કહે છે કે આ પ્રશ્નોથી સંરચના સમગ્રને હચમચાવી શકાશે.

એ મન્તવ્યને સ્પિવાકે અનુ-સંસ્થાનવિષયક સમીક્ષા -postcolonial critique- લગી વિકસાવ્યું છે. સ્થાનબદલ અને સ્થાનભંગથી તેઓએ એક એવું કર્મ સૂચવ્યું જેને ઉચ્ચાવચતા સામે સયુક્તિક ગણી શકાય. એમના સુખ્યાત લેખ Can the Subaltern Speak ?માં તેઓએ સાવ છેટે અને છેવાડે મુકાયેલાંઓના -subtlernના- માત્ર ઉન્નતિહેતુથી નહીં, પણ તેમને એ હાંસિયામાં ધકેલનારા વિચારપરામર્શોને જ ઉઘાડા પાડ્યા છે, કેમકે એ વર્ચસ્વી માળખાંઓમાં એ મનુષ્યોને બોલવાની પણ તક અપાયેલી નહીં. સમજાશે કે સ્પિવાક વિઘટનને માત્ર ફિલસૂફીપરાયણ દર્શન નથી ગણતાં પણ તેના સીધા વિનિયોગનો આગ્રહ રાખે છે.

એ અર્થમાં મને એમ સમજાય છે કે વિઘટન એમને મન એક સત્કર્મ છે.

સ્પિવાકે દેરિદાના એ મન્તવ્યને રેખાન્કિત કર્યું છે કે વાણીની તુલનામાં લેખન દ્વૈતીયિક નથી એટલું જ નહીં ભાષા સ્વયંની સંરચનાનો એ પાયો છે. સંસ્થાનવાદ અને ન-પશ્ચિમી જ્ઞાનમીમાંસાઓના હાંસિયાકરણ અંગે દેરિદાએ કરેલી સમીક્ષાના સંકેતોને પણ સ્પિવાકે રેખાન્કિત કર્યા છે. એમણે ભારપૂર્વક જણાવ્યું છે કે વિદ્વાનોએ જ્ઞાનવિષયક તન્ત્રોના વાચન અને અર્થઘટનનું સામર્થ્ય વિકસે એવી translational literacy -અનુવર્તી સાક્ષરતા- વિકસાવવી જોઈએ. પશ્ચિમી સિદ્ધાન્ત-કોટિઓમાં ન-પશ્ચિમી વિચારની ઐતિહાસિક કે સાંસ્કૃતિક સમજોને જ જોગવ્યા કરવી જોઈએ નહીં.

સ્પિવાકે ભારતીય જ્ઞાનમીમાંસાની માંડીને વાત નથી કરી પણ દર્શાવ્યું છે કે તળનાં તેમજ સબલ્ટર્ન કથાનકોએ પશ્ચિમનાં વર્ચસ્વી વૈચારિક માળખાંને કેવાં તો પડકાર્યાં છે. ઉદાહરણાર્થે એમણે મહાશ્વેતા દેવીના જીવનકાર્યનો નિર્દેશ કર્યો છે.

સ્પિવાકે પોતાના તરફથી માત્ર પૂર્વ/પશ્ચિમનો નહીં પણ પૃથ્વીગ્રહપરક નીતિમત્તાનો -planetary ethicsનો- મુદ્દો રજૂ કર્યો છે. એનો આગ્રહ રાખી તેઓ કહે છે કે સમગ્ર ગ્રહને લક્ષમાં લેનારો પરિપ્રેક્ષ્ય સંસ્કૃતિઓ દરમ્યાન વિકસેલી જ્ઞાનમીમાંસાઓના વૈવિધ્યને આવકારે છે, પણ ગ્લોબલિઝેશન homogenized knowledgeની, એટલે કે, ધૉરણસરના એકસમાન જ્ઞાનની તરફદારી કરે છે, જેમાં, પરિપ્રેક્ષ્યોની વિવિધતાને કે વૈકલ્પિક દૃષ્ટિબિન્દુઓને ખાસ જગ્યા નથી અપાતી, સૂક્ષ્મને સ્થાને હેતુ પાર પડે એવા સાદા તરીકાઓનો આગ્રહ રખાય છે. **(ક્રમશઃ)**

**વિશેષ વાચન માટે સૂચિઃ**

"Touched by Deconstruction" by Gayatri Chakravorty Spivak was written by The MIT Press for their publication Grey Room, No. 20 (Summer 2005).

■

**સમીક્ષા**

# શબ્દમૂળની શોધ

ઊર્મિ ઘનશ્યામ દેસાઈ

[શબ્દોની વ્યુત્પત્તિ–વિશ્લેષણ, લેખક : હેમન્ત દવે – સુહાગ દવે, પ્રકાશક: ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ-૩૮૦૦૦૯, પ્રકાશન વર્ષ : ૨૦૨૪, પૃષ્ઠ સંખ્યા: ૨૦૦, કિંમત : ૬૫૦]

આ સમીક્ષાત્મક લેખમાં વિશ્લેષણાત્મક-સંશ્લેષણાત્મક(analysis-synthesis)ની પદ્ધતિ દ્વારા લેખકના દૃષ્ટિબિંદુને સમજવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

આ પુસ્તકમાંનું 'ગુજરાતી વ્યુત્પત્તિ : ઐતિહાસિક સર્વેક્ષણ' પ્રકરણ અભ્યાસુઓ માટે માર્ગદર્શક સાબિત થાય એવું છે.

બીજું, આ પુસ્તકમાં આપવામાં આવેલા ગ્રીક, અરબી, ફારસી, અંગ્રેજી, સંસ્કૃત-પ્રાકૃત શબ્દો તે તે ભાષાની મૂળ લિપિમાં આપવામાં આવ્યા છે, જે તેની વિશિષ્ટતા છે.

આ પુસ્તકમાં ગુજરાતી શબ્દોની વ્યુત્પત્તિ દ્રાવિડી, ગ્રીક... ઇત્યાદિ ભાષાના શબ્દોને આધારે સૂચવવામાં આવી છે.

વિવિધ શબ્દોની વ્યુત્પત્તિ દર્શાવતા પહેલાં લેખક પોતાનું મંતવ્ય આ પ્રમાણે રજૂ કરે છે :

"ઘણા શબ્દોની વ્યુત્પત્તિ સાર્થ જોડણીકોશે દર્શાવ્યા પ્રમાણે સીધી સંસ્કૃતમાંથી આવેલી ગણી ન શકાય. પણ મોટા ભાગના શબ્દો સંસ્કૃતમાંથી વાયા પ્રાકૃત-અપભ્રંશ ગુજરાતીમાં આવ્યા હોય છે. અને એ પ્રકારે દર્શાવવી જોઈએ... જ્યાં જ્યાં પરિવર્તન જાણીતું હોય કોશે તે બતાવવું જોઈએ, અન્યથા એ વ્યુત્પત્તિ અશાસ્ત્રીય બને અને ભ્રમને પ્રેરે." (પૃ. ૯)

આ પુસ્તકમાં સૂચવેલી વ્યુત્પત્તિઓ સજ્જડ પુરાવા સાથે આપવામાં આવી છે એ પુરાવા વિવિધ કોશોમાંથી હોય છે. જેવી કે : ગુજરાતી, ફારસી, મરાઠી, હિન્દી, અંગ્રેજી, દેશ્ય, સંસ્કૃત, પ્રાકૃત, અર્ધમાગધી, પાલિ તથા અંગ્રેજીમાં લખાયેલા અનેક કોશો કે અન્ય સાહિત્યિક સામગ્રીમાંથી હોય. આ માટે લગભગ ૩૦ જેટલી ગુજરાતી-જૂની ગુજરાતી કૃતિઓ, ૪૬ જેટલી કૃતિઓનો આધાર લેવામાં આવ્યો છે. આ પુરાવારૂપ આપવામાં આવેલી સામગ્રી જોતાં લેખકના વિસ્તૃત વાંચનની પ્રતીતિ પુસ્તકના પાને પાને થાય છે.

ઘણા રૂઢપ્રયોગોના મૂળમાં સાચી સમજ મળે છે એટલે લેખક પોતાના વિધાનને સમર્થન આપવા ઘણા રૂઢપ્રયોગોનો ઉપયોગ કરે છે.

ઘણીયે વાર સાહિત્ય કે કોશમાં અન્યત્ર ન નોંધાયેલા શબ્દો શિલાલેખો અને તામ્રલેખોમાં મળી આવે છે, તેની સોદાહરણ નોંધ લેવામાં આવી છે. ઉદા. અશોકના શિલાલેખમાં મળતો 'વિયતાયે ધાયીયે'માંના 'વિયતાયે'નો સ્પષ્ટ સંબંધ 'વિયાવું' એટલે કે પ્રસવ સાથે છે. (પૃ. ૧૫૦)

જોકે શબ્દોના પ્રયોગોનો અર્થ સમજવામાં વ્યુત્પત્તિ હંમેશાં પ્રકાશ ફેંકે એવું બનતું નથી. એ માટે 'મૃગ' શબ્દનું ઉદાહરણ આપી જણાવે છે કે વૈદિક સંસ્કૃતમાં 'મૃગ' એટલે કોઈ પણ પ્રાણી. ગુજરાતી, હિન્દી...વગેરેમાં તેનો અર્થ 'હરણ' છે, તો ફારસીમાં કોઈ પણ પક્ષીના અર્થમાં 'મરગ' (> ગુજરાતી 'મરઘી') શબ્દ નીપજી આવ્યા છે. (પૃ. ૩૫)

કૃષિવિષયક શબ્દાવલિનો વિચાર કરતાં લેખક સૂચવે છે કે ગુજરાતીના આવા અનેકાનેક અજ્ઞાત મૂળના શબ્દો બને કે નષ્ટ થઈ ગયેલી હડપ્પન ભાષાના હોય!

આ આલેખનમાં જ્યાં જ્યાં લેખકને સ્પષ્ટ વ્યુત્પત્તિ ન મળતી હોય ત્યાં નિખાલસપણે એ વાત જણાવી પણ છે. જેમ કે : કિન્ના, ચંબુ, આવરણ, બોખું, મુસ્કાન-મુસ્કાવું, સોકોત્રા જેવા શબ્દો.

એક વાત જરૂર નોંધવી જોઈએ કે આ પુસ્તકના લેખન દ્વારા આપણા ઘણા ભ્રમોનું નિરસન થાય છે. જેમ કે : માત્ર નામ-સામ્યને કારણે 'મહાકાલીનાં બહેન ભદ્રકાલી' એવી કથા જોડી કાઢવામાં આવી છે. પણ મૂળ શબ્દ 'ભદ્રકારી' એટલે ભદ્ર કહેતાં ભદ્ર અથવા સારું કરનારી એવો જ અર્થ છે.

'સુપ્રભાત' એ અંગ્રેજી Good Morningનું ભાષાંતર નથી. પણ 'વિમળ પ્રબંધ'માં તથા 'નરસિંહરાવની રોજનીશી'માં આ શબ્દ મળે છે તેમ જ 'વામનપુરાણ'માં પણ તે વપરાયો છે; જેની વાચનાઓ સમય ૯-૧૦મી સદીનો છે. એટલે ઓછામાં ઓછું આઠમી સદીમાં 'સુપ્રભાત' શબ્દ પ્રચારમાં હતો એમ કહેવામાં હરકત લાગતી નથી. (પૃ. ૧૬૪)

વળી, ઇન્ડિયા માટેનું 'ભારત કે ભારતવર્ષ' નામ ઋષભદેવના પુત્ર ભરત ઉપરથી પડ્યું છે. કેટલાયે લોકો એને દુષ્યન્તના પુત્ર ભરત સાથે જોડે છે એ બરાબર નથી. (પૃ.૧૬૬) 'ખપૂસા' શબ્દની ચર્ચા કરતી વખતે (પૃ. ૬૦) જણાવવામાં આવ્યું છે કે ખપૂસા પ્રકારના જોડા આપણે ત્યાં ઈરાની મૂળની શક અને કુષાણ જાતિઓએ દાખલ કર્યા છે. સૂર્યપૂજા આપણે ત્યાં ઈરાનથી આવી છે. માટે જૂના શિલાલેખોમાં એમના પગમાં આવા ખપૂસા બૂટ જોઈ શકાય છે. હિમાલયના પ્રદેશોમાં આ બૂટ આજે પણ ખપૂસા નામે જ પ્રયોગમાં છે.

ભારતીય પરંપરામાં મુકુટના ત્રણ પ્રકાર - જટામુકુટ, કિરીટમુકુટ અને કરંડમુકુટની ચર્ચા વિગતે કરવામાં આવી છે. (પૃ. ૧૪૦)

એ સ્વાભાવિક છે કે આ પુસ્તકમાં 'સાર્થ ગૂજરાતી કોશ'નો સંદર્ભ અનેકાનેક જગાએ આપવામાં આવ્યો છે અને એમાં આ કોશની ભૂલો પ્રત્યે આંગળી ચીંધવામાં આવી છે. આ કોશે જે શબ્દોને 'દેશ્ય' ગણાવ્યા છે તે દેશ્ય ન હોતાં મૂળે દ્રાવિડી છે.

જેવા કે : ઉડિદ, ઉઅટ્ટી, ઉફ્ફો, ગડગડ, ચટ્ટ, સેરી, ચિન્ટ્ય, છિપ્પિર, ટટ્ટઈઆં, પડુય, પીલુઅ, મેડી, રમ્ય...

તથા દેશ્ય ગણાવેલા અમુક શબ્દો સંસ્કૃત મૂળના છે. જેવા કે : ઉપદેહિકા, ખંડિયા, ચિક્ક, તલ્લ, દ્રોણ-દ્રોણી, બેડો... 'બબ્બરી' પ્રાકૃત મૂળનો છે.

તો વળી, 'ગંજોલિઅ' તો ગ્રીક મૂળનો છે. અને 'ડગલ' શબ્દ અજાણ્યા મૂળનો છે.

તદુપરાંત, 'સાર્થ ગૂજરાતી કોશ'માંની ભૂલો નીચે પ્રમાણે દર્શાવી છે :

૧. **સાર્થ જોડણીકોશે ન નોંધાયેલા શબ્દો દર્શાવી આપ્યા છે. જેવા કે** : ખડાષ્ટક (પૃ.૫૯), ગુસપુસ, ઘુસપુસ (પૃ.૭૦), ચરખપૂજા (પૃ.૭૯), ચિલ્લર (પૃ.૮૧), હોંશિયાર (પૃ.૯૫), પીચકવું, પિચકાવવું (પૃ.૧૧૩), તુતુડી (પૃ.૯૫), બિંદાસ (પૃ.૧૨૬), બોરિયાબિસ્તર (પૃ.૧૨૭), મીંડું (પૃ.૧૪૦), શિકોતરી (પૃ.૧૫૪), સાંઠગાંઠ (પૃ.૧૬૧),

૨. **ખોટી કે અધૂરી-અપૂરતી સમજૂતી દર્શાવતા શબ્દો** : કાંજી (પૃ.૪૮), છ અષ્ટકવાળો યોગ (પૃ.૫૯), ચટકો (પૃ.૭૫), ટાટ-દાટ (પૃ.૯૩), રાત (પૃ.૧૦૩), બડબડ, બબડવું, બોબડું (પૃ.૧૨૧)

૩. **જુદા અર્થના બે શબ્દો એક પ્રવિષ્ટિમાં** : કાથી અને કાથો (પૃ.૨૧), બોરિયા અને બોરી(પૃ.૧૨૮), વાછરડું અને વછેરો (પૃ.૧૪૮).

૪. **જુદી વ્યુત્પત્તિવાળા શબ્દો એક પ્રવિષ્ટિમાં** : કલમ (પૃ.૪૭), ખલીનો અને ખરીતો (પૃ.૬૧), ચટકો (પૃ.૭૫) (જૂની આવૃત્તિમાં)

૫. **ખોટા અર્થ** : કાંડર (પૃ.૪૯), ગિરેબાન (પૃ.૬૯), ટાટ, દાટ (પૃ.૯૩), થાપ (પૃ.૯૭), તતુડી (પૃ.૯૬).

૬. **ખોટી વ્યુત્પત્તિ** : ચિક્કી (પૃ.૮૩), ચબરખી (પૃ.૭૮).

૭. **ખોટાં વિધાન** : 'સાવ'ને અવ્યય કહે છે (પૃ.૧૬૦), પણ સ્પષ્ટતઃ તે ક્રિયા-વિશેષણ છે. (પૃ.૧૬૦)

૮. 'શિકોતરી'નો અર્થ શિકોતરા જેવી ભૂતડી - આપ્યો છે, (પૃ.૧૫૪) તો 'શિકોતરા'નો અર્થ શો ?

૯. 'વાર' શબ્દને હશ્રુતિ સાથે બતાવ્યો છે, તે કયાં ઉચ્ચારાય તે જાણી શકાય તેમ નથી (પૃ.૧૪૯). પણ એ માન્ય ઉચ્ચાર નથી એ ચોક્કસ.

સાથોસાથ જોડણીકોશે જ્યાં સાચી વ્યુત્પત્તિ કે સાચો અર્થ આપ્યાં છે તેની નોંધ લેવાનું પણ લેખક ચૂક્યા નથી. જેવી કે : ઈસબગુલની વ્યુત્પત્તિ (પૃ.૩૩), ઊધઈ વિશેની અટકળ (પૃ.૭૬), ઓડ વિશેની સમજૂતી (પૃ.૪૨), ખબૂસવુંનો અર્થ (પૃ.૬૦), છાપરુંની વ્યુત્પત્તિ (પૃ.૮૮).

જોડણીકોશની નવી આવૃત્તિમાં 'ચટકો'ના સ્વાદ અને ડંખ માટે બે જુદી પ્રવિષ્ટિ નોંધી છે.

લેખકે પોતાના આલેખનમાં વિવિધ વિદ્વાનોએ આપેલી વ્યુત્પત્તિ વિશેનાં વિધાનોનો પણ સમાવેશ કર્યો છે. જેવા કે : બચ્ચુલાલ અવસ્થા (પૃ.૨૭-૨૮), ગંગાનાથ ઝા

(પૃ.૩૨), બાબુ સુથાર (પૃ.૩૮), ફ્રીમાન (પૃ.૪૪), રતિલાલ નાયક (પૃ.૪૬), હસમુખ સાંકળિયા (પૃ. ૫૩), રમેશ શુક્લ (પૃ. ૫૬), રમણ સોની (પૃ.૫૭-૫૮).

વળી કે. કા. શાસ્ત્રીનાં તો ૩૭ વિધાનો નોંધ્યાં છે. (પૃ.૩૦, ૪૧, ૪૮, ૫૧, ૬૫, ૭૦, ૭૫, ૭૬, ૮૨, ૮૭, ૯૬, ૧૧૦, ૧૨૦, ૧૩૬, ૧૬૧) અહીં કે. કા. શાસ્ત્રીની ક્ષતિ દર્શાવી છે.

કે. કા. શાસ્ત્રીએ આપેલા સાચા અર્થો અને સમજૂતીનાં ઉદાહરણો : પૃ. ૩૦, ૩૬, ૪૯, ૫૦, ૫૦, ૫૫, ૫૬, ૬૧, ૬૩, ૬૬, ૬૯, ૭૮, ૮૧, ૯૩, ૧૦૬, ૧૧૩, ૧૧૬, ૧૧૮, ૧૨૫, ૧૩૭, ૧૪૦, ૧૫૪, ૧૫૫, ૧૫૮.

હરિવલ્લભ ભાયાણીનાં ૨૦ વિધાનોની નોંધ લીધી છે. પૃ. ૨૨, ૩૩, ૩૫, ૪૦, ૭૩, ૭૭, ૭૮, ૭૮, ૭૯, ૮૫, ૧૧૦, ૧૧૦, ૧૨૦, ૧૪૫, ૧૪૬, ૧૫૧, ૧૫૫, ૧૬૦-૧૬૧, ૧૬૧, ૧૬૮. જેમાં તેમણે (પૃ.૪૦) 'એંટ' ઉપરથી 'એંટાવું'નો ઉલ્લેખ કરવાનું ચૂકી ગયા છે. (પૃ.૧૧૦) 'પણગ' શબ્દ વિશે કશો પ્રકાશ પાડ્યો નથી. (પૃ. ૧૨૦) તેમના 'લઘુ વ્યુત્પત્તિકોશ'માં બક્કું, બખ, બખારું, બખું, બગું, બાકું, બાકોરું, બાખું – શબ્દોમાંથી એકેની પ્રવિષ્ટિ નથી. (પૃ.૧૪૫) '૨૪૫'ની વ્યુત્પત્તિ અંગે કશો વિચાર કર્યો નથી.

છોટુભાઈ નાયક વિશેનાં વિધાનો પૃ. ૬૧, ૬૩, ૬૪, ૭૭, ૭૯, ૮૦, ૮૦-૮૧, ૮૭, ૮૯, ૧૨૮ ઉપર મળે છે.

પૃ. ૮૦-૮૧ ઉપર લેખક નોંધે છે કે ગુજરાતીમાં આવેલા ફારસી મૂળના શબ્દો માટે સાર્થ જોડણીકોશમાં આપેલી વ્યુત્પત્તિ ઉપર જ આધાર રાખ્યો એ એમની સામગ્રી પસંદ કરવાની પદ્ધતિની દૃષ્ટિએ પાયાની ખામી ગણાય.

જયંત કોઠારી વિશેનાં વિધાનો પૃ. ૨૫, ૪૪, ૫૧, ૫૬, ૫૭, ૬૩, ૯૧, ૧૪૪, ઉપર પ્રાપ્ત થાય છે.

પંડિત બેચરદાસ દોશી વિશેનાં વિધાનો પૃ. ૪૨, ૬૭, ૯૬, ૧૧૦ ઉપર મળે છે.

ભોગીલાલ સાંડેસરા વિશેનાં વિધાનો પૃ. ૨૭, ૫૭, ૬૩, ૮૨, ૯૯ ઉપર નોંધવામાં આવ્યાં છે.

સંજાના વિશેનું વિધાન પૃ.૮૭ ઉપર, આર. જી. ઓઝા વિશેનું વિધાન પૃ. ૧૦૯ ઉપર, પી. વી. રામાનુજા શાસ્ત્રી વિશેનું વિધાન પૃ.૧૧૦ ઉપર, ચંદ્રકાંત શેઠ વિશેનું વિધાન પૃ.૧૪૬ ઉપર મળે છે.

નર્મદના નર્મકોશનો ઉલ્લેખ અહોભાવથી છ વખત કરવામાં આવ્યો છે. જેમ કે : પૃ.૩, ૩૫, ૬૬, ૬૯, ૧૧૮, ૧૪૨.

સમગ્ર રીતે જોતાં આ પુસ્તકમાંનું આલેખન ઘણું રસપ્રદ અને સંતોષકારક જણાય છે. છતાં ક્યાંક ક્યાંક ક્ષતિઓ રહી ગયેલી નજરે પડે છે. જેવી કે :

૧. 'હોલવવું, ઓલવવું' શબ્દોની પ્રવિષ્ટિ અનુક્રમમાં આપવામાં આવી નથી.

૨. પૃ.૩ કોશ વિશે થયેલાં કામમાં ઊર્મિ ઘનશ્યામ દેસાઈકૃત - "સ્મૃતિ-સંચિત શબ્દભંડોળ - અર્થાત્મક રીતે વર્ગીકૃત"નો સમાવેશ કરવામાં આવ્યો નથી.

૩. પૃ.૩ - કે. કા. શાસ્ત્રીના કોશનું નામ સરતચૂકથી ખોટું લખાયું છે. તે "બૃહદ્ ગુજરાતી કોશ" છે – 'ગુજરાતી બૃહદ્ કોશ' નથી.

૪. પૃ.૬ લેખકે 'ફિલોલોજી' માટે ભાષાશાસ્ત્ર સંજ્ઞા વાપરી છે. તે ખોટું છે. અને લિંગ્વિસ્ટિક્સ માટે ભાષાવિજ્ઞાન સંજ્ઞા વાપરી છે. હકીકતે 'ભાષાશાસ્ત્ર' અને 'ભાષાવિજ્ઞાન' એક જ વિજ્ઞાન માટે વપરાતી વૈકલ્પિક સંજ્ઞા છે.

'ભાષાવિજ્ઞાન શબ્દાવલિ' Glossary of Linguistics - ભારત સરકારના વૈજ્ઞાનિક તથા તકનીકી શબ્દાવલિ આયોગ-માનવ સંશોધન વિકાસ મંત્રાલય (શિક્ષા વિભાગ) તરફથી પ્રકાશિત થયેલ પુસ્તકમાં – Philology માટે 'વાઙ્મીમાંસા' સંજ્ઞા આપવામાં આવી છે.

૫. પૃ.૩૪-૩૫ – લેખક 'આપણી માટે, મારી માટે' એવો શબ્દપ્રયોગ કરે છે. તે વ્યાકરણની દૃષ્ટિએ ખોટો ગણાય. વ્યાકરણિક નિયમ પ્રમાણે 'માટે' નામયોગી '–ના માટે, –ને માટે' એમ પ્રયોજાય છે.

૬. પૃ.૩૯ 'એ અને તે'ની ચર્ચા વખતે લેખકે કરેલું એક આત્યંતિક વિધાન જોવા મળે છે. જેમ કે : આ ચર્ચા પછી ગુજરાતીમાં 'એ' અને 'તે'ના ઉપયોગ સંદર્ભે ગૂંચવણ રહેવી જોઈએ નહીં.

આના પ્રત્યાઘાત રૂપે નવનીત સમર્પણ(માર્ચ-૨૦૨૫)માં લખાયેલ લેખ આ પ્રમાણે છે.

**હેમન્ત દવે - સુહાગ દવેના પુસ્તક 'શબ્દમૂળની શોધ' (૨૦૦૪)માં આપેલી 'એ અને તે'ની પ્રવિષ્ટિ વિશે**

લેખક જણાવે છે કે કોશકાર 'એ' અને 'તે'માં કોઈ ભેદ કરતા નથી. (પૃ. ૩૭), તથા ગુજરાતીમાં 'એ' અને 'તે' સર્વનામો વિશે (...અને...) ખાસી ગેરસમજ છે ને પરિણામે એમના પ્રયોગ વિશે ભાગ્યે જ કશી એકવાક્યતા જોવા મળે છે. સામાન્ય રીતે, એ બંને એકબીજાના વિકલ્પે પ્રયોજી શકાય એમ માનવામાં આવે છે. આ ગેરસમજ એટલી વ્યાપક છે કે એનાં ઉદાહરણો આપવાં આવશ્યક નથી. (પૃ. ૩૭-૩૮). પછી બાબુ સુથારે આપેલા મંતવ્ય સાથે સંમત નથી તે દર્શાવ્યું છે. (પૃ.૩૮), પછી 'જે-તે' (અને એનાં રૂપો) સહસંબંધક કે સાપેક્ષ સર્વનામોના પ્રયોગો અને તેની ખાસિયત દર્શાવે છે (પૃ.૩૮) અને એના સમર્થનમાં મનસુખલાલ ઝવેરીએ આપેલા પ્રયોગો ('ભાષા પરિચય' પુસ્તકના) ટાંકે છે (પૃ.૩૯),

અંતે, લેખક એવો નિષ્કર્ષ કાઢે કે આ ચર્ચા પછી ગુજરાતીમાં 'એ' અને 'તે'ના ઉપયોગ સંદર્ભે ગૂંચપણ રહેવી જોઈએ નહીં (પૃ. ૩૯).

પણ, 'એ-તે'ના પ્રયોગો માટે પ્રબોધ પંડિતે રજૂ કરેલાં વિધાનોનો અભ્યાસ કરવો જરૂરી બને છે. તેમમે તેમના પુસ્તક 'વ્યાકરણ : અર્થ અને આકાર'ના પ્રકરણ ૩ - 'અપેક્ષા' હેઠળ તેની ચર્ચા કરી છે. જેમ કે :

મુખ્ય વાક્ય અને પેટાવાક્યનાં નામપદો એક જ હોય ત્યારે સાપેક્ષતાની પ્રક્રિયા લાગુ પડી શકે છે, આ પ્રક્રિયા અનુસાર પેટાવાક્યના નામપદમાં બે ધર્મો ઉમેરાય છે. + સર્વનામ અને + સાપેક્ષ. આ ધર્મો ઉમેરવાનું પ્રયોજન એ છે કે નામપદ જો પુનરાવૃત્ત થાય તો

એ નામપદને સ્થાને સર્વનામ મૂકી શકાય છે અને એ સર્વનામ આગળ ઉલ્લેખ થઈ ગયેલા નામપદની અપેક્ષા રાખે છે. એટલે સાપેક્ષતાના ધર્મનો આરોપ હોય એવા સર્વનામનો પ્રવેશ થવો જોઈએ. તદુપરાંત, સાપેક્ષતાની પ્રક્રિયાની શક્યતા ત્યારે જ હોઈ શકે જ્યારે પદમાં સાપેક્ષતાનો ધર્મ પ્રવેશ્યો હોય (પૃ. ૫૫-૫૬).

આના ઉદાહરણ રૂપે - 'જે છોકરો નિયમિત હતો એ પહેલો આવ્યો'નું પૃથક્કરણ કરવા પંડિત દર્શાવે છે કે : પ્રસ્તુત વાક્યની અવાંતર ભૂમિકા કંઈક આવી હોઈ શકે :

છોકરો – છોકરો નિયમિત હતો – પહેલો આવ્યો.

આ અવાંતર ભૂમિકા ઉપર સાપેક્ષ – સર્વનામ યુક્ત નામપદવાળા – વાક્યમાંના નામપદના નામનો લોપ કરવાની પ્રક્રિયા થઈ શકે છે. આ પ્રક્રિયા અનુસાર –

૧. સાપેક્ષ સર્વનામ 'જે'ને મુખ્ય વાક્યના નામની આગળ લઈ જવાની,

૨. પેટાવાક્યના નામપદનો લોપ કરવાની અને

૩. લોપ પામેલા નામપદને સ્થાને, પેટાવાક્યને અંતે સાપેક્ષ સર્વનામ 'એ'નો પ્રવેશ કરવાની વિધિઓ થાય છે. (પૃ.૫૬).

'સાપેક્ષ સર્વનામો ક્યાંથી આવ્યા' એવા પ્રશ્નનો ઉત્તર... જ્યારે નામપદ આવૃત્ત થતું હોય ત્યારે વાક્યમાં (અને ભાષામાં) સાપેક્ષ સર્વનામોનો પ્રવેશ થાય છે. (પૃ.૫૮). સાપેક્ષ સર્વનામના પ્રવેશ માટે શરત એ છે કે નામપદો આવૃત્ત થયાં હોવાં જોઈએ. બીજા સર્વનામ 'એ' માટે શી શરત છે? અહીં એમ કહી શકાય છે કે લોપ પામેલા નામપદને સ્થાને 'અહીં એક નામપદનો લોપ થયો છે' એવું સૂચવનારા એક વ્યાકરણી અંશ તરીકે 'એ'નો પ્રવેશ થયો છે. (પૃ. ૫૮). સાપેક્ષ સર્વનામવાળાં વાક્યોની આ રીતે નિરુક્તિ કરવાથી ભિન્ન ભિન્ન બાહ્ય આકારવાળાં વાક્યો આંતરિક રચનાઓમાં કેવી રીતે એકસરખાં છે એ સમજાવી શકાય છે. (પૃ. ૫૮).

નીચેનાં વાક્યોનો એક જ અર્થ છે :

૧. જે કેરી કાચી હતી એ વેચાઈ ગઈ.

૨. કાચી કેરી વેચાઈ ગઈ.

....

આંતરિક રચનામાં વાક્યનો આકાર કંઈક આવો હોઈ શકે :

કેરી (કેરી કાચી હતી) વેચાઈ ગઈ.

આગળ નોંધેલી (પૃ.૫૬ પરની) સાપેક્ષ પ્રક્રિયાની પહેલી વિધિ પ્રમાણે સર્વનામનો પ્રવેશ કરવાની - અનુસાર.

કેરી (જે કેરી કાચી હતી) વેચાઈ ગઈ – એવી અવાંતર રચના પ્રાપ્ત થાય.

પછીની પ્રક્રિયામાં – આવૃત્ત થયેલા નામપદનો લોપ થાય અને એના નિશાન તરીકે પેટાવાક્યને અંતે 'એ' ઉમેરાય.

જેમ કે : જે કેરી કાચી હતી, એ વેચાઈ ગઈ (પૃ.૫૯).

'કાચી કેરી વેચાઈ ગઈ' એની નિરુક્તિમાં

કેરી (કેરી કાચી હતી) વેચાઈ ગઈ → કાચી કેરી વેચાઈ ગઈ.

આનાં જેવાં બીજાં વાક્યો પણ પંડિત આપે છે (પૃ.૬૧) :

જે અનાજ સડેલું હતું એ વેચાઈ ગયું → સડેલું અનાજ વેચાઈ ગયું.

જે છોકરો નબળો હતો એ માંદો પડ્યો → નબળો છોકરો માંદો પડ્યો.

જે ખેડૂત કેળવાયેલો છે તે વધારે અનાજ પેદા કરે છે → કેળવાયેલો ખેડૂત વધારે અનાજ પેદા કરે છે.

આ સાપેક્ષવાચીને નિશ્ચિત સર્વનામ 'એ' સાથે સરખાવી શકાય.

એક રાજા હતો. એ (રાજા) રોજ રાતે નગરચર્યા કરવા નીકળતો. અમારી હૉસ્ટેલમાં એક ગામડિયો વિદ્યાર્થી આવ્યો હતો. એ (વિદ્યાર્થી) બહુ મહેનતું હતો. (પૃ.૬૧).

આ નિશ્ચિત સર્વનામ 'એ' અને સાપેક્ષવાળી સર્વનામ 'એ'માં બહુ ફરક નથી, જે વાક્યોમાં એ આવે છે એ વાક્યોમાં બાહ્ય આકારમાં ફરક છે. (પૃ.૬૧)

ઉદા. : ૧-અ. જે છોકરો નિયમિત હતો એ પહેલો આવ્યો.

૧-બ. નિયમિત હતો એ છોકરો પહેલો આવ્યો.

૧-ક. નિયમિત છોકરો પહેલો આવ્યો.

૨-અ. જે કેરી કાચી હતી એ વેચાઈ ગઈ.

૨-બ. કાચી હતી એ કેરી વેચાઈ ગઈ.

૨-ક. કાચી કેરી વેચાઈ ગઈ (પૃ.૬૨).

'એ'નો એક ત્રીજા પ્રકારનો પ્રયોગ નોંધવા જેવો છે. જે ઉપરના બંને પ્રયોગોથી વિશિષ્ટ રીતે જુદો છે.

૧. નરભેરામે નવો ડગલો લીધો એ સારું થયું.

૨. ચંદ્રચૂડ વિધવાવિવાહનો હિમાયતી છે એ જાણીતું છે. (પૃ. ૬૨).

આ જ વાક્યો નીચે પ્રમાણે પણ યોજી શકાય :

૧. એ સારું થયું કે નરભેરામે નવો ડગલો ખરીદ્યો.

૨. એ જાણીતું છે કે ચંદ્રચૂડ વિધવાવિવાહનો હિમાયતી છે (પૃ. ૬૩).

આ 'એ'ને 'પેટાવાક્ય સૂચક' 'એ' કહી શકાય.

આ ચર્ચા અનુસાર 'એ'ના ત્રણ મુખ્ય પ્રકાર નીચે પ્રમાણે થયા :

'એ' નિશ્ચિત (અને પૂર્વોલ્લેખ થયેલા નામને સૂચવનાર) સર્વનામ તરીકે,

'એ' સાપેક્ષવાચી સર્વનામ તરીકે અને

'એ' પેટાવાક્ય સૂચક તરીકે (પૃ.૬૮).

હજી, 'એ'નો એક વિશિષ્ટ પ્રયોગ બાકી છે :

પહેલેથી જ ખેતી એ બંગાળના લોકોની જિવાઈનું મુખ્ય સાધન હતું.

આ વાક્યનું નીચે પ્રમાણેનું વાક્ય પણ સ્વીકાર્ય છે. જેમ કે :

૧. પહેલેથી જ ખેતી બંગાળના લોકોની જિવાઈનું મુખ્ય સાધન હતું.

૨. બંગાળના લોકોની જિવાઈનું મુખ્ય સાધન પહેલેથી જ ખેતી હતું.

આવી રચનાના ૧લા વાક્યમાં આ વિકલ્પે જ પ્રવેશે છે એમ કહી શકાય. ૨જા વાક્યમાં નહીં.

આ 'એ' ત્યારે જ પ્રવેશી શકે જ્યારે ક્રિયાપદ અસ્તિત્વવાચક 'હોવું, બનવું, થવું' હોય (એટલે કે રચના સમીકરણાત્મક (equational) હોય (પૃ.૬૯).

છેલ્લે 'એ' અને 'તે'ના વપરાશ વિશે એક પ્રશ્ન છે.

જ્યાં 'એ' વપરાય છે એમાંનાં ઘણાં સ્થાને 'તે' પણ વપરાય છે, અને અર્થમાં કશો ફરક નથી પડતો. આગળ 'એ'ના જે ત્રણ પ્રયોગો (પ્રકારો-ઊ.દે.) (પૃ.૬૮) વર્ણવ્યા છે તેનાં બધાં જ ઉદાહરણોમાં 'એ'ની જગ્યાએ 'તે' પણ વાપરી શકાય.

(પણ) પહેલેથી જ ખેતી એ બંગાળના લોકોની જિવાઈનું મુખ્ય સાધન હતું – જેવાં વાક્યોમાં 'એ'ને સ્થાને 'તે' વાપરી શકાતો નથી. (પૃ.૬૯).

'તે'ના બીજા વિશિષ્ટ પ્રયોગો છે જેને સ્થાને 'એ' નથી વાપરી શકાતો.

તે તમે કેમ વચ્ચે આવ્યા ?

તે હું શું જાણું !

તમે તે વળી કયા મોટા સાહેબ થઈ ગયા ?

આ બધા પ્રયોગોમાં 'તે'નો વિશિષ્ટ અર્થ છે એને સ્થાને 'એ' વાપરી નથી શકાતો. કોઈ વિધાન કે ઘટનાના સંદર્ભમાં એના પ્રતિનિધિ તરીકે જે વાક્ય આવે તે વાક્યની આદિમાં અથવા લગભગ આદિમાં (કર્તાની પછી તરત જ) આ 'તે' વપરાય છે.

એ તો સ્પષ્ટ છે કે ઐતિહાસિક રીતે આ 'તે'ને આગળના સર્વનામવાળા 'તે' સાથે કશો સંબંધ નથી. (પૃ.૭૦).

હેમન્ત દવેના તેમના પુસ્તક 'શબ્દમૂળની શોધ'માં 'એ અને તે'ની ચર્ચાને અંતે મૂકેલા સાદાસીધા નિષ્કર્ષ – આ ચર્ચા પછી ગુજરાતીમાં 'એ' અને 'તે'ના ઉપયોગ સંદર્ભે ગૂંચવણ રહેવી જોઈએ નહીં – એની સામે 'એ' અને 'તે'ના અનેકવિધ પ્રયોગો દર્શાવવા પ્રબોધ પંડિતે દર્શાવેલા પ્રયોગોની ચર્ચાની આવશ્યકતા પડી.

તા.ક. : વિશેષમાં રસિકજનો માટે જણાવવાનું કે આ 'એ' જ્યારે અન્વાદેશી (anaphoric) સર્વનામ તરીકે વપરાય છે તેના માટે આ. રા. શાહનો એમ. ફિલ. માટેનો શોધનિબંધ (અંગ્રેજીમાં) (અપ્રકાશિત) થયો છે. પુણેની ડેક્કન કૉલેજમાં આ શોધનિબંધ સોંપાયો છે. અન્ય એક શોધનિબંધ Lexical anaphora and pronounce in Gujarati – Purushottam Mistry University of Delhi. 1996 જોઈ શકાય.

૭. પૃ.૬૮ - લેખકના "ગ્રીક શબ્દોની સંખ્યા ભારતીય ભાષાઓમાં છેક જ નાની

જણાતી નથી.” – એવા વિધાન વિશે એટલું જ કહેવાનું થાય કે આ પુસ્તકમાં ગ્રીક વ્યુત્પત્તિવાળા શબ્દોની સંખ્યા માત્ર આઠ છે.

૮. પૃ.૭૭ – ‘ચપટ’ શબ્દ એક જ વાક્યમાં બે વાર વપરાયો છે. તે સરતચૂક લાગે છે.

૯. પૃ.૯૪ – લેખક ‘ટાટ-દાટ’ની ચર્ચા વખતે લખે છે કે “આની સાથે સરખાવવા જેવા શબ્દ ‘સૂકું ઠઠ, સૂકું ભઠ’, ‘સૂકું સટ’, ‘સીધું સટ’ વગેરે શબ્દો છે. એનો અર્થ પણ ‘સાવ ખૂબ અતિશય સૂકું’ અથવા ‘એવું સીધું’ એમ છે.

આ શબ્દો કોઈ રીતે તો જોડાયેલા લાગે છે, પણ એની વ્યુત્પત્તિ વિશે કશું સ્પષ્ટ નથી.”

આની સાથે સરખાવવા ‘ગુજરાતી ભાષાનાં અનુરણનો’ – (૨૦૧૬) – ઊર્મિ ઘનશ્યામ દેસાઈ–માં આપેલાં રૂપો જોઈએ. (પૃ.૧૦૯) વિશેષણનાં રૂપો સાથે વપરાતાં પાયાનાં અનુરણન રૂપો :

આંધળું **ધબ**, કાળું **ધબ**,

જૂનું **ખખ**, ખાલી **ખંખ**, ભૂંડું **ભખ્ખ**, ઘરડું **ખખ.**

ખાલી **ખમ**, જાડું **ભમ**, જાડું **બંબ**, ટાઢું **ટમ**, તીખું **તમ**, લીલું **છમ**, **ભમ** પોલ.

ઠાલું **ઠમ**, ભોળું **ભમ**, ઢીકો મારે **ઢમ.**

ફિક્કું **ફચ**, પીળું **પચ**, લાંબું **લચ**, ટૂંકું **ટચ**, કાળું **કચ**,

કાચું **કચ**, ભૂંડું **ભચ**, મોળું **મચ.**

પીળું **પચરક**, લાંબું **લસરક.**

ઢીલું **ઢસ**, મોળું **મસ**, પીળું **પસ**, મોટું **મસ.**

કોરું **કટ**, કાળું **કટ**, ચોખ્ખું **ચટ**, ભોળું **ભટ**, સીધું **સટ**,

ભૂંડું **ભટ**, સૂકું **સટ.**

કાળું **ભઠ**, સૂકું **ભઠ**

પોલું **ઢંઢ**

સૂકું **ઠઠ**

ઉઘાડું **ફટાક**, ભોળું **ભટાક**

આ રૂપોની વ્યુત્પત્તિ આ પુસ્તકમાં આપવામાં આવી નથી. પણ બધા અનુરણનાત્મક શબ્દોનો અર્થ આપવામાં આવ્યો છે.

૧૦. પૃ.૧૧૧ – એકવાર ‘માસ્ટર’નો ઉલ્લેખ ૧૯૪૪ એમ અપાયો છે. બીજી વાર ‘માસ્ટર’નો ઉલ્લેખ ૧૯૫૫ એમ અપાયો છે. ‘માસ્ટર’ ૧૯૪૪ની પૃષ્ઠ સંખ્યા ૨૯૮ આપી છે. ‘માસ્ટર’ ૧૯૫૫ની પૃષ્ઠ સંખ્યા ૨૯૯ દર્શાવી છે. ‘માસ્ટર’નાં બંને વિધાનો જોતાં પૃ.૨૯૮ અને પૃ.૨૯૯નું લખાણ ક્રમાનુસાર હોય એમ લાગે છે.

૧૧. પૃ.૧૧૮ – લેખકનું વિધાન છે – ‘ગુજરાતી ઉપર સંસ્કૃતની ઘેરી છાયા છે, અને જનની અને પુત્રી જેવો સંબંધ સામાન્ય રીતે માનવામાં આવે છે...’ આવાં વિધાનો તરફ પ્રબોધ પંડિત સખત નારાજગી દર્શાવે છે. તેમના પુસ્તક ‘ગુજરાતી ભાષાનું

ધ્વનિસ્વરૂપ અને ધ્વનિપરિવર્તન'માં તેઓ લખે છે કે : 'માન્ય ભાષા અને બોલીઓ વચ્ચે જન્ય જનક ભાવ તો નથી જ, એ હકીકત સ્પષ્ટ થાય છે.'

ભાષાશાસ્ત્રના પ્રારંભકાળમાં, ડાર્વિનની અસર નીચે, જીવવિજ્ઞાન અને એવાં બીજાં વિજ્ઞાનોની અસર નીચે - ભાષાઓની વંશાવળીઓ બનાવવાની પ્રથા પડી હતી. અને એને લીધે બોલી-ભાષા વચ્ચે જન્ય-જનક ભાવના સંબંધોની ભ્રામક કલ્પના પેદા થયેલી. આપણે ત્યાં તો અત્યારે પણ ફલાણી ભાષા મા અને ફલાણી એની દીકરીઓ, ફલાણી એની મોટી બહેન-એવાં વિધાનો અવારનવાર થયાં કરે છે. (પૃ. ૧૨૮).

૧૨. પૃ.૧૪૬ - 'સાર્થ ગુજરાતી જોડણીકોશ' એમ નોંધવામાં આવ્યું છે. પણ ખરું નામ 'ગૂજરાતી સાર્થ જોડણીકોશ' છે.

૧૩. પૃ.૧૫૨ - લેખકનું વિધાન "સીતાનું સંબોધન વિભક્તિનું રૂપ (હે) સીતે થાય. એ ઉપરથી 'માતા'નું '(હે)' માતે કરવું એવી બીજી રામાયણ-મહાભારત જેવી પૌરાણિક ધારાવાહિકાને કારણે પ્રચલિત બનેલી, અલબત્ત ભયંકર ગમ્મત છે. એમાં અજ્ઞાન કારણભૂત છે કે સીતાનું પ્રાતિપદિક 'સીતા' છે, જ્યારે માતાનું પ્રાતિપદિક માતૃ છે. એટલે 'માતૃ'નું સંબોધન વિભક્તિનું રૂપ 'હે માતઃ' થાય."

આ વિધાનની બાબતમાં એટલું કહેવાનું થાય કે '(હે) સીતે'ના સાદૃશ્યથી '(હે) માતે' રૂપ પ્રચારમાં આવે. અને ભાષામાં થતાં સાદૃશ્ય પરિવર્તનની વાત નવી નથી. અને તેનું સાતત્ય ભાષામાં વર્તાતું હોય છે.

૧૪. પુસ્તકમાં અનેકાનેક જગ્યાએ લેખકે વાપરેલ **'રવાનુકારી'** સંજ્ઞા વિશે ટિપ્પણી :

ગુજરાતી ભાષાના પારંપરિક લખાણોમાં Onumatopoeic શબ્દોને 'રવાનુકારી' તરીકે ઓળખાવવામાં આવે છે. જેનો અર્થ થાય છે રવ-ધ્વનિનું અનુકરણ કરતા શબ્દો. આવા શબ્દો માત્ર ધ્વનિનું અનુકરણ કરતા નથી, પણ આ પ્રકારના શબ્દોમાં અનેક પ્રકારનાં અન્ય સંવેદનો – જેવાં કે : દૃશ્યાત્મક સ્પર્શાત્મક, ગત્યાત્મક... પણ જોવા મળે છે. આમ, મનુષ્યો, પ્રાણીઓ વસ્તુઓના ગતિસંબંધી, શારીરિક, શ્રાવ્ય અવાજોનું પ્રતિબિંબ પાડવા ધ્વનિનું અનુકરણ ઉપયોગમાં લેવામાં આવે છે અને ભાષામાં આ બધાને વિશિષ્ટ ધ્વનિરચના દ્વારા મૂર્ત કરવામાં આવે છે. એટલે એમને માત્ર "રવાનુકારી" તરીકે ઓળખાવવા એ અવ્યાપ્ત કે અપસંજ્ઞા ગણાશે. કારણ કે આ જાતનાં ઘડતરોનો ઘણો બૃહદ્ સંદર્ભ હોય છે. અલબત્ત, એ સાચું છે કે ભાષામાં ધ્વનિનું અનુકરણ કરતા શબ્દોનું પ્રમાણ અધિક હોય છે.

અનુરણન એટલે વસ્તુના નિર્દેશ્ય કે તેની સાથે જોડાયેલી ધ્વનિની પ્રત્યક્ષ નકલ દ્વારા થતું શબ્દોનું ઘડતર, એટલે ધ્વનિના અનુકરણાત્મક કે વર્ણનાત્મક શબ્દો તે **અનુરણન** કહેવાય.

આ ધ્વનિશબ્દો કાં તો ધ્વનિનું અનુકરણ હોય; જેમ કે : ઘર્ર્ર્, ફર્ર્ર્; કાં તો જે ઘટતું-બનતું હોય તેનું વર્ણનાત્મક સંક્ષિપ્ત રૂપ હોય; જેમ કે, ડૂસકું, રણકો, ધડાકો, ફટફટિયું...અમુક ઘડતરો ધ્વનિ શબ્દનો માત્ર ગુણ દર્શાવે; જેમ કે : ફુસ્.

શ્રી ભાયાણીસાહેબે આને માટે 'રવાનુકારી, અનુરણનાત્મક, અનુકરણાત્મક શબ્દો એવી સંજ્ઞા આપી છે. જેમાં ધ્વનિ, દૃશ્ય, સ્પર્શ, ગતિ જેવી વિવિધ સંવેદનાનું અનુકરણ હોય. ઉદા. 'ઝગમગ' શબ્દ દ્વારા પ્રકાશની વિવિધ છાયા વ્યક્ત થાય છે. એટલે કે તે દૃશ્ય સંવેદન છે. 'સળવળ' શબ્દમાં ગતિ દેખાય છે, તે પણ દૃશ્ય સંવેદન છે. 'ગદગદિયાં'માં સ્પર્શનું સંવેદન વ્યક્ત થાય છે.

ભારત સરકાર તરફથી પ્રકાશિત "ભાષાવિજ્ઞાન શબ્દાવલિ - Glossary of Linguistics - માં આને માટે અનુરણન એવી સંજ્ઞા આપવામાં આવી છે. 'અનુરણન' શબ્દનો ઉપયોગ વિવિધ વ્યાકરણોમાં કરવામાં આવ્યો છે. તે માટે જુઓ – 'ગુજરાતી ભાષાનાં અનુરણનો' (૨૦૧૬) – ઊર્મિ ઘનશ્યામ દેસાઈ (પૃ.૭-૮)

૧૫. સંદર્ભસૂચિમાંની ભૂલો :

સૂચિમાં ઉલ્લેખ ન કરાયો હોય એવા લેખકો અને કૃતિઓ :

૧. હરિવલ્લભ ભાયાણી – શબ્દપ્રયોગોની પગદંડી પર - (૧૯૯૫)નો ઉલ્લેખ નથી. (પૃ.૧૭૨)

૨. Oldenberg (૧૯૧૮) (પૃ.૧૩૫)

૩. શ્ટ્રાઉખ અને બુખારિન (૨૦૦૪) (પૃ.૧૫૬-૧૫૭)

૪. સેલમન (૨૦૧૪) (પૃ.૧૫૬-૧૫૭)

૫. 'નર્મકોશ'નો ઉલ્લેખ નથી.

૬. બેલસરે એમ.બી.નો કોશ (પૃ.૩)

An Etymologieal Gujarati - English Dictionary (૧૮૮૬-૧૯૦૪)

૭. રતિલાલ નાયકનો મોટો કોશ (પૃ.૪, ૪૬, ૫૦, ૬૦, ૧૧૯, ૧૩૯)

૮. બચ્ચુલાલ અવસ્થીનો હિન્દી વ્યુત્પત્તિ કોશ (પૃ.૨૭)

૯. મધુસૂદનકૃત 'વિક્રમચરિત્ર વિવાહ'

૧૦. મૉલ્ઝવર્થનો મરાઠી કોશ (પૃ.૧૨૭, ૧૩૯)

૧૧. ઈ. સૂ. દેસાઈકૃત 'બૃહદ્ કાવ્યદોહન' (પૃ.૫૮)

૧૨. કોઠારી જયંતના સંદર્ભોમાં ક્રમભંગ દેખાય છે.

૧૯૯૪ના પ્રકાશનનો ઉલ્લેખ ૧૯૮૯ના પ્રકાશન પછી થવો જોઈએ.

૧૩. Jules Bloch – La Formation de la Langue Marathe (1919) (The fermation of Marathi Language) (P.7).

૧૪. Sunitikumar Chatterji – The origin and Development of Bengali Language (1926) (P.7)

૧૫. Saxena Baburam - Evolution of Awadhi (1938) (P.7)

૧૬. Subhadra Jha – The Formation of Maithili Language (1958) (P.7)

૧૭. હરિવલ્લભ ભાયાણી (૧૯૮૮, ૧૯૯૬) – ગુજરાતી ભાષાનું ઐતિહાસિક વ્યાકરણ – (પૃ.૭)

૧૮. પ્રબોધ પંડિત (૧૯૭૮) – વ્યાકરણ : અર્થ અને આકાર (ઠક્કર વસનજી વ્યાખ્યાનમાળા માટે અપાયેલ વ્યાખ્યાનો)

૧૯. હરિવલ્લભ ભાયાણી (૧૯૬૦) – સિંહાસન બત્રીસી વાર્તા (–૧૨) (પૃ.૧૬૦)

૨૦. દેવદત્ત ભાંડારકર : Lectures on Ancient Numes matics – (પૃ.૧૦૮)

૧૬. વ્યક્તિસૂચિમાંની ભૂલો :

૧. સૂચિમાં દર્શાવેલ પૃ.૧૦૮ પર કે. કા. શાસ્ત્રીનો ઉલ્લેખ દેખાતો નથી.

૨. પૃ.૧૪૭ ઉપર ભાયાણીનો ઉલ્લેખ મળતો નથી.

૩. સાંડેસરા માટે દર્શાવેલ પૃ.૧૪૭, ૧૫૮ ઉપર એમનો ઉલ્લેખ મળતો નથી.

૪. પી. વી. રામાનુજા શાસ્ત્રીનું નામ સૂચિમાં નથી.

૫. Oldenberg (1918)નો ઉલ્લેખ સૂચિમાં નથી. (પૃ.૧૩૫)

૬. 'વિક્રમચરિત્ર વિવાહ'ના કર્તા મધુસૂદનનો ઉલ્લેખ સૂચિમાં નથી.

૭. સૂચિમાં દર્શાવેલ શ્ટાઈનગાસ માટેનાં પૃ.૧૨૮, ૧૪૦ ઉપર તેમનો ઉલ્લેખ નથી.

૮. છોટુભાઈ નાયક દર્શાવેલ પૃ.૧૨૯ ઉપર તેમનો ઉલ્લેખ નથી.

૯. ભાયાણી માટે દર્શાવેલ પૃ.૧૪૭ ઉપર તેમનો ઉલ્લેખ મળતો નથી.

૧૦. સૂચિમાં રતિલાલ નાયકનો પૃ.૧૪૦, ૧૬૨ ઉપર ઉલ્લેખ મળતો નથી.

૧૧. શબ્દસૂચિમાં 'મૃગ'ની નોંધ પૃ.૩૭ ઉપર નથી મળતી.

**પુસ્તકમાં દેખાતી જોડણીની ભૂલો :**

| **પૃષ્ઠ** | **લીટી** | **અશુદ્ધ** | **શુદ્ધ** |
|---|---|---|---|
| ૧૩ | ૧૧ | મુઠીભર | મૂઠીભર |
| ૧૪ | નીચેથી ૬ | તેમજ | તેમ જ |
| ૧૪ | નીચેથી ૫ | રચ્યા પરયા | રચ્યા પચ્યા |
| ૧૪ | નીચેથી ૩ | ઉપજે | ઊપજે |
| ૧૬ | ૧૫ | તેમજ | તેમ જ |
| ૧ | નીચેથી ૭ | તેમજ | તેમ જ |
| ૫ | નીચેથી ૨ | ઉપજાવી | ઊપજાવી |
| ૧૦ | નીચેથી ૨ | તેમજ | તેમ જ |
| ૨૩ | ૯ | જાણતું | જાણીતું |
| ૨૬ | નીચેથી ૨ | ભીક્ષાપાત્ર | ભિક્ષાપાત્ર |
| ૪૬ | નીચેથી ૧૨ | નગમતા | ન ગમતા |

| | | | |
|---|---|---|---|
| ૯૦ | ૧૫ | જાણાય | જણાય |
| ૯૫ | (પાંચ વખત) | તતુડી | તતૂડી |
| ૯૬ | (સાત વખત) | તતુડી | તતૂડી |
| ૯૮ | ૧૯ | દારુખાનું | દારૂખાનું |
| ૧૧૮ | ૯ | ફૂદીનો | ફુદીનો |
| ૧૨૪ | ૩ | અધમુઆ | અધમૂઆ |
| ૧૨૪ | નીચેથી ૭ | ચ્વી રૂપ | ચ્વિ રૂપ |
| ૧૪૧ | નીચેથી ૭ | માનક્રેટ | માનક્રેડ |
| ૧૪૬ | ૯ | થાયં | થયાં |
| ૧૫૧ | નીચેથી ૩ | ont heir | on their |
| ૧૫૮ | ૬ | આખો | આખા |
| ૧૬૪ | ૧૩ | વમનપુરાણ | વામનપુરાણ |
| ૧૬૬ | ૭ | અને | એને |
| ૧૭૦ | નીચેથી ૧૦ | વ્યુત્પત્તિ | વ્યુત્પત્તિકોશ |
| ૧૭૪ | ૧૪ | Ditionary | Dictionary |
| ૧૭૫ | નીચેથી ૧૧ | Ditionary | Dictionary |
| ૧૯૪ | નીચેથી ૬ | માનક્રેટ | માનફેડ |
| ૧૯૮ | નીચેથી ૭ | માનક્રેટ | માનફેડ |

■

લાઠી, ૧૯-૧૦-'૯૮

પ્રિય ગોવર્ધનભાઈ,

મણિભાઈ દ્વિવેદીનો સ્વર્ગવાસ એ આ પત્રનું મૂળ છે.

અમુક વર્ષો પહેલાં મારું પહેલું પત્ર આપને મળ્યું હતું. તે જ અરસામાં મારું તેવી જ જાતનું એક પત્ર મણિભાઈ પર પણ ગયું હતું. સમય જતો ગયો તેમ આપના તરફની મારી ભાવના હતી તે જ રહી – કાંઈ વધતી પણ ગઈ – કાંઈ સ્પષ્ટ પણ થતી ગઈ. આપના દર્શનનો લાભ પણ ચાર પાંચ વખ્ત મળ્યો. પરંતુ મણિભાઈને વિશેષ વ્યવસાય ન હોવાથી, કે પ્રભુ જાણે શાથી, એઓ આ હૃદયની બહુ જ પાસે આવ્યા હતા. હું એમને મિત્ર કરતાં ગુરુ વિશેષ ગણતો હતો, અને રાજ્યમાં દીવાન પર રાજા હોય છે પરંતુ દીવાન અને રાજા બન્ને પર રહી શકે તેવા કોઈ પુરુષની મ્હને જે અપેક્ષા સમજાઈ છે તે એમનાથી પૂરી પડતી હતી. હું મારું-હૃદય એમને કહી શક્યો હતો અને એઓ દોરે ત્યાં થોડું ઘણું દોરાઈ શક્યો હતો. પરંતુ એ તો ગયા.

**ગોવર્ધનરામ મા. ત્રિપાઠીને લખેલા પત્રમાથી**

# વીજળીના ચમકારે – ૧૦

દર્શના ધોળકિયા

***અમથા અમથા અડ્યા***
***કે અમને રણઝણ મીણા ચડ્યા*** (મનુભાઈ ત્રિવેદી 'ગાફિલ', 'સરોદ')

'સરોદ'ના ઉપનામથી મુખ્યત્વે ભજનો અને 'ગાફિલ'ની ઓળખથી ગઝલો રચીને મનુભાઈએ કાવ્યપદાર્થને આત્મસાત્ કર્યો.

પ્રસ્તુત કાવ્યમાં કવિનું અનુસંધાન મધ્યકાલીન ભક્ત કવિઓની સચ્ચાઈભરી અનુભૂતિ સાથે સધાય છે. અહીં વાત છે ગુરુના વિરલ સ્પર્શની અને એ સ્પર્શમાત્રથી ચડતા અનુભૂતિના કેફની. કવિ ભલે એમ કહેતા હોય કે ગુરુએ અમસ્તી જ કૃપા વરસાવી, પણ ખરેખર તો અહીં વ્યક્ત થઈ છે શિષ્યની અનન્ય કૃતજ્ઞતા. કોઈ પણ સાચો ગુરુ શિષ્યને અમથો અમથો સ્પર્શતો હોતો નથી. આ સ્પર્શ પ્રાપ્ત કરવા માટે શિષ્ય એક લાંબી, દુષ્કર યાત્રા ખેડી ચૂક્યો હોય છે. પોતાની જાતને ગુરુચરણે ધરવા માટે એણે સજ્જ કરી હોય છે. એ માટે જોઈતી અપાર નમ્રતા એના હાડમાં પડી હોય છે.

આ નમ્રતાના બળે ગુરુ ખેંચાઈ આવતા હોય છે. અલબત્ત, ગુરુના સ્પર્શમાં રહેલા જાદુની તો વાત જ નોખી છે. અત્યાર સુધી ગુરુના સ્પર્શથી રહિત શિષ્ય એક એવું સાજ, એવો તંબૂર હતો જે ખૂણામાં ધૂળ ખાતો પડ્યો હતો. રણઝણવા માટે તલસતો – કોઈ કુશળ બજવૈયાની આંગળીઓના સ્પર્શ માટે વલવલતો! આ તંબૂરની અપેક્ષા એક જ હતી – સૂરબદ્ધ રણઝણવાની. ઝંકૃત થવા ઇચ્છતી આવી વ્યક્તિની અવિરત ચાલેલી મૌનયાત્રાની ફલશ્રુતિ એટલે ગુરુનો આ જાદુઈ સ્પર્શ. એ અમથો અમથો તો હોઈ જ ન શકે. એ તો છે શિષ્યની લગાતાર સાધનાનું અંતિમ પરિણામ. એ પરિણામમાત્રથી શિષ્ય લહેરાઈ ઉઠ્યો છે. એને કયારેય ન ઊતરે એવો મીણો – કેફ ચડી ગયો છે. પણ એ કેફનો જાદુ એ છે કે એ એને જાગૃતિ ભણી દોરે છે.

આચાર્ય વિનોબા આ પ્રકારની ઘટના માટે 'રામ અહલ્યા ન્યાય' એવો પ્રયોગ યોજે છે. મર્યાદાના ધારક રામચંદ્ર શિલા બનીને પડેલી અહલ્યાને પોતાના ચરણોથી કાંઈ સ્પર્શ્યા નથી; પણ એમના ચાલવાથી ઊડેલી રજ શિલાને સ્પર્શી છે. પણ એ રામચંદ્રની રજ હોઈને શિલાનું અહલ્યામાં રૂપાંતરણ થયું છે - આ છે ગુરુના 'અમથા અમથા' સ્પર્શનો ને શિષ્યના એનાથી થતા રૂપાંતરણનું રહસ્ય. કવિનો આ રણઝણાટ સહૃદયના અંતરના તારને પણ રણઝણાવીને કવિને ચડેલા કેફનો ચેપ ફેલાવે છે.

■

# સંતેશિવરા લિઙ્ગણ્ણયા ભૈરપ્પા

મીનલ દવે



(૨૦-૦૮-૧૯૩૧ થી ૨૪-૦૯૨૦૨૫)

'જેમણે સર્જનાત્મક લેખન કરવું છે, તેમણે પોતાની ભાષામાં જ લખવું જોઈએ અને પોતાના રાજ્યમાં જ રહેવું જોઈએ. જેથી પોતાનો બોલતી ભાષા, પોતાની સંસ્કૃતિ તથા પોતાના સમાજ વચ્ચે જીવી શકાય. હું કન્નડમાં લખતી વખતે નિરાંત અને આત્મીયતાનો અનુભવ કરું છું, જ્યારે અંગ્રેજીમાં લખતી વખતે મને ગૂંગળામણનો અનુભવ થાય છે.'

– એસ. એલ. ભૈરપ્પા

આ વિધાનો જેમનાં છે એ એસ એલ ભૈરપ્પા યાને સંતેશિવરા લિઙ્ગણ્ણયા ભૈરપ્પાનું ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ દેહાવસાન થયું. કન્નડમાં લખતા આ સર્જકની મોટા ભાગની નવલકથાઓ પ્રાદેશિક ભારતીય ભાષામાં અને અંગ્રેજી ઉપરાંત સંસ્કૃતમાં પણ અનુવાદિત થઈ છે. તેમની રચનાઓ પરથી કન્નડમાં બનેલી નાઈ નિરાળું, મતદાન, વંશવૃક્ષ અને તબલ્યુ નિનાદે મગ્ને અને હિંદીમાં 'ગોધૂલિ' ફિલ્મને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પુરસ્કાર પ્રાપ્ત થયાં છે. દાટું તથા વંશવૃક્ષ પરથી ટીવી સિરિયલ બની છે. અને પર્વ અંગ્રેજી તથા કન્નડ રંગમંચ પર દીર્ઘ નાટક તરીકે પ્રસ્તુત થઈ છે. સરસ્વતી સન્માન, પદ્મશ્રી, બેન્દ્રે ઍવૉર્ડ, સાહિત્ય આકાદમીની ફેલોશિપ અને પદ્મભૂષણથી સન્માનીત ભૈરપ્પા પોતાના સ્પષ્ટ વક્તવ્ય માટે જાણીતા હતા.

સરકારી નોંધણી અનુસાર ૨૦ ઑગસ્ટ,૧૯૩૧ના રોજ કર્ણાટકના હાસન જિલ્લાના નાના ગામ સંતેશિવરામાં એમનો જન્મ થયો હતો. જોકે એમની ખરી જન્મસાલ ૧૯૩૪ છે, પરંતુ શાળાપ્રવેશ વખતે નોકરી વહેલી મળી જાય એવી ગણતરી સાથે એમના કાકાએ સાલ બદલી નાખી. જોકે ટેલિફોન પર આ વાત કરતી વખતે તેઓ હસેલા, “મને આનાથી કોઈ લાભ ન થયો એ જુદી વાત છે. ઉલટાનાં નોકરીનાં ત્રણ વર્ષ ઘટી જાત!” પિતાનું વ્યક્તિત્વ તદ્દન બેપરવા અને રઝળું પ્રકૃતિનું હતું. પરિણામે અભણ માતા પર જ બાળકોને ઉછેરવાની જવાબદારી હતી. જેમીનિ ભારત અને કુમાર વ્યાસ ભારત માને કંઠસ્થ હતાં. આથી ઘરકામ કરતાં કરતાં મા બાળકોને સંભળાવતી રહેતી. ભેરપ્પાના બાળમન પર એની ગાઢ અસર થયેલી.

ભૈરપ્પા માંડ સાતઆઠ વર્ષના હશે, એ વખતે ફાટી નીકળેલા પ્લેગમાં એક જ દિવસે એમનાં ત્રણ ભાઈબહેનનું મૃત્યુ થયું. મા પણ એ જ દિવસે મરણ પામ્યાં, પણ આખરી ક્ષણોમાં એમને દીકરાને ગામના દેવતાને ચરણે ધરી દીધો. બનવાકાલ ભૈરપ્પા બચી ગયા. પણ એ મંદિર સાથે એમને એક નાતો બંધાઈ ગયો, કારણકે માએ અંતિમ શ્વાસ ત્યાં લીધા હતા.

નિરાધાર બનેલા ભૈરપ્પાની હવે પછીની જીવનયાત્રા અનેક ચડાવઉતારભરેલી રહી છે. મામાને ત્યાં આશ્રય મળ્યો, પરંતુ ભણવાની સાથે કમાવાની જવાબદારી પણ આવી ગઈ. જે દેવતામાં શ્રદ્ધા હતી એના જ મંદિરમાં મામાને એક મજૂર સ્ત્રી સાથે જોઈ લીધા પછી દેવતાને દૃષ્ટિ હોવા અંગે મનમાં શંકા જાગી. એક જ દિવસમાં મા અને ભાઈબહેનને છીનવી લેનાર મરણને કારણે જીવન માટે કેટલાય પ્રશ્નો મનમાં ઊઠતા હતા, પણ ક્યાંયથી એના જવાબ નહોતા મળતા.

પેટનો ખાડો પૂરવા ભણતાં ભણતાં અગરબત્તી વેચી, નાનાં બાળકોનાં ટ્યૂશન કર્યાં, મુંબઈ પગે ચાલતા ગયા અને ત્યાં કૂલીનું કામ કર્યું.. ગામના તંબુ સિનેમામાં ગેટકીપર બન્યા, એક વખત તો ચિત્રલેખા સિનેમા સળંગ ૨૩ દિવસ ચાલી. રોજના બે શૉ દેખાડે, એની સળંગ ૨૩ દિવસ નોકરી કરીને ૪૬ વખત સિનેમા જોઈ! પરિણામે બધા સંવાદ અને ગીતો મોઢે થઈ ગયેલાં. હૂબલીની રેસ્ટોરન્ટમાં વેઈટર પણ બન્યા, પણ ભણવાનું છોડ્યું નહીં.

મૃત્યુ વિશે, જીવન વિશે, ઈશ્વરના અસ્તિત્વ વિશે એમના મનમાં સતત મથામણ ચાલ્યા કરતી. પરિણામે એમનાં પ્રાધ્યાપક યમુનાચાર્યએ એમની ફિલોસોફી ભણવાની સલાહ આપી. અનુસ્નાતક થયા પછી ધારવાડની કૉલેજોમાં થોડો વખત ભણાવ્યા પછી ગુજરાતની સરદાર પટેલ યુનિવર્સિટીમાં અધ્યાપક તરીકે જોડાયા અને સાથે સાથે વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાંથી સત્ય અને સૌંદર્ય વિષય પર ડૉક્ટરેટની પદવી મેળવી. થોડો સમય NCERT દિલ્હીમાં કામ કર્યું. પરંતુ ઇતિહાસની એમની વિભાવનાને કારણે વિવાદ ઊભો થવાથી એ કામ છોડીને કાયમ માટે મૈસૂર આવી ગયા.

ભારતીય તત્ત્વજ્ઞાન જેવા વિષયના અભ્યાસી હોવા છતાં કૉલેજકાળ દરમિયાન ભૈરપ્પા પર પશ્ચિમી સભ્યતા અને સંસ્કૃતિનો ઘેરો પ્રભાવ હતો. પોતાના દેશની દરેક બાબત માટે તેમણે સૂગ હતી. પરંતુ અધ્યાપનના સમયમાં આનંદ કુમારસ્વામીના ભારતીય કળા વિષયક લેખો તેમણે વાંચ્યા અને તેમની માનસિકતા બદલાઈ ગઈ. એવું જ સંગીત વિશે પણ બન્યું. યુવાનીમાં ભારતીય સંગીત તેમને જરા પણ ગમતું નહીં. પરંતુ એક વખત મૈસૂરમાં વિદુષી ગંગુબાઈ હંગલનું શાસ્ત્રીય ગાન સાંભળવા મળ્યું અને ભારતીય સંગીત માટેનો તેમનો પૂર્વગ્રહ ઓગળી ગયો.

વીસમી સદીના છઠ્ઠા દાયકામાં ભૈરપ્પાએ લેખનની શરૂઆત કરી ત્યારે તેમની સામે કન્નડ નવલકથાના ઉત્તમ નમૂનાઓ ઉપલબ્ધ હતા. શિવરામ કારન્થ, માસ્તી વેંકટેશ આયંગર, એ. એન. કૃષ્ણરાવ, ટી. આર. સુબ્બારાવ, વી. કે. ગોકાક, કટ્ટીમણિ વગેરેની નવલકથાઓએ કન્નડ સાહિત્યને સમૃદ્ધ કર્યું હતું. પાછળથી જેમને જ્ઞાનપીઠ પુરસ્કાર મળ્યો તે યૂ. આર. અનંતમૂર્તિ પણ ભૈરપ્પાના સમકાલીન હતા. જોકે બંનેની વિચારધારા અને

લેખનશૈલી નોખી હોવાને કારણે એમની બંનેની વચ્ચે વિવાદ ચાલ્યા કરતો એ અલગ વાત છે. એ સમયે કન્નડ સાહિત્યમાં નવોદયા, બંદયા અને દલિત ચળવળ ચાલતી હતી, પરંતુ આ કોઈ ચળવળથી પ્રભાવિત થયા વિના કે કોઈ વાદનો હિસ્સો બન્યા વગર ભૈરપ્પાએ પોતાની આગવી શૈલી વિકસાવી, અને કન્નડ સાહિત્યમાં એક નોખી પરંપરા ઊભી કરી.

ભૈરપ્પાને મન નવલકથા ન તો મનોરંજનનું માધ્યમ હતું, ન તો સમસ્યાઓનો ઉકેલ શોધવાનું સાધન હતું. કોઈ આદર્શના પ્રચાર માટે કે લોકપ્રિયતા પ્રાપ્ત કરવા માટે એમણે કદી કલમ ઝાલી ન હતી. કેટલુંય સંશોધન અને ગૃહકાર્ય કર્યા પછી લાધતા સત્યનું આલેખન કરવું એ તેમને મન સર્જક ધર્મ હતો. સમાજજીવન, ઇતિહાસ, તત્ત્વ જ્ઞાન, સંગીત, રાજનીતિ વગેરે અંગેનું જે સત્ય તેઓ પામ્યાં એ સાહિત્યના માધ્યમથી મૂકી આપ્યું. પુરાકથાઓ, લોકકથાઓ, દંતકથાઓ અને ઇતિહાસમાં નોંધાયેલી ઘટનાઓનો તેમણે પોતાના સર્જનમાં ભરપૂર ઉપયોગ કર્યો છે. એટૂલે જ તેમના વાચકોમાં પાનવાળાથી માંડીને, શાક વેચવાવાળા, ડૉક્ટર, અધ્યાપક, રાજકારણી, સામાન્ય ગૃહિણી, વેપારીઓ, શૅરબજારના દલાલો, એમ સમાજના તમામ વર્ગના લોકોનો સમાવેશ થાય છે.

ભૈરપ્પાની નવલકથાઓમાં કથાવસ્તુનું અપાર વૈવિધ્ય છે. જેનાથી તેમની નવલકથાકાર તરીકેની કીર્તિ પ્રસરી એ 'ધર્મશ્રી' હિંદુમાંથી ખ્રિસ્તી બનતા નાયકની તંગ મનોદશાનું ચિત્ર આપે છે. ગુજરાતી વાચકને કવિ કાન્ત અચૂક યાદ આવી જાય. 'વંશવૃક્ષ'માં વિધવા પુનર્લગ્ન નિમિત્તે પાત્રોનાં મનની વેદનાનું આલેખન થયું છે. 'જલપાત' પુનર્જન્મની કથા છે, જ્યારે 'નાઇનિરાળું'માં પરંપરા અને નવા જમાના વચ્ચેનો સંઘર્ષ આલેખાયો છે. 'તબલ્યુ નિનાદે મગ્ને' કાલિંગ ગૌડાને નિમિત્તે બે પેઢી અને બે વિચારધારાના સંઘર્ષનું આલેખન કરે છે. 'મતદાન' વર્તમાન રાજનીતિના કાવાદાવાની કથા છે, એક પ્રસિદ્ધ ડૉક્ટર રાજકારણમાં જંપલાવે છે અને એને અસલ રાજકીય ખટપટનો પરિચય થાય છે. તેમની સહુથી વધારે વંચાયેલી, વેચાયેલી અને ચર્ચાયેલી નવલકથા એટલે 'આવરણ.' આંતરધર્મીય લગ્ન નિમિત્તે હિન્દુ-મુસ્લિમ સમસ્યાનો ઇતિહાસ અહીં આલેખાયો છે, પરંતુ ક્યાંક પૂર્વગ્રહ કે પક્ષપાત ડોકાતો લાગે. સંન્યસ્ત ધારણ કરેલ વ્યક્તિ સંસારી બનવાનો નિર્ણય કરે અને આસપાસના સમાજમાં જે હાહાકાર મચી જાય એનું નવલકથારૂપ એટલે 'ગ્રહણ.' જોકે વિવેચકોએ નબળી નવલકથા ગણી છે. એવું જ 'નિરાકરણ' નવલકથા વિશે પણ કહી શકાય. પત્નીના મૃત્યુ પછી બંને સંતાનોને દત્તક આપી દઈને શાંતિની શોધમાં નીકળી પડેલો નાયક ભલે નિર્લેપ લાગતો હોય, પરંતુ તત્ત્વજ્ઞાનના ભારથી નવલકથા નબળી પડે છે. 'મંદ્ર' ભારતીય શાસ્ત્રીય સંગીતને કેન્દ્રમાં રાખીને લખાયેલી નવલકથા છે.

'તબલ્યુ નિનાદે મગ્ને, દાટુ, પર્વ, અને 'ગૃહભંગ' એવી રચનાઓ છે, જેનાથી એસ. એલ. ભૈરપ્પા ભારતીય સાહિત્યમાં અગ્ર સ્થાન શોભાવે છે. તબલ્યુ નિનાદે મગ્ને (ગુજરાતીમાં ગોધૂલિ નામે અનુવાદિત છે) દાદા પૌત્રની વિચારધારાના સંઘર્ષની કથા તો છે જ સાથે સાથે એમાં ટૅક્નૉલૉજીના વધતા વ્યાપને કારણે પ્રકૃતિ સાથે માનવજાતે કરેલી છેતરપિંડીનું પણ આલેખન છે. એનું કથાવસ્તુ ભૈરપ્પાને આણંદ નિવાસ દરમિયાન મળ્યું હતું. 'દાટુ' પર જ્ઞાતિના યુવાન સાથે લગ્ન કરવાને કારણે નોકરી ગુમાવતી નાયિકાની કથાની સમાંતરે મંદિરમાં હરિજનપ્રવેશ, ઉચ્ચ વર્ણથી પણ ચડિયાતા બનવાની હોડ,

પોતાના લાભ માટે દલિતોનો ઉપયોગ કરતા નેતાઓ, વગેરેનું આલેખન એટલું તો વાસ્તવિક છે કે વાચકના મનને ખળભળાવી મૂકે છે. 'ગૃહભંગ'ને વિવેચકો કેટલેક અંશે આત્મકથનાત્મક નવલકથા ગણે છે. કારણ કે નાયિકા નંજમ્માનો જીવનસંઘર્ષ ભૈરપ્પાના માના જીવન સાથે ખૂબ સામ્ય ધરાવે છે. આળસુ અને હુકમ ચલાવ્યા કરતો પતિ, હૃદયહીન સાસુ, બે સંતાનોનું પ્લેગમાં મૃત્યુ અને નાયિકાને પણ મૃત્યુ દ્વારા મળતી મુક્તિ. વીસમી સદીના પૂર્વાર્ધમાં કોઈ પણ ભારતીય ગ્રામીણ ઘરમાં આ પ્રકારનું ચિત્ર મળી શકત. એટલે વિવેચકો આ નવલકથાને ગ્રામીણ જીવનના મહાકાવ્ય તરીકે ઓળખાવે છે. મહાભારતને આધારે લખાયેલી નવલકથા 'પર્વ' માટે ભૈરપ્પાએ લગભગ દસ વર્ષ સંશોધનકાર્ય કર્યું. એમણે કથાવસ્તુ ભલે મહાભારતમાંથી લીધું, પરંતુ કથા મહાભારતની લખી નથી. માણસના વ્યક્તિત્વનાં વિવિધ પરિમાણો, મનના અનેક સ્તરો, લાલસાઓ, કામનાઓ, એ સામેનો સમાજ, વિવિધ જનજાતિઓ, વનવાસીઓ અને નાગરિકો વચ્ચેના સંબંધો, રાજકીય મહત્ત્વાકાંક્ષાઓ વગેરેને આલેખીને ભૈરપ્પાએ આપણને એક નોખા જ જગતની ઓળખાણ કરાવી છે.. એનામાં રહેલી નાટકીયતાથી આકર્ષાઈને પ્રકાશ બેલાવડી એ પહેલાં કન્નડમાં અને પછી અંગ્રેજીમાં એને મંચ પર પ્રસ્તુત કરેલી. આઠ કલાકની દીર્ઘ પ્રસ્તુતિમાં લોકનાટ્ય પરંપરાને પણ ખપમાં લેવાઈ હતી.

ભૈરપ્પાની નવલકથાઓનું સહુથી સબળ પાસું તેમનાં સ્ત્રીપાત્રો છે. સમાજ સામે અને સગા ભાઈ સામે લડી લેતી સત્યા હોય, જન્મથી મૂંગી તાયવ્વા હોય, અમેરિકન હિલડા હોય, બેદરકાર પતિને બદલે તલાટીનું કામ કરી લેતી અને ભલભલા પુરુષો સામે શિંગડાં ચડાવતી નંજમ્મા હોય, ભીમ સિવાયના બધા પતિ માટે રોષ ધરાવતી દ્રૌપદી હોય, માથાભારે ગંગમ્મા હોય કે પુનર્લગ્ન કરતી કાત્યાયની હોય, એક પણ નારી પીછેહઠ નથી કરતી, હાર નથી માનતી, સમાજ ભલે એને નીચેનું સ્થાન આપે, પણ આ બધી સ્ત્રીઓ પોતાના બળથી બુદ્ધિથી ઇચ્છિત પામવા લડે તો છે જ. તૂટી જવું મંજૂર છે, પણ હાર નથી જોઈતી. ભારતીય નારીનો બળૂકો ચહેરો ભૈરપ્પાએ ઉપસાવ્યો છે.

ભૈરપ્પાની ગૃહભંગ, ગોધૂલિ તથા દાટુ ગુજરાતીમાં અનુવાદિત થઈ છે. આજે જ્યારે આખો સમાજ સંક્રાંતિકાળમાથી પસાર થઈ રહ્યો છે ત્યારે પોતાના સમાજના સત્યને શોધવા મથતા અને એને નવલકથા રૂપે મૂકી આપનારા એસ. એલ. ભૈરપ્પાને હાર્દિક શ્રદ્ધાંજલી.

■

લાઠી : તા. ૧૨-૧૦-'૯૩

સ્નેહી રાજઋષિ,

તું તો ગયો. મારો પ્રેમ તને કાંઈક Cold લાગ્યો હોય તો ક્ષમા કરજે અને એવી કલ્પના કરીશ નહિ. પ્રેમમાં કાંઈક ઊછળતું દેખાય છે પણ તે આખરે થાકી જાય છે. અથવા ચડઊતર કર્યા કરે છે. પણ મૈત્રી જરા શિથિલ લાગે છે પણ તે વિશેષ દૃઢ છે. મારો તારા તરફનો પ્રેમ બદલાયો છે એમ મ્હને લાગે છે. ઉચ્છૃંખલપણું જતું જાય છે અને માત્ર શાન્ત શુભ ઇચ્છા રહે છે. તોપણ મારી વિનંતિ સ્વીકારી મને ક્ષમા કરજો.

**– સરદારસિંહજી રતનસિંહજી રાણાને લખેલા પત્રમાંથી**

## ચર્ચાપત્ર

ગુજરાતી સાહિત્ય પરિષદનાં 'પરબ' સામયિકના ૧૦ ઑક્ટોબર, ૨૦૨૫ના પૃ. ૭૯ પર પ્રગટ થયેલા શ્રી ચંદ્રકાન્ત ટોપીવાળાના પત્રમાં રહેલા વિગતદોષ પ્રત્યે અને એથીયે વધુ વ્યક્તિ અને સંસ્થા પર કરેલા દોષારોપણ અંગે નીચેની વિગતો તરફ તમારું ધ્યાન દોરું છું.

(૧) ૨૦૧૬માં રણજિતરામ સુવર્ણચંદ્રક આપનારી સમિતિમાં સર્વશ્રી ચંદ્રકાન્ત શેઠ, ધીરુભાઈ પરીખ અને ધીરુબહેન પટેલ હતાં. આમાં બે પરિષદપ્રમુખો હતા અને એક મૂર્ધન્ય સાહિત્યકાર. એમણે સર્વાનુમતે મને ચંદ્રક આપવાનો નિર્ણય કર્યો હતો, એ ગુજરાત સાહિત્યસભાની કાર્યવાહક સમિતિમાં પ્રસ્તુત કરવામાં આવ્યો. એ સમયે સંસ્થાના પ્રમુખ શ્રી ધીરુભાઈ પરીખ, ઉપપ્રમુખ શ્રી યોગેશભાઈ જોષી અને મંત્રીશ્રી પ્રફુલ્લ રાવલ હતા.

(૨) એ સમિતિમાં રણજિતરામ ચંદ્રક મને અને શ્રી ધનજી કાનજી ચંદ્રક શ્રી હર્ષ બ્રહ્મભટ્ટને આપવાના નિર્ણાયક સમિતિના નિર્ણયને કાર્યવાહક સમિતિએ સર્વાનુમતે મંજૂરી આપી.

(૩) તમે પ્રગટ કરેલ પત્રમાં 'કુમારપાળ દેસાઈએ નાટ્યાત્મક રીતે આ ચંદ્રક લીધો', એવા શબ્દો પ્રયોજ્યા છે. હકીકતમાં આદરણીય ચંદ્રકાન્ત ટોપીવાળાને ૨૦૦૨માં રણજિતરામ ચંદ્રક મળ્યો હતો, એવી જ પ્રક્રિયા એ સમયે એટલે કે ૨૦૧૬માં થઈ હતી. માટે આવું હેત્વારોપણ બરાબર નથી. એ સમયે મારું સાહિત્યિક કાર્ય પણ આ માટેની યોગ્યતા ધરાવતું હતું. એ સમયે શ્રી ધીરુભાઈ પરીખ સાહિત્યસભાના પ્રમુખપદે હતા અને ત્યારબાદ શ્રી યોગેશ જોષી એના પ્રમુખ બન્યા હતા.

આ ચર્ચાપત્રમાં ચંદ્રકને વિશ્વકોશમાં જોડવાની બાંહેધરી અંગેની છે. એ જાણવું જોઈએ કે ગુજરાત સાહિત્યસભા માત્ર રણજિતરામ ચંદ્રક જ આપતી નથી, કિંતુ એ સાથે શ્રી ધનજી કાનજી ચંદ્રક આપે છે તેમજ શ્રી રણજિતરામ વાવાભાઈના જન્મદિવસે એક વ્યાખ્યાનનું પણ આયોજન કરે છે, તે સ્હેજ. એક સમયે ગ્રંથપ્રકાશનની પ્રવૃત્તિ પણ ચાલતી હતી. ગુજરાતની અસ્મિતાનું સંવર્ધન કરતી સાહિત્યિક પ્રવૃત્તિઓને વિશ્વકોશ જરૂર આવકારે છે અને એથી જ લૅક્સિકન, ગુર્જરી ડાયજેસ્ટનું પ્રકાશન, આસ્વાદ અને ડાયસ્પોરા સેન્ટર જેવી પ્રવૃત્તિઓ એણે સ્વીકારી છે. શ્રી ચંદ્રવદન મહેતા સ્મારક સમિતિનું કામ પણ અહીં ચાલે છે.

આ સંસ્થાનું ટ્રસ્ટીમંડળ વખતોવખત મળે છે. માત્ર કોઈ એક વ્યક્તિની મંજૂરી હોય તે ચાલે નહીં. વળી વિશ્વકોશમાં કોઈ દરખાસ્ત આવી હોય તો તે અંગે બધાં સાથે મળીને વિચાર કરે છે. વિશ્વકોશ સામે આવી કોઈ દરખાસ્ત આવી નથી, જે ટ્રસ્ટીમંડળ

સમક્ષ મૂકીને મંજૂર કરી શકાય. વળી કોઈ પણ સંસ્થા સ્વીકારતાં પૂર્વે એની સામગ્રી જેમાં સંસ્થાનું બંધારણ, કાર્યવાહક મંડળ, નિયમો અને ઉદ્દેશો, ઑડિટ રિપોર્ટ, ડિપૉઝિટ, બૅંક એકાઉન્ટ, પાસબુક અને પુસ્તકો એ સઘળું જાણવું પડે અને ટ્રસ્ટીમંડળ પાસે મંજૂર કરાવવું પડે, એ સ્વાભાવિક છે. ખેર!

શ્રી ટોપીવાળાના સૂચન પ્રમાણે ગુજરાતની લબ્ધપ્રતિષ્ઠ સંસ્થા ગુજરાતી સાહિત્ય પરિષદ આ કાર્ય સ્વીકારશે તો જરૂર આનંદ થશે.

આવો પત્ર પ્રકાશિત કરતાં પૂર્વે સંસ્થાના પ્રમુખશ્રી અને સંપાદકશ્રી સાચી હકીકત મેળવીને એનું પ્રકાશન કરે તેવી સહેજે અપેક્ષા એના પૂર્વમંત્રી અને પૂર્વપ્રમુખ અને વર્તમાન સભ્ય તરીકે સહેજે રહે છે, જેથી કોઈ વ્યક્તિ કે સંસ્થા વિશે ગેરસમજ ઊભી કરતી માહિતી પ્રસરે નહીં અને વિના કારણે કોઈને હાનિ થાય નહીં.

**– કુમારપાળ દેસાઈ**

*

રણજિતરામ ચંદ્રક સાહિત્ય, સંગીત, ઇતિહાસ, શિલ્પ, સાહિત્યિક પત્રકારત્વ ઇત્યાદિમાં ઉત્તમ પ્રદાન કરનારને ગુજરાત સાહિત્ય સભા દ્વારા આપવામાં આવે છે. પરંપરાથી ચંદ્રક પ્રદાન માટે અલગ વરિષ્ઠ વિદ્વાન સાહિત્યકારની નિર્ણાયક સમિતિ રચાતી આવી છે અને એ સમિતિનો નિર્ણય સભા સ્વીકારતી આવી છે.

આ સભાના પ્રમુખ ધીરુભાઈ પરીખ અને ઉપપ્રમુખ યોગેશ જોષી વરાયેલા હતા. જૂન, ૨૦૨૧માં ધીરુભાઈ પરીખના અવસાન પછી સભાનું કામકાજ સ્થગિત થયું. છેલ્લી નિર્ણાયક સમિતિમાં ધીરુભાઈ પરીખ, ધીરુબહેન પટેલ અને ચંદ્રકાન્ત શેઠ હતા. એ સમિતિએ સર્વાનુમતે ૨૦૧૫નો રણજિતરામ ચંદ્રક કુમારપાળ દેસાઈને આપવાનું ઠરાવ્યું હતું. જેનો સભાએ સ્વીકાર કરીને ૩-૧૦-૨૦૧૫ના રોજ જાણ કરી હતી અને કુમારપાળ દેસાઈએ એના સ્વીકારનો ઉત્તર ૫-૧૦-૨૦૨૧૫ના રોજ આપેલો. ૨૦૧૬માં એમને પ્રદાન કરાયેલો.

આ ચંદ્રક નાટ્યાત્મક રીતે આપવામાં આવ્યો એમ ચર્ચાપત્રમાં લખ્યું છે, તે બરાબર નથી. હકીકતમાં અગાઉના ચંદ્રકોમાં જે પ્રકારે કાર્યવાહી થતી હતી એ જ પ્રકારે કાર્યવાહી થઈ છે. આ ચંદ્રક અદૃશ્ય થયો છે અને ગુજરાતના ગૌરવ સમો શ્રી રણજિતરામ ચંદ્રક રઝળી રહ્યો છે, તેવા શબ્દો ચર્ચાપત્રમાં પ્રયોજાયા છે, તે બરાબર નથી. વળી ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટને આ સંસ્થા સંભાળવા અંગે કોઈ દરખાસ્ત કરવામાં આવી નથી.

એ જાણવું જોઈએ કે આ સભાનું કામકાજ પ્રમુખના વડપણ હેઠળ ચાલતું આવ્યું છે. કોઈ એક હોદ્દેદાર કે સભ્ય કશો નિર્ણય ન કરે, ન કરી શકે. સૂચન થાય. હવે જ્યારે સભા મળશે ત્યારે આ ચંદ્રક વિશે ચર્ચા થશે અને સુયોગ્ય નિર્ણય લેવાશે, હાલ ઉપપ્રમુખ વિદેશ છે. તેઓના આવ્યા બાદ સાહિત્યસભાની કાર્યવાહક સમિતિ યોગ્ય નિર્ણય લેશે.

**પ્રફુલ્લ રાવળ**
મંત્રી : ગુજરાત સાહિત્યસભા

■

# Werckmeister Harmonies : સપનાનું પોએટિક રસાયણ*

કિરીટ દૂધાત

સાહિત્યનું ઈ.સ. ૨૦૨૫નું નોબેલ પારિતોષિક હંગેરીના નવલકથાકાર લાઝલો ક્રાસનહોર્કાઈને મળ્યું છે. ૧૯૫૪માં જન્મેલા આ સર્જકની નવલકથાઓ વાચકની ધીરજની કસોટી કરે એવી છે. લાઝલોને ઈ.સ.૨૦૧૫માં વિશ્વપ્રવિખ્યાત The International Booker Prize મળેલું હોવાથી એમનું નામ અંગ્રેજીના વાચકોમાં જાણીતું છે. યાદ છે ને? ૨૦૨૨માં ભારતીય સર્જક ગીતાંજલિશ્રીને અને ૨૦૨૫માં બીજાં એક ભારતીય સર્જક બાનો મુશ્તાકને આ પારિતોષિકો મળી ચૂક્યાં છે. એમાંય બેલા ટાર ( બેલા પુરુષ છે.) જેવા આલા દરજ્જાના હંગેરીના દિગ્દર્શકે લાઝલોની Satantango પરથી એ જ નામની અને The Melancholy of Resistance પરથી Werckmeister Harmonies ફિલ્મ ઉતારી હોવાથી લાઝલોનું નામ યુરોપમાં વધુ જાણીતું છે. અને જગતના બૌદ્ધિકોમાં સુપરસ્ટાર જેવી ખ્યાતિ ધરાવતાં અમેરિકી વિદુષી સુઝાન સોંટાગે The Melancholy of Resistanceની પ્રશંસામાં the apocalyptic master of contemporary Hungarian literature (સર્વનાશના હંગેરીય સાહિત્યના મહાન સમકાલીન સર્જક) કહીને એમને નિકોલાઈ ગોગોલ અને હરમન મેલવિલની સાથે સરખાવ્યાં હોવાથી દુનિયાએ એમનાં ઓવારણાં લીધેલાં.

એમની પ્રથમ નવલકથા Satantango વધુ પ્રખ્યાત છે, જેના ઉપરથી બેલાએ સાત કલાક લાંબી ફિલ્મ બનાવી છે. એમ તો Melancholy of Resistance પરથી ૨૦૦૦ની સાલમાં ઊતરેલી Werckmeister Harmonies પણ અઢી કલાકની છે. આપણે જો એની પહેલી વીસ મિનિટ ટકી જઈએ તો પછી યૂટ્યૂબમાં અંગ્રેજી સબટાઇટલવાળી ફિલ્મના અઢી કલાક ક્યાંય જતા રહે.

ફિલ્મની કથા આમ છે :

હંગેરીના હોય એવા એક નાના ગામમાં શિયાળો જામ્યો છે. છાપાંનો યુવાન ફેરિયો યાનોસ એના ‘કાકા’ જ્યોર્જિની નાનીમોટી જરૂરિયાત પૂરી કરવા જ જાણે જીવે છે. કાકા એના ક્યા સંબંધે કાકા થાય છે એનો ખુલાસો ફિલ્મમાંથી નથી મળતો. (યાનોસનું બાઘાપણું ?) કાકાને ચિંતા છે કે Werckmeister નામના સંગીતજ્ઞે સંગીતની જે થિયરી આપી, એથી સમગ્ર બ્રહ્માંડનાં વણસી ગયેલા સંગીતને ફરીથી સુમધુર કેમ કરીને બનાવવું ? રોજની જેમ યાનોસ પોસ્ટઑફિસે છાપાં લેવા જાય છે ત્યાં સાંભળે છે કે

* ‘સપનાનું પોએટિક રસાયણ’ શબ્દપ્રયોગ ડૉ. સુમન શાહ પાસેથી લીધો છે એ માટે એમનો આભાર.

'ગામમાં એક સરકસ આવવાનું છે.' એમાં વહેલ માછલીના ખાલી ખોળિયામાં મ્યુઝિયમ હશે અને બોનસમાં રાજકુમાર પ્રગટ થઈને બધાને 'દર્શન' આપશે. જ્યોર્જિની પત્ની ટુંડેને રાજકીય મહેચ્છા હોવાથી પોતાનાથી અલગ રહેતા પતિને ફરજ પાડે છે કે એ ગામના આગેવાનોની મદદથી 'ગ્રામ સફાઈ ઝુંબેશ' ઉપાડે અને એની સમિતિ સ્થાપીને એનો પ્રમુખ બની બેસે. ગામના આગેવાનો ગામની પાયાની સુવિધાઓ ખાડે જતી જાય છે એની જ્યોર્જિને ફરિયાદો કર્યા પછી પણ સમિતિની રચનાના ઠરાવમાં સહી કરી આપે છે. પોતાની મહત્ત્વાકાંક્ષા પાર પાડવા જ્યોર્જિની પત્ની પોલીસવડા સાથે સહશયન કરે છે. આ બાજુ સરકસના રહસ્યમય રાજકુમારને સંચાલકો સાથે મનદુઃખ થતાં એ ગામલોકોને હિંસા કરવા ઉશ્કેરે છે. રાજકુમાર ક્યાંય સદેહે હાજર નથી, આકાશવાણી થતી હોય એમ ફક્ત એનો અવાજ સંભળાય છે. લોકો ગામની હૉસ્પિટલ પર હલ્લો બોલાવીને ત્યાંના દર્દીઓને ક્રૂરતાથી પીટે છે. પછીથી યાનોસ તોફાનીઓની ડાયરીમાં વાંચે છે કે ટોળાને ખબર નહોતી કે એમને કોની સામે વાંધો હતો એટલે બધાની સામે વાંધો છે એમ ગણીને બધાને પીટેલા. યાનોસ દૂરથી એક દૃશ્ય જુએ છે જેમાં ટુંડે અને પોલીસવડો ગામને કબજે કરવાની યોજના બનાવીને ટૅન્ક અને સૈનિકો લઈને એનો અમલ કરવા નીકળી પડે છે. યાનોસને જાણવા મળે છે કે પોતે તોફાનીઓના રોષનું કેન્દ્ર છે એટલે રેલવેના પાટેપાટે જીવ બચાવવા નાસી જવા કરે છે, પણ અચાનક એક હેલિકૉપ્ટર એને અવરોધે છે. ફિલ્મનાં અંતિમ દૃશ્યોમાં યાનોસ પાગલોના વૉર્ડમાં ભાવશૂન્ય દશામાં બેઠો છે જ્યાં મળવા આવેલા કાકા એને કહે છે, 'તને અહીંથી છોડે તો મારી સાથે રહેવા આવી જજે.' વધુમાં ઉમેરે છે કે હવે પોતે Werckmeisterની સંગીતની થિયરી સુધારવાનું પડતું મૂક્યું છે. (શું બ્રહ્માંડ બેસૂરું રહેશે ?) છેલ્લા દૃશ્યમાં જ્યોર્જિ જુએ છે કે વહેલ માછલીના ખાલી ખોળિયામાં ધુમ્મસ અને સડો વધતાં જાય છે.

વિશ્વની ઉત્તમ ફિલ્મોમાં આની ગણતરી કયાં કારણોથી છે એની માહિતી આપવામાં સંપાદકીય લંબાઈ જશે છતાં એના એક કારણમાં બેલા ટારનું લાજવાબ દિગ્દર્શન છે, જેમ કે,

* ઈ.સ. ૨૦૦૦માં બનેલી હોવા છતાં આ ફિલ્મ black and white છે જેના કારણે રાત અને દિવસનાં દૃશ્યોમાં દર્શાવેલું ધૂંધળું વાતાવરણ ગામલોકોનાં જીવનમાંથી થયેલી પ્રકાશની બાદબાકીનો સંકેત કરે છે.

* લેખકની વિશેષતા લાંબાં લાંબાં વાક્યો લખવાની છે. ઘણી વાર એક વાક્ય દોઢ પાનાં સુધી લંબાય! (વિશ્વસાહિત્યમાં સૌથી લાંબું વાક્ય જોનાથન કોએએ એની નવલકથા The Rotters' Clubમાં લખ્યું છે, જેમાં ૧૩,૯૫૫ શબ્દો છે, {અર્થાત્ 'પરબ'નાં ૨૫ પાનાં!}) કાગળ પરનાં આવાં લાંબાં વાક્યોની અસર ફિલ્મમાં કેવી રીતે દર્શાવવી? દિગ્દર્શકે એક અદ્ભુત ઉપાય અજમાવ્યો છે. આ ફિલ્મ મંથરગતિએ લીધેલા ફક્ત ૩૯ ટેઇકસમાં શૂટ કરી છે. કાકો-ભત્રીજો ગામના આગેવાનોને મળવા જાય ત્યારે બંનેના ચહેરા પરની મક્કમતાભરી લાચારી, ટોળું હુમલો કરવા જાય ત્યારની બધાના ચહેરા પરની વિચારશૂન્યતા કે નાસતા યાનોસને હેલિકૉપ્ટર આંતરે તેની ભયાવહતા ધીમી ગતિએ લીધેલા સુદીર્ઘ ટેઇક્સમાં, એ

પરિસ્થિતિઓનો કર્તા કોણ છે એ દર્શાવ્યું ન હોવાથી, દર્શકના મનમાં અવિસ્મરણીય ક્રૂરતાની અસર ઉપજાવે છે.

* આ ફિલ્મનું મુખ્યપાત્ર યાનોસ બધી ઘટનામાં હાજર છે પણ કશું સમજ્યા વગર એમાંથી પસાર થઈ જાય છે એટલે એને આયાસપૂર્વક કળાકીય તાટસ્થ્ય કેળવવાની જરૂર પડી નથી. લાર્સ રુડોલ્ફે આ પાત્રની બધી સૂક્ષ્મતાઓ સચોટપણે વ્યક્ત કરી છે.

અને મર્યાદાઓ ? લેખકની વિશેષતા કહો કે મર્યાદા એ છે કે એમની નવલકથાઓમાં હવે ઘટના સ્પષ્ટ આકાર લેશે, હમણાં લેખક ફોડ પાડીને કઈ ઘટનાનું પ્રતીકાત્મક અનુસંધાન વિશ્વરાજકારણની કઈ ઘટના સાથે છે એવું કહેશે એવા ભણકારા વાગવા છતાં લેખક અને દિગ્દર્શક કોઈ સ્પષ્ટતા કરતા નથી. મિલાન કુંદેરાની એક નૉવેલમાં એવું દૃશ્ય છે કે નાયક મોડી રાત્રે ઘેર જતી વેળા જુએ છે કે નગરપાલિકાના કર્મચારીઓ કૂતરાંને પકડીને કૂતરાગાડીમાં પૂરે છે. જાણકારોના મતે અહીં સત્તાવાળાઓ રાજકીય વિરોધીઓની ધરપકડ કરીને લઈ જાય છે એના તરફ ઇશારો છે. અહીં તો આવી કોઈ એટલે આ રચનાઓમાં સરકારની ટીકા કરી છે કે કેમ ? જેવા આપણને પ્રિય એવા ઉત્તેજક પ્રશ્નોના જવાબ મળતા નથી. યા તો તમે નવલકથાનાં ઘુમાવદાર વાક્યોનું સૌંદર્ય માણો તથા ફિલ્મના ૩૯ અલસ ટેઇક્સની મજા લો યા આમાં કશું પલ્લે પડતું નથી એમ કહીને બધું કોરાણે મૂકો. પણ લાઝલો ક્રાસનહોર્કાઈની સપનાનાં પોએટિક રસાયણ જેવી કથાઓ અને એની ગૂંથણી એમ સહેલાઈથી તમારો પીછો નહીં છોડે. વાસ્તવ અને પરાવાસ્તવની સંધિરેખા પર આકાર લેતી આ રચનાની ઘટનાઓ ભાવકના ચિત્તમાં લાંબો સમય સુધી ઝિલમિલ થયા કરે છે.

■

લાઠી : ૧૩-૬-૯૫

પત્ર મારો હાલ કાં નથી ? કવિતા પણ કાં નથી ? પત્ર લખવો એ ફરજ છે અને કાવ્ય નિવૃત્તિમાં લખાય છે અને બન્નેની મજા આનંદ હોય, ત્યારે છે.

હાલ અહીંના ન્યાયાધીશ પર કેટલીક ફરિયાદો થઈ. તેમાં કામદાર ગેરહાજર હોવાથી બધી જુબાનીઓ લેવી વગેરે કામ મારે કરવું પડ્યું અને કામદાર આવ્યા ત્યારે મારું કરેલું કામ અને બરતરફીનો ઠરાવ એમને ઠીક લાગ્યો નહિ. આખરે એટલે સુધી વાત આવી, કે ગઈ કાલે કામદારે મારી પાસે પોતાનું રાજીનામું રજૂ કર્યું અને તે દિલગીરી સાથે મ્હેં મંજૂર કરી દીધું. હવે કોકડું એમનું ગૂંચવાણું છે - ધાર્યું'તું તો એમ કે મંજૂર નહિ થાય પણ તે તો થઈ ગયું. હવે શું કરવું ? જો રાજીનામું પાછું ખેંચે છે તો આબરૂ જાય છે અને સર્વોપરી સત્તા જે ભોગવતા તેનો નાશ થાય છે અને ચાલ્યા જાય છે તો રૂ. 350 કોણ આપશે ! તેનો વિચાર થાય છે, આવી પ્રવૃત્તિમાં પત્ર લખાય નહિ એ ક્ષમા કરવા જેવું લાગશે. હવે વળી વિશેષ પછી લખીશ આ ખબર બાલુને આપશો. તબિયત સૌની મજામાં છે.

**હડાળાદરબાર વાજસૂરવાળાને લખેલા પત્રમાંથી**

# સાભાર–સ્વીકાર

## કવિતા :

➥ **નિબંધ :**

**અમારે તો આળસ એ જ આનંદ!** : રમણ સોની, ઝેન ઓપ્સ, ૨૦૨૫, ડે. પૃ. ૧૧૦, રૂ. ૨૦૦, ૨૦ હળવાનિબંધોનો સંગ્રહ.

➥ **જીવનચરિત્ર :**

**ભારતરત્ન અટલબિહારી વાજપેયી** : કિશોર મકવાણા, ગૂર્જર સાહિત્ય ભવન, સંવર્ધિત આવૃત્તિ, ૨૦૨૫, ડે. પૃ. ૧૯૨, રૂ. ૨૭૦, વડાપ્રધાન અટલબિહારી વાજપેયી વિશેના જીવનવિષયક લેખો.

➥ **લેખસંગ્રહ :**

**સેવાધર્મ તો એને રે કહીએ...** : ડૉ. ભરત ભગત, ગૂર્જર સાહિત્ય ભવન,૨૦૨૫. ડે. પૃ.૧૮૪. રૂ.૨૦૦. સમાજ માટે સમર્પિત સંસ્થાઓ અને વ્યક્તિઓની બિરદાવલી વિશેના ૪૯ લેખોનો સંગ્રહ. * **પરમાર્થનાં મેઘધનુષ** : ડૉ. ભરત ભગત, ગૂર્જર સાહિત્ય ભવન, ૨૦૨૫, ડે. પૃ. ૧૮૪, રૂ. ૨૦૦. પરમાર્થ-પ્રેરક સંસ્થાઓ અને વ્યક્તિઓનું અભિવાદન વિશેના ૮ લેખોનો સંગ્રહ.

➥ **બાળસાહિત્ય :**

**કબુ, કબુ, આજા, આજા!** : હસમુખ બોરાણિયા, ગૂર્જર સાહિત્ય ભવન, અમદાવાદ, ૨૦૨૪, ડે. પૃ. ૭૨, રૂ. ૮૦, ૨૬ બાળવાર્તાઓનો સંગ્રહ.

➥ **વિવેચન :**

**લોકગીતની ફેરીએ** : ઉત્પલ પટેલ, વિતરક : પાર્શ્વ પબ્લિકેશન, ૨૦૨૫, ડે. પૃ. ૩૩૯, રૂ. ૪૫૦, લોકગીત વિશેનો સંશોધનગ્રંથ. * **તાત્પર્ય** : કિશોર વ્યાસ, ઝેન ઓપ્સ, ૨૦૨૫, ડે. પૃ. ૨૦૬, રૂ. ૩૫૦, ૧૫ અભ્યાસ-લેખોનો સંગ્રહ. * **આચમનની અંજલિ** : ચંદ્રકાન્ત પટેલ 'સરલ', હિતેનભાઈ સી. શેઠ C/o. અનસૂયા ગૌધામ ચૅરિટ્રબલ ટ્રસ્ટ, માણાવદર, ૨૦૨૫, ડે. પૃ.૧૦૪, રૂ. ૮૦. ૧૮. સંશોધનાત્મક-સાંસ્કૃતિક અભ્યાસલેખો.

➥ **સંપાદક :**

**સર્વશ્રેષ્ઠ પરમેશ્વર શ્રીમહાદેવ** : માણેકલાલ પટેલ, પારિજાત પ્રકાશન, અમદાવાદ, ૨૦૨૫, ડે. પૃ. ૯૬, રૂ. ૧૭૦. (શ્રી શિવમહાપુરાણ આધારિત ૩૧ લેખોનો સુવિચાર

સંગ્રહ) * **આપણી ધાર્મિક્તા :** મહેન્દ્ર મેઘાણી, સંસ્કાર સાહિત્ય મંદિર, પુનર્મુદ્રણઃ ૨૦૨૫, ડે. પૃ. ૫૬, રૂ. ૫૦, ધર્મ વિશેના ૧૭ લેખો.

➥ **પ્રકીર્ણ :**

**રામદૂત :** આચાર્ય પીયૂષ. પાટણ, ૨૦૨૫, ડબલ ક્રાઉન, પૃ. ૨૧૦, રૂ. ૬૭૦, ગોસ્વામી તુલસીદાસકૃત હનુમાનચાલીસાનો આધ્યાત્મિક, વૈજ્ઞાનિક, પરાવૈજ્ઞાનિક અને રામકથા મુજબનો સરળ, સચિત્ર અર્થ અને ભાવાનુવાદ. * **સનાતન સંસ્કૃતિનાં પ્રતીકોઃ** આચાર્ય પીયુષ, પાટણ, ૨૦૨૫, ડબલ ક્રાઉન, પૃ. ૧૯૯, રૂ. ૩૭૫. હિન્દુઓનાં ધર્મપ્રતીકોની સરળ ભાષામાં સમજ આપી છે. * **જ્ઞાની અને વિજ્ઞાનીઃ** પંકજ શાં જોષી, ગૂર્જર સાહિત્ય ભવન, ૨૦૨૫, ડે. પૃ.૨૧૬. રૂ. ૨૭૦. વિજ્ઞાન અને અધ્યાત્મ વિશે વૈશ્વિક સંવાદવિષયક ૬૧ લેખોનો સંગ્રહ.

■

લાઠી : ૨૩-૭-'૯૪

વ્હાલા ભાઈશ્રી,

આપની પત્રપરંપરા નિરુત્તરિત રહી જાય છે. સબબ કશો નથી. આપ પત્રો લખવામાં આટલા ઉતાવળા કેમ અને હું ટાઢો કેમ તેનો ઉત્તર મારા મનમાં તો 'પ્રેમ' જ છે અને મારા મનમાં બીજું કાંઈ કારણ હશે તે આપ ધારશો જ નહિ. આપ આપના ઉદ્‌ગારો તુર્તાતુર્ત લખી નાખવા ધારો છો પરંતુ આપ પત્રને આવી તીવ્ર ગતિમાં મૂકી ધીમે ધીમે થાકી જતા નહિ — એવી ભીતિ મ્હને થાય છે. આ ભીતિ પ્રેમની ભીતિ આપ સમજશો નહિ. એ તો હવે હમેશાં દૂર જ રહેશે. વળી મારે કાંઈ લખવાનું હતું નહિ એમ કહું તો પણ ચાલે. શું કરું ? લખ્યા વિના ચાલતું નથી કે આપે મારે માટે બહુ જ — અતિ - કરી નાંખ્યું છે. આવું આભારી હૃદય તે બોજા તળે હજુ એટલું બધું છે કે લખવાનું હજુ કાંઈ સૂજતું નથી. કેટલાકના વિચાર પ્રમાણે 'પ્રેમમાં - સાચા પ્રેમમાં ઉપકારનો અભાવ હોવો જોઈએ.' એ હું માનતો નથી. 'આભાર'ની ઉત્પત્તિ જગતની નિષ્ઠુરતા છે. સૌ — જન માત્ર અથવા મનુષ્યનો મ્હોટો ભાગ - એક-બીજાને મદદ આપતા હોત અને એકબીજા પર પ્રેમ રાખતા હોત, તો આભારની ભાવના જગતમાં હોત જ નહિ.

**— હડાળાદરબાર વાજસુરવાળાને લખેલા પત્રમાંથી**

# પરિષદવૃત્ત

ઇતુભાઈ કુરકુટિયા

### ‘બે હજાર ચોવીસ સમક્ષ’નો લોકાર્પણ સમારોહ

૨૦૨૪માં પ્રકાશિત ગુજરાતી સાહિત્યિક ગ્રંથોની સમીક્ષાઓનું પુસ્તક ‘બે હજાર ચોવીસ સમક્ષ’નો લોકાર્પણ સમારોહ ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ ખાતે તા. ૪-૧૦-૨૦૨૫ના રોજ સાંજે ૫-૩૦ કલાકે, યોજાયો હતો. જેમાં પ્રારંભે પ્રકાશનમંત્રી ભીખેશ ભટ્ટે સૌનું સ્વાગત કર્યું હતું. મહામંત્રી સમીર ભટ્ટે પુસ્તકનાં વિવેચનો વિશે વાત કરી હતી. અતિથિવિશેષ સતીશ વ્યાસ, ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ હર્ષદ ત્રિવેદી અને પુસ્તકના સંપાદક રમણ સોનીના હસ્તે ‘બે હજાર ચોવીસ સમક્ષ’ પુસ્તકનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંપાદક રમણ સોનીએ પુસ્તકના ૮૨ લેખોની વિવેચનાત્મક સિદ્ધાંતની ચર્ચા કરી હતી. અતિથિવિશેષ સતીશ વ્યાસે પુસ્તકના લેખોના સ્વરૂપને ધ્યાને લઈને વ્યાખ્યાન આપ્યું હતું. ભીખેશ ભટ્ટે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. ગ્રંથાલયમંત્રી રૂપાબહેન શેઠે આભારવિધિ કરી હતી.

### ‘પાક્ષિકી’ અંતર્ગત

તા. ૧૧-૧૦-૨૦૨૫ના રોજ ‘પાક્ષિકી’ અંતર્ગત ગુજરાતી સાહિત્ય પરિષદમાં સાંજે ૫-૦૦ કલાકે વાર્તાકાર એકતા નીરવ દોશીએ એમની વાર્તા ‘કળણ’નું પઠન કર્યું હતું.

### શ્રીમતી રાધિકા શિરીષ પરીખ બાળકિશોર સાંસ્કૃતિક ભવન

ગુજરાતી સાહિત્ય પરિષદમાં શ્રીમતી રાધિકા શિરીષ પરીખ બાળકિશોર સાંસ્કૃતિક ભવન અંતર્ગત તા.૧૮-૧૦-૨૦૨૫ના રોજ આ વખતે તહેવારને ધ્યાનમાં રાખીને ધનતેરસના દિવસે બપોરે ૨-૧૫ થી ૩-૪૫ દરમિયાન બાળકિશોર સાંસ્કૃતિક ભવનમાં બાળકોએ પ્રવૃત્તિમાં ‘રંગોળી’ કરી હતી અને ‘દીવડા’નો સમન્વય કર્યો હતો. આ કાર્યક્રમ પ્રયાસ સંસ્થાના મિત્રોએ બાળકોમાં રસ લઈને સફળ બનાવ્યો હતો.

### વાકપર્વ પ્રસંગે દ્વિદિવસીય દશાબ્દી મહોત્સવ

સાહિત્ય સરવાણી, બારડોલી અને ગુજરાતી સાહિત્ય પરિષદના સંયુક્ત ઉપક્રમે તા. ૧૭ અને ૧૮ ઑકટોબરના દિવસોમાં વાકબારસ નિમિત્તે દ્વિદિવસીય કાર્યક્રમ યોજાઈ ગયો. પ્રથમ દિવસે નાટ્યરંગને રજૂ કરતાં જાણીતા નાટ્યકર્મી વિહંગ મહેતાએ નાટકનાં સ્વરૂપ અને સર્જન વિશે રસપ્રદ વાતો કરી અને તેમના પદ્ય એકાંકીની પ્રસ્તુતિ કરી. કાર્યક્રમના અધ્યક્ષ પીયૂષ ભટ્ટે બાલનાટ્યના પોતાના સર્જન અંગે સરસ ચર્ચા કરી. કાર્યક્રમનું સંચાલન વિરલ વ્યાસે કર્યું. મંજરી દેસાઈએ આભારવિધિ કરી હતી.

બીજા દિવસે સાહિત્ય સરવાણીના કવિઓએ કવિતા રજૂ કરી. સંચાલન પલ્લવી ચૌધરીએ કર્યું. તે પછી શાસ્ત્રીય સંગીતના અભ્યાસી બારડોલીસ્થિત ગાયિકા ભારતી નાટેકર અને તેમના પુત્ર કૃતાર્થ નાટેકરે કાવ્યસંગીત રજૂ કર્યું. તબલાસંગત ચિત્તરંજન નાટેકરે કરી. આ કાર્યક્રમનાં અધ્યક્ષા ડૉ. લક્ષ્મીબહેન ગાંધીએ ઝવેરચંદ મેઘાણી અનૂદિત ટાગોરનું ગીત રજૂ કર્યું. કમલેશ શુક્લએ સૌનો આભાર માન્યો હતો.

ઇતુભાઈ કુરકુટિયા

## કવિશ્રી હર્ષ બ્રહ્મભટ્ટને નરસિંહ મહેતા ઍવૉર્ડ અર્પણ

શરદપૂર્ણિમા અને અને વાલ્મીકિજયંતી પર્વ, નરસિંહ મહેતાની સાધનાભૂમિ ગોપનાથ મહાદેવના સાંનિધ્યમાં તા. ૬-૧૦-૨૦૨૫ના રોજ ૫-૩૦ કલાકે, આદ્યકવિ નરસિંહ મહેતા સાહિત્ય નિધિ દ્વારા ગોપનાથમાં રામકથાના મંડપ મધ્યે કવિ હર્ષ બ્રહ્મભટ્ટને નરસિંહ મહેતા ઍવૉર્ડ એનાયત થયો હતો. આ ઍવૉર્ડમાં નરસિંહ મહેતાની ધાતુની પ્રતિમા, શાલ, સન્માનપત્ર, રૂપિયા એક લાખ ને એકાવન હજારની રાશિનો સમાવેશ થાય છે.

'આજની ઘડી તે રળિયામણી'ના પ્રેરક પ્રસંગે ગાયક હરિશ્ચંદ્ર જોશીએ હર્ષ બ્રહ્મભટ્ટની અને ગોપનાથને સંલગ્ન નરસિંહ મહેતાની કાવ્યરચનાનું ગાન કર્યું હતું. ભાવનગરસ્થિત કવિ વિનોદ જોશીએ પુરસ્કૃત કવિના કવિકર્મ વિશે વિગતે વાત કરી હતી. કવિ નરસિંહ મહેતા સાહિત્યનિધિ ટ્રસ્ટના પ્રમુખ રઘુવીર ચૌધરીએ પ્રાસંગિક વાત કરી હતી. આ કવિતામય સાંજે ભાવનગરના કલાવૃંદ દ્વારા 'જી રે વ્હાલા આજની ઘડી તે રળિયામણી'ના સાંગીતિક રાસ રજૂ થતાં સમગ્ર કથામંડપમાં ઉલ્લાસ પ્રસર્યો હતો. બાદમાં પુરસ્કૃત કવિ હર્ષ બ્રહ્મભટ્ટે પોતાની કેફિયત સાથે કાવ્યોનો પાઠ કર્યો હતો. ઍવૉર્ડના પ્રેરક મોરારિબાપુએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. કાર્યક્રમનું ભાવવાહી સંચાલન કવિ પ્રણવ પંડ્યાએ કર્યું હતું.

## ત્રિવિધ કાર્યક્રમ :

સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ ભાષાના શુદ્ધ સંશોધનને વરેલ 'અનુસંધાન' સામયિકનું સંપાદન-સંશોધનનું કાર્ય કરનાર આચાર્યશ્રી વિજયશીલચંદ્રસૂરિ મહારાજની પ્રેરણાથી કલિકાલ સર્વજ્ઞશ્રી હેમચંદ્રાચાર્ય નવમ જન્મશતાબ્દી સ્મૃતિસંસ્કાર શિક્ષણનિધિ ટ્રસ્ટ દ્વારા તા. ૨૭ અને ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ અમદાવાદમાં શેઠ હઠીભાઈની વાડીમાં મધ્યકાલીન ગુજરાતી સાહિત્યવિષયક પરિસંવાદ અને હેમચંદ્રાચાર્યચંદ્રક પ્રદાનનો બે દિવસીય સમારોહ યોજાઈ ગયો. તા. ૧૪-૯-૨૦૨૫ના રોજ 'અનુસંધાન'ના ૧૦૦મા અંકનું વિમોચન વિજયશીલચંદ્રસૂરિ મહારાજ તેમજ પંકજભાઈ શેઠ અને અતિથિવિશેષ દલપત પઢિયાર, જાનકીદાસ બાપુ, નિર્મળદાસજીના હસ્તે થયું હતુ. તા. ૨૭ અને ૨૮ સપ્ટેમ્બરના રોજ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યવિષયક પરિસંવાદમાં સર્વશ્રી પંકજભાઈ શેઠ, વિજયશીલચંદ્રસૂરિ, અભય દોશી, કીર્તિદા શાહ, રાજેશ પંડ્યા, ઋષિકેશ રાવલ, દર્શનાબહેન ધોળકિયાએ વક્તવ્યો આપ્યાં હતાં. આ વર્ષનો હેમચંદ્રાચાર્યચંદ્રક ડૉ. પ્રવીણચંદ્ર સી. પરીખને પરિષદપ્રમુખ શ્રી હર્ષદ ત્રિવેદી તથા પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈના હસ્તે અર્પણ કરવામાં આવ્યો.

## વિશ્વકોશમાં યોજાયેલા કાર્યક્રમો

તા. ૧૩-૯-૨૦૨૫ના રોજ વિશ્વકોશમાં ભદ્રંકર વિદ્યા-દીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાન શ્રેણી અંતર્ગત અમિતાભ મડિયાએ ‘લા મિઝરેબલ(૨૦૧૨) (મ્યુઝિકલ ફિલ્મ) ની પ્રસ્તુતિ વિશે વક્તવ્ય આપ્યું હતું. તા. ૧૭-૯-૨૦૨૫ના રોજ શ્રી યશવંત દોશી સ્મૃતિ-વ્યાખ્યાનશ્રેણી અંતર્ગત સંજય-તુલાએ ‘કાશ્મીરમાં આપણે’ વિષય પર વક્તવ્ય આપ્યું હતું.

## સંસ્કૃતપર્વ : વાગ્માધુરી ૨૦૨૫

સાતત્યપૂર્ણ સાતમા વર્ષે તા. ૮ થી ૧૨ ઑક્ટોબર, ૨૦૨૫ દરમિયાન રોજ સાંજે ૫-૩૦ કલાકે, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદના રા. વિ. પાઠક સભાગૃહમાં શ્રી સુકુમાર પરીખની પ્રેરણાથી ઓમ કૉમ્યુનિકેશન દ્વારા ‘સંસ્કૃત પર્વઃ વાગ્માધુરી ૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં અનુક્રમે ‘પ્રશ્નોપનિષદ’ વિશે નરેશ વેદએ, ‘મૂંડકોપનિષદ’ વિશે ગૌતમ પટેલે, ‘કંઠોપનિષદ’ વિશે જાગૃતિ પટેલે, ‘ઈશાવાસ્ય ઉપનિષદ’ વિશે ભાગ્યેશ જહાએ, ‘કેનોપનિષદ’ વિશે રવીન્દ્ર ખાંડવાળાએ, ‘માંડૂક્ય ઉપનિષદ’ વિશે શુચિતા મહેતાએ, ‘ઐતરેય ઉપનિષદ’ વિશે અમી જોશીએ, ‘તૈત્તિરીય ઉપનિષદ’ વિશે પ્રીતિ પંચોલીએ, ‘છાંદોગ્ય ઉપનિષદ’ વિશે અમૃતલાલ ભોગાયતાએ,’ બૃહદારણ્યક ઉપનિષદ’ વિશે વિજય પંડ્યાએ વક્તવ્યો આપ્યાં હતાં.

## સદા સર્વદા કવિતા

તા. ૫-૧૦-૨૦૨૫ના રોજ સાંજે ૬ થી ૮ દરમિયાન પ્રદાન કૉમ્યુનિકેશન પ્રસ્તુત પર્વ ૧૦૯માં કવિ હર્ષ બ્રહ્મભટ્ટે સૌને આવકાર આપીને કાર્યક્રમની ભૂમિકા બાંધી આપી હતી. જેમાં સર્વશ્રી વિપુલ પરમાર, હાર્દિક વ્યાસ, શૌનક જોષી, માધવ આસ્તિક, અગન રાજ્યગુરુએ તેમજ અતિથિકવિ દક્ષેશ કૉન્ટ્રાક્ટરે કવિતાનું પઠન કર્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન લિપિ ઓઝાએ કર્યું હતું.

## નાટ્યવિદ કપિલદેવ શુક્લ અમૃતોત્સવ

તા. ૫-૧૦-૨૦૨૫ના રોજ સાંજે ૫-૩૦ કલાકે, જયવદન બોડાવાળા તારામોતી હૉલ, પી. ટી. સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સ, અઠવાલાઈન્સ, સુરતમાં નાટ્યવિદ કપિલદેવ શુક્લએ પંચોતેર વર્ષ પૂરાં કર્યાં તે નિમિત્તે અમૃતોત્સવ પર્વમાં મુખ્ય મહેમાન તરીકે જે. ડી. મજીઠિયા, અતિથિવિશેષપદે સર્વશ્રી ભાગ્યેશ જહા, વીનેશ અંતાણી, મહેશ ચંપકલાલ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ‘એક રસમધુર કાર્યક્રમ કપિલદેવના રંગકર્મ’ આધારિત પ્રસ્તુત કરવામાં આવ્યો હતો.

■

# ગુજરાતી સાહિત્ય પરિષદનું ૩૫મું જ્ઞાનસત્ર

**શ્રી વિદ્યાગુરુ ફાઉન્ડેશન, સાવરકુંડલા, જિલ્લો - અમરેલીના યજમાનપદે**

**તારીખ : ૧૯, ૨૦, ૨૧, ડિસેમ્બર-૨૦૨૫ યોજાશે**

## તારીખ ૧૯-૧૨-૨૫, શુક્રવાર સવારે ૧૦-૩૦થી ૧૨-૩૦

### ઉદ્‌ઘાટન બેઠક

પ્રારંભ : જય જય ગરવી ગુજરાત
આવકાર : હરેશ મહેતા, ટ્રસ્ટીશ્રી,
વિદ્યાગુરુ ફાઉન્ડેશન, સાવરકુંડલા
યજમાન સંસ્થા પરિચય : પ્રણવ પંડ્યા
પરિષદ પ્રવૃત્તિ અહેવાલ : સમીર ભટ્ટ
પ્રાસંગિક ઉદ્‌બોધન : રઘુવીર ચૌધરી, રતિલાલ બોરીસાગર,
પૂજ્ય મોરારિબાપુ
પરિષદ પ્રમુખનું ઉદ્‌બોધન : હર્ષદ ત્રિવેદી
આભારવિધિ : રાજન ભટ્ટ

**ભોજન વિરામ : ૧૨-૩૦થી ૨-૦૦**

❀

## તારીખ ૧૯-૧૨-૨૫, શુક્રવાર બપોરે ૨-૦૦થી ૩-૩૦

### પ્રથમ બેઠક

### સાહિત્ય સ્વરૂપ : નિબંધ

અધ્યક્ષ : ગુલામમોહમ્મદ શેખ
વક્તા : ભારતી રાણે, મહેન્દ્રસિંહ પરમાર,
મયૂર ખાવડુ
સંકલન : સંધ્યા ભટ્ટ

❀

## તારીખ ૧૯-૧૨-૨૫, શુક્રવાર બપોરે ૩-૩૦થી ૫-૦૦

### બીજી બેઠક

### સર્જક વિશેષ (૧)

અધ્યક્ષ : રઘુવીર ચૌધરી
દિલીપ ઝવેરી વિશે : ઉદયન ઠક્કર
વીનેશ અંતાણી વિશે : મીનલ દવે

સૌમ્ય જોશી વિશે : બકુલ ટેલર
સંકલન : સેજલ શાહ

❁

**તારીખ ૧૯-૧૨-૨૫, શુક્રવાર સાંજે ૫-૩૦થી ૭-૩૦**

**કવિસંધ્યા**

સંકલન : વસંત જોશી

**ભોજન વિરામ : સાંજે ૭-૩૦થી ૯-૦૦**

❁

**તારીખ ૧૯-૧૨-૨૫, શુક્રવાર રાત્રે ૯-૩૦થી ૧૧-૦૦**

**યજમાન સંસ્થા દ્વારા સાંસ્કૃતિક પ્રસ્તુતિ**

સંકલન : પ્રણવ પંડ્યા

❁

**તારીખ ૨૦-૧૨-૨૫, શનિવાર સવારે ૯-૦૦થી ૧૧-૦૦**

**ત્રીજી બેઠક**

**જાનપદી કવિતા**

અધ્યક્ષ : વસંત ગઢવી
ઝવેરચંદ મેઘાણી વિશે : રાજેશ પંડ્યા
વિજયદાન દેથા વિશે : માલચંદ તિવારી
નઝરુલ ઈસ્લામ વિશે : રિમી વાઘેલા
સંકલન : ભરત મહેતા

❁

**તારીખ ૨૦-૧૨-૨૫, શનિવાર સવારે ૧૧-૦૦થી ૧૨-૦૦**

**ચોથી બેઠક**

**સર્જન–ભાવન–અનુવાદ સાક્ષાત્કાર**

શરીફા વીજળીવાળા, સંજય ભાવે
સંકલન : બિન્દુ ભટ્ટ

**ભોજન વિરામ : ૧૨.૦૦થી ૧.૩૦**

❁

**તારીખ ૨૦-૧૨-૨૫, શનિવાર બપોરે ૧-૩૦થી ૪-૦૦**

**પાંચમી બેઠક**

**સાહિત્યનું સરવૈયું–૧ (૨૦૨૪)**

અધ્યક્ષ : રમણ સોની
કવિતા : દીપક રાવલ

ટૂંકી વાર્તા : રાઘવ ભરવાડ
નવલકથા : ચાર્વી ભટ્ટ
નિબંધ : નીતિન ભીંગરાડિયા
નાટક : કપિલદેવ શુક્લ
સંકલન : રૂપા શેઠ

❁

**તારીખ ૨૦-૧૨-૨૫, શનિવાર બપોરે ૪-૦૦થી ૭-૦૦**
**છઠ્ઠી બેઠક**

**સાહિત્યનું સરવૈયું – ૨ (૨૦૨૪)**

વિવેચન : પિનાકિની પંડ્યા
ચરિત્ર : શક્તિસિંહ પરમાર
સંપાદન : હિતેશ પંડ્યા
અનુવાદ : રમણીક અગ્રાવત
બાળસાહિત્ય : મનહર શુક્લ
સંકલન : સંજય ચૌધરી

**ભોજન વિરામ : ૭.૦૦થી ૯.૦૦**

❁

**તારીખ ૨૦-૧૨-૨૫, શનિવાર રાત્રે ૯-૦૦થી ૧૦-૦૦**

**જૂની રંગભૂમિનાં ગીતોની પ્રસ્તુતિ**

ઉત્કર્ષ મજમુદાર અને હેતલ મોદી

❁

**તારીખ ૨૧-૧૨-૨૫, રવિવાર સવારે ૮-૩૦થી ૯-૩૦**

**મધ્યસ્થ સમિતિની મિટિંગ**

❁

**તારીખ ૨૧-૧૨-૨૫, રવિવાર સવારે ૧૦-૦૦થી ૧૧-૩૦**
**સાતમી બેઠક**

**સર્જક વિશેષ (૨)**

અધ્યક્ષ : મનસુખ સલ્લા
રતિલાલ બોરીસાગર વિશે : ઉર્વીશ કોઠારી
નાનાભાઈ જેબલિયા વિશે : કેસર મકવાણા
ભરત વિંઝુડા વિશે : વિવેક ટેલર
સંકલન : ભીખેશ ભટ્ટ

❁

**તારીખ ૨૧-૧૨-૨૫, રવિવાર સવારે ૧૧-૩૦થી ૧-૦૦**

**સામાન્ય સભા અને સમાપન બેઠક**

| | | |
|---|---|---|
| પ્રાસંગિક ઉદ્‌બોધન | : | હર્ષ બ્રહ્મભટ્ટ, હર્ષદ પટેલ |
| પરિષદ પ્રમુખનું ઉદ્‌બોધન | : | હર્ષદ ત્રિવેદી |
| આભાર | : | સમીર ભટ્ટ (મહામંત્રી) |

*** નોંધણી માટેની આવશ્યક બાબતો ***

જ્ઞાનસત્રમાં ભાગ લેવા ઇચ્છનારાઓ માટે પ્રતિનિધિ શુલ્ક રૂ. ૧૫૦૦/- અને વિદ્યાર્થીઓના રૂ. ૭૫૦/- ભરવાના રહેશે.

નોંધણી કરી ઉપસ્થિત રહેનારને પ્રમાણપત્ર આપવામાં આવશે. નોંધણી માટેની અંતિમ તા. ૩૦-૧૧-૨૦૨૫ સુધી જ રહેશે તેની નોંધ લેવા વિનંતી.

- જ્ઞાનસત્રમાં ઉપસ્થિત રહેવા ઇચ્છતા મિત્રો પરિષદ કાર્યાલયમાં રોકડ અથવા ઑનલાઇન પેમેન્ટથી નોંધણી કરી શકશે.
- ઑનલાઇન પેમેન્ટ કરનારા મિત્રોએ આપેલ બૅંક એકાઉન્ટમાં નિર્ધારિત રોકડા, ચેક, નેટ બૅન્કિંગ, યુ.પી.આઈ. અને સ્કેનરના માધ્યમથી ભરી શકાશે.
- નોંધણી કરનારે બૅન્કની સમગ્ર વિગતો સાથેનો સ્ક્રીન શૉટ ૯૭૭૩૨૨૨૪૨૫ મોબાઇલ નંબર પર મોકલવાનો રહેશે. જેમાં
- નોંધણી કરનારે ફીની સાથે મોબાઇલ નંબર અને સરનામું અવશ્ય જણાવવું જેથી અમે જ્ઞાનસત્ર પૂર્વે વ્યવસ્થા અંગે તેમને માહિતગાર કરી શકીએ.

**સમીર ભટ્ટ**
મહામંત્રી
ગુજરાતી સાહિત્ય પરિષદ

ગુજરાતી સાહિત્ય પરિષદની બૅન્કની વિગતો નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| NAME OF THE ACCOUNT HOLDER | : | GUJARATI SAHITYA PARISHAD |
| BANK NAME | : | BANK OF INDIA |
| BANK ADDRESS | : | ASHRAM ROAD BRANCH, AHMEDABAD-380009 |
| BANK A/C NO. | : | 200220100004869 |
| MICR CODE NO. | : | 380013006 |
| IFSC NO. | : | BKID0002002 |
| BRNCH CODE | : | 2002 |

GUJARATI SAHITYA PARISHAD
SCAN & PAY
boim-200263714869@boi

| **હર્ષદ ત્રિવેદી** | **સંજય ચૌધરી** | **સમીર ભટ્ટ** |
|---|---|---|
| પ્રમુખ | કોષાધ્યક્ષ | મહામંત્રી |

ગુજરાતી સાહિત્ય પરિષદ – અમદાવાદ

# સહૃદય સાહિત્યરસિકો અને શ્રેષ્ઠીઓને એક અપીલ...

પ્રિય સહૃદય,

સાદર વંદન.

આપ સહુ જાણો છો કે ૧૯૦૫માં સ્થપાયેલી ગુજરાતી સાહિત્ય પરિષદ પોતાની ગુણવત્તાપૂર્ણ સાહિત્યિક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓથી દેશની એક અગ્રગણ્ય સંસ્થા બની રહી છે. આના મૂળમાં, રણજિતરામ અને ગોવર્ધનરામ જેવા સારસ્વતોના આશીર્વાદ છે. વિશેષરૂપે ગુજરાત અને ભારતના ઉત્તમ સાહિત્યકારોની શુદ્ધ સાહિત્ય તરફની નિસબત અને આપ સૌની પરિષદ પ્રીતિ છે. ગુજરાતના ઉત્તમ શ્રેષ્ઠીઓથી લઈને અદના સાહિત્યરસિકોએ પરિષદને પોતાની ગણીને વખતોવખત આર્થિક મદદ કરી છે અને આ કારણે પરિષદ સાબરમતી નદીના કિનારે અડીખમ, ટટ્ટાર અને પોતાની ગરિમા જાળવીને ઊભી છે.

પરિષદનાં પ્રકાશનો, વ્યાખ્યાનમાળાઓ, પરિસંવાદો, સંશોધનો, કાર્યશાળાઓ અધિવેશન અને જ્ઞાનસત્ર ઊંચી સાહિત્યિક ગુણવત્તા ધરાવે છે એ તો ખરું જ, સાથોસાથ આપણી સાહિત્યિક સૂઝ અને સંવેદનાને સંકોરે પણ છે.

છેલ્લાં બે વર્ષની જ વાત કરીએ તો જ્ઞાનસત્ર અને અધિવેશનને બાદ કરતાં પરિષદે આશરે ૩૫૦ જેટલા સાહિત્યિક કાર્યક્રમો યોજ્યા છે અને ગુજરાત તેમજ ગુજરાત બહાર પણ પહોંચી છે. અરે, જાન્યુઆરીથી આજ સુધીની જ વાત કરીએ તો માત્ર બે મહિનામાં ૩૭ કાર્યક્રમો યોજાયા છે અને વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે ૧૭૬ સંસ્થાઓ સુધી પરિષદ પહોંચી છે. આ ઉપરાંત ગુજરાતના સાહિત્યરસિકો અને પરિષદપ્રીતિ ધરાવતા શ્રેષ્ઠીઓએ છેલ્લાં બે વર્ષમાં પરિષદને જે આર્થિક સહાય કરી છે તેના ફળસ્વરૂપે રા. વિ. પાઠક સભાગૃહનો કાયાકલ્પ થયો છે, ટૂંકસમયમાં પરિષદ ભવનમાં ત્રીજે માળે બંધ પડેલા ચાર રૂમમાં પરિસંવાદ કે કાર્યશાળાઓના સમયે વિદ્વાનો રોકાઈ શકે તેવી વ્યવસ્થા પણ સર્જાઈ રહી છે, ગોવર્ધનભવન ઉપરાંત બીજા બે સેમિનારખંડ પણ ટૂંક સમયમાં ખુલ્લા મુકીશું. આ ઉપરાંત, ગુજરાત અને ગુજરાતની બહાર જ્યાં જ્યાં ગુજરાતીઓ વસે છે ત્યાં પરિષદ પોતાની પ્રવૃત્તિઓ દ્વારા પહોંચે તેવી અમારી નેમ છે. અમારાં સપનાંઓ ઘણાં છે, પરંતુ એને સાકાર કરવા આપ સહુની સહાય અનિવાર્ય છે. આ માટે પરિષદ આપની સામે હાથ લંબાવે છે. આપની સહાય ઇચ્છે છે. આપની આર્થિક સહાય ન કેવળ ગુજરાતી સાહિત્ય પરિષદને, પરંતુ ગુજરાતની સાહિત્યિક આબોહવાને શુદ્ધ કલાસંદર્ભ આપશે.

અમને શ્રદ્ધા છે કે આપણી ગુણવંતી ગુજરાત અને વિશ્વભરમાં ફેલાયેલા ગુજરાતીઓ પરિષદને આર્થિક રીતે મજબૂત બનાવવાના ભાગ રૂપે ઉદાર સહાય આપવાની અમારી આ અપીલનો જબરો હકારાત્મક પ્રતિભાવ આપશે.

પરિષદના બેંક ખાતાની વિગત આ મુજબ છે.

| | | |
|---|---|---|
| NAME OF THE ACCOUNT HOLDER | : | GUJARATI SAHITYA PARISHAD |
| BANK NAME | : | BANK OF INDIA |
| BANK ADDRESS | : | ASHRAM ROAD BRANCH,<br>AHMEDABAD-380009 |
| BANK A/C NO. | : | 200220100004869 |
| MICR CODE NO. | : | 380013006 |
| IFSC NO. | : | BKID0002002 |
| BRNCH CODE | : | 2002 |

| | | |
|---|---|---|
| **હર્ષદ ત્રિવેદી** | **સંજય ચૌધરી** | **સમીર ભટ્ટ** |
| પ્રમુખ | કોષાધ્યક્ષ | મહામંત્રી |

ગુજરાતી સાહિત્ય પરિષદ – અમદાવાદ

## ગુજરાતી સાહિત્ય પરિષદને જૂન, ૨૦૨૫થી મળેલ દાનની વિગત

| ક્રમ | નામ | ગામ | રકમ |
|---|---|---|---|
| | **પરબ અપીલ પેટે મળેલ દાન** | | |
| ૧. | અંબાલાલ હિંમતલાલ (પબ્લિક ચૅરિટેબલ ટ્રસ્ટ) હ. શ્રી અમિત અંબાલાલ | અમદાવાદ | ૧૧,૦૦,૦૦૦ |
| ૨. | શ્રી હર્ષદ ત્રિવેદી (પ્રકાશન માટે) | અમિયાપુર | ૧,૨૫,૦૦૦ |
| ૩. | શ્રી હરેશ ધોળકિયા (પરબ પ્રકાશન પેટે) | ભુજ | ૧,૦૦,૦૦૦ |
| ૪. | રોહિતભાઈ જી. બોડીવાલા | અમદાવાદ | ૫૧,૦૦૦ |
| ૫. | બીનાબહેન કાનાણી | થાણા | ૨૫,૦૦૦ |
| ૬. | છેલભાઈ વ્યાસ | અમરેલી | ૨૧,૦૦૦ |
| ૭. | શ્રીમતી હીરાલક્ષ્મી મણકીવાળા ચૅરિટેબલ ટ્રસ્ટ (સાદું દાન) | અમદાવાદ | ૫,૦૦૧ |
| ૮. | ભરત એચ. દવે | જૂનાગઢ | ૩,૦૦૦ |
| ૯. | એક સાહિત્યપ્રેમી | અમદાવાદ | ૧,૦૦૦ |
| ૧૦. | શ્રી અશોકકુમાર ઠક્કર (વિશ્વસોશિયલ મીડિયા કાર્યક્રમ અંગે) | અમદાવાદ | ૫૪૦ |
| ૧૧. | મનસુખ સાવલા | જામનગર | ૫૦૦ |
| ૧૨. | સોમચંદ્ર એલ. શાહ | જામનગર | ૫૦૦ |
| ૧૩. | રૂપેશ વી. શાહ | જામનગર | ૫૦૦ |
| | **ગુજરાતી સાહિત્ય પરિષદ જન્મદિવસ નિમિત્તે મળેલ દાન** | | |
| ૧. | શ્રી સંતોષ બાલક્રિષ્ણા કરોડે | અમદાવાદ | ૨,૫૦૦ |

## નવા આજીવન સભ્યોની યાદી

- જયપાલ થાનકી — જામનગર
- તરંગ દેવેન્દ્ર ચૌધરી — મહેસાણા
- કિશોર આર. ભટ્ટ — અમદાવાદ
- મૌલિકકુમાર પ્રજાપતિ — ગાંધીનગર
- ચૈતાલી એન. ઠક્કર — ભુજ
- ફાલ્ગુની વસાવા — અમદાવાદ
- સંધ્યાબહેન વિજયકુમાર ભટ્ટ — બગસરા
- વિજયભાઈ ચંદુભાઈ પારેખ — અમદાવાદ
- કિરીટ બી. ત્રિવેદી — અમદાવાદ
- રાજેન્દ્ર ડી. મહેતા — અમદાવાદ
- ડૉ. વિનીત સી. પરીખ — અમદાવાદ
- જયશ્રી જિતેન્દ્ર ચૌધરી — બારડોલી
- ડૉ. હર્ષદ વી. કામદાર — અમદાવાદ
- કિશોર ડી. પ્રજાપતિ — બારડોલી
- હિતેશ એસ. વડાલિયા — જેતપુર
- ભાવેશકુમાર પી. બાભણિયા — અમદાવાદ
- રીટા બી. ભગૉરા — સુઘડ
- રીતુ આર. સોલંકી — છાલા
- પિયુષ ડી. આચાર્ય — અમદાવાદ
- ડૉ. ભાર્ગવ પી. ભટ્ટ — મોડાસા

# આ અંકના લેખકો

| | | |
|---|---|---|
| **આનંદિતા** | : | બી/૬૦૧, હરિદ્વાર હિલ્સ, ગોકાજી સર્કલ પાસે, સિલિકૉન વેલીની સામે, નાના મૌવા રોડ, રાજકોટ-૩૬૦૦૦૫. (મો. ૯૪૨૬૫૨૯૪૫૯) |
| **આર. બી. રાઠોડ** | : | ગોકુલધામ સોસાયટી, (પ્રિતમનગર) માર્કેટ યાર્ડ પાસે, પાટણ હાઇવે, ડીસા-૩૮૫૫૩૫. જિ. બં.કા. (મો. ૯૬૮૭૩૩૧૦૯૪) |
| **આરાધના ભટ્ટ** | : | aradhanabhatt@yahoo.com.au |
| **ઈતુભાઈ કુરકુટિયા** | : | વ્યાખ્યાતા ક. લા. સ્વાધ્યાય મંદિર, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯. (મો. ૯૭૧૪૬૪૦૧૫૬) |
| **ઊર્મિ ઘનશ્યામ દેસાઈ** | : | વ્યાખ્યાતા ક. લા. સ્વાધ્યાય મંદિર, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯. |
| **કામિની સંઘવી** | : | ૮૦૪, ન્યૂ સનસિટી એપાર્ટમેન્ટ, આનંદમહલ રોડ, અડાણ, સુરત-૩૯૫૦૦૯ (મો. ૯૪૨૭૧૩૯૫૬૩) |
| **કિરીટ દૂધાત** | : | A/૧, સુયોજન ઍપાર્ટમેન્ટ, સોલા ભાગવત વિદ્યાપીઠ પાસે, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦. (મો. ૯૪૨૭૩૦૬૫૦૭) |
| **કુમારપાળ દેસાઈ** | : | ૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭. |
| **ગિરીશ ભટ્ટ** | : | પ્રશાંત મિલયમ્, માધનવગર, સુરેન્દ્રનગર-૩૬૩૦૦૧. |
| **દર્શના ધોળકિયા** | : | ન્યૂ મિન્ટ રોડ, પૅરિસ બેકરી પાસે, ભુજ-૩૭૦૦૦૧. (કચ્છ) (મો. ૯૦૯૯૦૧૭૫૫૯) |
| **દાન વાઘેલા** | : | ૧૧, કૃષ્ણ સોસાયટી, દેશવીરમેન્શન કેન્દ્રીય વિદ્યાલય પાસે, કુંભારાવાડ, ભાવનગર-૩૬૪૦૦૬. (મો. ૯૮૯૮૬૩૨૫૬૦) |
| **નરેન્દ્રસિંહ રાણા** | : | ઉમિયા લેબોરેટરી, પ્રથમમાળ, પટેલ ચેમ્બર્સ, એચ.ડી.એફ.સી. બેન્ક સામે, હળવદ-૩૬૩૩૩૦. (મો. ૯૮૨૫૨૦૦૩૫૦) |
| **નિકુંજ ભટ્ટ** | : | 'મહાદેવ', કહાનવાડી, એસાર પેટ્રોલ પંપ પાછળ, અંકુર વિદ્યાલય પાસે, સોનગઢ-૩૬૪૨૫૦ તા. સિહોર, જિન. ભાવનગર (મો. ૯૮૯૮૪૪૪૩૩૮) |
| **નિખિલ ખારોડ** | : | ૭-એ, સુરમ્ય, વિનુકાકા માર્ગ, બાકરોલ-૩૮૮૩૧૫. (મો. ૯૮૨૫૩૨૮૭૪૯) |
| **પરીક્ષિત જોશી** | : | ૬, તપસ્વી જલારામ સોસાયટી, રામતીર્થ સોસાયટી પાસે, જ્ઞાનદા બસ સ્ટેન્જ, જીવરાજ પાર્ક માર્ગ, વેજલપુર, અમદાવાદ-૩૮૦૦૫૧. (મો. ૯૦૯૯૦૧૬૨૬૧) |
| **પ્રફુલ્લ રાવલ** | : | A/૧૦૦૪, Turquoise Grandeure, Nr. Sanskardham, ૪૫, Mtr. Road, From YMCA Club, Godhavi-૩૮૨૧૧૫ |
| **રમેશ ર. દવે** | : | 'વૈશાખ', ૨/૨, વીમાનગર, સેટેલાઇટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫. (મો. ૦૭૯ - ૨૬૭૪૦૧૨૪) |

**રાકેશ ગઢવી** : ૪૧, શ્રી રામ કુટિર, સુંદરવન સોસાયટી પાછળ મંજીપુરા રીંગ રોડ, મંજીપુરા, નડિયાદ. જિલ્લો ખેડા-૩૮૭૦૦૧ મોં : ૯૮૨૫૩૫૬૧૩૭

**રાઘવ ભરવાડ** : ડી. એમ. પટેલ, આર્ટ્સ એન્ડ એસ. એસ. પટેલ કોમર્સ કૉલેજ, કૉલેજકેમ્પસ, શાંતુકાકા માર્ગ, મુ. પો. ઓડ. જિ. આણંદ-૩૮૮૨૧૦. (મો. ૮૮૬૬૩૮૩૪૩૩)

**લાલજી શિયાળ** : ૧, જાનકી એપાર્ટમેન્ટ, નૂતન ક્લબની બાજુમાં, વલ્લભ વિદ્યાનગર -૩૮૮૧૨૦ આણંદ. મો. ૯૯૭૯૭૩૧૫૨૭

**શૈલજા પટેલ** : ૯, સેટેલાઇટ એપાર્ટમેન્ટ, સુંદરવન સામે, સેટેલાઇટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫. (મો. ૭૦૧૬૧૧૮૭૨૭)

**શોભિત દેસાઈ** : 301, Joy Residency, Beside Ramkrishna Misson, 12th Road, Khar (west) Mumbai-400052.

**સંજુ વાળા** : એ/૭૭, આલાપ એવન્યૂ, યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦૦૦૫

**સુમન શાહ** : sumangshah@gmail.com / suman-9-shah@yahoo.com

**હર્ષદ ત્રિવેદી** : 'સુરતા' એ/૧૧, નેમીશ્વર પાર્ક, તપોવન સર્કલ, સરદાર પટેલ રિંગ રોડ, અમિયાપુર-૩૮૨૪૨૪. જિ. ગાંધીનગર. (મો. ૯૭૨૩૫૫૯૯૪)


■

હું ક્યારે પરણ્યો તે તમે જાણો છો. લગ્ન પછી બીજે જ દિવસે મારા મકાન નીચે ચાલી જતી છ સાત વર્ષની મેં એક છોકરી જોઈ. મારા માસ્તર જાની પણ તેને જ જોઈ રહેલ. તે દૃષ્ટિ બહાર થઈ. પણ હૃદય તે મધુર નિર્દોષતાની મૂર્તિથી દૂર ત્યારે જ થઈ શકતું ન હતું. મને કાંઈ શરમ આવી. પણ જે લાવણ્યે મારા હૃદયને રોક્યું હતું તેણે જ મારા માસ્તરને પણ કાંઈ અસર કરી હતી. તેણે તેને બોલાવી. તે રમાની ન્હાની દાસી - આ મારી શોભના જ હતી. અમે તેની સાથે કાંઈ વાતચીત કરી. તે કઠોર કચ્છી ભાષા બોલતી હતી - પણ એ મ્હોંમાં એ શબ્દો કેવા મધુર ? એ આંખો ડરતી ડરતી કાંઈ મારી સામે જોતી હતી. હું તેની સામે જ જોઈ રહ્યો હતો. મેં કોઈ પણ બાલકમાં એવું માધુર્ય જોયું ન હતું. મારું હૃદય ત્યારથી જ તેનું વડીલ પિતા જેવું બન્યું હતું. તે ગઈ. એક અજાણી છોકરી, માત્ર પાંચ મિનિટના સહવાસવાળી, અજાણ ખવાસની છોકરી ગઈ અને મારું હૃદય કોણ જાણે કેવી રીતે સાથે લેતી ગઈ. વાત્સલ્ય શું એ હું આ પહેલી જ વખતે સમજ્યો હતો. મારી સ્વર્ગવાસી માતા મને સાંભરી. આવવા લાગી. તેનું હૃદય મારા પ્રતિ શું હતું એ હું આ પહેલી જ વખતે ખરું સમજ્યો?

**– કવિ કાન્તને તા. ૧૧/૧૨/૧૮૯૭ના પત્રમાંથી.**

## ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ

**૫૧/૨, રમેશ પાર્કની બાજુમાં, બંધુ સમાજ સોસાયટીની સામે, વિશ્વકોશ માર્ગ, ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.**

# વિશ્વકોશની ચાળીસ વર્ષની સફરનાં સીમાચિહ્નો

**કોશસર્જન :** ગુજરાતી વિશ્વકોશ ● બાળવિશ્વકોશ ● ગુજરાતના સ્વાતંત્ર્યસૈનિકોનો માહિતીકોશ ● પરિભાષાકોશ ● તબીબી વિજ્ઞાનનો પરિભાષાકોશ ● બૃહદ નાટ્યકોશ.

**હવે પછી :** નારીકોશ (ભાગ ૧થી ૩) ● સંતકોશ ● ગ્રંથાલયવિજ્ઞાનકોશ.

**ગ્રંથશ્રેણી :** વિવિધ વિષયના નિષ્ણાતો દ્વારા લખાયેલાં સાહિત્ય, શિક્ષણ, ધર્મ, વિજ્ઞાન, દર્શન, લોકસંસ્કૃતિ અને વિવિધ કલાઓ પરનાં આધારભૂત પુસ્તકોનું છ ગ્રંથશ્રેણી દ્વારા એકસોથી વધુ પુસ્તકોનું પ્રકાશન.

**સામયિક પ્રકાશન :**

- વિશ્વની ગતિવિધિની ઓળખ આપતું મુખપત્ર ‘વિશ્વવિહાર’ માસિકનું પ્રકાશન, જે યૂટ્યૂબ ચૅનલ (Gujarat Vishvakosh Trust) પર શ્રાવ્ય સ્વરૂપે ઉપલબ્ધ.
- શિષ્ટ અને સંસ્કારી સાહિત્યનું ત્રૈમાસિક ‘ગુર્જરી ડાયજેસ્ટ’નું પ્રકાશન.
- સ્ત્રીઓ દ્વારા ચાલતું સાહિત્ય, જ્ઞાન અને કળાનું ત્રૈમાસિક ‘વિશ્વા’નું પ્રકાશન.

**વ્યાખ્યાનશ્રેણી :** વિશ્વકોશના જુદા જુદા વિષયોને કેન્દ્રમાં રાખીને વિદ્વાન વક્તા દ્વારા અગિયાર જેટલી વ્યાખ્યાનશ્રેણી અંતર્ગત ૭૦૦થી વધુ વ્યાખ્યાનો.

**કાર્યશિબિર :** ભરતનાટ્યમ્, સ્વાસ્થ્ય યોગશિબિરો, પ્રજ્ઞાચક્ષુ બહેનો માટે યોગશિબિર, હસ્તપ્રતવિદ્યા, રોબોટિક્સ, પ્રૂફવાચન, કૅલિગ્રાફી, ભયનિવારણ, બ્રાહ્મીલિપિ, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને સર્જનાત્મક લેખનશિબિરનું આયોજન કરવામાં આવે છે.

**ગુજરાતી લૅક્સિકન :** ૪૫ લાખથી વધુ શબ્દો ધરાવતો ગુજરાતી ભાષાનો સર્વપ્રથમ ઑનલાઇન શબ્દકોશ.

**વિશ્વા :** સાહિત્યકાર શ્રી ધીરુબહેન પટેલની પ્રેરણાથી પ્રારંભ થયેલું બહેનો માટેનું પ્રવૃત્તિકેન્દ્ર.

**સ્પર્ધા :** શાળાના વિદ્યાર્થીઓ માટે સ્વ. હરિકેત પાઠક ચિત્રસ્પર્ધા અને વક્તૃત્વ સજ્જતા અભિયાન.

**ઍવૉર્ડ :** સાહિત્ય, શિક્ષણ, સામાજિક ઉત્થાન, ટૅક્નૉલૉજી દ્વારા પરિવર્તન, ભાષા-સંશોધન, નાટ્યલેખન, ચિત્રકલા ક્ષેત્રે આગવું પ્રદાન કરનારને આપવામાં આવતા દસ જેટલા ઍવૉર્ડ.

Gujarat Vishvakosh Trust
ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ
9898042699
Gujarat Vishvakosh

**રન્નાદે પ્રકાશન**

૫૮/૨, બીજે માળે, દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧

ફોન : ૨૨૧૧૦૦૮૧-૨૨૧૧૦૦૬૪

## સંવત ૨૦૮૨ના નૂતન પ્રભાતે પ્રકાશિત થયેલ અમારાં સાહિત્યિક પ્રકાશનો

| પુસ્તકનું નામ | લેખકનું નામ | કિંમત (રૂ.) |
|---|---|---|
| એક મુઠ્ઠી આકાશ (વાર્તાસંગ્રહ) | ડૉ. ચંદ્રકાન્ત મહેતા | ૩૦૦.૦૦ |
| મનનો મોબાઈલ (પ્રેરણાત્મક નિબંધો) | ડૉ. ચંદ્રકાન્ત મહેતા | ૨૨૫.૦૦ |
| સંવાદ (પ્રેરણાત્મક નિબંધો) | ડૉ. ચંદ્રકાન્ત મહેતા | ૨૫૫.૦૦ |
| હું અટલ બોલું છું (શ્રી અટલબિહારી વાજપેયી વિષયક લેખો) | ડૉ. જગદીશ ભાવસાર | ૩૪૦.૦૦ |
| ખુલ્લી આંખોમાં સમણાં (ગઝલસંગ્રહ) | ગુલામ અબ્બાસ 'નાશાદ' | ૧૯૦.૦૦ |
| કુર્યાત સદા શિક્ષણમ્ (બાળ વિકાસ અને શિક્ષણ) | ડૉ. નીલેશ પંડ્યા | ૨૩૫.૦૦ |
| બાળવિકાસનો બાયોસ્કોપ (બાળ વિકાસ અને શિક્ષણ) | ડૉ. નીલેશ પંડ્યા | ૨૨૦.૦૦ |
| વેરના વટેમાર્ગુ (નવલકથા) | નવનીત સેવક | ૩૭૦.૦૦ |
| રમમાણ (એજન્સી) (લેખસંગ્રહ) | રમણ વાઘેલા | ૨૮૫.૦૦ |
| કોરાશને છેકી રહ્યો છું (ગઝલસંગ્રહ) | જિતુ ત્રિવેદી | ૪૦૦.૦૦ |
| નયનમાં રાતવાસો (ગઝલસંગ્રહ) | રાકેશ સગર | ૪૦૦.૦૦ |

| પુસ્તકનું નામ | લેખકનું નામ | કિંમત (રૂ.) |
|---|---|---|
| આગ<br>(ચંબલકથા) | નવનીત સેવક | ૪૪૫.૦૦ |
| સંઘર્ષ<br>(ચંબલકથા) | નવનીત સેવક | ૫૧૫.૦૦ |
| કેસૂડાં લ્યો<br>(કાવ્યસંગ્રહ) | કીર્તિદા બ્રહ્મભટ્ટ | ૧૬૦.૦૦ |
| સૂકી નદી ભીના કિનારા<br>(એકાંકીસંગ્રહ) | પારૂલ બારોટ | ૧૫૦.૦૦ |

**વર્ષ ૨૦૨૫માં પ્રકાશિત અમારાં કેટલાંક સાહિત્યિક પ્રકાશનો**

| પુસ્તકનું નામ | લેખકનું નામ | કિંમત (રૂ.) |
|---|---|---|
| તથ્ય અને સત્ત્વ<br>(શ્રી પ્રવીણ દરજી<br>અધ્યયન-અભિવાદન ગ્રંથ) | સંપા. નીતા ભગત,<br>રતિલાલ રોહિત | ૧૦૦૦.૦૦ |
| પ્રશ્નમંચ ((પ્રેરણાત્મક નિબંધો) | ડૉ. ચંદ્રકાન્ત મહેતા | ૨૪૦.૦૦ |
| ઉત્કર્ષનો અગ્નિપથ<br>(પ્રેરણાત્મક નિબંધો) | ડૉ. ચંદ્રકાન્ત મહેતા | ૨૦૫.૦૦ |
| જીવનની પ્રદક્ષિણા (વાર્તાસંગ્રહ) | ડૉ. ચંદ્રકાન્ત મહેતા | ૨૦૫.૦૦ |
| વિચારકુંભ (શિક્ષણ વિષયક લેખો) | ડૉ. જગદીશ ભાવસાર | ૫૮૦.૦૦ |
| મનખાની મહેંક (વાર્તાસંગ્રહ) | રાઘવજી માધડ | ૨૯૫.૦૦ |
| દેશવટો (નવલકથા) | નવનીત સેવક | ૩૦૫.૦૦ |
| વેરજ્વાલા (નવલકથા) | નવનીત સેવક | ૨૦૦.૦૦ |
| મન આયનો અને હું<br>(કાવ્ય-ગઝલસંગ્રહ) | રશ્મિ શાહ | ૨૩૫.૦૦ |

**સર્વેને દીપાવલીની શુભ કામનાઓ તથા નૂતન વર્ષાભિનંદન**

# દીપોત્સવ અને નૂતનવર્ષ અવસરે પ્રકાશિત
# વિવિધ વિષયનાં તદ્દન તાજાં પુસ્તકો

*** દરિયો અને સ્ત્રી**

લે. માવજી મહેશ્વરી, કિં. ₹150

આનંદ, પડકાર અને નિયતિના નિર્ણયો સામે બાથ ભીડતાં માનવ-સંવેદનનાં આલેખનોનો વાર્તાસંગ્રહ.




*** ચહેરા-મોહરા**

લે. પ્રફુલ કાનાબાર, કિં. 240

અમદાવાદની સાબરમતી જેલ, વાપી પાસેનો કાલ્પનિક આશ્રમ, મુંબઈ તથા દાર્જિલિંગનાં વિવિધ લોકેશનો પર આ થ્રીલર નવલકથા વિહાર કરે છે.

*** સ્કોલા**

લે. પરેશ કે ભટ્ટ (સી.એ.) કિં. 280

આ પુસ્તકમાં ઝકઝોળતું અને ઝળકાવતું ચિંતન વ્યક્ત કરતા 61 લેખો છે.

*** જ્ઞાની અને વિજ્ઞાની**

લે. પંકજ શાં.જોશી, કિં. 270

વિજ્ઞાન વગર અધ્યાત્મ અને અધ્યાત્મ વગર વિજ્ઞાન બંને અધૂરાં છે. ધીરજરાય શાસ્ત્રીજી સાથે આ બંને વિષયના સંદર્ભે થયેલા સંવાદનો નીચોડ.

*** મોબાઈલમાં વાઘ**

* લે. ગિરિમા ઘારેખાન, કિં. 120

સાત વર્ષથી સોળ વર્ષ સુધીનાં બાળકો-કિશોરો માટે પ્રાણીસૃષ્ટિ અને માનવસૃષ્ટિની સાવ નોખી-અનોખી અને તાજગીસભર 14 વાર્તાઓ વાંચવાનું સૌને ગમશે.




*** બાળવાર્તાનું શાસ્ત્ર**

લે. ગિજુભાઈ બધેકા, સંક્ષેપ : ઈશ્વર પરમાર, કિં. 150

કેળવણીકાર ગિજુભાઈ બધેકાએ બાળકોને વાર્તા કહેવા અને લખવાનું માર્ગદર્શન આપતું પુસ્તક 'વાર્તાનું શાસ્ત્ર' થોડાક સંક્ષેપ સાથે.

*** મોજીલો મોર અને બીજી વારતાઓ**

લે. વિનોદ પી. ત્રિવેદી, કિં. 130

11 બાળવાર્તાઓનો સંગ્રહ.

*** ગીતામૃત (ભા. 2 અને 3)**

લેખન-સંપાદન રતિલાલ બોરીસાગર, મનસુખ સલ્લા, હુંદરાજ બલવાણી; કિં. 300 + 225

ગીતામૃત ભાગ-રમાં ગીતાના અધ્યાય 4, 5, 6 તથા ભાગ-3માં અધ્યાય 7, 8, 9ની સમીક્ષા છે. વિવિધ લેખકોની ચિંતનને અનુરૂપ કથાઓ પણ છે.

*** ગુજરાતી ભાષા-વ્યાકરણ સંગ વ્યક્તિનામ**

લે. ડૉ. રતિલાલ કા. રોહિત, કિં. 220

વિદ્યાર્થીઓ-અધ્યાપકોને ગુજરાતી ભાષામાં સંજ્ઞા, ધ્વનિશ્રેણી, જોડાક્ષર, ગુજરાતી જોડણી, શબ્દભંડોળ, સંધિ, સમાસ, પ્રત્યય વગેરે વિશે 12 પ્રકરણોમાં સરળ સમજણ આપેલી છે.

*** ગ્રંથાલય અને ઉપભોક્તાઓ**

લે. પ્રયતકર કાનડિયા, કિં. 135

વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપનારા ઉમેદવારોને તથા લાઇબ્રેરીનો ઉપયોગ કરનારને અત્યંત ઉપયોગી.

*** મહાન રામાનુજાચાર્ય**

લે. સ્વામી સચ્ચિદાનંદ, કિં. 280

જ્ઞાતિવાદ, અછૂતવાદ દૂર કરી માનવતાવાદની માવજત કરનાર અને 72 મઠોના સ્થાપક મહાન સંત રામાનુજાચાર્યનું જીવનચરિત્ર.

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્ય ભવન**

રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ 380001

મો.: 9227055777, 9662275777 E-mail: goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102 લૅન્ડમાર્ક બિલ્ડિંગ, સીમા હૉલ સામે,

પ્રહ્લાદનગર, અમદાવાદ-15 ફોન: 26934340

E-mail: gurjarprakashan@gmail.com ❑ website: www.gspbooksmall.com

**GPSC / UPSC / UGC - JRF - NET, SLET ની પરીક્ષા માટે, વિવિધ યુનિ. ના અભ્યાસક્રમ માટે**

# ડૉ. ભરત મહેતા

લિખિત / સંપાદિત પુસ્તકોની શ્રેણી

## વિવેચન

નાટ્યનાન્દી•સંદર્ભસંકેત•ભારતીય નવલકથા•સમકાલીન ગુજરાતી નવલકથા•સમકાલીન ગુજરાતી નવલિકા•સંજ્ઞાસંયોગ•કૃતિસમીપે, સર્જકસમીપે • કૃતિભાષ્ય

## સંશોધન

જયંત ગાડીતનું કથાસાહિત્ય•ચાર નવલકથાકારો
કળાકારનો ઈતિહાસબોધ•આર્નોલ્ડનો કાવ્યવિચાર

## સંપાદન

જ્ઞાનપીઠ પુરસ્કૃત નવલકથા•મારી હકીકત•સંન્નિધાન (એક થી ત્રણ) વિવેચનના વિવિધ અભિગમો•રવીન્દ્રનાથ ટાગોરની શ્રેષ્ઠ વાર્તાઓ હિમાંશી શેલતનો વાર્તાલોક•મોહન પરમાર અધ્યયન ગ્રંથ- ૧ (નવલિકા)•કાફકા અને મેટામોર્ફેસીસ

## સઘન સ્વાધ્યાય શ્રેણી

ટાગોરની વાર્તાકળા•મંટોની વાર્તાકળા•વળામણા•મારી હકીકત • સત્યના પ્રયોગો•તમસ•ગોરા•બદલાતી ક્ષિતિજ•શર્વિલક•સિદ્ધાર્થ• સંસ્કાર•વેસ્ટલેન્ડ

## ફિલ્મ આસ્વાદ શ્રેણી

મિર્ચમસાલા•ચારુલતા

PARSHVA PUBLICATION
LITERARY TRADITION SINCE 1975

105, નંદન કોમ્પ્લેક્ષ,
મીઠાખળી ગામ, રેલ્વે ફાટક સામે, અમદાવાદ - 380006

## વિદેશમાં વસતા અને ગુજરાતી ભાષાને શ્વસતા

# કવિ/લેખક ભરત ત્રિવેદીનાં પ્રકાશનો

**કાવ્યસંચય :**

| | | |
|---|---|---|
| ૧. હસ્તરેખાનાં વમળ (૧૯૮૮) | રન્નાદે પ્રકાશન | ૧૧/- |
| ૨. કલમથી કાગળ સુધી (૨૦૦૪) | નવભારત સાહિત્ય મંદિર | ૧૫૦/- |
| ૩. વિદેશવટો (૨૦૧૨) | નવભારત સાહિત્ય મંદિર | ૧૫૦/- |
| ૪. બત્રીસ કોઠા વાવ (૨૦૧૨) | નવભારત સાહિત્ય મંદિર | ૧૫૦/- |
| ૫. અછાંદોત્સવ (૨૦૧૩) | ફ્લેમિંગો પબ્લિકેશન | ૨૫૦/- |
| ૬. ચક્રવ્યૂહ (૨૦૧૫) | ફ્લેમિંગો પબ્લિકેશન | ૩૫૦/- |
| ૭. ભરત ત્રિવેદીની પ્રતિનિધિ રચનાઓ (૨૦૧૬) | બુકપબ | ૩૫૦/- |
| ૮. ન્યૂયૉર્ક નામે નગર (૨૦૧૭) | બુકપબ | ૨૫૦/- |
| ૯. ને હવે ગઝલોત્સવ (૨૦૨૦) | ડિવાઈન પબ્લિકેશન | ૧૫૦/- |
| ૧૦. શેરીઓ લંબાઈ છે મારા ઘર તરફ (૨૦૨૦) | ગ્રંથમ | ૪૦૦/- |
| ૧૧. મનસંહિતા (૨૦૨૨) | ઝેડકેડ પબ્લિકેશન | ૫૦૦/- |
| ૧૨. મનોરથ (પ્રકાશ્ય) | ઝેડકેડ પબ્લિકેશન – | |

**ગદ્યપ્રકાશન – નવલિકા :**

| | | |
|---|---|---|
| ૧. પરાયા શ્વાસ (૨૦૧૫) | ફ્લેમિંગો પબ્લિકેશન | ૧૫૦/- |
| ૨. સત્યેનની સકીના (૨૦૧૫) | ફ્લેમિંગો પબ્લિકેશન | ૧૫૦/- |
| ૩. ભીતર અનારાધાર (૨૦૧૩) | નવભારત સાહિત્ય મંદિર | ૧૫૦/- |
| ૪. હું અને મારી કવિતા (૨૦૨૨) | બોલ્ડ પ્રકાશન | ૨૫૦/- |
| ૫. ત્રેવડ (૨૦૨૨) | ડિવાઈન પબ્લિકેશન | ૨૦૦/- |

**BHARAT TRIVEDI**
927, David Walker Drive,
Tavares, Florida 32778, USA.
Ph. +11 2178991163.
bharattrivedi@sbcglobal.net



# ઓમ કૉમ્યુનિકેશન

**રજિ. નં. ઈ/૧૯૯૨૧/અમદાવાદ**

માનનીયશ્રી,

ઓમ કૉમ્યુનિકેશન દ્વારા ગુજરાતી ભાષાના દિવંગત સાહિત્યકારના જન્મદિન/પુણ્યતિથિએ સાહિત્યિક વ્યાખ્યાનનું આયોજન થાય છે. 'શબ્દજ્યોતિ' શીર્ષક હેઠળ હયાત સાહિત્યકારના જન્મદિનની ઉજવણી થાય છે. 'શબ્દજ્યોતિ'માં હયાત સાહિત્યકાર પોતે પોતાનાં જીવન-કવન વિશે વક્તવ્ય આપે છે. આજની નહીં પણ આવતીકાલની ૨૦ વર્ષ પછીની યુવાપેઢી શિષ્ટ સાહિત્યનું વાચન કરે એ હેતુથી 'પુસ્તક-પરિચય' કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિનો પરિચય માતૃભાષા ગુજરાતીમાં મળે એ હેતુથી 'સંસ્કૃતપર્વઃવાગ્માધુરી'નું આયોજન કરવામાં આવે છે. સામાન્ય રીતે મધ્યયુગ નરસિંહ મહેતાથી શરૂ થાય છે પણ એ પહેલાંનો પ્રાગનરસિંહયુગ અથવા હેમયુગના ગુજરાતી જૈન સાહિત્યસર્જકોએ વિપુલ પ્રમાણમાં સાહિત્યસર્જન કરેલું છે. એ સર્જકોનો પરિચય થાય અને એમની કૃતિઓ પર આપણી વિશેષ દૃષ્ટિ પડે એ હેતુથી 'પર્યુષણ સાહિત્યપર્વ' અને 'શબ્દસંપદા'નું આયોજન થાય છે. આ સિવાય પણ અન્ય પ્રકલ્પ દ્વારા સાહિત્યિક કાર્યક્રમનું આયોજન થાય છે.

**માતૃભાષા ગુજરાતીની ચિંતા કરવાને બદલે ભાષાનું સંવર્ધન થાય એ હેતુથી સાહિત્યિક કાર્યક્રમોનું આયોજન થાય એ સંસ્થાનો મુખ્ય હેતુ છે.**

સંસ્થાની સાહિત્યિક પ્રવૃત્તિને વેગ મળે એ હેતુથી અને સંસ્થાનું આર્થિક ભારણ ઓછું થાય તેમજ સંસ્થાનું સ્થાયી ભંડોળ એકઠું થાય એ માટે સંસ્થા ડોનેશન માટે આપને નમ્ર અપીલ કરે છે. ૮૦G (૫) હેઠળ પણ મહત્તમ ડોનેશન આપી આપ ઈન્કમટૅક્સમાં રાહત મેળવી શકો છો.

આભાર સહ,<br>
અપેક્ષા સહ,

– **મનીષ પાઠક**<br>
(મે. ટ્રસ્ટી ઓમ કૉમ્યુનિકેશન)

**બૅન્કની વિગત :**

| | |
|---|---|
| Name | : OM COMMUNICATION |
| Bank Name | : Punjab National Bank |
| Branch | : Sola Road. |
| A/c. No. | : 3937000100083947 |
| IFS Code | : PUNBO393700 |
| Address | : 13, Narottam Park, B/h. Agarwal Tower, Bhuyangdev Cross Road, Sola Road, Ghatlodia, Ahmedabad-380061 Mo. : 9825046684 |

હરમન હેસનો જન્મ ૨ જુલાઈ, ૧૮૭૭માં જર્મનીના વિટેમબર્ગ શહેરમાં થયો. સ્વિટ્ઝર્લૅન્ડમાં તેનું પાલનપોષણ થયું. તેની પ્રસિદ્ધિ કવિ અને કથાકાર તરીકે રહી છે. હરમન હેસની રચનાઓમાં પૂર્વના દેશોની આધ્યાત્મિકતાઓ અને તત્ત્વજ્ઞાનની ઝલક મળે છે. તેમનાં માતા-પિતા ધર્મપ્રચારક અને ધાર્મિક પુસ્તકોનાં પ્રકાશક હતાં. હેસે અનેક નવલકથાઓ લખી છે. ૧૯૨૨માં હેસે ભારતનો પ્રવાસ કર્યો અને તેના ચિંતન પર ભારતીય દર્શનનો ઊંડો પ્રભાવ પડ્યો. તેમણે આ પ્રવાસનું વર્ણન પણ લખેલ છે. ગૌતમબુદ્ધના જીવનથી પ્રેરિત થઈ તેમણે 'સિદ્ધાર્થ' નવલકથા લખી. હરમન હેસે પ્રથમ વિશ્વયુદ્ધ વિરુદ્ધ જનચેતના જાગ્રત કરી. તેમને ૧૯૪૬માં નોબેલ પુરસ્કાર પ્રાપ્ત થયો. તેનું નિધન ૯ ઑગસ્ટ, ૧૯૬૨ના થયું.

**– હરેશ ધોળકિયા**

હેનરિક ઇબ્સનના નૉર્વેજિયન ભાષામાં ઈ.સ. ૧૮૭૯માં લખાયેલા જગવિખ્યાત નાટક 'એ ડૉલ્સહાઉસ' સમસ્યાપ્રધાન નાટક છે. સ્ત્રીઓના ગૌરવ, એમની જાગૃતિ અને સ્ત્રીના પોતાના 'સ્વત્વ'ની ઓળખ આપતું આ નાટક છે. નાટકમાં સ્ત્રીને સમજ્યા વિના સ્ત્રીને અન્યાય કરનાર પુરુષનું સ્ત્રી પર વર્ચસ્વ ધરાવતું અને તેને ઉતારી પાડતું માનસ સતત છતું થાય છે. નોરાનો ભ્રમ ભાંગી જતાં તે ગૃહત્યાગ કરે છે. સ્ત્રી પ્રત્યેનો પુરુષ સમાજનો દૃષ્ટિકોણ આજ સુધી બદલાયો ન હોવાથી આટલાં વર્ષ પછી પણ આ નાટકનો પ્રભાવ ઓસર્યો નથી.

**– ડૉ. કાન્તિ ગોર**

૧૯૧૭માં રશિયામાં સામ્યવાદ આવ્યો ત્યારે કેટલાકને લાગ્યું કે એક નવા ઈશ્વરનો અવતાર થયો છે, પણ સ્તાલિનના રાજ્યના અત્યાચારોનું માત્ર વર્ણન કરનારું પુસ્તક 'ગુલગ આર્કિપિલેગો' (લે. સોલ્ઝનિત્સિન) વાંચી તેની રાક્ષસી ક્રૂરતાનો અનુભવ થાય છે. સત્તા, એકરૂપતા સ્થાપવા કેવાં ઝાવાં મારે છે અને કેવા ત્રાસ ગુજારે છે તેની એક કાલ્પનિક કથા જ્યોર્જ ઑરવેલે 'નાઇન્ટિન એઈટી ફૉર' (૧૯૮૪)માં દર્શાવી છે. આથી જ શિક્ષણ જેવા મહત્ત્વના અને એકંદરે માનવજાત ઉપર પ્રચંડ અસર નિપજાવનારા આયામને માત્ર ફી, ચોપડીઓ, શાળા-કૉલેજ સંચાલકો કે સરકારી નીતિઓના ભરોસે છોડી ન શકાય, આ બધો 'વહીવટ' કહેવાય, વિચાર તો ઘણી અલગ બાબત ગણાય.

**– રોહિત શુક્લ**

સ્થાન સમર્પિત

**ડૉ. અરુણ જે. કક્કડ**

ઍસોશિએટ પ્રોફેસર, હેડ ઑફ ગુજરાતી ડિપાર્ટમેન્ટ,
દેવમણી કૉલેજ, વિસાવદર.

## શુભસંકલ્પ કલ્પવૃક્ષ છે

જે કાંઈ અન્તરંગ મનમાં આકારિત કરવામાં આવે છે, તે બધું ક્યારે ને ક્યારે બહિરંગ જીવનમાં સાકાર થાય છે.

અન્તર્મનોભૂમિ તો ભારે ફળદ્રુપ જમીન છે. જે બીજ વાવો તે ઊગે. જે સંકલ્પ – શુભ અથવા અશુભ – અંદર રોપો તે ઊગે. જો આવો જ નિયમ હોય તો, શુભનું જ વાવેતર કરવું જોઈએ. શુભસંકલ્પ તો કલ્પવૃક્ષની જેમ ફળે છે.

એક શુભસંકલ્પ કરવામાં આવે, તેને તીવ્રતાથી, વારંવાર ઘૂંટવામાં આવે; તો તે સફળ થયા વિના ન રહે.

કૂવાના કાંઠે કાળી શિલા હોય, તે રોજ રોજ અનેક વાર દોરડા વડે એક જગ્યાએ ઘસાય તો, તે શિલા પર નિશાન પણ પડી જાય છે !

હા, સંકલ્પને સફળ બનાવવાની શરત છે કે, તેને દૃઢતાથી વળગી રહેવું પડે. દીર્ઘકાળ સુધી ધીરજ ધરવી પડે, સ્મરણ-જળથી એનું નિરંતર સિંચન કરતા રહેવું પડે; તો એ જરૂર ફળે.

દૂધમાં મેળવણ નાંખીને, તેની રૂપાંતરણની પ્રક્રિયાને સ્થિરતા-પૂર્વક આગળ વધવા દેવી પડે, તો દૂધ અણુએ-અણુ દહીં રૂપે પરિણત થઈ જાય છે. તે જ રીતે, શુભ સંકલ્પ પણ વિધિપૂર્વકની માવજતથી સફળ થાય છે, જરૂર ઊગી નીકળે છે.

(પાઠશાળા) **– પ્રદ્યુમ્નસૂરિ**


સ્થાનસમર્પિત

**અમૃતવર્ષા**

M.B.Prints®

Traditionally Printed Cotton Sarees

**નિમેષભાઈ ડગલી**

૩/એ, અલકાપુરી સોસાયટી, ઉસ્માનપુરા ચાર રસ્તા પાસે,
આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૩. ફોન: ૩૨૯૦૬૬૫૫

# અતિરેક અભાવને નોતરે છે

શબ્દના અર્થને સીમા છે. મૌનના અર્થ અનંત છે. શબ્દ પહેલાંનુંય મૌન હોય છે; શબ્દ પછીનુંય મૌન હોય છે. મૌન બોલકું હોય ત્યારે, મૌનનું મૂલ્ય ઘટે છે. મૌન ગંભીરતાથી મઢેલું હોય ત્યારે શણગારાયેલું લાગે છે. જે કહેવા માટે શબ્દ જ્યારે અશક્તિ દર્શાવે છે, ત્યારે તે કામ મૌન કરી આપે છે. મૌનના બળાપા કરતાં, શબ્દનો બળાપો મોટો હોય છે.

હું ક્યાં બોલ્યો, મૂંગો રહ્યો હોત તો સારું રહેત. એની યાદી વધુ લાંબી છે. મૂંગો રહ્યો એના કરતાં, બોલ્યો હોત તો સારું રહેત; તેવી ઘટના ઘણી ઓછી બને છે. શબ્દ બોલવામાં કળા જોઈએ તો મૌન રહેવામાં વધુ કળા ન જોઈએ.

ક્યાં બોલવું, ક્યારે બોલવું, કેટલું બોલવું, કેવી રીતે બોલવું, આ બધું પણ તેની પડતી અસરના વધારા ને ઘટાડામાં જવાબદાર ગણાય છે; જ્યારે મૌનમાં ઘણે ભાગે કળાને બહુ અવકાશ નથી.

આ ભાઈ ઓછા બોલા છે. જરૂર પૂરતું બોલે છે. તેવાના બોલની પણ કિંમત હોય છે. આ ભાઈ બોલે નહીં, તે બોલ્યા; માટે તે જરૂરનું જ હશે.

શબ્દ પણ મૌનથી જ વજનદાર બને છે. મૌનને મૂલ્યવાન બનાવવા માટે શબ્દની જરૂરત નથી. મૌન સ્વયં શોભતું હોય છે; સ્વ-નિર્ભર હોય છે. મૌન શક્તિનો સંચય કરી આપનાર છે. શબ્દ અને મૌન બન્ને પોતપોતાના સ્થાને મહાન છે છતાં મૌન કેળવવું પડે છે, તેથી જ તેની મહાનતા સ્વયંસિદ્ધ ગણાય છે. મૌનની શક્તિ સ્વતઃ સિદ્ધ છે. શબ્દની શક્તિ પર-સાપેક્ષ છે. ભીતરની શક્તિના સંચય માટે મૌનની ઉપાસના કરીએ. આ શબ્દના મૌન પછીનું પગથિયું, વિચારના મૌનનું આવે છે. એક વિચાર અને બીજા વિચાર વચ્ચેનું અંતર વધે તો, ઓજસ પ્રગટે છે અને અંત :કરણમાં જ્યારે આ વિચારનું મૌન છવાય છે ત્યારે, પરમ તત્ત્વનું અવતરણ સહજ બને છે. આપણે પણ 'પરમ' માટે અવકાશ રચીએ.

(પાઠશાળા) **– પ્રદ્યુમ્નસૂરિ**

સ્થાનસમર્પિત

**વસન્ત આત્મા ચેરિટેબલ ટ્રસ્ટ**

ગુજરાત સ્ટીલ ડિસ્ટ્રિબ્યૂટર

અમદાવાદ

# ગુજરાતી સાહિત્ય પરિષદનાં નવાં પ્રકાશનો

## મહાપંથી 'પાટ' પરંપરા અને તેના સંતકવિઓ

લે. : દલપત પઢિયાર

(કાચું પૂંઠું, પૃષ્ઠ : ૩૨૪, કિ. રૂ. ૬૦૦/-)




'મહાપંથ' અતિ પ્રાચીન લોકસાધનાપંથ ગણાય છે. આ પંથનો ઉદ્‌ભવ ક્યારે થયો, કોણે કર્યો, કઈ રીતે વિસ્તર્યો વગેરે પ્રશ્નોના સીધેસીધા ઉત્તર હાથ લાગવા મુશ્કેલ છે, પણ આ પંથ બહુધા નીચલા સ્તરના ગણાતા, સામાન્ય વર્ગના સંતો, ભક્તો, સાધકો અને બહુજન લોકોએ ખેડ્યો છે એ સ્પષ્ટ છે. આજે પણ પંથ સામાન્ય સમાજોમાં અને નીચલા વર્ગના ગણાતા લોકોમાં સવિશેષ પ્રચલિત છે. સામાન્ય જનસમાજની આસ્થા, ભક્તિ અને ધર્મભાવનાને ધારણ આપતો આ પંથ, તેના ઉદ્‌ભવકાળથી તે આજ સુધી તેના દેશકાળ મુજબ અનેક અવનવાં રૂપોમાં પરિવર્તન પામતો, એકધારો ચાલ્યો આવ્યો છે. આમ, 'મહાપંથ' લોકોની વચ્ચે ઉદ્‌ભવેલો, લોકોએ ઉઝેરેલો, લોકોએ ઝીલેલો અને લોકોએ જાળવેલો પ્રાચીન, વિશાળ લોકસાધનાપંથ છે. એ 'લોકધર્મ' તરીકે પણ ઓળખાય છે.




## શબ્દમૂળની શોધ

લે. : હેમન્ત દવે – સુહાગ દવે

(પાકું પૂંઠું, પૃષ્ઠ : ૨૧૬, કિ. રૂ. ૬૫૦/-)

'શબ્દમૂળની શોધ' [...]. એમાંથી પસાર થતાં લાગે છે કે આ પ્રકારની સજ્જ ભાષાચેતનાનું કામ હવે વિરલ થતું આવે છે ત્યારે બહુશ્રુત ભૂમિકાથી ભાષાવિશ્લેષણ અને શબ્દવ્યુત્પત્તિ-વિશ્લેષણ દૃષ્ટિપૂર્વકનું આ સાહસ આવકારવા યોગ્ય છે.

— **ચન્દ્રકાન્ત ટોપીવાળા**




## બે હજાર ચોવીસ સમક્ષ

(૨૦૨૪માં પ્રકાશિત ગુજરાતી સાહિત્ય-ગ્રંથોની સમીક્ષાઓ)

સંપાદક : રમણ સોની

(પૃષ્ઠ : ૨૮૦, કિ. રૂ. ૪૫૦/-)

લગભગ દરેક સમીક્ષક-મિત્રે નિખાલસ સ્પષ્ટ પ્રતિભાવ નોંધ્યા છે, ઘણાં સૂઝ-શ્રમપૂર્વક કેટલાંકે પોતાની વિશ્લેષક દૃષ્ટિ પણ પરોવી છે, લેખક/વ્યક્તિ નહીં પણ કૃતિ/પુસ્તક ઉપર એમનું ધ્યાન કેન્દ્રિત રહ્યું છે. એટલે ૨૦૨૪ના ગુજરાતી સાહિત્ય-વિચાર-જગતનો, મહદંશે નરવો કહી શકાય એવો આલેખ ઊપસ્યો છે. અનુવાદ-ગ્રંથોની સમીક્ષા અનુવાદને તપાસવાની રીતે થઈ શકી છે ને બાળસાહિત્યનાં પુસ્તકોમાં ભાષા-વિનિયોગની ઝીણી ચર્ચાઓ પણ થઈ છે. — **રમણ સોની**

**PARAB 2025 November**
RNI No. GUJGUJ/2006/17273

Regd. under Postal Registration No.
GAMC-306/2021-2023 valid upto 31-12-2023
Posted at ahd. PSO on 10th of every month SSP Ah'd

**Date of Publication 10th Posted on Every Month** **ISSN : 0250-9747**

₹ 20




Printed and Published by **SAMEER BHATT** on behalf of **GUJARATI SAHITYA PARISHAD** and Printed at **Kirit Graphics, G-1, Labh Complex, Sattar Taluka Society, Opp. C.U. Shah College, Incometax, Ahmedabad-09** and Published from Gujarati Sahitya Parishad, Govardhan Bhavan, Gujarati Sahitya Parishad Road, Ashram Road, Behind River Side, Post Box No. 4060, Ahmedabad - 380009. Editor - **KIRIT DOODHAT.**